SUPREME AUDIT INSTITUTION OF INDIA
लोकहितार्थ सत्यनिष्ठा
Dedicated to Truth in Public Interest

# ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો
# વર્ષ 2023-24 માટેનો રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો અહેવાલ

**ગુજરાત સરકાર**

**2025નો અહેવાલ ક્રમાંક 1**

**(રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઑડિટ અહેવાલ)**

# ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો વર્ષ 2023-24 માટેનો રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો અહેવાલ

**ગુજરાત સરકાર**

2025નો અહેવાલ ક્રમાંક 1

# વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રસ્તાવના | | v |
| કાર્યલક્ષી સમીક્ષા | | vii |
| **પ્રકરણ I**<br>**વિહંગાવલોકન** | | |
| 1.1 | રાજ્યની રૂપરેખા | 1 |
| 1.2 | રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલનો આધાર અને અભિગમ | 4 |
| 1.3 | સરકારના હિસાબોનું બંધારણ અને અંદાજપત્રીય પ્રક્રિયાઓનું વિહંગાવલોકન | 5 |
| 1.4 | નાણાકીય સિલકઃ ખાધ અને કુલ ઋણના લક્ષ્યાંકોની સિધ્ધિઓ | 13 |
| 1.5 | ભારત સરકાર દ્વારા નિયત કરવામાં આવેલી મર્યાદા મુજબ ઋણના સંબંધમાં રાજ્ય સરકારની કામગીરી | 18 |
| 1.6 | ઑડિટમાં તપાસ પછી ખાધ | 19 |
| 1.7 | ઑડિટ તપાસ પછી - જાહેર ઋણ | 20 |
| **પ્રકરણ II**<br>**રાજ્યની નાણાકીય પરિસ્થિતિ** | | |
| 2.1 | 2022-23ની તુલનાએ 2023-24 દરમિયાન મુખ્ય રાજકોષીય પરિબળોમાં મોટા ફેરફારો | 21 |
| 2.2 | ભંડોળોના સ્રોતો અને ઉપયોગ | 23 |
| 2.3 | રાજ્યના સંસાધનો | 24 |
| 2.4 | સંસાધનોનો ઉપયોગ | 44 |
| 2.5 | આકસ્મિક નિધિ | 67 |
| 2.6 | જાહેર હિસાબ | 67 |
| 2.7 | જાહેર જવાબદારીઓનું વ્યવસ્થાપન | 74 |
| 2.8 | ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ | 81 |
| 2.9 | ઉપસંહાર | 90 |
| 2.10 | ભલામણો | 91 |

# વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| **પ્રકરણ III**<br>**અંદાજપત્રીય વ્યવસ્થાપન** | | |
| 3.1 | અંદાજપત્રની પ્રક્રિયા | 93 |
| 3.2 | વિનિયોગ હિસાબો | 99 |
| 3.3 | અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાની સંપૂર્ણતા | 100 |
| 3.4 | અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાઓની પારદર્શિતા | 105 |
| 3.5 | અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાની અસરકારકતા | 106 |
| 3.6 | પસંદ કરેલા અનુદાનોની સમીક્ષા | 112 |
| 3.7 | ઉપસંહાર | 119 |
| 3.8 | ભલામણો | 119 |
| **પ્રકરણ IV**<br>**હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલની પધ્ધતિઓ** | | |
| 4.1 | વ્યાજ સહિતની થાપણો પ્રત્યેની વ્યાજની જવાબદારી અદા ન કરવી | 121 |
| 4.2 | રાજ્યની અમલકર્તા સંસ્થાઓને ભંડોળની સીધી તબદીલી | 122 |
| 4.3 | સ્થાનિક સંસ્થાઓની થાપણો | 123 |
| 4.4 | વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ | 124 |
| 4.5 | ઉચ્ચક આકસ્મિક બિલ | 127 |
| 4.6 | વ્યક્તિગત થાપણ ખાતા | 129 |
| 4.7 | ગૌણ સદર 800નો ઉપયોગ | 130 |
| 4.8 | ઉપલક અને ઋણ, થાપણ અને ભરણાના મુખ્ય સદરો હેઠળ બાકી સિલકો | 133 |
| 4.9 | વિભાગીય આંકડાઓનું મેળવણું | 136 |
| 4.10 | રોકડ સિલકોનું મેળવણું | 136 |
| 4.11 | ભારત સરકારના હિસાબી ધોરણોનું અનુપાલન | 137 |
| 4.12 | સ્વાયત્ત સંસ્થાઓના હિસાબોની રજૂઆત | 138 |
| 4.13 | લોન અથવા અનુદાનથી નોંધપાત્ર ધિરાણ મેળવનાર સંસ્થાઓ અને સત્તાધિકારીઓ દ્વારા હિસાબોની રજૂઆત | 139 |
| 4.14 | હિસાબોની સમયસરતા અને ગુણવત્તા | 140 |
| 4.15 | દુર્વિનિયોગ, નુકસાન અને ઉચાપત | 140 |
| 4.16 | રાજ્યના નાણાકીય ઑડિટ અહેવાલ પર અનુવર્તી કાર્યવાહી | 142 |
| 4.17 | ઉપસંહાર | 142 |

| | | પૃષ્ઠ |
|---|---|---|
| 4.18 | ભલામણો | 143 |
| **પરિશિષ્ટો** | | |
| પરિશિષ્ટ 1.1 | રાજ્યની રૂપરેખા | 145 |
| | | |
| પરિશિષ્ટ 2.1 | રાજ્ય સરકારની નાણાકીય પરિસ્થિતિ પરની સમય શ્રેણીવાર વિગતો | 146 |
| પરિશિષ્ટ 2.2 | રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળના ખર્ચની વિગતો | 150 |
| | | |
| પરિશિષ્ટ 3.1 | અંદાજપત્ર સંબંધિત મહત્વના શબ્દોની શબ્દસૂચિ | 151 |
| પરિશિષ્ટ 3.2 | બિનજરૂરી પુનર્વિનિયોગ | 154 |
| પરિશિષ્ટ 3.3 | 2023-24 દરમિયાન પરતસોંપણી બાદ મોટી બચતો (₹ 100 કરોડથી વધારે) દર્શાવતા અનુદાનો/ વિનિયોગોના પત્રકો | 155 |
| પરિશિષ્ટ 3.4 | 2021-24 દરમિયાન સતત બચત દર્શાવતા અનુદાનો/ વિનિયોગોનું પત્રક | 156 |
| પરિશિષ્ટ 3.5 | અનુદાનો/ વિનિયોગો જેમાં બચતની પરતસોંપણી કરવામાં આવી ન હતી | 157 |
| પરિશિષ્ટ 3.6 | નિયમિત કરવો જરૂરી અગાઉના વર્ષોનો અધિક ખર્ચ | 158 |
| પરિશિષ્ટ 3.7 | જાહેર હિસાબ સમિતિ દ્વારા ઓક્ટોબર 1994માં નક્કી કરવામાં આવેલી મર્યાદાઓ | 159 |
| પરિશિષ્ટ 3.8 | જાહેર હિસાબ સમિતિએ નિયત કરેલી મર્યાદાની બહાર પેટા-સદરોમાં વધ-ઘટ અને સ્પષ્ટીકરણની સ્થિતિ | 160 |
| પરિશિષ્ટ 3.9 | પેટા-સદરો જેમાં માર્ચ 2024માં 100 ટકા ખર્ચ (₹ 10 કરોડ અને વધુ) કરવામાં આવ્યો હતો | 164 |
| પરિશિષ્ટ 3.10 | મહિલા અને બાળ વિકાસ વિભાગમાં અમલ કરવામાં ન આવેલી નવી બાબતો | 167 |
| | | |
| પરિશિષ્ટ 4.1 | 2022-23 સુધી વિતરિત સહાયક અનુદાન માટે બાકી વપરાશી પ્રમાણપત્રોનું વિભાગ-વાર વિભાજન | 172 |
| પરિશિષ્ટ 4.2 | 31 માર્ચ 2024ના રોજ બાકી વિગતવાર આકસ્મિક બિલોની વિભાગ-વાર વિગતો | 173 |

| | | પૃષ્ઠ |
|---|---|---|
| પરિશિષ્ટ 4.3 | 31 માર્ચ 2024ના રોજ બાકી વિગતવાર આકસ્મિક બિલોની વર્ષ-વાર વિગતો | 174 |
| પરિશિષ્ટ 4.4 | 2023-24 દરમિયાન જ્યાં યોગ્ય ગૌણ સદર ઉપલબ્ધ હતું ત્યાં ગૌણ સદર 800 ના અયોગ્ય ઉપયોગના કિસ્સા | 175 |
| પરિશિષ્ટ 4.5 | સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા રજૂ કરવાના બાકી હિસાબો દર્શાવતું પત્રક (કલમ 19 અને 20 કિસ્સા; 31 જૂલાઇ 2024 ના રોજની સ્થિતિ) | 177 |
| પરિશિષ્ટ 4.6 | સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા રજૂ કરવાના બાકી હિસાબો દર્શાવતું પત્રક (કલમ 14 કિસ્સા; 31 જૂલાઇ 2024ના રોજની સ્થિતિ) | 181 |
| પરિશિષ્ટ 4.7 | ચોરી, દુર્વિનિયોગ/સરકારી માલસામાનનું નુકસાન અને આગ/અકસ્માતના કારણે 31 માર્ચ 2024ના રોજ નુકસાનની વિભાગ-વાર/ શ્રેણી-વાર વિગતો | 192 |

# પ્રસ્તાવના

1. આ અહેવાલ બંધારણની કલમ 151 હેઠળ ગુજરાતના રાજ્યપાલશ્રી સમક્ષ રજૂ કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.

2. આ અહેવાલના પ્રકરણ Iમાં રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના અહેવાલનો આધાર અને અભિગમ, સરકારી હિસાબોની રચના, અંદાજપત્રીય પ્રક્રિયાઓ, મહેસૂલી પુરાંત/ ખાધ, રાજકોષીય પુરાંત/ ખાધ, વગેરે જેવા ચાવીરૂપ નાણાકીય માપદંડોના વલણો સામેલ છે.

3. આ અહેવાલના પ્રકરણ II અને IIIમાં, 31 માર્ચ 2024 અંતિત વર્ષ માટે રાજ્ય સરકારના અનુક્રમે નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબોની ચકાસણીમાંથી ઉદ્ભવતી બાબતો પરત્વેના ઑડિટ અવલોકનો સામેલ છે. આવશ્યકતા અનુસાર ગુજરાત સરકાર પાસેથી માહિતી મેળવવામાં આવી છે.

4. પ્રકરણ IV, 'હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલોની પદ્ધતિઓ', ચાલુ વર્ષ દરમિયાન વિવિધ નાણાકીય નિયમો, પદ્ધતિઓ અને નિર્દેશોનું વિહંગાવલોકન અને રાજ્ય સરકાર દ્વારા અનુપાલનની સ્થિતિ દર્શાવે છે.

5. વિવિધ વિભાગોના કામગીરી ઑડિટ અને વ્યવહારોના ઑડિટ તથા વૈધાનિક નિગમો, બોર્ડ અને સરકારી કંપનીઓના ઑડિટમાંથી ઉદ્ભવતા અવલોકનો તથા મહેસૂલી આવક પરના અવલોકનો સામેલ કરતો અહેવાલ અલગથી રજૂ કરવામાં આવે છે.

**નોંધ: મૂળ અંગ્રેજી અહેવાલ પરથી અનુવાદ કરેલ હોઈ, આ અહેવાલમાં રહેલ હકીકત દોષ માટે મૂળ અંગ્રેજી અહેવાલમાં આપેલી વિગતો સાચી ગણવી.**

# *કાર્યલક્ષી સમીક્ષા*

## *આ અહેવાલ અંગે*

*ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક નો વર્ષ 2023-24 માટેનો આ અહેવાલ રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પર છે. તે નાણાકીય પરિસ્થિતિ, અંદાજપત્રીય વ્યવસ્થાપન અને હિસાબોની ગુણવત્તા, નાણાકીય અહેવાલની પ્રથાઓ અને રાજ્યની નાણાકીય પરિસ્થિતિને લગતી સંબંધિત અન્ય બાબતોનું વિહંગાવલોકન પુરૂં પાડે છે.*

*આ કાર્યલક્ષી સમીક્ષા આ અહેવાલના વિષયવસ્તુમા મુખ્ય અંશો રજૂ કરે છે અને મહત્વના આંકડાઓ અને પાસાઓના સ્નેપશોટ દ્વારા રાજકોષીય ટકાઉપણું, અંદાજપત્રના ઉદ્દેશ સામે કામગીરી, મહેસૂલ અને ખર્ચના અનુમાનો અને ફેરફાર માટેના કારણો અને તેની અસર વિશે સમજ આપે છે.*

રાજ્યનું સકલ ઉત્પાદન (પ્રવર્તમાન કિમતે) 2019-20 માં ₹ 16,17,143 કરોડથી વધીને 2023-24 માં ₹ 24,64,300 કરોડ થયું હતું. રાજ્યનું મૂળ અંદાજપત્ર 2019-20 માં ₹ 2,04,815 કરોડ હતું તે વધીને 2023-24 માં ₹ 3,01,021.61 કરોડ થયું હતું.

2022-23ના રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનમાં  10.48 ટકાનો વધારો થયો હતો. મહેસૂલી આવકમાં 11.71 ટકાનો વધારો થયો હતો અને રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની સામે મહેસૂલી આવકનો દર જે 2022-23 માં 8.94 ટકા હતો તે વધીને 2023-24 માં 9.04 ટકા થયો હતો. આ સમયગાળા દરમિયાન રાજ્યની પોતાની કર આવકમાં 2022-23ની સરખામણીએ 2023-24 દરમિયાન 7.54 ટકાનો વધારો થયો હતો જયારે બિન-કર આવકમાં એ જ સમયગાળામાં 28.61 ટકાનો વધારો થયો હતો. ગુજરાત રાજ્યનો કુલ ખર્ચ (મહેસૂલી ખર્ચ, મૂડી ખર્ચ અને લોન અને પેશગીઓ) 2022-23 માં ₹ 2,16,508 કરોડ હતો તે વધીને ₹ 2,47,632 કરોડ થયો હતો જે 14.38 ટકાનો વધારો દર્શાવે છે. આમાંથી મૂડી ખર્ચે 2022-23થી 56.85 ટકાનો વધારો દર્શાવ્યો હતો. મહેસૂલી પુરાંત 2022-23માં ₹ 19,865 કરોડ હતી તે વધીને ₹ 33,477 કરોડ થઇ હતી, જ્યારે રાજકોષીય ખાધ 2022-23 માં ₹ 16,846 કરોડ હતી તે વધીને 2023-24 માં ₹ 23,493 કરોડ થઇ હતી.

## *આવક-ખર્ચમાં વિસંગતતા*

રાજ્યની આવકના જુદા જુદા સ્રોતો છે જેવા કે રાજ્યની પોતાની આવક, બિન-કર આવક, કરવેરામાં રાજ્યના હિસ્સાની તબદીલી, સહાયક અનુદાન અને કેન્દ્ર સરકારમાંથી તબદીલીઓ અને બિન-ઋણ મૂડી આવક. રાજ્ય સરકારના ખર્ચમાં મહેસૂલી હિસાબ પરનો ખર્ચ તેમજ મૂડી ખર્ચ (અસ્ક્યામતનું સર્જન, લોન અને પેશગીઓ, મૂડીરોકાણ વગેરે) પણ સમાવેશ થાય છે.

2019-20 થી 2023-24 દરમિયાન, મહેસૂલી આવક 11.75 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃધ્ધિ દર સાથે ₹ 1,42,844 કરોડ થી વધીને ₹ 2,22,763 કરોડ થઇ હતી. આ સમયગાળા દરમિયાન મૂડી આવક પણ ₹ 43,927 કરોડ થી ઘટીને ₹ 41,768 કરોડ થઇ હતી.

2023-24 દરમિયાન મહેસૂલી આવકનો નોંધપાત્ર હિસ્સો (70.89 ટકા) રાજ્યના પોતાના સંસાધનોમાંથી આવ્યો હતો, જ્યારે કેન્દ્રીય કરની તબદીલી અને સહાયક અનુદાનનો સંયુક્ત ફાળો 29.11 ટકા હતો. રાજ્ય સરકારને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે કેન્દ્રીય હિસ્સા તરીકે વર્ષમાં ₹ 9,468.25 કરોડ મળ્યા હતા.

મહેસૂલી ખર્ચ સેવાઓનું વર્તમાન સ્તર જાળવી રાખવા અને અગાઉની જવાબદારીઓની ચૂકવણીઓ કરવા માટે કરવામાં આવે છે. આમ, તે રાજ્યના માળખા અને સેવાના માળખામાં કોઇ પરિણામલક્ષી ઉમેરો કરતું નથી. 2019-20 અને 2023-24 વચ્ચે, મહેસૂલી ખર્ચ ₹ 1,40,899 કરોડથી (GSDP ના 8.71 ટકા) વધીને ₹ 1,89,286 કરોડ (GSDP ના 7.68 ટકા) થયો હતો. આ સમયગાળા દરમિયાન તે કુલ ખર્ચના 76 થી 85 ટકા હિસ્સો હતો.

## *આવક કરતાં વધુ ખર્ચનું પરિણામ*

મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચ વચ્ચેનો તફાવત મહેસૂલી પુરાંતમાં પરિણમે છે. રાજ્યની મહેસૂલી પુરાંત 2019-20 માં ₹ 1,945 કરોડ (GSDP ના 0.12 ટકા) હતી તે વધીને ચાલુ વર્ષમાં ₹ 33,477 કરોડ (GSDP ના 1.36 ટકા) થઇ હતી.

રાજ્ય સરકારે મૂડી હિસાબ પર ₹ 55,679 કરોડ ખર્ચ કર્યો હતો. આ વર્ષ 2023-24 ના કુલ ખર્ચ ના 22.48 ટકા હતો.

રાજ્યના કુલ ખર્ચ અને કુલ બિન-ઋણ આવક વચ્ચેનો તફાવત રાજકોષીય ખાધમાં પરિણમે છે. રાજ્યની રાજકોષીય ખાધ 2019-20 માં ₹ 24,581 કરોડ (GSDP ના 1.52 ટકા) હતી તે ઘટીને 2023-24 માં ₹ 23,493 કરોડ (GSDP ના 0.95 ટકા) થઇ હતી.

મહેસૂલી ખર્ચ હેઠળ, પ્રતિબધ્ધ ખર્ચની માત્રા સૌથી મોટો હિસ્સો બને છે. પ્રતિબધ્ધ ખર્ચનો સંસાધનો પર પ્રથમ દાવો હોય છે અને તેમાં વ્યાજની ચૂકવણી, પગાર અને વેતન અને પેન્શન પરના ખર્ચનો સમાવેશ થાય છે. 2019-20 થી 2023-24 ના સમયગાળાના પાંચ વર્ષ દરમિયાન વ્યાજની ચૂકવણી, પગાર અને વેતન અને પેન્શન પરના પ્રતિબધ્ધ ખર્ચ મહેસૂલી ખર્ચના 44 થી 51 ટકા જેટલો હતો. પ્રતિબધ્ધ ખર્ચ 2022-23 માં ₹ 79,784 કરોડ હતો તે વધીને 2023-24 માં ₹ 96,582 કરોડ થયો હતો.

2019-20 થી 2023-24 દરમિયાન બિન-લવચીક ખર્ચ મહેસૂલી ખર્ચના 18.55 ટકાથી ઘટીને 14.11 ટકા થયો હતો. બિન-લવચીક ખર્ચ 2022-23 માં ₹ 28,039 કરોડ હતો તે ઘટીને 2023-24 માં ₹ 26,701 કરોડ થયો હતો.

## *સહાયકી*

બિન-પ્રતિબધ્ધ ખર્ચ અંતર્ગત, સહાયકીઓનું વધવાનું વલણ છે, જે 2019-20 માં ₹ 18,420 કરોડ હતી તે વધીને 2023-24 માં ₹ 28,033 કરોડ થઇ હતી એટલે કે 2019-20 માં મહેસૂલી ખર્ચના

13.07 ટકા હતી તે 2023-24 માં 14.81 ટકા થઇ હતી. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને 2023-24 દરમિયાન ₹ 11,706 કરોડની (સહાયકી પરના કુલ ખર્ચના 42 ટકા) સહાયકી મળી હતી.

## એકલ નોડલ એજન્સીને ભંડોળ

ભારત સરકાર અને રાજ્ય સરકારે પ્રત્યેક કેન્દ્ર પુરસ્કૃત યોજનાના અમલીકરણ અને ભંડોળ છૂટું કરવા માટેની એકલ નોડલ એજન્સીની પદ્ધતિ દાખલ કરી હતી. ભારત સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો એકલ નોડલ એજન્સીના સરકારના હિસાબની બહાર રહેલા બેંક ખાતામાં તબદીલ કરવામાં આવે છે. જાહેર નાણાકીય વ્યવસ્થાપન પોર્ટલ(PFMS) પર ઉપલબ્ધ માહિતી મુજબ, રાજ્ય સરકારને વર્ષ દરમિયાન (2023-24) કેન્દ્રીય હિસ્સા તરીકે ₹ 9,289.06 કરોડ તેના તિજોરી હિસાબમાં મળ્યા હતા. 31 માર્ચ 2024 ના રોજ, રાજ્ય સરકારે ₹ 10,653.23 કરોડનો (પાછલા વર્ષની રકમ સહિત) કેન્દ્રીય હિસ્સો અને ₹ 10,795.33 કરોડનો રાજ્યનો હિસ્સો (રાજ્યના ઉમેરણના (ટોપ અપ) હિસ્સાના વધારાના છુટા કરાયેલા ₹ 349.12 કરોડ સહિત) એકલ નોડલ એજન્સીઓને તબદીલ કર્યા હતા. વાસ્તવિક ખર્ચના વિગતવાર વાઉચરો અને સહાયક દસ્તાવેજો એકલ નોડલ એજન્સીઓ પાસેથી મહાલેખાકાર કચેરીને મળ્યા ન હતા. એકલ નોડલ એજન્સીઓના અહેવાલ મુજબ, 31 માર્ચ 2024 ના રોજ ₹ 7,742.71 કરોડ એકલ નોડલ એજન્સીઓના બેંક ખાતાઓમાં વણવપરાયેલા પડ્યા છે.

## બાંયધરીઓના હિસાબે આકસ્મિક જવાબદારીઓ

2023-24 માં, ₹ 1,463 કરોડની બાકી બાંયધરીઓ ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિર્ધારિત ₹ 20,000 કરોડની મર્યાદાની ઘણી અંદર હતી. 2023-24 દરમિયાન બાંયધરીઓ વટાવવાના કારણે રાજ્ય સરકાર દ્વારા કોઇ રકમ ચુકવવામાં આવી ન હતી.

## ઋણનું ટકાઉપણું

ઋણ લેનાર, પ્રસ્તુત કિસ્સામાં રાજ્ય, વર્તમાનમાં અને ભવિષ્યમાં તેની પરત ચૂકવણી કરવાની સ્થિતિમાં હોય તો ઋણને ટકાઉ માનવામાં આવે છે. એ મુજબ ઋણના ટકાઉપણાના સૂચકો આવકના ચાલુ અને નિયમિત સ્રોતોમાંથી સમયસર વ્યાજની ચૂકવણી અને ઋણની પરત ચૂકવણીની તેમની ક્ષમતાની તપાસ દ્વારા ઋણ લેનારની શાખ-પાત્રતા અને તરલતાની સ્થિતિની આકારણી કરે છે.

મહામારીની ઊંડી અસરને કારણે રાજ્ય દ્વારા અનુભવાયેલા નાણાકીય તણાવને પગલે, રાજકોષીય ખાધ દ્વારા માપવામાં આવતી રાજ્યની ઋણની આવશ્યકતામાં પાછલા વર્ષ કરતાં 2020-21 માં 64 ટકાનો જંગી વધારો નોંધાયો હતો, જેના કારણે કુલ જવાબદારીઓ-GSDP ગુણોત્તર 2020-21 માં પાછલા વર્ષની સરખામણીએ 21.57 ટકાનો વધારો નોંધાયો હતો જે છેલ્લા ત્રણ વર્ષમાં 20 ટકાથી નીચો રહ્યો હતો. મહામારી પછીના વર્ષોમાં આર્થિક સુધારાને ધ્યાનમાં રાખીને, રાજ્યના દેવાનો બોજ ઓછો થવા લાગ્યો, જે 2021-22 માં નીચા પાયાના પ્રભાવને કારણે જોવા મળેલી નોંધપાત્ર નજીવી વૃદ્ધિ અને ત્યારબાદ પછીના બે વર્ષમાં સતત બે આંકડાની નજીવી વૃદ્ધિને આભારી છે.

ડોમર માપદંડ મુજબ, વાસ્તવિક વૃદ્ધિ વાસ્તવિક વ્યાજ દર કરતા વધારે રહી હતી, જેના કારણે રોગચાળાના વર્ષ (2020-21) સિવાય 2019-24 દરમિયાન વૃધ્ધિ-વ્યાજ તફાવત અનુકૂળ રહેવામાં મદદ મળી, જેનાથી રાજ્યને ઉધારનો ખર્ચ વસૂલવામાં મદદ મળી હતી.

## *નાણાકીય લક્ષ્યાંકો સામે સિધ્ધિઓનું વલણ વિશ્લેષણ*

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 અનુસાર, રાજ્ય સરકારે મહેસૂલી ખાધ 2007-08 સુધીમાં નાબૂદ કરવાની હતી અને ત્યારબાદ મહેસૂલી પુરાંત જાળવવાની હતી, 2008-09 સુધીમાં રાજકોષીય ખાધ અંદાજીત રાજ્યના સકલ  ઘરેલુ ઉત્પાદનના ત્રણ ટકા સુધી ઘટાડવાની અને ત્યારબાદ એ જ સ્તરે જાળવવાની હતી. આમાં વધારો કરીને નાણાકીય વર્ષ 2020-21 માટે  જાન્યુઆરી 2021 માં પાંચ ટકા કરવામાં આવી હતી. ત્યારબાદના વર્ષોમાં, રાજ્યના સકલ  ઘરેલુ ઉત્પાદનની સામે રાજકોષીય ખાધની લક્ષ્યાંકિત મર્યાદા ત્રણ ટકા જેટલી રહી હતી. આ અધિનિયમમાં વધુમાં એવી કલ્પના કરવામાં આવી હતી કે રાજ્ય સરકાર રાજ્યના સકલ  ઘરેલુ ઉત્પાદનની સામે જાહેર ઋણનો ગુણોત્તર 2011-12 સુધીમાં 27.10 ટકાની મર્યાદામાં રાખશે અને ત્યારબાદ જાળવી રાખશે.  વધુમાં, રાજ્ય સરકાર 2007-08 સુધીમાં બાકી બાંયધરીઓ ₹ 20,000 કરોડની મર્યાદામાં રાખશે એવું અપેક્ષિત હતું.

છેલ્લા પાંચ વર્ષ દરમિયાન, 2020-21 દરમિયાન મહેસૂલી પુરાંત સિવાયના ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમમાં કલ્પના કરેલ તમામ ચાર મુખ્ય નાણાકીય પરિબળો રાજ્ય સરકારે સફળતાપૂર્વક હાંસલ કર્યા હતા.

## *અંદાજપત્રની કામગીરી*

### *કુલ ખર્ચનું પરિણામ*

અંદાજપત્રીય ઉદ્દેશ્ય અને અંદાજપત્રના અમલીકરણના સંદર્ભમાં અંદાજપત્રીય કામગીરીની તપાસ કરવામાં આવે છે જેથી કુલ ખર્ચ કેટલો વધારે અને બચત બંને દ્રષ્ટિએ મૂળ રૂપે મંજૂર કરાયેલ રકમને પ્રતિબિંબિત કરે છે તેનું મૂલ્યાંકન કરી શકાય. મહેસૂલ વિભાગમાં, અંદાજપત્રીય અંદાજોની તુલનાએ પરિણામમાં વિચલન (-) 5.39 ટકા હતું. આનું કારણ 78 અનુદાનોમાં 0 અને ± 25 ટકા વચ્ચે, 17 અનુદાનોમાં ± 25 ટકા અને  ± 50 ટકા વચ્ચે, ચાર અનુદાનોમાં ± 50ટકા અને ± 100 ટકા અને બે અનુદાનોમાં 100 ટકા અથવા અધિક વિચલન હતું. મૂડી વિભાગમાં, અંદાજપત્રીય અંદાજોની સરખામણીએ પરિણામનૂં વિચલન (-) 14.07 ટકા હતું.   આ 24 અનુદાનોમાં 0 અને ± 25 ટકા વચ્ચે, 17 અનુદાનોમાં ± 25 થી ± 50 ટકા વચ્ચે, આઠ અનુદાનોમાં ± 50 ટકા થી ± 100 ટકા વચ્ચે અને 12 અનુદાનોમાં 100 ટકા અથવા અધિક વિચલનના કારણે થયું હતું.

### *ખર્ચના ઘટકોનું પરિણામ*

બજેટ કામગીરી એ પણ જુએ છે કે અમલીકરણ દરમિયાન મુખ્ય અંદાજપત્રના વર્ગો વચ્ચે પુનઃફાળવણીએ ખર્ચના ઘટકોમાં ફેરફારમાં કેટલો ફાળો આપ્યો છે. આ માપ અંતિમ અંદાજપત્ર

અને વાસ્તવિક ખર્ચ વચ્ચેના તફાવતનું પ્રમાણ દર્શાવે છે. મહેસૂલ વિભાગમાં, સુધારેલા અંદાજોની તુલનાએ પરિણામમાં વિચલન (-) 5.15 ટકા હતું. આ 95 અનુદાનોમાં 0 અને ± 25 ટકા, ચાર અનુદાનોમાં ± 25 ટકા ± 50 વચ્ચે, એક અનુદાનમાં ± 50 ટકાથી ± 100 વચ્ચે અને એક અનુદાનમાં 100 ટકા જેટલા અથવા તેનાથી વધુ વિચલનના કારણે હતું. મૂડી વિભાગમાં, સુધારેલા અંદાજોની તુલનાએ પરિણામમાં વિચલન (-) 3.19 ટકા હતું. આનું કારણ 39 અનુદાનોમાં 0 અને ± 25 ટકા, આઠ અનુદાનોમાં ± 25 ટકાથી ± 50 વચ્ચે, ચાર અનુદાનોમાં ± 50 ટકાથી ± 100 ટકા વચ્ચે અને છ અનુદાનોમાં 100 ટકા જેટલા અથવા વધુ વિચલન હતું. મૂડી વિભાગના ચાર અનુદાનોની બાબતમાં, જો કે, અંદાજપત્રના સુધારાના તબક્કે કોઇ જોગવાઇ કરવામાં આવી ન હતી.

એવુ ધ્યાન પર આવ્યુ હતું કે વર્ષ 2023-24 દરમિયાન સાત કેસોમાં ₹ 2,414.11 કરોડની પૂરક જોગવાઇ (દરેક કેસમાં ₹ 10 કરોડથી વધુ) બિનજરૂરી સાબિત થઇ હતી કારણ કે ખર્ચ મૂળ જોગવાઇના સ્તર સુધી પણ પહોંચ્યો ન હતો.

## *અનુદાનો/વિનિયોગોથી અધિક રકમનું નિયમિતકરણ*

અનુદાનો/વિનિયોગો કરતાં અધિક ખર્ચ રાજ્ય સરકારે બંધારણની કલમ 204 અને 205 અનુસાર રાજ્યની વિધાનસભા દ્વારા નિયમિત કરાવવો જરૂરી છે. એવું ધ્યાન પર આવ્યુ હતું કે 2023-24 માં સાત અનુદાનો/વિનિયોગો હેઠળ ₹ 193.87 કરોડનો અધિક ખર્ચ થયો હતો જે નિયમિત કરાવવો જરૂરી હતો. વધુમાં, 2009-10 થી 2011-12 અને 2014-15 થી 2022-23 ના સમયગાળાને લગતી ₹ 12,002.54 કરોડની અધિક ચૂકવણીઓ રાજ્ય વિધાનસભા દ્વારા નિયમિત કરાવવાની હજી બાકી હતી.

## *હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલ*

હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલમાં, વ્યવહારો અને ઘટનાઓનો સમાવેશ થાય છે જે પાલનમાં ખામીઓ, નિયમિતતાની નબળાઈઓ અને વાસ્તવિક ખર્ચના પુરાવા આપતા હિસાબી ચોપડા અથવા ગોઠવણના ચોપડા મળવામાં વિલંબ સંબંધિત મુદ્દાઓ સાથે સંબંધિત હોય એવી બાબતો આવરી લે છે. તે સરકારી હિસાબની બહાર ભંડોળ રાખવું, જવાબદારીઓ અદા ન કરવી અથવા પૂર્ણરૂપે ન કરવી અને વ્યવહારોનું ખોટું વર્ગીકરણ અને અધૂરી મહિતી જેવા મુદ્દા પણ ઉજાગર કરે છે.

## *સમાયોજન*

2023-24 દરમિયાન, મહેસૂલી આવકના 97.37 ટકા, મહેસૂલી ખર્ચના 91.54 ટકા, મૂડી ખર્ચના 96.54 ટકા અને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી લોન અને પેશગીઓના 100 ટકાનું સમાયોજન કરવામાં આવ્યુ હતું.

### *ભારત સરકારના હિસાબી ધોરણોનું અનુપાલન*

નિર્દિષ્ટ કરવામાં આવેલા ચાર ભારતીય હિસાબી ધોરણોના અનુપાલનની જરૂરિયાત સામે, રાજ્ય સરકારે આ ધોરણોમાં આંશિક અનુપાલન કર્યું હતું.

### *વ્યક્તિગત થાપણ ખાતાનું સંચાલન*

વ્યક્તિગત થાપણ ખાતાઓ હેઠળની બંધ સિલકો 2020-21 માં ₹ 1,003.78 કરોડથી ઘટીને 2021-22 માં ₹ 817.82 કરોડ થઇ હતી. જો કે, 2023-24 દરમિયાન તે વધીને ₹ 5,040.49 કરોડ થઇ હતી કારણ કે 2023-24 દરમિયાન નવા ખોલવામાં આવેલા છ વ્યક્તિગત થાપણ ખાતાઓની વર્ષના અંતે ₹ 3,949.86 કરોડ જેટલી સિલક હતી. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન 31 માર્ચ 2024 ના રોજ 21 નિષ્ક્રિય વ્યક્તિગત થાપણ ખાતા હતા, જેમાં ₹ 2.14 કરોડની સિલક હતી. વ્યક્તિગત થાપણ ખાતાઓમાં પડેલી બિન-વપરાયેલી સિલકોની તબદીલી રાજ્યની સંચિત નિધિમાં ના થવાને કારણે  જાહેર ભંડોળના દુરુપયોગનું જોખમ રહેલું છે.

### *વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ*

ઑડિટ સમીક્ષામાં એવું જોવામાં આવ્યું હતું કે 2001-02 થી 2022-23 માં રાજ્ય સરકારના 24 વિભાગોને આપવામાં આવેલા એકંદરે ₹ 11,869.17 કરોડના સહાયક અનુદાનોની બાબતમાં 4,745 વપરાશી પ્રમાણપત્રો 31 માર્ચ 2024 સુધી રજૂ કરવામાં આવ્યા ન હતા. વપરાશી પ્રમાણપત્રોની ગેરહાજરીમાં, એવી કોઈ ખાતરી નથી થતી કે વિતરિત કરેલા નાણાં જે હેતુ માટે આપવામાં આવ્યા હતા તે હેતુ માટે ઉપયોગ કરવામાં આવ્યો છે.

### *ઉચ્ચક આકસ્મિક બિલોની સામે વિગતવાર આકસ્મિક બિલો*

31 માર્ચ 2024 ના રોજ, ઉચ્ચક આકસ્મિક  બિલો દ્વારા ઉપાડવામાં આવેલા પેશગીના નાણાંના સંદર્ભમાં વિગતવાર આકસ્મિક રજૂ કરવાની જરૂરિયાત સામે, ₹ 288.68 કરોડના 2,981 ઉચ્ચક આકસ્મિક બિલોને વિગતવાર આકસ્મિક બિલો તરીકે રજૂ કરવા માટે બાકી હતા. આમાંથી, ₹ 66.79 કરોડના 1,752 ઉચ્ચક આકસ્મિક બિલો 2022-23 સુધીના સમયગાળાને લગતા હતા.પેશગીઓના  લાંબાગાળા સુધી બિન સમાયોજનથી ઉચાપતનો જોખમ રહે છે અને જેથી વિગતવાર આકસ્મિક બિલોની ની રજૂઆતની ખાતરી કરવા માટે સંબંધિત ઉપાડ અને ચૂકવણી અધિકારીયો દ્વારા ગહન દેખરેખની જરૂર છે.

# પ્રકરણ I

## વિહંગાવલોકન

# પ્રકરણ I
# વિહંગાવલોકન

## 1.1 રાજ્યની રૂપરેખા

ગુજરાત ભારતના પશ્ચિમ કિનારે સ્થિત છે, જેની પશ્ચિમે અરબ સાગર, ઉત્તરે રાજસ્થાન, પૂર્વમાં મધ્ય પ્રદેશ અને દક્ષિણમાં મહારાષ્ટ્ર રાજ્યો આવેલા છે. રાજ્ય એની ઉત્તર-પશ્ચિમ દિશાએ પાકિસ્તાન સાથે આંતરરાષ્ટ્રિય સરહદ પણ ધરાવે છે. તે લગભગ 1,600 કીલોમીટરનો સાગરકાંઠો ધરાવે છે જે ભારતની મુખ્ય ભૂમિના સાગરકાંઠાનો એક તૃતિયાંશ ભાગ છે. ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ તે છઠ્ઠુ સૌથી મોટું (1,96,244 ચો.કીમી.) રાજ્ય છે અને વસ્તીના હિસાબે આઠમું છે. રાજ્યની વસ્તી 2014 માં 6.33 કરોડ હતી તે વધીને 2024 માં 7.24 કરોડ થઇ હતી જે એક દશકામાં 14.38 ટકાની વૃધ્ધિ દર્શાવે છે. 21.9 ટકાની અખિલ ભારતીય સરેરાશ ની સરખામણી એ 2011-12 માં ગરીબી રેખા હેઠળની વસ્તી 16.6 ટકા હતી. રાજ્યમાં 33 જિલ્લા અને 251 તાલુકા છે. રાજ્યનો સાક્ષરતા દર 78 ટકા હતો જે 73 ટકાની અખિલ-ભારતીય સરેરાશ (2011 ની વસતી ગણતરી મુજબ) કરતાં 5 ટકા ઉંચો હતી. રાજ્યની રૂપરેખા **પરિશિષ્ટ 1.1** માં દર્શાવેલ છે.

### 1.1.1 ગુજરાત રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદન

રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદન એ ચોક્કસ સમયગાળામાં રાજ્યની હદની અંદર ઉત્પાદિત તમામ માલસામાન અને સેવાઓનું મૂલ્ય છે. રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની વૃધ્ધિ એ રાજ્યના અર્થતંત્રનો એક દર્શક છે કારણ કે તે કોઇ એક સમયગાળામાં રાજ્યના આર્થિક વિકાસના સ્તરમાં થતા ફેરફારોનું પ્રમાણ દર્શાવે છે.

ગુજરાતના રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન (નામમાત્ર) અને તેની સામે રાષ્ટ્રની વાર્ષિક વૃધ્ધિમાં વલણો **કોઠા 1.1** માં આપ્યા છે.

**કોઠો 1.1: સકલ ઘરેલુ ઉત્પાદન અને રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની વૃધ્ધિના વલણો**

(₹ કરોડમાં)

| વર્ષ | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| **ભારત** | | | | | |
| સકલ ઘરેલુ ઉત્પાદન (પાયાનું વર્ષ 2011-12) | 2,01,03,593 | 1,98,54,096 | 2,35,97,399 (2nd RE) | 2,69,49,646 (1st RE) | 2,95,35,667 (PE) |
| સકલ મૂલ્ય વૃધ્ધિ (પાયાનું વર્ષ 2011-12) | 1,83,81,117 | 1,82,10,997 (3rd RE) | 2,16,35,584 (2nd RE) | 2,46,59,041 (1st RE) | 2,67,62,147 (PE) |
| વર્તમાન ભાવોએ અગાઉના વર્ષની | 6.37 | (-)1.24 | 18.85 | 14.21 | 9.60 |

| વર્ષ | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| તુલનાએ સકલ ઘરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા) | | | | | |
| વર્તમાન ભાવોએ અગાઉના વર્ષની તુલનાએ સકલમૂલ્ય વૃધ્ધિનો વૃધ્ધિ દર (ટકા) | 7.02 | (-) 0.93 | 18.81 | 13.97 | 8.53 |
| માથાદીઠ સકલઘરેલુ ઉત્પાદન | 1,49,915 | 1,46,480 | 1,72,422 | 1,94,879 | 2,11,725 |
| **ગુજરાત** | | | | | |
| સકલઘરેલુ ઉત્પાદન (પાયાનું વર્ષ 2011-12) | 16,17,143 | 16,16,106 | 19,28,683 (PE) | 22,30,609 (QE) | 24,64,300 (AE) |
| રાજ્યની સકલમૂલ્ય વૃધ્ધિ | 14,40,151 | 14,38,349 | 16,95,219 (PE) | 19,06,959 (QE) | NA[1] |
| વર્તમાન ભાવોએ અગાઉના વર્ષની તુલનાએ સકલઘરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા) | 8.38 | (-) 0.06 | 19.34 | 15.65 | 10.48 |
| વર્તમાન ભાવોએ અગાઉના વર્ષની તુલનાએ સકલમૂલ્ય વૃધ્ધિનો વૃધ્ધિ દર (ટકા) | 9.65 | (-) 0.13 | 17.86 | 12.49 | NA[1] |
| માથાદીઠ સકલઘરેલુ ઉત્પાદન | 2,38,978 | 2,32,862 | 2,75,586 | 3,13,512 | 3,42,221 |

સ્રોત: રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર કચેરી, આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI); અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક, ગુજરાત (અંદાજપત્રીય પ્રકાશન 30, 2024-25); અને સામાજીક-આર્થિક સમીક્ષા 2023-24, ગુજરાત રાજ્ય
RE: સુધારેલા અંદાજો; (P): કામચલાઉ અંદાજો (Q): ત્વરિત અંદાજો; (A): અગ્રિમ અંદાજો.

ઉપર કોઠાબધ્ધ કરેલી વિગતોમાંથી જોઇ શકાય છે એ મુજબ, સકલઘરેલુ ઉત્પાદનના રાષ્ટ્રીય વૃધ્ધિ દરની સરખામણીએ, 2019-20 થી 2023-24 ના સમયગાળા દરમિયાન રાજ્યના સકલઘરેલુ ઉત્પાદનની વૃધ્ધિ ઉંચા દરે થઇ હતી. 2021-22 દરમિયાન, ભારત તેમજ ગુજરાત બન્નેએ અગાઉના પાંચ વર્ષોમાં સૌથી ઉંચો વૃધ્ધિ દર નોંધાવ્યો હતો. જો કે, ગુજરાતની સકલરાજ્ય

[1] અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાતે જણાવ્યુ છે કે 2023-24 માટેની રાજ્યની એકંદર મૂલ્યવર્ધિત ની માહિતી માર્ચ 2025 માં ઉપલબ્ધ થશે.

મૂલ્ય વૃધ્ધિ (GSVA) 2021-22 થી 2022-23 ના સમયગાળા દરમિયાન રાષ્ટ્રીય વૃધ્ધિ દર કરતાં નીચા દરે થઇ હતી.

સકલ મૂલ્ય વર્ધિત (GVA) નો ઉપયોગ ભારત સરકાર અને આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ અને વિશ્વ બેંક જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા આર્થિક વિશ્લેષણ માટે કરવામાં આવે છે કારણ કે આર્થિક વૃધ્ધિના દર્શક તરીકે સકલ ઘરેલુ ઉત્પાદન કરતાં સકલમૂલ્ય વર્ધિત જે કરવેરા અને રોકડ સહાયની અસરને અવગણે છે તેને વધુ સારો સૂચક માનવામાં આવે છે. જ્યારે સકલ ઘરેલુ ઉત્પાદનને અર્થતંત્રમાં થતા વિવિધ ખર્ચના કુલ સરવાળા તરીકે ગણી શકાય છે અને તેની ગણતરી પણ કરવામાં આવે છે જેમાં ખાનગી વપરાશ ખર્ચ, સરકારી વપરાશ ખર્ચ અને કુલ નિશ્ચિત મૂડી નિર્માણ અથવા મૂડીરોકાણ પરના ખર્ચનો સમાવેશ થાય છે, જે અર્થતંત્રમાં માંગની પરિસ્થિતિઓ પર મૂળભૂત રીતે પ્રતિબિંબિત થાય છે. બંને ગણતરીઓમાં ચોખ્ખા કરવેરાના વ્યવહારમાં તફાવત છે જેના પરિણામે સકલઘરેલુ ઉત્પાદનમાં કરનો સમાવેશ વાસ્તવિક ઉત્પાદન પરિસ્થિતિથી અલગ હોઈ શકે છે. આથી, નીતિ ઘડનારના દ્રષ્ટિકોણથી, વધુ સારા વિશ્લેષણ અને નીતિગત બાબત માટે સકલ મૂલ્યવર્ધિત (GVA) અને રાજ્ય સકલ મૂલ્યવર્ધિત (GSVA) ડેટાની તુલના કરવી મહત્વપૂર્ણ છે.

2018-19 થી 2022-23[1] ના સમયગાળા માટે રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન ની સામે રાજ્યની સકલમૂલ્ય વર્ધિતના વલણો **આલેખ 1.1** માં દર્શાવ્યા છે.

**આલેખ 1.1: રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન ની સામે રાજ્યની સકલ મૂલ્ય વર્ધિતનો વૃધ્ધિ દર (2018-19 થી 2022-23)**




સ્રોત: અંદાજપત્રીય પ્રકાશન નં. 34 (સામાજીક-આર્થિક સમીક્ષા, ગુજરાત રાજ્ય, 2023-24)

**આલેખ 1.2: રાજ્યના સકલ મૂલ્યવર્ધિતમાં ક્ષેત્રિય વૃધ્ધિ (2018-19 થી 2022-23)**




સ્રોત: અંદાજપત્રીય પ્રકાશન નં. 34 (સામાજીક-આર્થિક સમીક્ષા, ગુજરાત રાજ્ય, 2023-24)

**આલેખ 1.2** દર્શાવે છે કે, 2021-22 દરમિયાન, રાજ્યના સકલ મૂલ્યવર્ધિતમાં ફાળો આપનાર તમામ ત્રણ ક્ષેત્રોમાં નોંધપાત્ર વૃધ્ધિ થઇ હતી, જે કોવિડ-19 મહામારી બાદ આર્થિક પ્રવૃત્તિઓમાં થયેલા સુધારાના કારણે હતી. આમ છતાં, 2022-23 દરમિયાન, માત્ર કૃષિ અને સેવાઓના ક્ષેત્રો વૃધ્ધિ દર જાળવી શક્યા હતા. ઉદ્યાગનો વૃધ્ધિ દર 21.36 ટકાથી ઘટીને 9.70 ટકા થયો હતો.

## 1.2 રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલનો આધાર અને અભિગમ

ભારતના બંધારણના અનુચ્છેદ 151 (2) ના સંદર્ભમાં, રાજ્યના હિસાબો સંબંધિત ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (સીએજી) ના અહેવાલો રાજ્યના રાજ્યપાલને સુપરત કરવાના હોય છે, જે તેમને રાજ્યની વિધાનસભા સમક્ષ રજૂ કરાવશે. ગુજરાતનો રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઑડિટ અહેવાલ (SFAR) ભારતના બંધારણના એજ અનુચ્છેદ હેઠળ તૈયાર કરવામાં અને રજૂ કરવામાં આવે છે.

મહાલેખાકાર (હિસાબ અને હક) દર વર્ષે નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબો તૈયાર કરે છે. આ હિસાબો વાઉચરો, ચલણો અને તિજોરીઓ અને રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળ કાર્યરત આવા હિસાબો જાળવવા માટે જવાબદાર કચેરીઓ અને વિભાગો દ્વારા રજૂ કરાયેલા પ્રારંભિક અને પૂરક હિસાબો, અને ભારતીય રિઝર્વ બેંક (RBI) તરફથી મળેલા પત્રકોમાંથી તૈયાર કરવામાં આવે છે. આ હિસાબોનું પ્રધાન મહાલેખાકાર (ઑડિટ- II), ગુજરાત દ્વારા સ્વતંત્ર રીતે ઑડિટ કરવામાં આવે છે અને સીએજી દ્વારા પ્રમાણિત કરવામાં આવે છે.

રાજ્યના નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબો આ અહેવાલ માટે માહિતીનો મુખ્ય સ્રોત બને છે. અન્ય સ્રોતોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- નાણાકીય પરિમાણો અને ફાળવણીની પ્રાથમિકતાઓનું મૂલ્યાંકન કરવા માટે, તેમજ અંદાજો સાથે તેના અમલીકરણ અને સંબંધિત નિયમો અને નિર્ધારિત પ્રક્રિયાઓના અનુપાલનની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા એમ બન્ને માટે રાજ્યનું અંદાજપત્ર માહિતીનો એક મહત્વપૂર્ણ સ્રોત છે;

- વર્ષ દરમિયાન રાજ્યના સચિવાલય અને ક્ષેત્રિય સ્તરે પ્રધાન મહાલેખાકાર (ઑડિટ- I) અને પ્રધાન મહાલેખાકાર (ઑડિટ- II), ગુજરાતના કચેરીઓ દ્વારા હાથ ધરવામાં આવેલા ઑડિટના પરિણામો;
- વિભાગીય સત્તાવાળાઓ અને તિજોરી કચેરીઓ (હિસાબી તેમજ  MIS પણ) પાસેની અન્ય માહિતી;
- રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની માહિતી અને અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક, ગુજરાતની કચેરી તરફથી રાજ્ય સબંધિત અન્ય આંકડા; અને
- સીએજી ના વિવિધ ઑડિટ અહેવાલો.

આ અહેવાલમાં ચૌદમા નાણા પંચ (૧૪મા એફસી), પંદરમા નાણા પંચ (૧૫મા એફસી), ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ અને ભારત સરકારની શ્રેષ્ઠ પ્રથાઓ અને માર્ગદર્શિકાઓની ભલામણોના સંદર્ભમાં વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સરકારના જવાબો, જ્યાં પ્રાપ્ત થયા છે, તેને આ અહેવાલમાં યોગ્ય સ્થળોએ સામેલ કરવામાં આવ્યા છે. ચોથા નાણા પંચની રચના રાજ્ય સરકાર દ્વારા 4 નવેમ્બર 2024 ના રોજ કરવામાં આવી હતી. આયોગ દ્વારા ભલામણો હજુ સુધી કરવામાં આવી નથી (જાન્યુઆરી 2025).

## 1.3 સરકારના હિસાબોનું બંધારણ અને અંદાજપત્રીય પ્રક્રિયાઓનું વિહંગાવલોકન

રાજ્ય સરકારના હિસાબો ત્રણ ભાગમાં રાખવામાં આવે છે:

**1. રાજ્યની સંચિત નિધિ (ભારતના બંધારણનો અનુચ્છેદ 266(1))**

આ ભંડોળમાં રાજ્ય સરકાર દ્વારા પ્રાપ્ત થતી બધી આવક, રાજ્ય સરકાર દ્વારા એકત્રિત કરવામાં આવતી બધી લોન (બજાર લોન, બૉન્ડ, કેન્દ્ર સરકારની લોન, નાણાકીય સંસ્થાઓની લોન, રાષ્ટ્રીય નાની બચત ભંડોળને જારી કરાયેલી ખાસ સિક્યોરિટીઝ વગેરે), ભારતીય રિઝર્વ બેંક દ્વારા આપવામાં આવતી સાધનોપાય પેશગીઓ અને લોનની ચૂકવણીમાં રાજ્ય સરકાર દ્વારા પ્રાપ્ત થતી બધી રકમનો સમાવેશ થાય છે. કાયદા અનુસાર અને ભારતના બંધારણ દ્વારા જણાવવામાં આવેલ હેતુઓ અને રીત સિવાય આ ભંડોળમાંથી કોઈ પણ રકમની ફાળવણી કરી શકાતી નથી. ખર્ચની અમુક શ્રેણીઓ (દા.ત., બંધારણીય અધિકારીઓના પગાર, લોનની ચુકવણી વગેરે), રાજ્યના એકત્રિત ભંડોળ પર ખર્ચબોજો (ચાર્જ્ડ ખર્ચ) બનાવે છે અને વિધાનસભા દ્વારા મતદાનને પાત્ર નથી. અન્ય તમામ ખર્ચ (મતદાનને પાત્ર ખર્ચ) માટે વિધાનસભા દ્વારા મતદાન કરવામાં આવે છે.

**2. રાજ્યનું આકસ્મિક ભંડોળ (ભારતના બંધારણનો અનુચ્છેદ 267(2))**

આકસ્મિક ભંડોળ એક અગ્રદાયના રૂપમાં હોય છે જેની રચના કાયદા દ્વારા રાજ્યની વિધાનસભા દ્વારા કરવામાં આવે છે, અને રાજ્યની વિધાનસભા દ્વારા આવા ખર્ચને  અધિકૃતી મળે ત્યાં સુધી અણધાર્યા ખર્ચને પહોંચી વળવા માટે પેશગીઓ આપી શકાય એ માટે રાજ્યપાલના હવાલે મુકવામાં આવે છે. ભંડોળની ભરપાઇ રાજ્યના એકત્રિત ભંડોળના સંબંધિત કાર્યલક્ષી મુખ્ય સદર ખાતે ઉધારીને કરવામાં આવે છે.

### 3. રાજ્યનો જાહેર હિસાબ (બંધારણનો અનુચ્છેદ 266(2))

ઉપરોક્ત સિવાય, સરકાર દ્વારા અથવા તેના વતી પ્રાપ્ત થયેલા તમામ અન્ય જાહેર નાણા જેમાં સરકાર બેંકર અથવા ટ્રસ્ટીની ભૂમિકા નિભાવે છે, તે જાહેર હિસાબમાં જમા કરવામાં આવે છે. જાહેર હિસાબમાં પરતચૂકવણીપાત્ર બાબતો જેવી કે નાની બચત, પ્રોવિડન્ટ ફંડ, થાપણો (વ્યાજ સહિતની અને વ્યાજ વગરની), પેશગીઓ, અનામત ભંડોળ (વ્યાજ સહિત અને વ્યાજ વગર) ભરણાં અને ઉચ્ચક સદરો (જે બન્ને છેવટની નોંધ થાય ત્યાં સુધીના કામચલાઉ સદરો છે) તે સામેલ હોય છે. સરકાર પાસે ઉપલબ્ધ ચોખ્ખી રોકડ સિલકનો પણ જાહેર હિસાબમાં સમાવેશ કરવામાં આવે છે. જાહેર હિસાબ વિધાનસભાના મતને અધિન નથી.

## અંદાજપત્રીય દસ્તાવેજ

દરેક નાણાકીય વર્ષની બાબતમાં સરકારની અંદાજીત આવક અને ખર્ચ નું પત્રક, રાજ્ય વિધાનસભા ના ગૃહ અથવા ગૃહો સમક્ષ રજૂ કરવાની ભારતમાં (અનુચ્છેદ 202) બંધારણીય આવશ્યકતા છે. આ 'વાર્ષિક નાણાકીય પત્રક' મુખ્ય અંદાજપત્રીય દસ્તાવેજ છે. વધુમાં, અંદાજપત્રમાં મહેસૂલ હિસાબના ખર્ચને અન્ય ખર્ચાથી અલગ પાડવો જોઇએ.

**મહેસૂલી આવક** માં કર આવક (પોતાની કર આવક વત્તા કેન્દ્રીય કરવેરા/જકાતનો હિસ્સો), બિન-કર આવક અને ભારત સરકાર તરફથી અનુદાનનો સમાવેશ થાય છે.

**મહેસૂલી ખર્ચ**માં સરકારના તમામ એવા ખર્ચ જે ભૌતિક અથવા નાણાકીય અસ્ક્યામતોના સર્જનમાં પરિણમતા નથી તે સામેલ હોય છે. તે એવા ખર્ચના સંબંધમાં હોય છે જે સરકાર અને વિવિધ વિભાગોની સામાન્ય કામગીરી, સરકાર દ્વારા લેવામાં આવેલા ઋણ પર વ્યાજની ચૂકવણીઓ અને જુદી જુદી સંસ્થાઓને આપવામાં આવેલા અનુદાનો (અનુદાનોમાંના કેટલાક અસ્ક્યામતો ઉભી કરવા માટે હોય તો પણ) માટે કરવામાં આવ્યા હોય.

મૂડી ખર્ચમાં આ સામેલ હોય છે:

- **જાહેર ઋણ આવક**: બજાર લોન, બૉન્ડ, નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન, સાધનોપાય પેશગીઓ અંતર્ગત ચોખ્ખા વ્યવહારો અને કેન્દ્ર સરકાર તરફથી લોન અને પેશગીઓ વગેરે; અને
- **બિન-ઋણ આવક**: વિનિવેશમાંથી ઉપજેલા નાણા, લોન અને પેશગીઓની વસૂલાત.

**મૂડી ખર્ચ** માં જમીનનું સંપાદન, મકાન, મશીનરી, સાધનસામગ્રી, શેરો માં રોકાણ નો સમાવેશ થાય છે.

**લોન અને પેશગીઓ** સરકાર દ્વારા જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને અન્ય પાર્ટીઓને લોન અને પેશગીઓ પર થયેલો ખર્ચ.

હાલમાં, સરકારમાં એક હિસાબી વર્ગીકરણની પધ્ધતિ છે જે કાર્યલક્ષી અને આર્થિક બન્ને છે.

| | *વ્યવહારોના પ્રતિક* | *વર્ગીકરણ* |
|---|---|---|
| **CGA દ્વારા LMMH[2] માં પ્રમાણિત** | કામગીરી- શિક્ષણ, આરોગ્ય વગેરે/વિભાગ | અનુદાન હેઠળ મુખ્ય સદર (4- આંકડા) |
| | પેટા-કામગીરી | પેટા-મુખ્ય સદર (2- આંકડા) |
| | કાર્યક્રમ | ગૌણ સદર (3- આંકડા) |
| **રાજ્ય માટે રહેલી લવચિકતા** | યોજના | પેટા-સદર (2- આંકડા) |
| | પેટા-યોજના | વિગતવાર સદર (2- આંકડા) |
| | આર્થિક પ્રકાર/પ્રવૃત્તિ | હેતુ સદર-પગાર, ગૌણ કામો વગેરે (2- આંકડા) |

કાર્યલક્ષી વર્ગીકરણ આપણને વિભાગ, કામગીરી, પરિયોજના અથવા કાર્યક્રમ અને ખર્ચનો ઉદ્દેશ જણાવે છે. આર્થિક વર્ગીકરણ આ ચૂકવણીઓને મહેસૂલ, મૂડી, ઋણ વગેરે તરીકે વ્યવસ્થિત ગોઠવવામાં કરવામાં સહાયરૂપ થાય છે. આર્થિક વર્ગીકરણ ચાર આંકડાના મુખ્ય સદરોના પ્રથમ આંકડામાં જડિત તાર્કિક ક્રમાંકન દ્વારા મેળવવામાં આવે છે. દાખલા તરીકે, 0 અને 1 મહેસૂલી આવક માટે છે, 2 અને 3 મહેસૂલી ખર્ચ માટે વગેરે. આર્થિક વર્ગીકરણ કેટલાક હેતુ સદરોની અંતર્ગત વ્યાખ્યા અને વહેંચણી દ્વારા પણ મેળવી શકાય છે. દાખલા તરીકે, 'પગાર' હેતુ સદર મહેસૂલી ખર્ચ છે જ્યારે 'બાંધકામ' હેતુ સદર મૂડી ખર્ચ છે. અંદાજપત્રીય દસ્તાવેજોમાં વિનિયોગનો યોગ્ય એકમ હેતુ સદર છે.

2 કેન્દ્ર અને રાજ્યોના હિસાબોના મુખ્ય અને ગૌણ સદરોની યાદી.

**આલેખ 1.3: સરકારના હિસાબોનું બંધારણ**




***જાહેર ઋણ અને જાહેર જવાબદારીઓ:***

આ અહેવાલમાં, 'જાહેર ઋણ' બજારમાંથી ઉધાર, સંસ્થાકીય લોન, રાષ્ટ્રીય નાની બચતને જારી કરેલી વિશેષ બાંયધરીઓ, કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી લોન વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ હેતુ માટે, મુખ્ય સદર 6003 અને 6004-જાહેર ઋણ વિચારણામાં લેવામાં આવ્યા છે.

ઉપરાંત, જાહેર હિસાબ હેઠળ 'નાની બચત, પ્રોવિડન્ટ ફંડ, વગેરે', 'અનામત ભંડોળ' અને 'થાપણ અને પેશગીઓ' સંબંધિત વ્યવહારો એવા છે કે સરકાર પ્રાપ્ત થયેલા નાણા પરત ચુકવવાની જવાબદારી લે છે અથવા ચૂકવેલી રકમ વસૂલ કરવાનો તેનો દાવો હોય છે. જાહેર હિસાબ હેઠળના 'ભરણાં' અને 'ઉચ્ચક' ને લગતા વ્યવહારો માત્ર તિજોરી અને ચલણ ભંડાર (કરન્સી ચેસ્ટ) વચ્ચે રોકડના ભરણાં અને જુદા જુદા હિસાબી વર્તુળો વચ્ચે તબદીલી જેવા વ્યવહારોના સમાયોજન સદરનો સમાવેશ થાય છે.

આ અહેવાલમાં, જાહેર જવાબદારીમાં મુખ્ય સદરો 6003 અને 6004 હેઠળના વ્યવહારો ની સાથે સાથે 'નાની બચત, પ્રોવિડન્ટ ફંડ વગેરે', 'અનામત ભંડોળ' અને 'થાપણો અને પેશગીઓ' સંબંધિત મુખ્ય સદરો 8001 અને 8554 હેઠળના વ્યવહારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## અંદાજપત્રીય પ્રક્રિયાઓ

ભારતના બંધારણની કલમ 202 અનુસાર, રાજ્યના રાજ્યપાલ **વાર્ષિક નાણાકીય પત્રક** (અંદાજપત્ર તરીકે પણ સંદર્ભિત) ના રૂપમાં નાણાકીય વર્ષ માટે રાજ્યની અંદાજીત આવક અને ખર્ચ નું એક પત્રક રાજ્ય વિધાનસભા સમક્ષ મુકવા સબબ કાર્યવાહી કરે છે. કલમ 203 અનુસાર, આ પત્રક અનુદાનો/વિનિયોગો માટે માંગણા સ્વરૂપે રાજ્ય વિધાનસભા માં રજૂ કરવામાં આવે છે અને આ મંજૂર થયા બાદ, એકત્રિત નિધિ માંથી જરૂરી નાણાનાં વિનિયોગ માટે વિધાનસભા દ્વારા કલમ 204 હેઠળ વિનિયોગ બિલ પસાર કરવામાં આવે છે.

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, અંદાજપત્ર ઘડવાની પ્રક્રિયાની વિગતો પુરી પાડે છે અને રાજ્ય સરકારને અંદાજપત્રીય અંદાજો તૈયાર કરવામાં અને તેના ખર્ચની પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવામાં માર્ગદર્શન પુરૂ પાડે છે. 2023-24 ના અંદાજપત્રની રચના કરતી વખતે રાજ્ય સરકારે 'પરિણામલક્ષી અંદાજપત્ર' (સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા નિયત ટકાઉ વિકાસકીય ધ્યેયોને અનુરૂપ) અને 'જેન્ડર અંદાજપત્ર' પર ભાર મુકવા સાથે પ્રાથમિકતાવાળા ક્ષેત્રોમાં અંદાજપત્રીય દરમિયાનગીરી જાણવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનુ ચાલુ રાખ્યુ હતુ.

2014-15 થી રાજ્ય 'પરિણામલક્ષી અંદાજપત્ર' તૈયાર કરતું આવ્યુ છે છતાં, તેણે સંબંધિત અંદાજપત્રમાં કરવામાં આવેલા અનુરૂપ અનુમાનો સાથે જુદા જુદા અંદાજપત્રીય પાસાઓના વાસ્તવિક પરિણામોનું મેપીંગ  કરવાનુ હજી બાકી છે. 2022-23 ના અંદાજપત્રમાં અનુમાનિત પરિણામોની સામે વાસ્તવિક સિધ્ધિઓ, આમ, માર્ચ 2024 સુધી વિધાનસભા સમક્ષ મુકવામાં આવી ન હતી.

રાજ્ય સરકારના અંદાજપત્ર અને અન્ય અંદાજપત્રીય પહેલોના અમલીકરણની ઓડીટ તપાસના પરિણામોની વિગતો આ અહેવાલના **પ્રકરણ III** માં આપી છે.

### 1.3.1 નાણાકીય પરિસ્થિતિના સ્નેપશોટ

**કોઠા 1.2** માં વર્ષ 2022-23 અને 2023-24 માટે વાસ્તવિક નાણાકીય પરિણામોની સામે વર્ષ 2023-24 માટે અંદાજપત્રીય અંદાજોના સ્નેપશોટ રજૂ કરે છે.

**કોઠો 1.2: વાસ્તવિક નાણાકીય પરિસ્થિતિની સામે અંદાજપત્રીય અંદાજોના સ્નેપશોટ**

(₹ કરોડમા)

| ક્રમાંક | ઘટકો | 2022-23 | 2023-24 | 2023-24 | અંદાજપત્રીય અંદાજોની સામે ખરેખર મૂલ્યની ટકાવારી | GSDP ની સામે ખરેખર મૂલ્યોની ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| | | ખરેખર | ખરેખર | અંદાજપત્રીય અંદાજો | 2023-24 | |
| 1 | કર આવક | 1,57,843.58 | 1,73,497.98 | 1,74,406.9 | 99.48 | 7.04 |
| | (i) પોતાની કર | 1,24,809.58 | 1,34,214.35 | 1,38,592.9 | 96.84 | 5.45 |

| ક્રમાંક | ઘટકો | 2022-23 | 2023-24 | 2023-24 | અંદાજપત્રીય અંદાજોની સામે ખરેખર મૂલ્યની ટકાવારી | GSDP ની સામે ખરેખર મૂલ્યોની ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| | | ખરેખર | ખરેખર | અંદાજપત્રીય અંદાજો | 2023-24 | |
| | (ii) કેન્દ્રીય કરવેરા/ જકાતનો હિસ્સો | 33,034.00 | 39,283.63 | 35,813.96 | 109.69 | 1.59 |
| 2 | બિન-કર આવક | 18,433.61 | 23,707.75 | 17,012.60 | 139.35 | 0.96 |
| 3 | સહાયક અનુદાન અને ફાળો | 23,131.13 | 25,557.00 | 16,290.35 | 156.88 | 1.04 |
| 4 | **મહેસૂલી આવક (1+2+3)** | **1,99,408.32** | **2,22,762.73** | **2,07,709.88** | **107.25** | **9.04** |
| 5 | લોન અને પેશગીઓની વસૂલાત | 254.13 | 1,375.57 | 129.89 | 1,059.03 | 0.06 |
| 6 | અન્ય આવક | 0.00 | 0.00 | 17,500 | 0.00 | 0.00 |
| 7 | ઋણ અને અન્ય જવાબદારીઓ[3] | 16,845.45 | 23,493.26 | 44,929.94 | 52.29 | 0.95 |
| 8 | **મૂડી આવક (5+6+7)** | **17,099.58** | **24,868.83** | **62,559.83** | 39.75 | 1.01 |
| 9 | **કુલ આવક (4+8)** | **2,16,507.90** | **2,47,631.56** | **2,70,269.71** | 91.62 | 10.05 |
| 10 | **મહેસૂલી ખર્ચ, જે પૈકી** | **1,79,543.29** | **1,89,285.70** | **1,98,671.58** | 95.28 | 7.68 |
| 11 | વ્યાજની ચૂકવણીઓ | 25,353.68 | 27,175.63 | 28,619.52 | 94.95 | 1.10 |
| 12 | **મૂડી ખર્ચ, જે પૈકી** | **36,964.61** | **58,345.86** | **71,598.13** | 81.49 | 2.37 |
| 13 | મૂડી ખર્ચ | 35,498.82 | 55,679.25 | 70,100.96 | 79.43 | 2.26 |
| 14 | લોન અને પેશગીઓ | 1,465.79 | 2,666.61 | 1,497.17 | 178.11 | 0.11 |
| 15 | **કુલ ખર્ચ (10+12)** | **2,16,507.90** | **2,47,631.56** | **2,70,269.71** | 91.62 | 10.05 |
| 16 | **મહેસૂલી ખાધ (-) /પુરાંત (+) (4-10)** | **(+)19,865.03** | **(+)33,477.03** | **(+)9,038.30** | 370.39 | 1.36 |
| 17 | **રાજકોષીય ખાધ {(4+5+6)-15}** | **(-)16,845.45** | **(-)23,493.26** | **(-)44,929.94** | 52.29 | (-)0.95 |
| 18 | **પ્રાથમિક ખાધ (-)/ પ્રાથમિક પુરાંત (+) (17-11)** | **(+)8,508.23** | **(+)3,682.37** | **(-)16,310.42** | (-)22.58 | 0.15 |

સ્રોત: 2023-24 માટે અંદાજપત્રીય પ્રકાશન નં. 1 અને સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

[3] ઋણ અને અન્ય જવાબદારીઓ= જાહેર ઋણની ચોખ્ખી (આવક–ચૂકવણીઓ) + આકસ્મિક નિધિની ચોખ્ખી+જાહેર હિસાબની ચોખ્ખી (આવક–ચૂકવણીઓ)+ખૂલતી અને બંધ રોકડ સિલકની ચોખ્ખી.

વર્ષ 2023-24 દરમિયાન, રાજ્યની મહેસૂલી આવકમાં પાછલા વર્ષ કરતાં 11.71 ટકા જેટલી વૃધ્ધિ થઇ હતી. તે અંદાજપત્રીય અંદાજો કરતાં 7.25 ટકા અધિક અને રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન કરતાં 9.04 ટકા જેટલી અધિક હતી.

જીએસટી વળતર એ જીએસટી (રાજ્યોને વળતર) અધિનિયમ, 2017 હેઠળ રાજ્ય સરકારની આવક છે. જીએસટીના અમલીકરણના કારણે થયેલા નુકસાનના હિસાબે રાજ્યને 2020-21, 2021-22 અને 2022-23 (એપ્રિલ થી જૂન 2022) ના સમયગાળા માટે વળતરની છેવટની સિલક તરીકે ₹ 10,693.47 કરોડની રકમ વર્ષ 2023-24 દરમિયાન મળી હતી.

## 1.3.2 સરકારની અસ્ક્યામતો અને જવાબદારીઓનો સ્નેપશોટ

સરકારના હિસાબો સરકારની નાણાકીય જવાબદારીઓ અને કરવામાં આવેલા ખર્ચમાંથી ઊભી કરેલી અસ્ક્યામતોનો સમાવેશ કરે છે. જવાબદારીઓમાં મુખ્યત્વે આંતરિક ઋણ, ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ, જાહેર હિસાબની આવક અને અનામત ભંડોળનો સમાવેશ થાય છે. અસ્ક્યામતોમાં મુખ્યત્વે મૂડી જોગવાઈ અને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી લોન અને પેશગીઓ અને રોકડ સિલક સામેલ હોય છે. **કોઠા 1.3** સરકારની અસ્ક્યામતો અને જવાબદારીઓની સ્થિતિનો સારાંશ આપે છે.

### કોઠો 1.3: અસ્ક્યામતો અને જવાબદારીઓની સ્થિતિનો સારાંશ

(₹ કરોડમાં)

| જવાબદારીઓ | | | | | અસ્ક્યામતો | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 2022-23 | 2023-24 | ટકામાં વધારો/ ઘટાડો | | | 2022-23 | 2023-24 | ટકામાં વધારો/ ઘટાડો |
| **એકત્રિત નિધિ** | | | | | | | | | |
| A | આંતરિક ઋણ | 3,25,273.16 | 3,35,208.77 | 3.06 | a | સકલ મૂડી જોગવાઇ | 3,68,901.42 | 4,24,580.68 | 15.09 |
| B | ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ * | 35,458.07 | 39,771.58 | 12.17 | b | લોન અને પેશગીઓ | 14,362.82 | 15,653.86 | 8.99 |
| **આકસ્મિક નિધિ** | | | | | | | | | |
| આકસ્મિક નિધિ | | 200.00 | 200.00 | 0.00 | આકસ્મિક નિધિ | | 20.26 | 0.00 | (-)100.00 |
| **જાહેર હિસાબ** | | | | | | | | | |
| A | નાના બચત, પ્રોવિડન્ટ ફંડ વગેરે | 9,993.84 | 10,019.83 | 0.26 | a | પેશગીઓ | 0.70 | 0.70 | 0.00 |
| B | થાપણો | 37,304.63 | 46,634.85 | 25.01 | b | ઉચ્ચક અને પરચૂરણ | 3,241.90 | 5,017.27 | 54.76 |
| C | અનામત ભંડોળ | 14,728.25 | 18,452.74 | 25.29 | રોકડ સિલક (અંકિત કરેલા ભંડોળમાં રોકાણ સહિત) | | 35,531.89 | 37,971.69 | 6.87 |
| D | ભરણા | 975.83 | 1,327.97 | 36.09 | | | | | |
| | | | | | | કુલ | 4,22,058.99 | 4,83,224.20 | 14.49 |
| | | | | | આવકની સામે સંચિત અધિક ખર્ચ[4] | | 1,874.79 | (-)31,608.46 | (-)1,785.64 |
| કુલ | | 4,23,933.78 | 4,51,615.74 | 6.53 | કુલ | | 4,23,933.78 | 4,51,615.74 | 6.53 |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

* 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડના જીએસટીના વળતરમાં ઘટના અવેજ માં પ્રાપ્ત એક પછી એક લોન સામેલ છે.

[4] આવક સામે ખર્ચનો સંચિત અધિક = પાછલા વર્ષની આવક કરતાં ખર્ચનો સંચિત અધિક + જુની બાકી સિલકો દૂર કરવા માટે સમાયોજન-મહેસૂલી પુરાંત.

## 1.4 નાણાકીય સિલક: ખાધ અને કુલ ઋણના લક્ષ્યાંકોની સિધ્ધિઓ

બારમા નાણા પંચની ભલામણોને અનુસરીને, રાજ્ય સરકારે રાજકોષીય સ્થિરતા અને ટકાઉપણું, જાહેર નાણાકીય બાબતોમાં કાર્યક્ષમતા અને પારદર્શકતામાં સુધારો કરવા, પૂરતી મહેસૂલી પુરાંત હાંસલ કરીને, રાજકોષીય ખાધ ઓછી કરીને અને નાણાકીય નીતિનો અસરકારક અમલ અને સમજણપૂર્વકનું ઋણ વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારે રાષ્ટ્રીય રાજકોષીય જવાબદારી અને વ્યવસ્થાપન અધિનિયમ, 2003 ની સાથે સુસંગત ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 ઘડ્યો હતો.

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 અનુસાર, એકંદર જવાબદારીઓ એટલે ગુજરાત રાજ્યના એકત્રિત નિધિ અને રાજ્યના જાહેર હિસાબ હેઠળની જવાબદારીઓ.

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમમાં 2009, 2011 અને 2021 માં સુધારો કરવામાં આવ્યો હતો. 2011 માં, 13મા નાણા પંચની ભલામણો સામેલ કરવા માટે સુધારવામાં આવ્યો હતો. 14મા નાણા પંચે ભલામણ કરી હતી કે રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન અને રાજકોષીય ખાધની લક્ષ્યાંકિત ત્રણ ટકાની મર્યાદા કેટલાક માપદંડો પૂર્ણ થાય તો 3.5 ટકા સુધી વધારી શકાય. આમ છતાં, રાજ્ય સરકાર ત્રણ ટકાની મર્યાદાની અંદર જ હોવાથી, તેણે ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2011 માં કોઇ સુધારો કર્યો ન હતો. 2021 માં, રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન અને રાજકોષીય ખાધના ગુણોત્તરનો લક્ષ્યાંક સુધારીને 2020-21 માટે પાંચ ટકા કરવામાં આવ્યો હતો પરંતુ ગુજરાત રાજકોષીય અધિનિયમ, 2011 ના બાકીના લક્ષ્યાંકો એમ જ ચાલુ રહ્યા હતા. પછીના વર્ષોમાં, રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની સામે રાજકોષીય ખાધની લક્ષ્યાંકિત મર્યાદા ત્રણ ટકા રહી હતી.

### 1.4.1 રાજકોષીય લક્ષ્યાંકોની સામે સિધ્ધિઓના વલણોનું પૃથક્કરણ

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 અનુસાર, રાજય સરકારે મહેસૂલી ખાધ 2007-08 સુધીમાં નાબૂદ કરવાની હતી અને ત્યારબાદ મહેસૂલી પુરાંત જાળવવાની હતી, 2008-09 સુધીમાં રાજકોષીય ખાધ અંદાજીત રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનના ત્રણ ટકા સુધી ઘટાડવાની અને ત્યારબાદ એજ સ્તરે જાળવવાની હતી. આમાં વધારો કરીને નાણાકીય વર્ષ 2020-21 માટે જાન્યુઆરી 2021 માં પાંચ ટકા કરવામાં આવી હતી. ત્યારબાદના વર્ષોમાં, રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની સામે રાજકોષીય ખાધની લક્ષ્યાંકિત મર્યાદા ત્રણ ટકા જેટલી રહી હતી. આ અધિનિયમમાં વધુમાં એવી કલ્પના કરવામાં આવી હતી કે રાજ્ય સરકાર રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનના સામે જાહેર ઋણનો ગુણોત્તર 2011-12 સુધીમાં 27.10 ટકાની મર્યાદામાં રાખશે અને ત્યારબાદ જાળવી રાખશે. વધુમાં, રાજ્ય સરકાર 2007-08 સુધીમાં બાકી બાંયધરીઓ ₹ 20,000 કરોડની મર્યાદામાં રાખશે એવું અપેક્ષિત હતું.

ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમમાં નિયત કરેલા ચાવીરૂપ નાણાકીય માપદંડો ની સામસામે પાંચ વર્ષ (2019-24) દરમિયાન સિધ્ધિઓનું વલણ મુજબ વિશ્લેષણ **કોઠા 1.4** માં આપ્યુ છે.

### કોઠો 1.4: રાજકોષીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમની જોગવાઇઓનું અનુપાલન

| રાજકોષીય માપદંડો | અધિનિયમ માં નિયત લક્ષ્યાંકો | સિધ્ધિ (₹ કરોડમાં) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
| મહેસૂલી ખાધ (-) / પુરાંત (+) (₹ કરોડમાં) | મહેસૂલી પુરાંત | 1,944.85 | (-)22,547.92 | 6,408.43 | 19,865.03 | 33,477.03 |
| | | ✓ | x | ✓ | ✓ | ✓ |
| ખાધ(-) / પુરાંત(+) (GSDP ની ટકાવારીની રીતે) | ત્રણ ટકા[5] | (-)24,581.45 (-1.52) | (-)40,438.35 (-2.50) | (-)22,692.31 (-1.18) | (-)16,845.45 (-0.76) | (-)23,493.26 (-0.95) |
| | | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| GSDP અને કુલ જાહેર ઋણનો ગુણોત્તર[6] (ટકા) | 27.10 ટકા | 16.52 | 18.49[7] | 15.98[7] | 15.17[7] | 14.31[7] |
| | | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| બાકી બાંહેધરીઓ | ₹ 20,000 કરોડથી નીચે | 4,462 | 3,656 | 3,089 | 1,473 | 1,463 |
| | | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |

સ્રોત: સંબંધિત વર્ષોના અંદાજપત્રીય પ્રકાશન અને નાણાકીય હિસાબો.

ઉપર જોઇ શકાય છે એ મુજબ, 2020-21 દરમિયાન, છેલ્લા પાંચ વર્ષો દરમિયાન ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ માં ધારેલા મહેસૂલી ખાધ સિવાયના તમામ ચાર રાજકોષીય માપદંડો રાજ્ય સરકારે સફળતા પૂર્વક હાંસલ કર્યા હતા.

રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન અને જાહેર ઋણનો ગુણોત્તર (14.31 ટકા) કુલ જાહેર ઋણમાંથી ઋણ આવક હેઠળ એક પછી એક લોન તરીકે અનુક્રમે 2020-21 અને 2021-22 દરમિયાન ₹ 9,222 કરોડ અને ₹ 13,040 કરોડ નું જીએસટી નું વળતર બાકાત કરીને મેળવવામાં આવ્યો છે કારણ કે ભારત સરકારના ખર્ચ વિભાગે નક્કી કર્યું છે કે તેને નાણા પંચ દ્વારા નિયત કરવામાં આવેલા કોઇ પણ ધોરણો માટે રાજ્યના ઋણ તરીકે ગણવામાં નહીં આવે.

15મા નાણા પંચ દ્વારા નિયત અને રાજ્યના અંદાજપત્રમાં અનુમાનિત લક્ષ્યાંકોની સામસામે 2023-24 દરમિયાન રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં મુખ્ય રાજકોષીય ચલાંકોમાં સિધ્ધિઓ **કોઠા 1.5** માં આપી છે.

---

5 2020-21 માટે પાંચ ટકા.

6 ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ લક્ષ્યાંક તરીકે રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન અને કુલ બાકી જવાબદારીઓનો ગુણોત્તર નહીં પરંતુ રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન અને કુલ જાહેર ઋણનો ગુણોત્તર નિયત કરે છે.

7 ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, વિશેષ વ્યવસ્થા હેઠળના ઋણને નાણા પંચ વગેરે દ્વારા નિયત કરવામાં આવેલા કોઇ પણ ધોરણો માટે રાજ્યનું ઋણ ગણવામાં નહીં આવે. આથી, જીએસટીના વળતરમાં ઘટ ની અવેજ માં મળેલી 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડની મળેલી એક પછી એક લોન રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન અને કુલ જાહેર ઋણના ગુણોત્તરની ગણતરી માટે વિચારણામાં લેવામાં આવી નથી.

**કોઠો 1.5: 2023-24 માટે મુખ્ય રાજકોષીય ચલાંકોની બાબતમાં લક્ષ્યાંકો ની સામસામે સિધ્ધિઓ**

**(₹ કરોડમાં)**

| રાજકોષીય ચલાંકો | 15[મા] નાણા પંચ દ્વારા નિયત કરવામાં આવેલા લક્ષ્યાંકો | અંદાજપત્ર માં લક્ષ્યાંકો | ખરેખર મૂલ્યો | ની સામે ખરેખર મૂલ્યોમાં ફેરફારની ટકાવારી | |
|---|---|---|---|---|---|
| | | | | 15[મા] નાણા પંચના લક્ષ્યાંકો | અમદાજ પત્રના Targets in Budgets |
| **મહેસૂલી પુરાંત (+) /GSDP (ટકા)** | 1.40 | 0.35 | 1.36 | (-)0.04 | 1.01 |
| **રાજકોષીય ખાધ (-)/GSDP (ટકા)** | (-) 3.0 | (-) 1.75 | (-) 0.95 | 2.05 | 0.80 |
| **કુલ બાકી જવાબદારી/GSDP (ટકા)** | 30.6 | NA | 16.83[8] | (-) 13.77 | NA |

**સ્રોત: 15[મા] નાણા પંચની ભલામણો, અંદાજપત્રીય પ્રકાશનો અને નાણાકીય હિસાબો. NA: ઉપલબ્ધ નથી.**

ઉપર જોઈ શકાય છે તેમ, GSDP ની ટકાવારી તરીકે લક્ષિત રેવન્યુ સરપ્લસ સિવાય, 15મી FC દ્વારા નિર્ધારિત તમામ નાણાકીય લક્ષ્યાંકો 2023-24 દરમિયાન હાંસલ કરવામાં આવ્યા હતા. ઉપરાંત, 2023-24 દરમિયાન રાજ્ય દ્વારા બજેટના અંદાજોમાં અંદાજિત તમામ લક્ષ્યાંકો હાંસલ કરવામાં આવ્યા હતા.

### 1.4.2 ચાલુ વર્ષ માટે મધ્યમ ગાળાના નાણાકીય નીતિવિષયક નિવેદનમાં અનુમાનિત રાજકોષીય માપદંડોના લક્ષ્યાંકોના ખરેખર મૂલ્યો સાથે સરખામણી

2023-24 માં રાજ્યની વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા મધ્યમ ગાળાના નાણાકીય નીતિવિષયક નિવેદનમાં અનુમાનિત રાજકોષીય માપદડોના લક્ષ્યાંકોની ખરેખર મૂલ્યો સાથે સરખામણી અને વધઘટનું પ્રમાણ **કોઠા 1.6** માં દર્શાવ્યા છે.

[8] ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, વિશેષ વ્યવસ્થા હેઠળના ઋણને નાણા પંચ વગેરે દ્વારા નિયત કરવામાં આવેલા કોઇ પણ ધોરણો માટે રાજ્યનું ઋણ ગણવામાં નહીં આવે. આથી, જીએસટીના વળતરમાં ઘટ ની અવેજ માં મળેલી 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડની મળેલી એક પછી એક લોન રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન અને કુલ જાહેર ઋણના ગુણોત્તરની ગણતરી માટે વિચારણામાં લેવામાં આવી નથી.

**કોઠો 1.6: 2023-24 દરમિયાન MTFPS માં કરવામાં આવેલા અનુમાનો સામસામે ખરેખર મૂલ્યો**

(₹ કરોડમાં)

| ક્રમાંક | રાજકોષીય ચલાંકો | MTFPS મુજબના અનુમાનો | ખરેખર મુલ્યો (2023-24) | વધઘટ (ટકામાં) |
|---|---|---|---|---|
| 1 | પોતાની કર આવક | 1,38,592.97 | 1,34,214.35 | (-)3.16 |
| 2 | બિન-કર આવક | 17,012.60 | 23,707.75 | 39.35 |
| 3 | કેન્દ્રીય કરવેરાનો હિસ્સો | 35,813.96 | 39,283.63 | 9.69 |
| 4 | ભારત સરકાર તરફથી સહાયક અનુદાન | 16,290.35 | 25,557.00 | 56.88 |
| 5 | મહેસૂલી આવક (1+2+3+4) | 2,07,709.88 | 2,22,762.73 | 7.25 |
| 6 | મૂડી આવક[9] | 85,630.89 | 41,767.28 | (-)51.22 |
| 7 | મહેસૂલી આવક | 1,98,671.58 | 1,89,285.70 | (-)4.72 |
| 8 | મહેસૂલી ખાધ (-)/ પુરાંત (+) (5-7) | 9,038.30 | 33,477.03 | 270.39 |
| 9 | રાજકોષીય ખાધ (-)/ પુરાત (+) | (-)44,929.94 | (-)23,493.26 | (-)47.71 |
| 10 | પ્રાથમિક ખાધ (-)/પુરાંત (+) | (-)16,310.42 | 3,682.37 | (-)122.58 |
| 11 | જાહેર ઋણ -GSDP નો ગુણોત્તર (ટકા) | 14.88 | 14.31* | (-)3.83 |
| 12 | વર્તમાન દરોએ GSDP નો વૃધ્ધિ દર (ટકા) | 16.34 | 10.48 | (-)35.88 |

સ્રોત: 2024-25 માટેનું અંદાજપત્રીય પ્રકાશન નં.1 અને 30 અને નાણાકીય હિસાબો.

* કુલ બાકી જવાબદારીઓમાંથી ઋણ આવક હેઠળ એક પછી એક લોન તરીકે 2020-21 માં મળેલી ₹ 9,222 કરોડની અને 2021-22 માં મળેલી ₹ 13,040.21 કરોડ ની જીએસટી વળતરની લોન બાદ કરીને મેળવવામાં આવેલ.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, મધ્યમ ગાળાના નાણાકીય નીતિવિષયક નિવેદન માં કરવામાં આવેલા અનુમાનોની સામસામે 2023-24 દરમિયાન બિન-કર આવક, કેન્દ્રીય કરવેરામાં હિસ્સો, ભારત સરકાર તરફથી સહાયક અનુદાન અને મહેસૂલી પુરાંત સુધર્યા હતા. પોતાની કર આવક, મૂડી આવક અને રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનના વૃધ્ધિ દર 2023-24 માં હાંસલ થયા ન હતા, જોકે, જાહેર ઋણ-રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર વર્ષ દરમિયાન હાંસલ કરવામાં આવ્યો હતો.

પાંચ વર્ષના સમયગાળા (2019-24) દરમિયાનના પુરાંત/ખાધના વલણો **આલેખ 1.4** માં દર્શાવવામાં આવ્યા છે; GSDP ની તુલનામાં પુરાંત/ખાધના વલણો **આલેખ 1.5** માં આપવામાં આવ્યા છે; અને રાજકોષીય જવાબદારીઓ અને GSDP ના વલણો **આલેખ 1.6** માં આપવામાં આવ્યા છે.

[9] મૂડી આવક = જાહેર ઋણની આવક + પરચૂરણ મૂડી આવક + લોન અને પેશગીઓની વસૂલાત.

### આલેખ 1.4: પુરાંત/ખાધના વલણો




| | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| મહેસૂલી પુરાંત/ખાધ | 1,945 | -22,548 | 6,409 | 19,865 | 33,477 |
| રાજકોષીય ખાધ | -24,581 | -40,438 | -22,692 | -16,846 | -23,493 |
| પ્રાથમિક ખાધ/પુરાંત | -2,132 | -16,235 | 2,495 | 8,508 | 3,682 |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

### આલેખ 1.5: રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન સંબંધિત પુરાંત/ખાધમાં વલણો




સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

**મહેસૂલી પુરાંત** મહેસૂલી ખર્ચ કરતાં મહેસૂલી આવકનો વધારો દર્શાવે છે. અગાઉના વર્ષની સરખામણીએ, મહેસૂલી પુરાંત નોંધપાત્ર રીતે વધીને 2023-24 માં ₹ 33,477 કરોડ થઇ છે. રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે 2023-24 દરમિયાન મહેસૂલી પુરાંત 1.36 ટકા હતી.

**રાજકોષીય ખાધ** બિન-ઋણ આવક અને કુલ ખર્ચ વચ્ચેનો તફાવત રજૂ કરે છે. આ તફાવત વધારાના જાહેર ઋણ દ્વારા અથવા જાહેર હિસાબમાંથી વધારાના ભંડોળનો ઉપયોગ કરીને દૂર કરી શકાય છે. રાજકોષીય ખાધ સામાન્ય રીતે ચોખ્ખી વધતી જવાબદારીઓ અથવા તેની વધારાની ઉધાર લેવાની જરૂરિયાત દર્શાવે છે. રાજકોષીય ખાધ 2022-23 માં ₹ 16,846 કરોડ હતી તે વધીને 2023-24 માં ₹ 23,493 કરોડ થઇ હતી.

**પ્રાથમિક પુરાંત** પ્રાથમિક ખર્ચ (વ્યાજની ચૂકવણી સિવાયનો કુલ ખર્ચ) કરતાં બિન-ઋણ આવકનો વધારો દર્શાવે છે. 2022-23 માં ₹ 8,508 કરોડની તુલનાએ 2023-24 માં તે ₹ 3,682 કરોડ હતો.

**આલેખ 1.6: રાજકોષીય જવાબદારીઓ અને GSDP માં વલણો**




| | 2019-20 | 2020-21 # | 2021-22 # | 2022-23 # $ | 2023-24 # |
|---|---|---|---|---|---|
| સરારકારનું આંતરિક ઋણ $ | 2,59,663 | 2,90,030 | 2,99,801 | 3,25,267 | 3,35,209 |
| ભારત સરકાર તરફથી લોન | 7,433 | 8,777 | 8,494 | 13,196 | 17,510 |
| જાહેર હિસાબની જવાબદારીઓ | 48,360 | 49,863 | 50,241 | 51,647 | 61,926 |
| કુલ બાકી જવાબદારીઓ | 3,15,456 | 3,48,670 | 3,58,536 | 3,90,110 | 4,14,645 |
| કુલ બાકી જવાબદારીઓ અને GSDP નો ગુણોત્તર | 19.51 | 21.57 | 18.59 | 17.49 | 16.83 |
| જાહેર ઋણ/ GSDP | 16.52 | 18.49 | 15.98 | 15.17 | 14.31 |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

$ ગયા વર્ષના અહેવાલથી 2022-23 માટે આંતરિક ઋણના આંકડામાં ફેરફાર પ્રોફોર્મા સુધારાના કારણે છે.

# ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, વિશેષ વ્યવસ્થા હેઠળના ઋણને નાણા પંચ વગેરે દ્વારા નિયત કરવામાં આવેલા કોઇ પણ ધોરણો માટે રાજ્યનું ઋણ ગણવામાં નહીં આવે. આથી, જીએસટીના વળતરમાં ઘટ ની અવેજી માં મળેલી 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડની મળેલી એક પછી એક લોન રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન અને કુલ જાહેર ઋણના ગુણોત્તરની ગણતરી માટે વિચારણામાં લેવામાં આવી નથી.

2023-24 દરમિયાન, અસરકારક બાકી જવાબદારીઓ[10] આંતરિક ઋણમાં 3.06 ટકા (₹ 9,942 કરોડ), ભારત સરકાર તરફથી લોન 32.69 ટકા (₹ 4,314 કરોડ) અને જાહેર હિસાબની જવાબદારીઓ 19.90 ટકા (₹ 10,279 કરોડ) જેટલા થયેલા વધારાના કારણે અગાઉના વર્ષ કરતાં 6.29 ટકા (₹ 24,535 કરોડ) જેટલી વધી હતી.

## 1.5 ભારત સરકાર દ્વારા નિયત કરવામાં આવેલી મર્યાદા મુજબ ઋણના સંબંધમાં રાજ્ય સરકારની કામગીરી

ભારતના બંધારણની કલમ 293 (3), અન્ય બાબતોની સાથે જોગવાઇ કરે છે કે ભારત સરકાર દ્વારા આપવામાં આવેલી કોઇ પણ લોનનો કોઇ પણ ભાગ હજુ ચૂકવવાનો બાકી હોય તો ભારત સરકારની મંજૂરી વગર રાજ્ય કોઇ પણ લોન ઉભી કરી શકશે નહીં.

[10] અહીં બાકી જવાબદારીઓ, જીએસટી વળતરના અવેજમાં મળેલી એક પછી એક લોન સિવાયની છે.

ભારત સરકારના નાણા મંત્રાલયના ખર્ચ વિભાગે નાણાકીય વર્ષ 2023-24 માટે રાજ્ય સરકારની ઉધાર લેવાની ચોખ્ખી મર્યાદા ₹ 51,000 કરોડ[11] જેટલી નક્કી કરી હતી (જાન્યુઆરી 2024) અને તમામ સ્રોતોમાંથી તેનું એકંદર ઋણ આ મર્યાદામાં રહે તે સુનિશ્ચિત કરવાની રાજ્ય સરકારને સૂચના આપી હતી.

2023-24 ના નાણાકીય હિસાબોના ઋણ અને અન્ય જવાબદારીઓના પત્રક (પત્રક નં. 6) મુજબ, નાણાકીય વર્ષ 2023-24 દરમિયાન રાજ્યની એકંદર ઋણ અને અન્ય જવાબદારીઓ ₹ 24,535 કરોડ હતી એટલે કે નાણા ઉછીના લેવાની મર્યાદાની અંદર હતી.

## 1.6 ઑડિટમાં તપાસ પછી ખાધ

રાજકોષીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમ મુજબ, ખાધ, ઋણ અને બાંયધરીઓ પર ટોચ મર્યાદા વગેરે રાજકોષીય દર્શકો માટે નિયત કરવામાં આવેલા લક્ષ્યાંકોનું પાલન રાજ્ય સરકારે સુનિશ્ચિત કરવું જ જોઇએ. રાજ્ય માટે ગણવામાં આવેલી મહેસૂલી પુરાંત અને રાજકોષીય ખાધને મૂડી ખર્ચના મહેસૂલી ખર્ચ તરીકે વર્ગીકરણ જેવા વિવિધ સંજોગોના કારણે અસર થાય છે. ઉપરાંત, જવાબદારીઓ અદા કરવામાં વિલંબ, સેસ/રોયલ્ટી એકત્રિત નિધિ, ડૂબત અને અને વિમોચન નિધિ માં જમા ન કરવાથી પણ મહેસૂલી પુરાંત અને રાજકોષીય ખાધને અસર થાય છે. વાસ્તવિક મહેસૂલી પુરાંત અને રાજકોષીય ખાધની ગણતરી માટે મહેસૂલી ખર્ચ/મૂડી જોગવાઇ અને અથવા આવા કોઇ પણ ખોટા વર્ગીકરણને સામેલ કરવા જરૂરી છે અને આવી અનિયમિતતાઓને ઉલટાવવી જરૂરી છે.

ઑડિટમાં તપાસ બાદ મહેસૂલી પુરાંત અને રાજકોષીય ખાધ નું વિશ્લેષણ **કોઠા 1.7** માં આપ્યું છે.

**કોઠો 1.7: ઑડિટ દ્વારા તપાસ બાદ મહેસૂલી પુરાંત અને રાજકોષીય ખાધ**

| વિગતો | મહેસૂલી પુરાંત [(ઓછી દર્શાવેલી(-)/ અધિક દર્શાવેલી (+)] પર અસર | રાજકોષીય ખાધ પર અસર (ઓછી દર્શાવેલ) (₹ કરોડમાં) | ફકરાનો સંદર્ભ |
|---|---|---|---|
| એકત્રિત ડૂબત નિધિમાં રાજ્ય સરકારના ફાળામાં ઘટ[12] | (+) 6,627.42 | 6,627.42 | ફકરો 2.6.2.1 |
| લેબર સેસની બિન-તબદીલી | (+) 580.44 | 580.44 | ફકરો 2.6.3.2 |
| રાષ્ટ્રીય પેન્શન યોજનામાં સરકારનો ફાળો. | (+) 11.30 | 11.30 | ફકરો 2.4.2.3 |

[11] ભારત સરકારે ભારતના બંધારણની કલમ 293 (3) હેઠળ ₹ 51,000 કરોડ માટે નાણાકીય વર્ષ 2023-24દરમિયાન ખુલ્લા બજારમાંથી લોન ઉભી કરવા માટે સંમતિ આપી હતી.

[12] ₹ 6,627.42 કરોડ = ₹ 19,505.80 કરોડ (₹ 3,90,116.09 કરોડની રાજ્યની જવાબદારીઓના 5 % નું વર્ષ 2022-23 માટે જાળવવાનું લઘુતમ કોર્પસ) [-] ₹ 12,878.38 કરોડ એકત્રિત ડૂબત નિધિની બંધ સિલક. જીએસટીના વળતરમાં ઘટ ની અવેજી માં મળેલી 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડની મળેલી એક પછી એક લોન રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન અને કુલ જાહેર ઋણના ગુણોત્તરની ગણતરી માટે અહીં વિચારણામાં લેવામાં આવી નથી.

| વિગતો | મહેસૂલી પુરાંત [(ઓછી દર્શાવેલી(-)/ અધિક દર્શાવેલી (+)] પર અસર | રાજકોષીય ખાધ પર અસર (ઓછી દર્શાવેલ) (₹ કરોડમાં) | ફકરાનો સંદર્ભ |
|---|---|---|---|
| મૂડી ખર્ચનું મહેસૂલી ખર્ચ તરીકે ખોટું વર્ગીકરણ | (-) 3.64 | - | ફકરો 3.4.1 |
| વ્યાજની જવાબદારી અદા ન કરવી | (+) 264.12 | 264.12 | ફકરો 4.1 |
| કુલ | (+) 7,479.64 | 7,483.28 | |

સ્રોત: 2023-24 નો નાણાકીય હિસાબ અને ઑડિટ વિશ્લેષણ.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે કે, વર્ષ દરમિયાન ₹ 7,479.64 કરોડ જેટલી મહેસૂલી પુરાંત અધિક દર્શાવાઇ હતી. 2023-24 માં રાજકોષીય ખાધ પણ ₹ 7,483.28 કરોડ જેટલી ઓછી દર્શાવાઇ હતી. આમ, ફકરા 1.4.2 માં ઉલ્લેખ કર્યા મુજબ ₹ 33,477.03 કરોડની મહેસૂલી પુરાંત સામે રાજ્યની ખરેખર મહેસૂલી પુરાંત[13] ₹ 25,997.39 કરોડ જેટલી રહેશે. એજ રીતે, જો ઓછું યોગદાન, જવાબદારીઓ અદા ન કરવી અને ખોટું વર્ગીકરણ ધ્યાને લેવામાં આવે તો એ જ ફકરામાં ઉલ્લેખ કરવામાં આવેલા ₹ 23,493.26 કરોડની રાજકોષીય ખાધની[14] સામે 2023-24 માં ખરેખર ખાધ ₹ 30,976.54 કરોડ રહેશે.

## 1.7 ઑડિટ તપાસ પછી - જાહેર ઋણ

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 ની કલમ 2 (i), માત્ર રાજ્યના એકત્રિત નિધિ અને જાહેર હિસાબ પરની જવાબદારીનો સમાવેશ કરવા માટે "કુલ બાકી ઋણ/જવાબદારીઓ" ને વ્યાખ્યાયિત કરે છે. આમ છતાં, જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા અને વિશેષ હેતુ માટે લેવામાં આવેલા ઋણ જેમાં મુદ્દલ અને/અથવા વ્યાજની ચૂકવણી રાજ્યના અંદાજપત્ર માંથી કરવાની હોય છે તે પણ રાજ્યના એકત્રિત નિધિ અને રાજ્યના જાહેર હિસાબ હેઠળ જવાબદારીઓ છે.

એવું ધ્યાન પર આવ્યુ હતું કે ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડે રાજ્ય સરકારના નિર્દેશ (જૂલાઇ 2018) મુજબ ₹ 6,000 કરોડની રકમ ના ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના નોંધાયેલ નોન-કન્વર્ટીબલ ડિબેન્ચર હસ્તગત કર્યા હતા. ઉપરાંત, રાજ્ય સરકારે આ નોન-કન્વર્ટીબલ ડિબેન્ચર પરના વ્યાજ અને મુદ્દલ ની પરત ચૂકવણી માટે ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડને સહાય કરવાનો ઠરાવ કર્યો હતો. તદનુસાર, 2019-20 થી 2023-24 ના સમયગાળા દરમિયાન, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા આ નોન-કન્વર્ટીબલ ડિબેન્ચર પરના વ્યાજની ચૂકવણી માટે ₹ 2,253.64 કરોડની રકમ જેમાં 2023-24 દરમિયાન ચૂકવવામાં આવેલા ₹ 275.10 કરોડ સામેલ છે તેનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ નોન-કન્વર્ટીબલ ડિબેન્ચર પરના વાર્ષિક વ્યાજની ચૂકવણીમાં વધારાથી રાજ્યનો વચનબધ્ધ મહેસૂલી ખર્ચ વધ્યો છે.

[13] ₹ 33,477.03 કરોડ વત્તા (-) ₹ 7,479.64 કરોડ.

[14] ₹ 23,493.26 કરોડ વત્તા ₹ 7,483.28 કરોડ.

# પ્રકરણ II

## રાજ્યની નાણાકીય પરિસ્થિતિ

# પ્રકરણ II

# રાજ્યની નાણાકીય પરિસ્થિતિ

આ પ્રકરણ વ્યાપક પરિપ્રેક્ષ્યમાં રાજ્યની નાણાકીય પરિસ્થિતિ રજૂ કરે છે, અગાઉના વર્ષના સંબંધમાં મુખ્ય રાજકોષીય પરિબળોમાં અતિ મહત્વના ફેરફારો, 2019-20 થી 2023-24 ના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન એકંદર વલણો, રાજ્યના ઋણનું ટકાઉપણું અને મુખ્ય જાહેર હિસાબના વ્યવહારોનું રાજ્યના નાણાકીય હિસાબોના આધારે વિશ્લેષણ કરે છે.

## 2.1 2022-23 ની તુલનાએ 2023-24 દરમિયાન મુખ્ય રાજકોષીય પરિબળોમાં મોટા ફેરફારો

**કોઠા 2.1** 2022-23 ની સામે 2023-24 દરમિયાન રાજ્યના મુખ્ય રાજકોષીય પરિબળોમાં થયેલા મોટા ફેરફારોનું વિહંગાવલોકન પૂરૂં પાડે છે. આ પરિબળો પૈકી પ્રત્યેકનું વિશ્લેષણ હવે પછીના ફકરાઓમાં કરવામાં આવ્યુ છે.

**કોઠો 2.1: 2022-23 ની સરખામણીએ 2023-24 દરમિયાન રાજકોષીય પરિબળોનો સારાંશ**

(₹ કરોડમાં)

| આવક | | | ચૂકવણીઓ | | |
|---|---|---|---|---|---|
| | 2022-23 | 2023-24 | | 2022-23 | 2023-24 |
| **વિભાગ-ક: મહેસૂલી હિસાબ** | | | | | |
| પોતાની કર આવક | 1,24,809 | 1,34,214 | સામાન્ય સેવાઓ | 61,269 | 66,705 |
| બિન-કર આવક | 18,434 | 23,708 | સામાજીક સેવાઓ | 75,125 | 78,686 |
| કેન્દ્રીય કરવેરા/જકાતમાં હિસ્સો | 33,034 | 39,284 | આર્થિક સેવાઓ | 42,672 | 43,340 |
| ભારત સરકાર તરફથી સહાયક અનુદાન | 23,131 | 25,557 | સહાયક અનુદાન અને ફાળો | 477 | 555 |
| **કુલ વિભાગ-ક મહેસૂલી આવક** | **1,99,408** | **2,22,763** | **કુલ વિભાગ -ક મહેસૂલી ખર્ચ** | **1,79,543** | **1,89,286** |
| **વિભાગ-ખ: મૂડી હિસાબ અને અન્ય** | | | | | |
| પરચૂરણ મૂડી આવક | 0 | 0 | **મૂડી ખર્ચ** | **35,499** | **55,679** |
| | | | સામાન્ય સેવાઓ | 820 | 1,152 |
| | | | સામાજીક સેવાઓ | 12,804 | 22,269 |
| | | | આર્થિક સેવાઓ | 21,875 | 32,258 |
| લોન અને પેશગીઓની વસૂલાત | 254 | 1,376 | ચૂકવેલી લોન અને પેશગીઓ | 1,466 | 2,667 |

| આવક | | | ચૂકવણીઓ | | |
|---|---|---|---|---|---|
| | 2022-23 | 2023-24 | | 2022-23 | 2023-24 |
| જાહેર ઋણની આવક | 52,333 | 40,392 | જાહેર ઋણની પરત ચૂકવણી | 22,159 | 26,137[1] |
| આકસ્મિક નિધિ | 0 | 20 | આકસ્મિક નિધિ | 20 | 0 |
| જાહેર હિસાબની આવક (કુલ) | 1,22,483 | 1,46,818 | જાહેર હિસાબની ચૂકવણીઓ (કુલ) | 1,20,935 | 1,35,160 |
| ખૂલતી રોકડ સિલક | 20,676 | 35,532 | બંધ રોકડ સિલક | 35,532 | 37,972 |
| **કુલ વિભાગ-ખ આવક** | **1,95,746** | **2,24,138** | **કુલ વિભાગ-ખ ચૂકવણીઓ** | **2,15,611** | **2,57,615** |
| **એકંદર કુલ (ક +ખ)** | **3,95,154** | **4,46,901** | **એકંદર કુલ (ક+ખ)** | **3,95,154** | **4,46,901** |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

2022-23 ની તુલનાએ 2023-24 માં મુખ્ય રાજકોષીય પરિબળોમાં વધઘટ નો સારાંશ નીચે આપ્યો છે:

| | |
|---|---|
| **મહેસૂલી આવક** | ➢ રાજ્યની મહેસૂલી આવક 11.71 ટકા જેટલી વધી હતી<br>➢ રાજ્યની પોતાની કર આવક 7.54 ટકા જેટલી વધી હતી<br>➢ પોતાની બિન-કર આવક 28.61 ટકા જેટલી વધી હતી<br>➢ કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો 18.92 ટકા જેટલો વધ્યો હતો<br>➢ ભારત સરકાર તરફથી સહાયક અનુદાનમાં 10.49 ટકા જેટલો વધારો થયો હતો |
| **મહેસૂલી ખર્ચ** | ➢ મહેસૂલી ખર્ચ 5.43 ટકા જેટલો વધ્યો હતો<br>➢ સામાન્ય સેવાઓ પરના મહેસૂલી ખર્ચમાં 8.87 ટકા જેટલો વધારો થયો હતો<br>➢ સામાજીક સેવાઓ પરનો મહેસૂલી ખર્ચમાં 4.74 ટકા જેટલો વધારો થયો હતો<br>➢ આર્થિક સેવાઓ પરના મહેસૂલી ખર્ચમાં 1.57 ટકા જેટલો વધારો થયો હતો<br>➢ સહાયક અનુદાન અને ફાળા પરનો ખર્ચ 16.35 ટકા જેટલો વધ્યો હતો |
| **મૂડી આવક** | ➢ ઋણ મૂડી આવક 22.82 જેટલી ઘટી હતી<br>➢ બિન-ઋણ મૂડી આવક 441.73 ટકા જેટલી વધી હતી |
| **મૂડી ખર્ચ** | ➢ મૂડી ખર્ચમાં 56.85 ટકા જેટલો વધારો થયો હતો<br>➢ સામાન્ય સેવાઓ પરનો મૂડી ખર્ચ 40.49 ટકા જેટલો વધ્યો હતો<br>➢ સામાજીક સેવાઓ પરનો મૂડી ખર્ચ 73.92 ટકા જેટલો વધ્યો હતો<br>➢ આર્થિક સેવાઓ પરનો મૂડી ખર્ચ 47.47 ટકા જેટલો વધ્યો હતો |
| **લોન અને પેશગીઓ** | ➢ લોન અને પેશગીઓની ચૂકવણીઓ 81.92 ટકા જેટલી વધી હતી<br>➢ લોન અને પેશગીઓની વસૂલાત 441.73 ટકા જેટલી વધી હતી |
| **જાહેર ઋણ** | ➢ જાહેર ઋણની આવક 22.82 ટકા જેટલી ઘટી હતી<br>➢ જાહેર ઋણની પરત ચૂકવણીઓ 17.95 ટકા જેટલી વધી હતી |
| **જાહેર હિસાબ** | ➢ જાહેર હિસાબની આવક 19.87 ટકા જેટલી વધી હતી<br>➢ જાહેર હિસાબની ચૂકવણીઓ 11.76 ટકા જેટલી વધી હતી |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

[1] અહીં 'જાહેર દેવાની ચુકવણી'નો આંકડો આલેખ 2.2 અને પરિશિષ્ટ-1.1 માં આપેલા આંકડાઓ સાથે મેળ ખાતો નથી કારણ કે પૂર્ણાંક કરવાના કારણે તેમાં ₹ 1.00 કરોડનો તફાવત છે.

ઉપરોક્ત પરિબળો પૈકી પ્રત્યેકનું વિશ્લેષણ હવે પછીના ફકરાઓમાં કરવામાં આવ્યું છે.

## 2.2 ભંડોળોના સ્રોતો અને ઉપયોગ

**કોઠા 2.2** 2022-23 ની સામે 2023-24 દરમિયાન રાજ્યના ભંડોળોના સ્રોતો અને ઉપયોગની સરખામણી કરે છે, જ્યારે **આલેખ 2.1** અને **2.2** 2023-24 દરમિયાન એકત્રિત નિધિમાં આવક અને તેમાંથી થયેલા ખર્ચની ટકાવારી મુજબ વિગતો આપે છે.

**કોઠો 2.2: 2022-23 અને 2023-24 દરમિયાન ભંડોળોના સ્રોતો અને ઉપયોગની વિગતો**

(₹ કરોડમાં)

| | વિગતો | 2022-23 | 2023-24 | વધારો/ઘટાડો |
|---|---|---|---|---|
| **સ્રોતો** | ભારતીય રિઝર્વ બેંક પાસે ખૂલતી રોકડ સિલક | 20,676 | 35,532 | 14,856 |
| | મહેસૂલી આવક | 1,99,408 | 2,22,763 | 23,355 |
| | લોન અને પેશગીઓની વસૂલાત | 254 | 1,376 | 1,122 |
| | જાહેર ઋણની આવક (ચોખ્ખી) | 30,174 | 14,255 | (-)15,919 |
| | જાહેર હિસાબની આવક (ચોખ્ખી) | 1,548 | 11,658[2] | 10,110 |
| | પરચૂરણ મૂડી આવક | 0 | 0 | 0 |
| | **કુલ** | **2,52,060** | **2,85,584** | **33,524** |
| **ઉપયોગ** | મહેસૂલી ખર્ચ | 1,79,543 | 1,89,286 | 9,743 |
| | મૂડી ખર્ચ | 35,499 | 55,679 | 20,180 |
| | લોન અને પેશગીઓની ચૂકવણીઓ | 1,466 | 2,667 | 1,201 |
| | આકસ્મિક નિધિમાંથી ચૂકવણીઓ | 20 | (-)20 | (-)40 |
| | ભારતીય રિઝર્વ બેંક પાસે બંધ રોકડ સિલક | 35,532 | 37,972 | 2,440 |
| | **કુલ** | **2,52,060** | **2,85,584** | **33,524** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

2 અહીં 'જાહેર હિસાબની આવક (ચોખ્ખી)' નો આંકડો આલેખ 2.3માં આપેલા આંકડાઓ સાથે મેળ ખાતો નથી કારણ કે તેમાં પૂર્ણાંક કરવાના કારણે ₹ 1.00 કરોડનો તફાવત છે.

**આલેખ 2.1: સંસાધનોના ઘટકો**
**(₹ કરોડમાં)**




**આલેખ 2.2: સંસાધનોનો ઉપયોગ**
**(₹ કરોડમાં)**




સ્રોત: 2023-24 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

પાંચ વર્ષના સમયગાળા (2019-24) માટે રાજ્ય સરકારની નાણાકીય સ્થિતિ પરની સમય શ્રેણીવાર માહિતી **પરિશિષ્ટ – 2.1** માં આપી છે.

## 2.3 રાજ્યના સંસાધનો

રાજ્યના સંસાધનો નીચે વર્ણવેલ છે:

1. **મહેસૂલી આવક**માં કર આવક (પોતાની કર આવક વત્તા કેન્દ્રીય કર/જકાતનો હિસ્સો), બિન-કર આવક અને ભારત સરકાર તરફથી સહાયક અનુદાન સામેલ હોય છે.
2. **મૂડી આવક** (ઋણ અને બિન-ઋણ મૂડી આવક) માં પરચૂરણ મૂડી આવક જેવી કે, વિનિવેશ માંથી આવક, લોન અને પેશગીઓની વસૂલાત, આંતરિક સ્રોતોમાંથી ઋણ આવક (બજાર લોન, નાણાકીય સંસ્થાઓ/વાણિજ્યિક બેંકો તરફથી ઉધાર) અને ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓનો સમાવેશ થાય છે.

   મહેસૂલ અને મૂડી બન્ને રાજ્યના સંચિત નિધિનો ભાગ બને છે.

3. **ચોખ્ખી જાહેર હિસાબની આવક**: કેટલાક વ્યવહારોની બાબતમાં આવક અને ચૂકવણીઓ, જેમ કે નાની બચત, ભવિષ્ય નિધિ, અનામત ભંડોળ, થાપણો, ઉચ્ચક, ભરણાં વગેરે હોય છે જે સંચિત નિધિનો ભાગ બનતા નથી.

   આને બંધારણની કલમ 266(2) હેઠળ સ્થાપવામાં આવેલા જાહેર હિસાબમાં રાખવામાં આવે છે અને રાજ્યની વિધાનસભાના મતને આધિન હોતા નથી. અહીં, સરકાર બેંકર તરીકે વર્તે છે. ચૂકવણીઓ બાદ ની સિલક એ સરકાર પાસે ઉપલબ્ધ ભંડોળ હોય છે.

## 2.3.1 રાજ્યની આવક

2023-24 દરમિયાન રાજ્યની આવકના ઘટકો **આલેખ 2.3** માં આપ્યા છે.

**આલેખ 2.3 2023-24 દરમિયાન રાજ્યની આવકનું આવકના ઘટકો**




સ્રોત: 2023-24 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

વર્ષ 2023-24 દરમિયાન રાજ્ય સરકારની ₹ 2,76,188 કરોડની કુલ આવક પૈકી મહેસૂલી આવક (₹ 2,22,763 કરોડ) 80.66 ટકા જેટલી રહી હતી. મૂડી આવક (₹ 41,768 કરોડ) અને ચોખ્ખી જાહેર હિસાબની આવક (₹ 11,657 કરોડ) કુલ આવકના અનુક્રમે 15.12 ટકા અને 4.22 ટકા જેટલી હતી.

## 2.3.2 રાજ્યની મહેસૂલી આવક

આ ફકરો કુલ મહેસૂલી આવક અને તેના ઘટકોના વલણો આપે છે. ત્યારબાદ રાજ્યની પોતાની આવક અને કેન્દ્ર સરકાર તરફથી પ્રાપ્તિમાં વિભાજિત આવકના વલણો આપે છે.

### 2.3.2.1 મહેસૂલી આવકના વલણો અને વૃધ્ધિ

**કોઠા 2.3** પાંચ વર્ષના સમયગાળા (2019-24) દરમિયાન GSDP ના સંદર્ભમાં મહેસૂલી આવકના વલણો અને વૃદ્ધિ તેમજ મહેસૂલની ઉછાળો પણ પુરા પાડે છે. વધુમાં, રાજ્ય સકલ ઘરેલૂ ઉત્પાદન

(GSDP) ના સાપેક્ષે મહેસૂલી આવકના વલણો અને મહેસૂલી આવકના ઘટકો અનુક્રમે **આલેખ 2.4** અને **2.5** માં આપવામાં આવ્યા છે.

**કોઠો 2.3: મહેસૂલી આવકમાં વલણ**

| પરિબળો | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| **મહેસૂલી આવક (₹ કરોડમાં)** | **1,42,844** | **1,28,156** | **1,66,830** | **1,99,408** | **2,22,763** |
| મહેસૂલી આવકની વૃધ્ધિનો દર (ટકા) | 5.03 | (-)10.28 | 30.18 | 19.53 | 11.71 |
| **કર આવક (₹ કરોડમાં)** | **99,240** | **90,485** | **1,28,784** | **1,57,843** | **1,73,498** |
| પોતાની કર આવક (₹ કરોડમાં) | 79,008 | 70,266 | 97,678 | 1,24,809 | 1,34,214 |
| કેન્દ્રીય કરવેરા અને શુલ્કમાં રાજ્યનો હિસ્સો | 20,232 | 20,219 | 31,106 | 33,034 | 39,284 |
| **બિન-કર આવક (₹ કરોડમાં)** | **18,104** | **10,493** | **14,018** | **18,434** | **23,708** |
| **ભારત સરકાર તરફથી સહાયક અનુદાન** | **25,500** | **27,178** | **24,028** | **23,131** | **25,557** |
| ભારત સરકાર તરફથી સહાયક અનુદાનની વૃધ્ધિનો દર (ટકા) | 34.26 | 6.58 | (-)11.59 | (-)3.73 | 10.49 |
| પોતાની આવક (કર અને બિન-કર આવક) (₹ કરોડમાં) | 97,112 | 80,759 | 1,11,696 | 1,43,243 | 1,57,922 |
| પોતાની આવકની વૃધ્ધિનો દર (કર અને બિન-કર આવક) (ટકા) | 3.84 | (-)16.84 | 38.31 | 28.24 | 10.25 |
| GSDP (₹ કરોડમાં) (2011-12 શ્રેણી) | 16,17,143 | 16,16,106 | 19,28,683 (P) | 22,30,609 (Q) | 24,64,300 (A) |
| GSDP ની વૃધ્ધિનો દર (ટકા) | 8.38 | (-)0.06 | 19.34 | 15.65 | 10.48 |
| મહેસૂલી આવક /GSDP (ટકા) | 8.83 | 7.93 | 8.65 | 8.94 | 9.04 |
| **ઉછાળોના ગુણોત્તરો**[3] | | | | | |
| GSDP ના સંદર્ભમાં મહેસૂલના ઉછાળો | 0.60 | * | 1.56 | 1.25 | 1.12 |
| GSDP ના સંદર્ભમાં રાજ્યની પોતાનો મહેસૂલ ઉછાળો | 0.46 | * | 1.98 | 1.80 | 0.98 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.
સ્રોત (GSDP ના આંકડા): ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળનું પત્રક (2024-25 નું અંદાજપત્રીય પ્રકાશન નં. 30).
**(P)**: કામચલાઉ અંદાજો; **(Q)**: ત્વરિત અંદાજો, **(A)**: અગ્રિમ અંદાજો.
* મહેસૂલી આવક અને રાજ્યની પોતાની આવક નકારાત્મક હોવાથી, રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની બાબતમાં તેમની તરલતાની ગણતરી કરી શકાય નહીં.

[3] ઉછાળનો ગુણોત્તર મૂળ રાજકોષીય ચાલકોમાં કરવામાં આવેલા ફેરફારના સંદર્ભમાં આધાર ચાલકમાં પ્રતિભાવનુ પ્રમાણ દર્શાવે છે. દાખલા તરીકે, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં 1.12 ની મહેસૂલી તરલતા સૂચવે છે કે જો રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન એક ટકા વધે તો મહેસૂલી આવક 1.12 ટકાવારી પોઇન્ટ જેટલી વધવાનું વલણ ધરાવે છે.

**આલેખ 2.4: મહેસૂલી આવકનું વલણ**




| | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| મહેસૂલી આવક | 1,42,844 | 1,28,156 | 1,66,830 | 1,99,408 | 2,22,763 |
| GSDP ની ટકાવારીની રીતે | 8.83 | 7.93 | 8.65 | 8.94 | 9.04 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

સ્રોત (GSDP ના આંકડા): ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિવેદન (2024-25 નું અંદાજપત્રીય પ્રકાશન નં. 30).

**આલેખ 2.5: મહેસૂલી આવકના ઘટકોનું વલણ**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

2019-24 દરમિયાન મહેસૂલી આવકના વલણોમાં નીચે મુજબ ધ્યાન પર આવ્યુ હતું:

- મહેસૂલી આવક ૧૧.૭૫ ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરે 55.95 ટકા વધીને (₹ 79,919 કરોડ) 2019-20 માં ₹ 1,42,844 કરોડથી 2023-24 માં ₹ 2,22,763 કરોડ થઇ હતી. 2023-24 દરમિયાન, મહેસૂલી આવકમાં પાછલા વર્ષની સરખામણીએ ₹23,355 કરોડ (11.71 ટકા)નો વધારો થયો છે.
- 2023-24 દરમિયાન મહેસૂલી આવકનો નોંધપાત્ર હિસ્સો (70.89 ટકા) રાજ્યના પોતાના સંસાધનોમાંથી આવ્યો હતો, જ્યારે કેન્દ્રીય કરની તબદીલી અને સહાયક અનુદાન બન્નેએ સાથે 29.11 ટકા ફાળો આપ્યો હતો.
- **કોઠા 2.3** દર્શાવે છે કે રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની સામે મહેસૂલી આવકની ટકાવારી 2019-20 માં 8.83 ટકા હતી તે ઘટીને 2020-21 માં 7.93 ટકા થઇ હતી, અને ત્યારબાદ 2021-22 માં 8.65 ટકા થઇને આગળ 2023-24 માં 9.04 ટકા થઇ હતી. 2021-22 થી

2023-24 દરમિયાન મહેસૂલી આવકની વૃધ્ધિ રાજ્યના સકલ  ઘરેલુ ઉત્પાદન કરતાં વધુ ઝડપે થઇ હતી.

### 2.3.2.2 રાજ્યના પોતાના સંસાધનો

કેન્દ્રીય કરવેરામાં રાજ્યના હિસ્સાનું નિર્ધારણ નાણા પંચની ભલામણોના આધારે કરવામાં આવે છે.  કેન્દ્ર સરકાર તરફથી સહાયક અનુદાનનું નિર્ધારણ કેન્દ્રીય કર આવકની વસૂલાતનું પ્રમાણ અને યોજનાઓ માટે અપેક્ષિત કેન્દ્રીય સહાય, વગેરે દ્વારા કરવામાં આવે છે.

વધારાના સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરીની આકારણી તેના પોતાના કર અને બિન-કર સ્રોતો સામેલ હોય એવા પોતાના સંસાધનોના રૂપમાં કરવાની હોય છે.

### પોતાની કર આવક

રાજ્યની પોતાની કર આવકમાં રાજ્ય માલ અને સેવા વેરો, વેચાણ વેરો/મૂલ્યવર્ધિત વેરો, વીજળી પરના વેરા અને જકાત, સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી, વાહનો પર કર અને માલસામાન અને યાત્રીઓ પરનો કર, જમીન મહેસૂલ, વગેરેનો સમાવેશ થાય છે.

છેલ્લા પાંચ વર્ષો (2019-24) દરમિયાન રાજ્યની પોતાની કર આવકનું વલણ **આલેખ 2.6** માં દર્શાવી છે.

**આલેખ 2.6: 2019-24 દરમિયાન પોતાની કર આવકનું વલણ**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

સ્રોત (રાજ્યના સકલ  ઘરેલુ ઉત્પાદનના આંકડા): ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળનું નિવેદન (2024-25 નું અંદાજપત્રીય પ્રકાશન નં. 30).

2019-24 દરમિયાન રાજ્યની પોતાની આવકના ઘટકો **કોઠા 2.4** માં દર્શાવ્યા છે.

**કોઠો 2.4: 2019-24 દરમિયાન રાજ્યની પોતાની કર આવકના ઘટકો**

(₹ કરોડમાં)

| મહેસૂલી સદર | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | |
|---|---|---|---|---|---|---|
| | | | | | અંદાજપત્રીય અંદાજો | ખરેખર મૂલ્યો |
| SGST | 34,106.67 | 29,458.54 | 43,486.98 | 52,154.23 | 66,030.00 | 58,009.85 |
| વેચાણ વેરો/VAT | 21,071.72 | 18,800.34 | 29,044.45 | 36,983.82 | 39,246.00 | 33,126.72 |
| વીજળી પર કરવેરા અને જકાત | 8,774.35 | 8,318.87 | 7,012.72 | 10,593.52 | 10,230.00 | 11,513.94 |
| સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | 7,701.17 | 7,390.18 | 10,432.57 | 14,206.78 | 13,950.00 | 15,334.02 |
| વાહન પર કર અનો માલસામાન અને યાત્રીઓ પર કર | 3,895.29 | 3,085.35 | 3,900.06 | 5,056.53 | 5,315.00 | 5,809.91 |
| જમીન મહેસૂલ | 2,358.74 | 2,133.55 | 2,782.52 | 4,480.53 | 2,860.00 | 8,558.16 |
| રાજ્ય આબકારી | 138.26 | 133.65 | 154.82 | 187.65 | 155.00 | 200.30 |
| મનોરંજન કર અને સુખસુવિધા કર | 3.69 | 4.47 | 3.16 | 4.07 | 5.51 | 3.77 |
| અન્ય વેરા | 957.61 | 941.23 | 860.79 | 1,142.45 | 1056.46 | 1,657.68 |
| **પોતાની કર આવક** | **79,007.50** | **70,266.18** | **97,678.07** | **1,24,809.58** | **1,38,847.97** | **1,34,214.35** |
| GSDP ની ટકાવારીની રીતે પોતાની કર આવક | 4.89 | 4.35 | 5.06 | 5.60 | 5.42 | 5.45 |
| મબેસૂલી આવકની ચકાવારીની રીતે પોતાની કર આવક | 55.31 | 54.83 | 58.55 | 62.59 | 66.85 | 60.25 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો અને વર્ષ 2023-24 માટેનું ગુજરાત સરકારનું અંદાજપત્રીય પ્રકાશન.

રાજ્યની પોતાની કર આવક 14.16 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરે ₹ 55,206.85 કરોડ જેટલી વધીને 2019-20 માં ₹ 79,007.50 કરોડથી 2023-24 માં ₹ 1,34,214.35 કરોડ થઇ હતી. 2023-24 દરમિયાન, રાજ્યની પોતાની કર આવક પાછલા વર્ષ કરતાં ₹ 9,405 કરોડ (7.54 ટકા) જેટલી વધી હતી જે ઉત્તર-પૂર્વોત્તર અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યોની સરેરાશ (10.58 ટકા) કરતાં નીચી હતી. ચાલુ વર્ષ દરમિયાન, કર આવકમાં મુખ્ય ફાળો આપનાર રાજ્ય માલ અને સેવા કર (43.22 ટકા), વેચાણ વેરો/મૂલ્યવર્ધિત વેરો (24.68 ટકા) અને સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી (11.43 ટકા) હતાં.

## *મહેસૂલની પાછલી બાકીનું વિશ્લેષણ*

મહેસૂલની પાછલી બાકી સરકારને મળવાપાત્ર મહેસૂલની વિલંબિત પ્રાપ્તિ દર્શાવે છે.

31 માર્ચ 2024 ના રોજ સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી; નશાબંધી અને આબકારી, વાહનો પર કર અને માલસામાન અને મુસાફરો પર કર તથા વીજળી પરના કર અને શુલ્ક અને માલ અને સેવા

કર (GST)/મૂલ્યવર્ધિત કર(VAT)/વેચાણ કરની પાછલી બાકી ₹ 59,488.83 કરોડ જેટલી થતી હતી, જેમાંથી ₹ 41,049.17 કરોડ પાંચ કરતાં અધિક વર્ષોથી બાકી હતા. પાણી ખર્ચની બાબતમાં, 31 માર્ચ 2024 ના રોજ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગને તેની જુદા જુદા સિંચાઇ અને બિન-સિંચાઇ વપરાશકર્તા પાસેથી ₹ 12,540.95 કરોડ મળવાપાત્ર હતા. વિગતો **કોઠા 2.5** માં આપી છે.

**કોઠો 2.5: મહેસૂલની પાછલી બાકી**

(₹ કરોડમાં)

| ક્રમાંક | મહેસૂલી સદર | 31 માર્ચ 2024 ના રોજ કુલ બાકી રકમ | 31 માર્ચ 2024 ના રોજ પાંચ કરતાં વધારે વર્ષો માટે બાકી રકમ | નોંધ |
|---|---|---|---|---|
| 1. | નશાબંધી અને આબકારી | 100.84 | 100.84 | કોર્ટ કેસ સંબંધિત ₹ 73.20 કરોડ; ₹ 27.64 કરોડ વિભાગ દ્વારા રજૂ કરવામાં આવ્યા ન હતા. |
| 2. | સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | 311.46 | 176.49 | ઉચ્ચ ન્યાયાલય અને અન્ય ન્યાયિક સત્તાવાળાઓ દ્વારા વસૂલાત પર રોક: ₹ 41.16 કરોડ; ₹ 270.30 કરોડની પાછલી બાકી માટેના કારણો રજૂ કરવામાં આવ્યા ન હતા. |
| 3. | વાહનો પર કર અને માલસામાન અને મુસાફરો પર કર | 1,142.36 | 483.35 | બાકી રકમ (₹ 432.98 કરોડ) ની વસૂલાત ન થવાનું કારણ મોટા ભાગે જૂના વાહનો માલિકો દ્વારા મોટર વાહન વિભાગને જાણ કર્યા વિના ભંગાર/વેચાણ કરવાના આવી રહ્યું હતું. આથી, દંડ સાથેનો કર દર વર્ષે વધી રહ્યો છે.<br>વિભાગે એમ પણ જણાવ્યું હતું કે ભંગારની નીતિનું અમલીકરણ અને કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાના કારણે ₹ 700 કરોડની માંડવાળ થવાની શક્યતા છે. |
| 4. | GST/VAT/વેચાણ કર | 57,934.17.83 | 40,288.49 | વસૂલાત પ્રમાણપત્રો જારી કર્યા હતા: ₹ 1973.59 કરોડ; ઉચ્ચ ન્યાયાલય અને અન્ય ન્યાયિક સત્તાવાળાઓ દ્વારા વસૂલતો પર રોક : ₹ 3,584.39 કરોડ; સરકારી વિભાગ સત્તાવાળાઓ વસૂલતો પર રોક: ₹ 10,582.08 કરોડ; વેપારો જે નાદાર થઇ રહ્યા હતા : ₹ 478.14 કરોડ; રકમ જેની માંડવાળની શક્યતા છે: ₹ 90.88 કરોડ; વધેલી ₹ 41,225.09 કરોડની બાકીની પાછલી રકમના કારણો આપવામાં આવ્યા ન હતા. |
| | કુલ | **59,488.83** | **41,049.17** | |
| 5. | પાણી ખર્ચ | 12,540.95 | 9,075.31 | મોટા ભાગની બાકી રકમ જુદા જુદા એકમોને પુરા પાડવામાં આવતા પાણીના બિલોની છે. |
| | એકંદર કુલ | **72,029.78** | **50,124.48** | |

સ્રોતઃ વિભાગો દ્વારા આપવામાં આવેલી માહિતી.

વીજળી શુલ્કના કલેક્ટરે વિગતો પુરી પાડી નથી (જાન્યુઆરી 2025).

## *આકારણીની પાછલી બાકી*

આકારણીની પાછલી બાકી આકારણીમાં વિલંબનાં કારણે અવરોધાયેલી સંભવિત આવક સૂચવે છે. GST/VAT/વેચાણ વેરા/વ્યાવસાયિક કર ના સંદર્ભમાં વર્ષની શરૂઆતમાં બાકી કેસો, આકારણી માટે પાત્ર થતા કેસો, વર્ષ દરમિયાન નિકાલ થયેલા કેસો અને વર્ષના અંતે આકારણી માટે પડતર કેસોની માહિતી ગુજરાત રાજ્ય વેરા વિભાગ દ્વારા આપવામાં આવી ન હતી વિગતો **કોઠા 2.6** માં દર્શાવવામાં આવી છે (ફેબ્રુઆરી 2025).

નશાબંધી અને આબકારી નિયામકે ઑગષ્ટ 2024 માં જણાવ્યુ હતું કે સંબંધિત વિભાગો પાસે 31 માર્ચ 2024 સુધીના સમયગાળાને લગતી કોઇ આકારણી બાકી નથી.

## *વિભાગો દ્વારા શોધી કઢાયેલી કરચોરી*

વિભાગ દ્વારા શોધી કઢાયેલી કરચોરીના કેસો, અંતિમરૂપ અપાયેલા કેસો અને વધારાના વેરા માટે ઉભા કરાયેલા માંગણા, મહેસૂલી વસૂલાત માટે કરવામાં આવેલા રાજ્ય સરકારના પ્રયત્નોના મહત્વના સૂચકો છે.

ત્રણ વિભાગો (નાણા, મહેસૂલ અને બંદરો અને વાહનવ્યવહાર) દ્વારા શોધી કઢાયેલા કરચોરીના કેસો, અંતિમરૂપ અપાયેલા અને વધારાના વેરા માટે માંગણા ઉભા કરેલા આ વિભાગોએ જણાવ્યા મુજબના કેસો, **કોઠા 2.6** માં આપ્યા છે:

**કોઠો 2.6: કરચોરીના કેસો**

| ક્રમાંક | મહેસૂલી સદર | 01 એપ્રિલ 2023 ના રોજ બાકી કેસોની સંખ્યા | 2023-24 દરમિયાન શોધી કઢાયેલા કેસોની સંખ્યા | કુલ | આકારણી/તપાસ પૂર્ણ થઇ હતી અને દંડ વગેરે સહિત વધારાનું માગણું ઊભું કરવામાં આવ્યુ હતું એવા કેસોની સંખ્યા | | 31 માર્ચ 2024 ના રોજ આખરીરૂપ આપવા માટે બાકી કેસોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | કેસોની સંખ્યા | માંગણાની રકમ (₹ કરોડમાં) | |
| 1. | સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | 13,758[4] | 4,576 | 18,334 | 6,626 | 66.08 | 11,708 |
| 2. | વાહનો પર કરવેરા અને માલ અને મુસાફરો પર કરવેરા | 1,01,034 | 90,557 | 1,91,591 | 90,557 | 239.16 | 1,01,034 |
| 3 | GST/VAT/વેચાણ વેરો | 746 | 431 | 1,177 | 404 | 859.77 | 773 |
| | કુલ | **1,15,538** | **95,564** | **2,11,102** | **97,587** | **1,165.01** | **1,13,515** |

સ્રોતઃ વિભાગો દ્વારા આપવામાં આવેલી માહિતી.

[4] આંકડાઓ પાછલા વર્ષની બંધ સિલક સાથે મેળ ખાતો નથી કારણ કે તે વિભાગ દ્વારા અદ્યતન કરવામાં આવ્યા છે.

નશાબંધી અને આબકારી નિયામકે કરચોરીના કોઇ કેસ ન હોવાનું જણાવ્યું હતું.

*રિફન્ડના પડતર કેસો*

રિફન્ડના કેસોના નિકાલમાં ત્વરિતતા એ વિભાગોની કામગીરીનો મહત્વનો સૂચક છે.

વિભાગોએ જણાવ્યા મુજબ, વર્ષની શરૂઆતમાં પડતર રિફન્ડના કેસોની સંખ્યા, વર્ષ દરમિયાન મળેલા દાવા, વર્ષ દરમિયાન મંજૂર કરેલા રિફન્ડ અને વર્ષના અંતે પડતર કેસોની સંખ્યા **કોઠા 2.7** માં આપ્યા છે:

**કોઠો 2.7: રિફન્ડના કેસો**

(₹ કરોડમાં)

| ક્રમાંક | વિગતો | સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | | વાહનો પર કર અને માલ અને મુસાફરો પર કર | |
|---|---|---|---|---|---|
| | | કેસોની સંખ્યા | રકમ | કેસોની સંખ્યા | રકમ |
| 1. | 01 એપ્રિલ 2023 ના રોજ બાકી દાવા | 15 | 0.08 | 146[5] | 1.45 |
| 2. | વર્ષ દરમિયાન મળેલા દાવા | 393 | 4.66 | 349 | 3.73 |
| 3. | વર્ષ દરમિયાન આપેલું રિફન્ડ | 380 | 4.46 | 261 | 3.47 |
| 4. | વર્ષ દરમિયાન નામંજૂર રિફન્ડ | 0 | 0 | 0 | 0.00 |
| **5.** | **31 માર્ચ 2024 ના રોજ બાકી સિલક** | **28** | **0.28** | **234** | **1.71** |

સ્રોતો: વિભાગો દ્વારા આપવામાં આવેલી માહિતી.

ગુજરાત રાજ્ય વેરા વિભાગે માહિતી પુરી પાડી નથી (જાન્યુઆરી 2025).

## બિન-કર આવક

બિન-કર આવકમાં વ્યાજની આવક, ડિવિડન્ડ અને નફો, ખાણ કામની આવક, વિભાગીય આવક વગેરેનો સમાવેશ થાય છે.

છેલ્લા પાંચ વર્ષ (2019-24) માટે બિન-કર આવકના મુખ્ય સ્રોતો અને તેમનું વલણનું વિશ્લેષણ **કોઠા 2.8** માં દર્શાવ્યું છે.

[5] આંકડાનો પાછલા વર્ષની બંધ સિલક સાથે મેળ ખાતો નથી કારણ કે તે વિભાગ દ્વારા અદ્યતન કરવામાં આવ્યા છે.

**કોઠો 2.8: 2019-24 દરમિયાન રાજ્યની બિન-કર આવકના મુખ્ય ઘટકો**

(₹ કરોડમાં)

| મહેસૂલી સદર | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | |
|---|---|---|---|---|---|---|
| | | | | | અંદાજપત્રીય અંદાજો | ખરેખર મૂલ્યો |
| વ્યાજની આવક | 2,331.15 | 847.64 | 991.90 | 1,267.63 | 1,200.00 | 2,702.67 |
| બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગ | 4,147.91 | 2,906.79 | 4,321.37 | 5,859.32 | 5,200.00 | 5,815.22 |
| મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ | 1,365.02 | 1,644.26 | 1,707.14 | 1,796.75 | 2,140.00 | 2,093.28 |
| બંદરો અને દીવાદાંડીઓ | 1,361.26 | 1,263.75 | 1,308.61 | 1,441.06 | 1,465.00 | 1,477.45 |
| તબીબી અને જાહેર આરોગ્ય | 1,473.06 | 342.46 | 1,601.17 | 584.42 | 470.00 | 265.95 |
| પોલીસ | 467.53 | 484.43 | 490.80 | 392.21 | 570.00 | 587.39 |
| ડિવિડન્ડ અને નફો | 89.00 | 131.04 | 134.25 | 97.43 | 140.00 | 757.17 |
| અન્ય | 6,869.22 | 2,872.29 | 3,463.02 | 6,994.79 | 5,827.60 | 10,008.62 |
| **બિન-કર આવક** | **18,104.15** | **10,492.66** | **14,018.26** | **18,433.61** | **17,012.60** | **23,707.75** |
| GSDP ની ટકાવારીની રીતે બિન-કર આવક | 1.12 | 0.65 | 0.73 | 0.83 | 0.66 | 0.96 |
| મહેસૂલી આવકની ટકાવારીની રીતે બિન-કર આવક | 12.67 | 8.19 | 8.40 | 9.24 | 8.19 | 10.64 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો અને 2023-24 માટે ગુજરાત સરકારનું અંદાજપત્રીય પ્રકાશન નં. 1.

બિન-કર આવક, જે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજ્યની મહેસૂલી આવકના 8.19 ટકા અને 12.67 ટકા વચ્ચે રહી હતી તે પાછલા વર્ષની તુલનાએ 2023-24 માં ₹ 5,274.14 કરોડ (28.61 ટકા) જેટલી વધી હતી. પાછલા વર્ષની સરખામણીએ 2023-24 માં બિન-કર આવકમાં વધારો મુખ્યત્વે વ્યાજની આવકમાં ₹ 1,435.04 કરોડ જેટલો; ડિવિડન્ડ અને નફામાં ₹ 659.74 કરોડ જેટલો; મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓમાં ₹ 296.53 કરોડ જેટલો; અને અને અન્ય (શિક્ષણ, રમતગમત, કળા અને સંસ્કૃતિમાં માં ₹ 572.43 કરોડ જેટલો; બિન-પરંપરાગત ઊર્જા સ્રોતોમાં ₹ 1,130.14 કરોડ જેટલો; અને અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમોમાં ₹ 403.06 કરોડ જેટલા) વધારાના કારણે થયો હતો.

## *અગાઉના વર્ષોની વણવપરાયેલી સિલકો અયોગ્ય રીતે મહેસૂલી આવક તરીકે જમા લેવી*

હિસાબોના મુખ્ય અને ગૌણ સદરોની યાદીની કલમ 3.10 હેઠળ નિયત કરે છે કે, 'વધુ પડતી ચૂકવણીની વસૂલાત', રોકડમાં કરવામા આવી હોય કે બિલમાં ઓછા ઉપાડથી કરવામાં આવી હોય, જે વર્ષમાં વધુ પડતી ચૂકવણી થઇ હોય એ જ વર્ષ દરમિયાન, સંબંધિત સેવા સદર હેઠળના 'ખર્ચમાં ઘટાડા' તરીકે નોંધ કરવામાં આવશે. કલમ એ પણ નિયત કરે છે કે અગાઉના વર્ષને (વર્ષો) લગતી વધુ પડતી ચૂકવણીની વસૂલાતની નોધ હિસાબના લાગુ પડતા મુખ્ય સદર નીચે અલગ ગૌણ સદર 'કપાત-વધુ પડતી ચૂકવણીની વસૂલાત' (સંજ્ઞા '911') હેઠળ કરવામાં આવશે.

ઉપરાંત, સરકારી હિસાબી નિયમો, 1990 માં પણ જોગવાઈ છે કે, 'વધુ પડતી ચૂકવણીની વસૂલાત', રોકડમાં કરવામા આવી હોય કે બિલમાં ઓછા ઉપાડથી કરવામાં આવી હોય, જે વર્ષમાં વધુ પડતી ચૂકવણી થઇ હોય એ જ વર્ષ દરમિયાન, સંબંધિત સેવા સદર હેઠળના 'ખર્ચમાં ઘટાડા' તરીકે નોંધ કરવામાં આવશે.

ઓડિટે યાદચ્છિક રીતે, 2023-24 દરમિયાન સરકારી હિસાબમાં મહેસૂલી આવક તરીકે જમા કરવામાં આવેલા કુલ ₹ 322.65 કરોડના 29 આવક ચલણોની નમૂના-ચકાસણી (જૂલાઇ 2023) કરી હતી. આ ₹ 322.65 કરોડના 29 આવકના ચલણો પૈકી, ₹ 236.16 કરોડના મૂલ્યના અગાઉના વર્ષોના વણવપરાયેલ રકમો દર્શાવતા 12 આવકના ચલણો  સંબંધિત હેતુ સદરો હેઠળ ‘ખર્ચમાં ઘટાડો’ ના બદલે અયોગ્ય રીતે 2023-24 દરમિયાન સરકારના હિસાબમાં જમા કરવામાં આવ્યા હતા.

વણવપરાયેલી સિલકોની નોંધ કરવા માટે અનુસરવાની યોગ્ય પદ્ધતિ મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી અને નાણા વિભાગ વચ્ચે વિચારણા હેઠળ છે. ઉલ્લેખ કરવા યોગ્ય છે કે અગાઉના 31 માર્ચ 2022 અને 31 માર્ચ 2023 ના અંતિત વર્ષો માટેના ગુજરાત સરકારના રાજ્યની નાણાકીય પરિસ્થિતિના અહેવાલોમાં ધ્યાન દોરવામાં આવ્યુ હતું છતાં વણવપરાયેલી સિલકોની સરકારના હિસાબોમાં અયોગ્ય રીતે આવક તરીકે નોંધ કરવાનું ચાલુ રહ્યુ છે.

### 2.3.2.3 કેન્દ્રમાંથી તબદીલીઓ

કેન્દ્રીય કરની તબદીલીઓ (એટલે કે કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો) અને સહાયક અનુદાન ભારત સરકાર તરફથી તબદીલીના બે મુખ્ય ઘટકો છે. છેલ્લા પાંચ વર્ષ (2019-24) દરમિયાન કેન્દ્ર તરફથી તબદીલીઓના વલણનું વિશ્લેષણ **કોઠા 2.9** માં દર્શાવ્યુ છે.

**કોઠો 2.9: કેન્દ્રમાંથી તબદીલીઓ**

(₹ કરોડમાં)

| વિગતો | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| કેન્દ્રીય કરની તબદીલીઓ | 20,232.09 | 20,218.53 | 31,105.78 | 33,034.00 | 39,283.63 |
| સહાયક અનુદાન | 25,500.02 | 27,178.29 | 24,027.59 | 23,131.13 | 25,557.00 |
| કુલ | **45,732.11** | **47,396.82** | **55,133.37** | **56,165.13** | **64,840.63** |
| પાછલા વર્ષની તુલનાએ વધારાના ટકા | *7.65* | *3.64* | *16.32* | *1.87* | *15.45* |
| મહેસૂલી આવકની ટકાવારીની રીતે કેન્દ્રમાંથી કુલ તબદીલીઓ | *32.02* | *36.98* | *33.05* | *28.17* | *29.11* |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

કેન્દ્રમાંથી તબદીલીઓ 2019-20 માં ₹ 45,732.11 કરોડ થી 41.78 ટકા જેટલી વધીને 2023-24 માં ₹ 64,840.63 કરોડ થઇ હતી. પાંચ-વર્ષના સમયગાળા દરમિયાન પાછલા વર્ષની તુલનાએ ટકાવારીમાં વધારો 2022-23 માં સૌથી ઓછો 1.87 ટકા અને સૌથી વધુ 2021-22 માં 16.32 ટકા હતો.

**આલેખ 2.7: કેન્દ્રમાંથી તબદીલીઓના વલણો**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

## કેન્દ્રીય કરની તબદીલીઓ

14માં નાણા પંચે ભલામણ કરી હતી કે કેન્દ્રીય કરવેરામાં રાજ્યનો હિસ્સો જે તેરમા નાણા પંચની ભલામણ મુજબ 32 ટકા હતો તે વધારીને 42 ટકા કરવો જોઇએ. પંદરમા નાણા પંચ મુજબ વર્ષ 2020-21 અને 2021-22 થી 2025-26 માટે, કેન્દ્રીય કરવેરામાં રાજ્યનો હિસ્સો કેન્દ્ર સરકારની કરવેરાની આવકના 41 ટકા નક્કી થયો હતો.

14માં નાણા પંચ મુજબ 2015-20 ના સમયગાળા માટે કેન્દ્રીય કરવેરા અને સેવા વેરાની ચોખ્ખી ઉપજમાં ગુજરાતનો હિસ્સો અનુક્રમે 3.084 ટકા અને 3.172 ટકા જેટલો નિયત કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય કરવેરા અને સેવા વેરાની ચોખ્ખી ઉપજમાં ગુજરાતનો હિસ્સો 2020-21 દરમિયાન 3.398 ટકા અને 2021-24 ના સમયગાળા માટે 3.478 ટકા નિયત કરવામાં આવ્યો હતો.

2010-24 ના સમયગાળા માટે નાણા પંચના અનુમાનોની સામે ખરેખર તબદીલી **કોઠા 2.10** માં દર્શાવી છે.

**કોઠો 2.10: કેન્દ્રીય કરવેરામાં રાજ્યનો હિસ્સો: નાણા પંચના અનુમાનોની સામે ખરેખર તબદીલી**

(₹ કરોડમાં)

| વર્ષ | નાણા પંચના અનુમાનો | નાણા પંચના અહેવાલમાં અનુમાનો | કરની ખરેખર તબદીલીઓ | તફાવત |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5= 4–3 |
| 2010-11 | સેવા વેરા સિવાય - 3.041 ટકા અને સેવા વેરો- 3.089 ટકા (13મું નાણા પંચ) | 6,201 | 6,679 | 478 |
| 2011-12 | | 7,273 | 7,780 | 507 |
| 2012-13 | | 8,578 | 8,869 | 291 |
| 2013-14 | | 10,119 | 9,702 | (-)417 |
| 2014-15 | | 11,936 | 10,296 | (-)1,640 |
| 2015-16 | સેવા વેરા સિવાય- 3.084 ટકા અને સેવા વેરો- 3.172 ટકા (14મું નાણા પંચ) | 17,960 | 15,691 | (-)2,269 |
| 2016-17 | | 20,728 | 18,835 | (-)1,893 |
| 2017-18 | | 23,953 | 20,782 | (-)3,171 |
| 2018-19 | | 27,712 | 23,489 | (-)4,223 |
| 2019-20 | | 32,100 | 20,232 | (-)11,868 |
| 2020-21 | 3.398 ટકા (2020-21 માટે 15મું નાણા પંચ) | 29,059 | 20,219 | (-)8,840 |
| 2021-22 | 3.478 ટકા (2021-26 માટે 15મું નાણા પંચ) | 22,906 | 31,106 | 8,200 |
| 2022-23 | | 25,481 | 33,034 | 7,553 |
| 2023-24 | | 28,672 | 39,284 | 10,612 |

સ્રોત: સંબંધિત નાણાપંચના અહેવાલો અને સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપર મુજબ, જોઇ શકાય છે કે 2021-26 માટેના 15માં નાણા પંચના પ્રથમ ત્રણ વર્ષ દરમિયાન અનુમાનો કરતાં તબદીલી અધિક હતી.

2019-24 દરમિયાન કેન્દ્રીય કરની તબદીલીઓના મુખ્ય ઘટકો **કોઠા 2.11** માં દર્શાવ્યા છે.

**કોઠો 2.11: કેન્દ્રીય કરવેરાની તબદીલીઓના ઘટકો**

(₹ કરોડમાં)

| વિગતો | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | પાછલા વર્ષની સરખામણીએ ફેરફારની ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| **પ્રત્યક્ષ કરવેરા** | | | | | | |
| નિગમ કર | 6,898.37 | 6,083.86 | 9,242.59 | 11,079.34 | 11,791.15 | *6.42* |
| નિગમ કર સિવાયની આવક પર કર | 5,405.35 | 6,235.13 | 9,158.49 | 10,810.28 | 13,617.32 | *25.97* |
| સંપત્તિ વેરો | 0.30 | 0.00 | 1.90 | 0.00 | 0.00 | *NA* |
| **પેટા-સરવાળો** | **12,304.02** | **12,318.99** | **18,402.98** | **21,889.62** | **25,408.47** | ***16.08*** |
| **અપ્રત્યક્ષ કર** | | | | | | |
| કેન્દ્રીય માલ અને સેવા વેરો | 5,741.16 | 6,030.60 | 8,815.20 | 9,332.69 | 11,922.14 | *27.75* |
| સંકલિત માલ અને સેવા વેરો | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | *NA* |
| સીમા શુલ્ક | 1,282.45 | 1,088.95 | 2,243.09 | 1,298.32 | 1,376.65 | *6.03* |
| કેન્દ્રીય આબકારી | 891.64 | 681.76 | 1,229.22 | 407.36 | 520.95 | *27.88* |
| સેવા વેરો | 0.00 | 84.49 | 384.47 | 51.65 | 7.33 | *(-)85.81* |
| અન્ય | 12.82 | 13.74 | 30.82 | 54.36 | 48.09 | *(-)11.53* |
| **પેટા-સરવાળો** | **7,928.07** | **7,899.54** | **12,702.80** | **11,144.38** | **13,875.16** | ***24.50*** |
| **કુલ** | **20,232.09** | **20,218.53** | **31,105.78** | **33,034.00** | **39,283.63** | ***18.92*** |
| પાછલા વર્ષની સરખામણીએ ટકાવારીમાં વધારો | *(-)13.87* | *(-)0.07* | *53.85* | *6.20* | *18.92* | |
| મહેસૂલી આવકની ટકાવારીની રીતે કેન્દ્રીય કરની તબદીલીઓ | *14.16* | *15.78* | *18.65* | *16.57* | *17.63* | |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

2023-24 માં ₹ 39,283.63 કરોડની કેન્દ્રીય કર તબદીલીઓએ પાછલા વર્ષની તુલનાએ 18.92 ટકાનો વધારો નોંધાવ્યો હતો. પાછલા વર્ષની તુલનાએ પ્રત્યક્ષ કર 16.08 ટકા જેટલો વધ્યો હતો જ્યારે અપ્રત્યક્ષ કર 24.50 ટકા વધ્યો હતો. નિગમ કર, નિગમ કર સિવાયની આવક પર કર, સીમા શુલ્ક, કેન્દ્રીય આબકારી અને કેન્દ્રીય માલ અને સેવા કર માં પાછલા વર્ષ કરતાં તબદીલી વધારે હતી.

## ભારત સરકાર તરફથી સહાયક અનુદાન

2019-24 દરમિયાન ભારત સરકાર તરફથી મળેલા સહાયક અનુદાનના ઘટકો **કોઠા 2.12** માં દર્શાવ્યા છે.

**કોઠો 2.12: ભારત સરકાર તરફથી સહાયક અનુદાન**

*(₹ કરોડમાં)*

| વિગતો | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ | 8,724.64 | 8,166.58 | 9,450.08 | 9,549.86 | 9,468.25 |
| નાણા પંચના અનુદાનો | 5,040.24 | 5,672.50 | 4,002.42 | 5,304.63 | 5,257.89 |
| અન્ય અનુદાનો (GST ના વળતર સહિત) | 11,735.14 | 13,339.21 | 10,575.09 | 8,276.64 | 10,830.86 |
| **કુલ** | **25,500.02** | **27,178.29** | **24,027.59** | **23,131.13** | **25,557.00** |
| પાછલા વર્ષની સરખામણીએ ટકાવારીમાં વધારો | *34.26* | *6.58* | *(-)11.59* | *(-)3.73* | *10.49* |
| મહેસૂલી આવકની ટકાવારીની રીતે કુલ સહાયક અનુદાન | *17.85* | *21.21* | *14.40* | *11.60* | *11.47* |

સ્રોતઃ સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ભારત સરકાર તરફથી સહાયક અનુદાન 2019-20 માં ₹ 25,500.02 કરોડથી વધીને 2020-21 માં ₹ 27,178.29 કરોડ થયું હતું પરંતુ ત્યારબાદ ઘટીને 2022-23 માં ₹ 23,131.13 કરોડ થયું હતું. ત્યારબાદ, તે 2023-24 માં વધીને ₹ 25,557 કરોડ થયું હતું.

ભારત સરકાર તરફથી સહાયક અનુદાન 2023-24 માં પાછલા વર્ષ કરતાં ₹ 2,425.87 કરોડ (10.49 ટકા) જેટલું વધ્યું હતું. આ વધારો મુખ્યત્વે અન્ય અનુદાનો (GST ના વળતર સહિત) હેઠળ અનુદાનોની વધારે આવકના કારણે થયો હતો.

## કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે અનુદાનો

કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે 2023-24 દરમિયાનમળેલા ₹ 9,468.25 કરોડના અનુદાનો પૈકી મુખ્ય રકમો અહીં આપવામાં આવી હતી:

- સમગ્ર શિક્ષા - ₹ 1,132.53 કરોડ (₹ 1,321.25 કરોડ 2022-23 માં)
- સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 - ₹ 1,126.80 કરોડ (₹ 912.64 કરોડ 2022-23 માં)
- રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમ અને રાષ્ટ્રીય શહેરી આરોગ્ય મિશન- ₹ 926.97 કરોડ (2022-23 માં ₹ 901.72 કરોડ)
- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામ્ય બાંયધરી કાર્યક્રમ - ₹ 800.81 કરોડ (₹ 683.57 કરોડ 2022-23 માં)
- પ્રધાન મંત્રી આવાસ યોજના – શહેરી - ₹ 662.85 કરોડ (2022-23 માં ₹ 495.92 કરોડ)
- પ્રધાન મંત્રી આવાસ યોજના – ગ્રામ્ય - ₹ 559.25 કરોડ (2022-23 માં ₹ 911.74 કરોડ)

## એકલ નોડલ એજન્સી

ભારત સરકારના નાણા મંત્રાલયે તારીખ 23-03-2021 ના પત્ર સખ્યા 1(13)PFMS/FCD/2020 થી એકલ નોડલ એજન્સી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત યોજના માટે ભંડોળ છૂટું કરવા માટેની અને એકલ નોડલ એજન્સી દ્વારા ભંડોળના ઉપયોગ પર દેખરેખની પધ્ધતિ જાહેર કરી હતી. પ્રત્યેક કેન્દ્ર

પુરસ્કૃત યોજના માટે રાજ્ય સરકાર દ્વારા સરકારી વ્યવસાયના વ્યવહારો કરવા માટે અધિકૃત અનુસૂચિત વાણિજ્યિક બેંકમાં તેના પોતાના બેંક ખાતા દ્વારા એકલ નોડલ એજન્સી શરૂ કરવામાં આવે છે. કાર્યપ્રણાલી પ્રમાણે, રાજ્ય સરકારે તેના ખાતામાં આવેલો કેન્દ્રીય હિસ્સો અનુરૂપ રાજ્યના હિસ્સા સહિત સંબંધિત એકલ નોડલ એજન્સીના ખાતામાં કેન્દ્રીય હિસ્સો મળ્યાના 30 દિવસની અંદર તબદીલ કરવાનો હોય છે. એકલ નોડલ એજન્સીને કેન્દ્રીય હિસ્સો તબદીલ કરવામાં 30 દિવસ કરતાં વધુ વિલંબના કિસ્સામાં, 01 એપ્રિલ 2023 ના અસરથી વિલંબના દિવસોની સંખ્યા પર રાજ્ય સરકાર દ્વારા 7 ટકાના દરે વ્યાજ ચૂકવવાનું રહે છે.

વર્ષ (2023-24) દરમિયાન કેન્દ્રીય હિસ્સા તરીકે ₹ 9,289.06 કરોડ રાજ્ય સરકારને તેના તિજોરી હિસાબમાં મળ્યા હતા. 31 માર્ચ 2024 ની સ્થિતિએ, સરકારે તિજોરી હિસાબમાં મળેલા ₹ 10,653.23 કરોડનો કેન્દ્રીય હિસ્સો (અગાઉના વર્ષની રકમ સહિત) અને ₹ 10,795.33 કરોડનો રાજ્યનો હિસ્સો (રાજ્યના ટોપ-અપ હિસ્સાના ₹ 349.12 કરોડ વધારાના છુટા કર્યા તે સહિત) સિંગલ નોડલ એજન્સીઓને તબદીલ કર્યો હતો. ખરેખર ખર્ચના વિગતવાર વાઉચરો અને સહાયક દસ્તાવેજો સિંગલ નોડલ એજન્સીઓ તરફથી મહાલેખાકાર કચેરીને મળ્યા ન હતા. સિંગલ નોડલ એજન્સીના અહેવાલ મુજબ, 31 માર્ચ 2024 ના રોજ ₹ 7,742.71 કરોડ સિંગલ નોડલ એજન્સીઓના બેંક ખાતાઓમાં વણવપરાયેલા પડ્યા છે.

## પંદરમા નાણા પંચના અનુદાન

15માં નાણા પંચે ચાર પ્રકારના સહાયક અનુદાન એટલે કે સ્થાનિક સંસ્થાઓનુ સશક્તિકરણ, હોનારતના જોખમનુ વ્યવસ્થાપન, વહેંચણી બાદની મહેસૂલી ખાધ અને વિશેષ અનુદાન અને આરોગ્ય ક્ષેત્ર માટેના અનુદાનની બાબતમાં રાજ્યોને ભંડોળની તબદીલીની ભલામણ કરી હતી. 2023-24 દરમિયાન, ભારત સરકાર તરફથી ગુજરાત સરકારને ત્રણ પ્રકારના અનુદાનો મળ્યા હતા. મહેસૂલી પુરાંત વાળુ રાજ્ય હોવાથી, વહેંચણી બાદની મહેસૂલી ખાધનુ અનુદાન મેળવવા માટે રાજ્ય સરકાર પાત્ર ન હતી. ભલામણ થયેલી ₹ 5,867 કરોડના અન્ય ત્રણ અનુદાનો માટે 15માં નાણા પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણની સામે વર્ષ 2023-24 માં રાજ્ય સરકારને કુલ ₹ 3,334 કરોડનું અનુદાન મળ્યુ હતું.

15મા નાણા પંચ દ્વારા ભલામણ થયેલી રકમોની સામે 2023-24 દરમિયાન મળેલી રકમોની વિગતો **કોઠા 2.13** માં દર્શાવી છે.

**કોઠો 2.13: 15મા નાણા પંચ દ્વારા ભલામણ થયેલી રકમોની સામે રાજ્ય સરકારને મળેલી રકમો**

(₹ કરોડમાં)

| અનુદાનનું નામ | 15મા નાણા પંચની ભલામણ | ભારત સરકાર દ્વારા ખરેખર છૂટી કરાયેલી રકમ | રાજ્ય સરકાર દ્વારા છૂટી કરાયેલ | 15મા નાણા પંચની ભલામણની રકમ અને ભારત સરકારે છૂટી કરેલી રકમ વચ્ચેનો તફાવત |
|---|---|---|---|---|
| | 2023-24 | 2023-24 | 2023-24 | 2023-24 |
| સ્થાનિક સંસ્થાઓ માટે અનુદાનો | 3,747.00 | 2,750.42 | 2,750.42 | (-)996.58 |

| અનુદાનનું નામ | 15<sup></sup>મા નાણા પંચની ભલામણ | ભારત સરકાર દ્વારા ખરેખર છૂટી કરાયેલી રકમ | રાજ્ય સરકાર દ્વારા છૂટી કરાયેલ | 15મા નાણા પંચની ભલામણની રકમ અને ભારત સરકારે છૂટી કરેલી રકમ વચ્ચેનો તફાવત |
|---|---|---|---|---|
| | 2023-24 | 2023-24 | 2023-24 | 2023-24 |
| **પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગને અનુદાન** | **2,473.00** | **2,473.00** | **2,473.00** | **0.00** |
| (a) સામાન્ય પાયાનું (બિન-બંધાયેલું) અનુદાન (પંચાયતી રાજની સંસ્થાઓ) | 989.20 | 989.20 | 989.20 | 0.00 |
| (b) બંધાયેલા અનુદાન (પંચાયતી રાજની સંસ્થાઓ) | 1,483.80 | 1,483.80 | 1,483.80 | 0.00 |
| **શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગને અનુદાન** | **1,274.00** | **277.42** | **277.42** | **(-)996.58** |
| (a) દસ લાખથી વધુ વસ્તીવાળા શહેરો-હવાની ગુણવત્તાનું અનુદાન | 223.00 | 277.42 | 277.42 | (+) 54.42 |
| (b) દસ લાખથી વધુ વસ્તીવાળા શહેરો-સેવા સ્તરના બેન્ચમાર્કનું અનુદાન | 448.00 | 0.00 | 0.00 | (-)448.00 |
| (c) દસ લાખથી વધુ વસ્તીવાળા શહેરો સિવાય – પાયાનું અનુદાન (40%) | 361.80 | 0.00 | 0.00 | (-)361.80 |
| (d) દસ લાખથી વધુ વસ્તીવાળા શહેરો સિવાય - બંધાયેલા અનુદાન (60%) 30% સ્વચ્છતા ઘન કચરાના વ્યવસ્થાપન માટે અનુદાન અને 30% પીવાના પાણી માટે (વરસાદી પાણીના સંગ્રહ અને પુનઃચક્ર સહિત) અનુદાન | 241.20 | 0.00 | 0.00 | (-)241.20 |
| મહેસૂલ વિભાગને અનુદાન | 876.00 | 0.00 | 0.00 | (-)876.00 |
| (a) રાજ્ય આપદા રાહત ભંડોળ – કેન્દ્રનો હિસ્સો | 584.00 | 0.00 | 0.00 | (-)584.00 |
| (b) રાજ્ય આપદા નિવારણ ભંડોળ–કેન્દ્રનો હિસ્સો | 292.00 | 0.00 | 0.00 | (-)292.00 |
| આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગને અનુદાન | 660.05 | 0.00 | 0.00 | (-)660.05 |
| (a) પ્રાથમિક આરોગ્ય સંભાળ સુવિધાઓ-પેટા કેન્દ્રોને રોગનિદાન માળખા માટે સહાય | 70.87 | 0.00 | 0.00 | (-)70.87 |

| અનુદાનનું નામ | 15મા નાણા પંચની ભલામણ | ભારત સરકાર દ્વારા ખરેખર છૂટી કરાયેલી રકમ | રાજ્ય સરકાર દ્વારા છૂટી કરાયેલ | 15મા નાણા પંચની ભલામણની રકમ અને ભારત સરકારે છૂટી કરેલી રકમ વચ્ચેનો તફાવત |
|---|---|---|---|---|
| | 2023-24 | 2023-24 | 2023-24 | 2023-24 |
| (b) પ્રાથમિક આરોગ્ય સંભાળ સુવિધાઓ-પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને રોગનિદાન માળખા માટે સહાય | 75.48 | 0.00 | 0.00 | (-)75.48 |
| (c) બ્લોક સ્તરના જાહેર આરોગ્ય એકમો સ્થાપવા માટે નાણાકીય આવશ્યકતા | 31.33 | 0.00 | 0.00 | (-)31.33 |
| (d) મકાન વિનાના પેટા-કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો માટે અનુદાન | 190.40 | 0.00 | 0.00 | (-)190.40 |
| (e) ગ્રામ્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા-કેન્દ્રોના સુખાકારી કેન્દ્રમાં રૂપાંતર માટે નાણાકીય આવશ્યકતા | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| (f) પ્રાથમિક આરોગ્ય સુવિધાઓ-શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને રોગનિદાન માળખા માટે સહાય | 73.94 | 0.00 | 0.00 | (-)73.94 |
| (g) શહેરી આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો (UHWCs) માટે અનુદાન | 218.03 | 0.00 | 0.00 | (-)218.03 |
| **એકંદર કુલ** | 5,867.05 | 3,334.42 | 3,334.42 | (-)2,532.63 |

સ્રોત: ગુજરાત સરકારનો નાણા વિભાગ.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે કે રાજ્ય સરકારને રાજ્ય આપદા રાહત ભંડોળ; રાજ્ય આપદા શમન ભંડોળ; દસ લાખથી વધુ વસ્તી વાળા શહેરો- રાજ્ય સ્તરનું બેન્ચમાર્ક અનુદાન, અને દસ લાખથી વધુ વસ્તી વાળા શહેરો- પાયાનું અનુદાન (40%), દસ લાખથી વધુ વસ્તીવાળા શહેરો સિવાય-બંધનકર્તા અનુદાન અને આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગને અનુદાન 15મા નાણા પંચ દ્વારા ભલામણ કરેલ અનુદાન મળ્યું ન હતું, જો કે, દસ લાખથી વધુ વસ્તીવાળા શહેરો-હવાની ગુણવત્તાનું અનુદાન હેઠળ તેને 15મા નાણા પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણ કરતાં ₹ 54.42 કરોડ વધારે ભંડોળ મળ્યુ હતું.

આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગે જણાવ્યું હતું (ઑગષ્ટ 2024) કે પ્રાપ્તિ ઓછી હતી કારણ કે અગાઉના વર્ષોમાં ખર્ચના માપદંડો પૂરા થયા ન હતા.

મહેસૂલ વિભાગે જણાવ્યું હતું (ઑગષ્ટ 2024) કે ચાલુ વર્ષનો હપ્તો છૂટો કરવાની દરખાસ્ત સાથે પાછલા વર્ષ માટેના વપરાશી પ્રમાણપત્રો 28 ડિસેમ્બર 2023 ના રોજ મોકલવામાં આવ્યા હતા.

શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગે જણાવ્યું હતું (સપ્ટેમ્બર 2024) કે 'દસ લાખથી વધુ વસ્તીવાળા શહેરો સિવાય – પાયાનું તેમજ બંધનકર્તા અનુદાન હેઠળ, 2022-23 માટે તમામ શહેરી સ્થાનિક સંસ્થાઓ તરફથી પ્રાપ્ત વપરાશી પ્રમાણપત્રો, વર્ષ 2021-22 માટે ઓડિટ થયેલા પત્રકો, કામચલાઉ આવક ખર્ચનું પત્રક, સરવૈયુ અને 2022-23 માટે રોકડ પ્રવાહનું પત્રક પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યા હતા પરંતુ ગ્રાન્ટ પ્રાપ્ત થઈ ન હતી.

## રાજ્યનું નાણા પંચ

બંધારણની કલમ 243 I, રાજ્ય સરકાર માટે 73 મો બંધારણીય સુધારો પસાર થયાના એક વર્ષની અંદર અને ત્યારબાદ દર પાંચ વર્ષ પૂર્ણ થયા પહેલા, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની નાણાકીય સ્થિતિની સમીક્ષા કરવા અને ભંડોળની સોંપણી કરવા માટે રાજ્યપાલને ભલામણ કરવા, રાજ્ય નાણા પંચની રચના કરવાનું ફરજીયાત બનાવે છે.

નાણા પંચની રચના, તેમના દ્વારા કરવામાં આવેલી ભલામણો અને ગુજરાત સરકાર દ્વારા સ્વીકારાયેલી અને અમલ કરવામાં આવેલી ભલામણોની સ્થિતિ **કોઠા 2.14** માં દર્શાવી છે.

**કોઠો 2.14: રાજ્ય નાણા પંચની રચના, તેમના દ્વારા કરવામાં આવેલી ભલામણો અને ગુજરાત સરકાર દ્વારા સ્વીકારાયેલી અને અમલ કરવામાં આવેલી ભલામણોની સ્થિતિ**

| વિભાગો | રાજ્યનું નાણા પંચ | બંધારણનું વર્ષ | ભલામણોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | રાજ્યના નાણા પંચ દ્વારા કરવામાં આવેલી | રાજ્ય સરકાર દ્વારા સ્વીકારયેલી | રાજ્ય સરકાર દ્વારા અમલ કરાયેલી |
| પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ | પ્રથમ | 1994 | 52 | 27 | 27 |
| | દ્વિતિય | 2003 | 41 | 21 | 21 |
| | તૃતિય | 2011 | 33 | 22 | 13 |
| શહેરી વિકાસ અને શહેરી આવાસન | પ્રથમ | 1994 | 64 | 53 | 34 |
| | દ્વિતિય | 2003 | 42 | 20 | 14 |
| | તૃતિય | 2011 | 37 | 25 | 02 |

સ્રોત: ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ તથા શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી.

ત્રીજા રાજ્ય નાણા પંચની ભલામણો (ડિસેમ્બર 2013) પરનો કાર્યવાહી અહેવાલ (ATR) 31 માર્ચ 2021 ના રોજ રાજ્ય વિધાનસભા સમક્ષ મૂકવામાં આવ્યો હતો. સ્વીકારાયેલી ભલામણોનો અમલ ન કરવા માટેના કારણો પુરા પાડવામાં આવ્યા નથી. રાજ્ય સરકાર દ્વારા ચોથા નાણા પંચની રચના 04 નવેમ્બર 2024 ના રોજ કરવામાં આવી હતી. પંચ દ્વારા ભલામણો કરવાની હજી બાકી છે (જાન્યુઆરી 2025).

### 2.3.3 મૂડી આવક

મૂડી આવકમાં પરચૂરણ મૂડી આવકો જેવી કે વિનિવેશમાંથી ઉપજેલી રકમ, લોન અને પેશગીઓની વસૂલાત, આંતરિક સ્રોતોમાંથી ઋણની આવક (બજારની લોન, નાણાકીય સંસ્થાઓ/વાણિજ્યિક બેંકો પાસેથી ધિરાણ) અને ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ સામેલ હોય છે. જાહેર ઋણ ભરપાઇ કર્યા બાદની ચોખ્ખી જાહેર ઋણની આવક વત્તા અન્ય મૂડી આવક એ ચોખ્ખી મૂડી આવક છે.

નીચેનો કોઠામાં ચોખ્ખી મૂડી આવકના ઘટકો અને વૃધ્ધિના વલણો દર્શાવે છે.

**કોઠો 2.15: ચોખ્ખી મૂડી આવકના ઘટકો અને વૃધ્ધિના વલણો**

(₹ કરોડમાં)

| રાજ્યની મૂડી આવકના સ્રોતો | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| **મૂડી આવક** | **43,927** | **68,981** | **47,123** | **52,587** | **41,768** |
| જાહેર ઋણની આવક | 43,491 | 58,857 | 46,968 | 52,333 | 40,392 |
| જાહેર ઋણની પરત ચૂકવણી | 16,702 | 17,922 | 24,436 | 22,159 | 26,136 |
| **ચોખ્ખી જાહેર ઋણની આવક** | **26,789** | **40,935** | **22,532** | **30,174** | **14,256** |
| પરચૂરણ મૂડી આવક | 106 | 9,968 | 0 | 0 | 0 |
| લોન અને પેશગીઓની વસૂલાત | 330 | 155 | 155 | 254 | 1,376 |
| **બિન-ઋણ મૂડી આવક** | **436** | **10,124** | **155** | **254** | **1,376** |
| **ચોખ્ખી મૂડી આવક** | **27,225** | **51,059** | **22,687** | **30,428** | **15,632** |
| આંતરિક ઋણમાં ચોખ્ખો વધારો | 26,786 | 30,369 | 9,775 | 25,472 | 9,942 |
| ચોખ્ખા આંતરિક ઋણનો વૃધ્ધિ દર (ટકા) | *2.12* | *13.38* | *(-)67.81* | *160.58* | *(-)60.97* |
| ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓમાં ચોખ્ખો વધારો | 3 | 10,566 | 12,757 | 4,702 | 4,314 |
| વૃધ્ધિનો દર (ટકા) | *(-)99.80* | *-*[6] | *20.74* | *(-) 63.14* | *(-)8.25* |
| ઋણ મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા) | *(-)3.34* | *52.81* | *(-)44.96* | *33.92* | *(-)22.82* |
| બિન-ઋણ મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા) | *101.85* | *-*[6] | *(-)98.47* | *63.87* | *441.73* |
| GSDP નો વૃધ્ધિ દર (ટકા) | *8.38* | *(-)0.06* | *19.34* | *15.65* | *10.48* |
| ચોખ્ખી મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા) | *(-)2.52* | *87.54* | *(-)55.57* | *34.12* | *(-)48.63* |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

2023-24 માં મૂડી આવક પાછલા વર્ષની સરખામણીએ ₹ 10,819 કરોડ (20.57 ટકા) જેટલી ઘટી હતી. જાહેર ઋણની આવકમાં મુખ્યત્વે બજાર લોનની ઓછી આવકના કારણે પાછલા વર્ષ કરતાં ₹ 11,941 કરોડ (22.82 ટકા) જેટલો ઘટાડો થયો હતો. જાહેર ઋણની પરત ચૂકવણી પાછલા વર્ષ કરતાં ₹ 3,977 કરોડ (17.95 ટકા) જેટલી વધી હતી.

[6] પાછલા વર્ષની સરખામણીએ પરચૂરણ મૂડી આવક અને ભારત સરકાર પાસેથી ચોખ્ખી લોન અને પેશગીઓમાં અસાધારણ વધારા (ફેરફાર) ના કારણે ટકાવારીની રીતે વૃધ્ધિનો દર અહીં દર્શાવવામાં આવ્યો નથી.

### 2.3.4 સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરી

સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરીની આકારણી 2023-24 દરમિયાન પોતાના સંસાધનો જેમાં તેની પોતાની કર અને બિન-કર આવકનો સમાવેશ થાય છે તેના રૂપમાં થાય છે.

**કોઠો 2.16: 2023-24 માટેના અનુમાનોની સામે કર અને બિન-કર આવક**

**(₹ કરોડમાં)**

| | અંદાજપત્રીય અંદાજો | 15મા નાણા પંચના અનુમાનો | ખરેખર મૂલ્યો | આની સામે ખરેખર મૂલ્યોની ટકાવારી | |
|---|---|---|---|---|---|
| | | | | અંદાજપત્રીય અંદાજો | 15મા નાણા પંચના અનુમાનો |
| પોતાની કર આવક | 1,38,848 | 1,03,317 | 1,34,214 | (-)3.34 | 29.91 |
| બિન-કર આવક | 17,013 | 18,360 | 23,708 | 39.35 | 29.13 |

સ્રોત: 2023-24 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો, 2021-26 માટે 15મા નાણા પંચનો અહેવાલ અને 2023-24 માટેનું ગુજરાત સરકારનું અંદાજપત્રીય પ્રકાશન નં. 1.

જોઇ શકાય છે એ મુજબ, રાજ્ય સરકારે પોતાની કર આવક અને બિન-કર આવક બન્ને માટેના 15મા નાણા પંચ માં નિયત કરેલા લક્ષ્યાંકો સિધ્ધ કર્યા હતા, જો કે અંદાજપત્રીય અંદાજોમાં નિયત કરેલા લક્ષ્યાંકો માત્ર બિન-કર આવકના કિસ્સામાં હાંસલ કરી શકાયા હતા.

## 2.4 સંસાધનોનો ઉપયોગ

રાજ્ય સરકારને રાજકોષીય જવાબદારીના કાયદાઓના માળખામાં રહીને ખર્ચ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે, સાથે એ પણ સુનિશ્ચિત કરવાનું હોય છે કે રાજ્યની રાજકોષીય સુધારા અને એકીકરણની ચાલી રહેલી પ્રક્રિયા, મૂડીગત માળખાના વિકાસ અને સામાજીક ક્ષેત્રના વિકાસ પ્રત્યે નિર્દિષ્ટ ખર્ચના ભોગે ન હોય.

### 2.4.1 ખર્ચની વૃધ્ધિ અને બંધારણ

**મહેસૂલી ખર્ચ:** જાળવણી, મરામત, નિભાવ અને કામગીરી ચાલુ રાખવાનો ખર્ચ જે અસ્ક્યામતોને ચાલુ સ્થિતિમાં જાળવી રાખવા માટે આવશ્યક છે અને મહેકમ અને વહીવટી ખર્ચ સહિત સંસ્થાની રોજબરોજની કામગીરી ચાલુ રાખવા માટે કરવામાં આવેલ અન્ય ખર્ચનું પણ મહેસૂલી ખર્ચ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

**મૂડી ખર્ચ:** યોજનાના પ્રથમ બાંધકામ માટેનો તમામ ખર્ચ તેમજ તેને સેવા માટે ખુલ્લું મૂકવામાં આવે તો પહેલાં કામની મધ્યવર્તી જાળવણી માટેનો ખર્ચ અને સક્ષમ અધિકારી દ્વારા ઘડવામાં આવેલા નિયમો હેઠળ મંજૂર કરવામાં આવેલ હોય એ મુજબ આવા સુધારા-વધારા માટેના ખર્ચને મૂડી ખર્ચ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

**લોન અને પેશગીઓ:** સરકાર દ્વારા જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને અન્ય પક્ષકારોને લોન અને પેશગીઓ.

કુલ ખર્ચ, તેનું બંધારણ અને છેલ્લા પાંચ વર્ષ (2019-24) દરમિયાન રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન માં સંબંધિત હિસ્સો **કોઠા 2.17** માં રજૂ કર્યો છે.

**કોઠો 2.17: કુલ ખર્ચ અને તેનું બંધારણ**

**(₹ કરોડમાં)**

| પરિબળો | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| **કુલ ખર્ચ** | **1,67,861** | **1,78,718** | **1,89,677** | **2,16,508** | **2,47,632** |
| મહેસૂલી ખર્ચ | 1,40,899 | 1,50,704 | 1,60,421 | 1,79,543 | 1,89,286 |
| મૂડી ખર્ચ | 25,650 | 26,781 | 28,185 | 35,499 | 55,679 |
| લોન અને પેશગીઓ | 1,312 | 1,233 | 1,071 | 1,466 | 2,667 |
| GSDP ની ટકાવારીની રીતે | | | | | |
| કુલ ખર્ચ/GSDP | 10.38 | 11.06 | 9.83 | 9.71 | 10.05 |
| મહેસૂલી ખર્ચ/GSDP | 8.71 | 9.33 | 8.32 | 8.05 | 7.68 |
| મૂડી ખર્ચ/GSDP | 1.59 | 1.66 | 1.46 | 1.59 | 2.26 |
| લોન અને પેશગીઓ/GSDP | 0.08 | 0.08 | 0.06 | 0.07 | 0.11 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**કોઠા 2.17** દર્શાવે છે કે રાજ્યનો કુલ ખર્ચ 2019-20 માં ₹ 1,67,861 કરોડ હતો તે 47.52 ટકા જેટલો વધીને 2023-24 માં ₹ 2,47,632 કરોડ થયો હતો. વર્ષ 2023-24 દરમિયાન, તે પાછલા વર્ષ કરતાં 14.38 ટકા જેટલો વધ્યો હતો. રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે, પાંચ વર્ષના સમયગાળા (2019-24) દરમિયાન 2022-23 માં કુલ ખર્ચ 9.71 ટકાએ સૌથી નીચો રહ્યો હતો. રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન ની ટકાવારીની રીતે મહેસૂલી ખર્ચ 2019-20 માં 8.71 ટકા હતો તે ઘટીને 2023-24 માં 7.68 ટકા થયો હતો.

**આલેખ 2.8** કુલ ખર્ચના ઘટકોના હિસ્સાનું વલણ દર્શાવે છે.

**આલેખ 2.8: કુલ ખર્ચના ઘટકોના હિસ્સાનું વલણ**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરનો આલેખ દર્શાવે છે કે મહેસૂલી ખર્ચ 2019-24 દરમિયાન કુલ ખર્ચનો મુખ્ય ઘટક હતો. 2023-24 દરમિયાન કુલ ખર્ચમાં મહેસૂલી ખર્ચ કુલ ખર્ચના 76.44 ટકા જેટલો હતો. કુલ ખર્ચમાં મૂડી ખર્ચનો હિસ્સો 2021-22 માં 14.86 ટકા હતો તે 2023-24 માં 22.48 ટકા થયો હતો.

2019-24 દરમિયાન પ્રવૃત્તિઓ જેવી કે સામાન્ય સેવાઓ, સામાજીક સેવાઓ, આર્થિક સેવાઓ, સહાયક અનુદાન અને લોન અને પેશગીઓની રીતે કુલ ખર્ચના વલણો **કોઠા 2.18** માં દર્શાવ્યા છે.

**કોઠો 2.18: પ્રવૃત્તિઓની રીતે કૂલ ખર્ચના વલણો**

(ટકામાં હિસ્સો)

| પ્રવૃત્તિઓ | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| સામાન્ય સેવાઓ | 29.71 | 29.41 | 30.04 | 28.68 | 27.40 |
| સામાજીક સેવાઓ | 38.94 | 37.97 | 40.40 | 40.61 | 40.77 |
| આર્થિક સેવાઓ | 30.32 | 31.71 | 28.78 | 29.81 | 30.53 |
| લોન અને પેશગીઓ | 0.78 | 0.69 | 0.56 | 0.68 | 1.08 |
| સ્થાનિક સંસ્થાઓ અને પંચાયતી રાજની સંસ્થાઓને સહાયક અનુદાન અને ફાળો | 0.25 | 0.22 | 0.22 | 0.22 | 0.22 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

સામાન્ય, સામાજીક અને આર્થિક સેવાઓના સંબંધિત હિસ્સાની હેરફેરે, 2019-24 દરમિયાન, નજીવી આંતર-વર્ષ વધઘટ સાથે સ્થિરતા દર્શાવી હતી. 2019-20 ની સરખામણીએ, સામાજીક સેવાઓનો હિસ્સો 1.83 ટકા જેટલો વધ્યો હતો જ્યારે એ જ સમયગાળા દરમિયાન સામાન્ય સેવાઓનો હિસ્સો 2.31 ટકા જેટલો ઘટ્યો હતો.

## 2.4.2 મહેસૂલી ખર્ચ

સેવાઓનું વર્તમાન સ્તર જાળવી રાખવા અને અગાઉની જવાબદારીઓની ચૂકવણીઓ કરવા માટે મહેસૂલી ખર્ચ કરવામાં આવે છે. આમ, તે રાજ્યના માળખા અને સેવાના માળખામાં કોઇ પરિણામલક્ષી ઉમેરો કરતું નથી.

2019-24 દરમિયાન એકંદર મહેસૂલી ખર્ચ, તેનો વૃધ્ધિ દર, કુલ ખર્ચ સામે તેનો ગુણોત્તર અને રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન અને મહેસૂલી આવકની સામે એની તરલતાની વિગતો **કોઠા 2.19** માં દર્શાવ્યા મુજબ છે.

**કોઠો 2.19: મહેસૂલી ખર્ચના વલણો**

| | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| કુલ ખર્ચ (TE) (₹ કરોડમાં) | 1,67,861 | 1,78,718 | 1,89,677 | 2,16,508 | 2,47,632 |
| **મહેસૂલી ખર્ચ (RE) (₹ કરોડમાં)** | **1,40,899** | **1,50,704** | **1,60,421** | **1,79,543** | **1,89,286** |
| પાછલા વર્ષની તુલનાએ મહેસૂલી ખર્ચની વૃધ્ધિ (ટકા) | 6.11 | 6.96 | 6.45 | 11.92 | 5.43 |
| મહેસૂલી ખર્ચ/કુલ ખર્ચ (ટકા) | 83.94 | 84.33 | 84.58 | 82.93 | 76.44 |
| મહેસૂલી ખર્ચ/GSDP (ટકા) | 8.71 | 9.33 | 8.32 | 8.05 | 7.68 |
| મહેસૂલી ખર્ચ/મહેસૂલી આવક (ટકા) | 98.64 | 117.59 | 96.16 | 90.04 | 84.97 |
| **આની સામે મહેસૂલી ખર્ચની તરલતા** | | | | | |
| GSDP | 0.73 | -* | 0.33 | 0.77 | 0.52 |
| મહેસૂલી આવક | 1.21 | -* | 0.21 | 0.61 | 0.46 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

* GSDP અને મહેસૂલી આવકની વૃધ્ધિ વર્ષ 2020-21માં નકારાત્મક હોવાથી તરલતાની ગણતરી કરી શકાય નહીં.

મહેસૂલી ખર્ચ 2019-20 માં ₹ 1,40,899 કરોડ હતો તે સતત વધતો રહીને પાછલા વર્ષની તુલનાએ 2023-24 દરમિયાન ₹ 9,743 કરોડના (5.43 ટકા) વધારા સાથે 2023-24 માં ₹ 1,89,286 કરોડ થયો હતો. પાછલા વર્ષની તુલનાએ 2023-24 માં મહેસૂલી ખર્ચમાં થયેલો વધારો મુખ્યત્વે ઉદ્યોગ ₹ 2,193.72 કરોડ જેટલો, પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો ₹ 1,936.14 કરોડ, સામાન્ય શિક્ષણ ₹ 1,845.63 કરોડ, વ્યાજની ચૂકવણી ₹ 1,821.95 કરોડ અને પાક સંવર્ધન પર ₹ 1,585.52 કરોડ જેટલા અધિક ખર્ચના કારણે થયો હતો.

વર્ષ 2023-24 માં, રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે મહેસૂલી ખર્ચ 7.68 ટકા હતો અને મહેસૂલી આવકની ટકાવારીની રીતે 84.97 ટકા હતો જે 2019-24 ના સમયગાળા દરમિયાન સૌથી નીચો હતો.

2023-24 દરમિયાન મહેસૂલી ખર્ચની ક્ષેત્ર-વાર વહેંચણી **આલેખ 2.9** માં દર્શાવી છે.

**આલેખ 2.9: 2023-24 દરમિયાન મહેસૂલી ખર્ચની ક્ષેત્ર-વાર વહેંચણી 2023-24 (ટકામાં)**




સ્રોત: 2023-24 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

### 2.4.2.1 મહેસૂલી ખર્ચમાં મુખ્ય ફેરફારો

**કોઠા 2.20** ચાલુ વર્ષ અને અગાઉના વર્ષ દરમિયાન રાજ્યના મહેસૂલી ખર્ચની બાબતમાં વિભિન્ન હિસાબી સદરો હેઠળ થયેલા નોંધપાત્ર ફેરફારોની વિગતો દર્શાવે છે.

**કોઠો 2.20: 2022-23 ની સરખામણીએ 2023-24 દરમિયાન મહેસૂલી ખર્ચમાં ફેરફારો**

**(₹ કરોડમાં)**

| હિસાબી મુખ્ય સદર | 2022-23 | 2023-24 | ફેરફાર | |
|---|---|---|---|---|
| | | | રકમ | ટકા |
| 2852- ઉદ્યોગ | 2,637.02 | 4,830.74 | 2,193.72 | 83.19 |
| 2071- પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો | 22,435.20 | 24,371.35 | 1,936.15 | 8.63 |
| 2202- સામાન્ય શિક્ષણ | 30,656.04 | 32,501.67 | 1,845.63 | 6.02 |
| 2049-વ્યાજની ચૂકવણી | 25,353.68 | 27,175.63 | 1,821.95 | 7.19 |
| 2401-પાક સંવર્ધન | 1,946.64 | 3,532.17 | 1,585.53 | 81.45 |
| 2211- પરિવાર કલ્યાણ | 2,977.96 | 4,412.39 | 1,434.43 | 48.17 |
| 2236- પોષણ | 3,793.19 | 5,198.66 | 1,405.47 | 37.05 |

| હિસાબી મુખ્ય સદર | 2022-23 | 2023-24 | ફેરફાર | |
|---|---|---|---|---|
| | | | રકમ | ટકા |
| 2055- પોલીસ | 5,893.43 | 7,070.93 | 1,177.50 | 19.98 |
| 2210- તબીબી અને જાહેર આરોગ્ય | 8,501.49 | 9,465.71 | 964.22 | 11.34 |
| 2702- નાની સિંચાઇ | 983.93 | 1,828.32 | 844.39 | 85.82 |
| 2216- આવાસન | 2,535.66 | 3,331.92 | 796.26 | 31.40 |
| 2225-અનુસૂચિત જાતિ, અનુસૂચિ. જનજાતિ, અન્યપછાત વર્ગો અને લઘુમતીઓ | 4917.18 | 5,711.03 | 793.85 | 16.14 |
| 2235-સામાજીક સુરક્ષા અને કલ્યાણ | 4,237.92 | 4,744.37 | 506.45 | 11.95 |
| 3055- માર્ગ પરિવહન | 1673.25 | 1,151.16 | (-)522.09 | (-)31.20 |
| 2801-ઊર્જા | 12,028.55 | 10,344.85 | (-)1,683.70 | (-)14.00 |
| 2515-અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો | 5,065.16 | 2,804.75 | (-)2,260.41 | (-)44.63 |
| 2217- શહેરી વિકાસ | 12,051.04 | 7,113.43 | (-)4,937.61 | (-)40.97 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

કોઠા દર્શાવે છે કે ગૌણ સિંચાઇ, ઉદ્યોગ, પાક સંવર્ધન, પરિવાર કલ્યાણ, પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો, સામાન્ય શિક્ષણ અને વ્યાજની ચૂકવણી પર હિસાબી મુખ્ય સદર હેઠળના મહેસૂલી ખર્ચમાં પાછલા વર્ષ દરમિયાન સંબંધિત ખર્ચની તુલનાએ નોંધપાત્ર વધારો થયો હતો. આ વધારો મુખ્યત્વે અનુક્રમે જમીન પરના પાણીના સંદર્ભમાં માર્ગાંતર યોજનાઓ અને ભૂગર્ભજળની બાબતમાં સહાયકી યોજનાઓ (લઘુ સિંચાઈ હેઠળ); દૂરસંચાર અને ઇલેક્ટ્રોનિક ઉદ્યોગો (ઉદ્યોગ હેઠળ); છોડ સંરક્ષણ, પાક વીમો, બાગાયતી અને શાકભાજી પાકો (પાક પાલન હેઠળ); માતૃત્વ અને બાળ આરોગ્ય (પરિવાર કલ્યાણ હેઠળ); નિવૃત્તિ ભથ્થાં (પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો હેઠળ); માધ્યમિક શિક્ષણ (સામાન્ય શિક્ષણ હેઠળ) અને ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ પર વ્યાજની ચૂકવણી (વ્યાજ ચુકવણી હેઠળ) માં વધારાને કારણે થયો હતો. બીજી બાજુ, ઉર્જા, અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમ અને શહેરી વિકાસે પાછલા વર્ષની સરખામણીએ 2023-24 દરમિયાન મહેસૂલી ખર્ચમાં અનુક્રમે વીજળી બોર્ડને સહાય, સામૂહિક વિકાસ અને મહાનગરપાલિકાઓને સહાયમાં ઘટાડાના કારણે ઘટાડો નોંધાવ્યો હતો.

### 2.4.2.2 પ્રતિબધ્ધ ખર્ચ

રાજ્ય સરકારના મહેસૂલના હિસાબે પ્રતિબધ્ધ ખર્ચમાં વ્યાજની ચૂકવણી, પગાર અને વેતન પરનો ખર્ચ અને પેન્શનનો સમાવેશ થાય છે. સરકારના સ્રોતો પર તેનો પ્રથમ દાવો હોય છે. પ્રતિબધ્ધ ખર્ચમાં વધારાના વલણથી સરકાર પાસે વિકાસ ક્ષેત્ર માટે લવચીકતા ઓછી રહે છે.

ઉપરના ઉપરાંત, અપરિવર્તનક્ષમ ખર્ચની કેટલીક બાબતો હોય છે જે મૂડી ખર્ચ વગેરે જેવા વધઘટપાત્ર વ્યવહારોની જેમ સામાન્ય રીતે બદલી શકાતા નથી અથવા વાર્ષિક ધોરણે વૈધાનિક રીતે જરૂરી હોય છે. દાખલા તરીકે, નીચેની બાબતોને અપરિવર્તનક્ષમ ખર્ચ તરીકે ગણતરીમાં લઇ શકાય:

i. સ્થાનિક સંસ્થાઓને તબદીલી: પગાર અને ભથ્થા માટે સ્થાનિક સંસ્થાઓને વૈધાનિક તબદીલીઓ (તબદીલી/મૂડી ખર્ચ માટે તબદીલી);

ii. અનામત ભંડોળમાં ફાળા માટેની વૈધાનિક આવશ્યકતા- એકત્રિત ડૂબત નિધિમાં (CSF), જામિનગીરી વિમોચન ભંડોળ (GRF), રાજ્ય આપદા શમન/પ્રતિભાવ ભંડોળ (SDMF/SDRF) વગેરેમાં ફાળો;

iii. આકસ્મિક નિધિની ભરપાઇ–વર્ષ દરમિયાન રકમની ભરપાઇ;

iv. અનામત ભંડોળ/અન્ય સંસ્થા માં સેસની તબદીલી, જે વૈધાનિક જરૂરિયાતો છે;

v. મળેલા કેન્દ્રીય ભંડોળની સામે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં હિસ્સાનો ફાળો – સિંગલ નોડલ એજન્સીઓને તબદીલ કરવાના રાજ્યના હિસ્સાની રકમ/રાજ્ય દ્વારા ખર્ચ;

vi. વ્યાજ સહિતની સિલકો જાણે તેમનું રોકાણ કરી શકાયુ હોત એ રીતે તેના પર વ્યાજની ચુકવણી અને જાહેર ઋણ પર બિન-મતપાત્ર ખર્ચ તરીકે વ્યાજની ચુકવણી – વ્યાજની ચુકવણી.

**કોઠા 2.21** પ્રતિબધ્ધ ખર્ચ અને તેના ઘટકોના 2019-20 થી 2023-24 દરમિયાનના વલણ રજૂ કરે છે.

**કોઠો 2.21: પ્રતિબધ્ધ અને અનિવાર્ય ખર્ચ અને તેના ઘટકો**

(₹ કરોડમાં)

| વિગતો | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| પ્રતિબધ્ધ ખર્ચના ઘટકો | | | | | |
| પગાર અને વેતન[7] | 23,536 | 25,046 | 26,694 | 31,995 | 45,035 |
| **વ્યાજની ચૂકવણી** | 22,449 | 24,203 | 25,188 | 25,354 | 27,176 |
| **પેન્શન** | 17,663 | 18,570 | 20,160 | 22,435 | 24,371 |
| **કુલ પ્રતિબધ્ધ ખર્ચ** | **63,648** | **67,819** | **72,042** | **79,784** | **96,582** |
| અપરિવર્તનક્ષમ ખર્ચના ઘટકો | | | | | |
| સ્થાનિક સંસ્થાઓને વૈધાનિક તબદીલી (કેન્દ્રનો હિસ્સો) | 3,990 | 4,157 | 2,334 | 4,003 | 2,564 |
| સ્થાનિક સંસ્થાઓને વૈધાનિક તબદીલી (રાજ્યનો હિસ્સો) | 0 | 0 | 0 | 0 | 0 |
| અનામત ભંડોળમાં ફાળો | 1,264 | 1,765 | 3,912 | 3,521 | 3,705 |
| આકસ્મિક નિધિની ભરપાઇ | 55 | 39 | 62 | 115 | 84 |
| સેસની અનામત ભંડોળ/અન્ય સંસ્થામાં તબદીલી | 165 | 116 | 210 | 206 | 311 |
| મળેલા કેન્દ્રીય ભંડોળની સામે કેન્દ્ર પુરસ્કૃત યોજનાના હિસ્સાનો ફાળો (કેન્દ્રનો હિસ્સો) | 14,276 | 15,471 | 15,579 | 14,081 | 11,280 |
| મળેલા કેન્દ્રીય ભંડોળની સામે કેન્દ્ર પુરસ્કૃત યોજનાના હિસ્સાનો ફાળો (રાજ્યનો હિસ્સો) | 6,274 | 7,200 | 7,563 | 6,045 | 8,493 |
| વ્યાજ સહિતની સિલકો જાણે તેમનું રોકાણ કરી શકાયું હોત એ રીતે તેના પર વ્યાજની ચુકવણી અને જાહેર ઋણ પર બિન-મતપાત્ર | 115 | 138 | 45 | 68 | 264 |

7 તેમાં પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન સામેલ છે.

| વિગતો | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| ખર્ચ તરીકે વ્યાજની ચુકવણી – વ્યાજની ચુકવણી | | | | | |
| **કુલ અપરિવર્તનક્ષમ ખર્ચ** | **26,139** | **28,886** | **29,705** | **28,039** | **26,701** |
| મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે પ્રતિબધ્ધ ખર્ચ | | | | | |
| **મહેસૂલી આવક** | **1,42,844** | **1,28,156** | **1,66,830** | **1,99,408** | **2,22,763** |
| પગાર અને વેતન | 16.48 | 19.54 | 16.00 | 16.04 | 20.22 |
| **વ્યાજની ચૂકવણી** | 15.72 | 18.89 | 15.10 | 12.71 | 12.20 |
| **પેન્શન** | 12.37 | 14.49 | 12.08 | 11.25 | 10.94 |
| **મહેસૂલી આવકની ટકાવારીની રીતે પ્રતિબધ્ધ ખર્ચ** | **44.56** | **52.92** | **43.18** | **40.01** | **43.36** |
| મહેસૂલી આવકની ટકાવારીની રીતે કુલ અપરિવર્તનક્ષમ ખર્ચ | **18.30** | **22.54** | **17.81** | **14.06** | **11.99** |
| મહેસૂલી ખર્ચની ટકાવારીની રીતે અપરિવર્તનક્ષમ ખર્ચ | | | | | |
| **મહેસૂલી ખર્ચ** | **1,40,899** | **1,50,704** | **1,60,421** | **1,79,543** | **1,89,286** |
| પગાર અને વેતન | 16.70 | 16.62 | 16.64 | 17.82 | 23.79 |
| **વ્યાજની ચૂકવણી** | 15.93 | 16.06 | 15.70 | 14.12 | 14.36 |
| **પેન્શન** | 12.54 | 12.32 | 12.57 | 12.50 | 12.88 |
| **મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે કુલ પ્રતિબધ્ધ ખર્ચ** | **45.17** | **45.00** | **44.91** | **44.44** | **51.03** |
| મહેસૂલી આવકની ટકાવારીની રીતે કુલ અપરિવર્તનક્ષમ ખર્ચ | **18.55** | **19.17** | **18.52** | **15.62** | **14.11** |
| **બિન-પ્રતિબધ્ધ મહેસૂલી ખર્ચ** | **77,251** | **82,885** | **88,379** | **99,759** | **92,704** |
| *મહેસૂલી ખર્ચની ટકાવારી* | 54.83 | 55.00 | 55.09 | 55.56 | 48.97 |
| *કુલ ખર્ચની ટકાવારી* | 46.02 | 46.38 | 46.59 | 46.08 | 37.44 |
| **સહાયકીઓ** | **18,420** | **22,141** | **22,335** | **25,749** | **28,033** |
| બિન-પ્રતિબધ્ધ ખર્ચની ટકાવારીની રીતે સહાયકીઓ | 23.84 | 26.71 | 25.27 | 25.81 | 30.24 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**આલેખ 2.10: કુલ મહેસૂલી ખર્ચમાં પ્રતિબધ્ધ ખર્ચનો હિસ્સો (ટકામાં)**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે, 2019-24 દરમિયાન પ્રતિબધ્ધ ખર્ચ 44 અને 51 ટકાની વચ્ચે રહ્યો હતો. મહેસૂલી આવકની ટકાવારી રૂપે, પ્રતિબધ્ધ ખર્ચ 2019-20 માં 44.56 ટકા હતો તે નજીવો ઘટીને 2023-24 માં 43.36 ટકા થયો હતો.

પ્રતિબધ્ધ ખર્ચના ઘટકોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

## *પગાર અને વેતન*

પગાર અને વેતન પરનો ખર્ચ જેમાં પગાર અને ભથ્થા માટે સહાયક અનુદાનનો સમાવેશ થાય છે તે 2019-20 માં ₹ 23,536 કરોડ હતો તે ₹ 21,499 કરોડ (91.34 ટકા) જેટલો વધીને 2023-24 દરમિયાન ₹ 45,035 કરોડ થયો હતો. તે 2023-24 દરમિયાન મહેસૂલી આવકના 20.22 ટકા અને મહેસૂલી ખર્ચના 23.79 ટકા થતા હતા.

## વ્યાજની ચૂકવણી

વ્યાજની ચૂકવણી 2019-20 માં ₹ 22,449 કરોડ હતી તે ₹ 4,727 કરોડ (21.06 ટકા) જેટલી વધીને 2023-24 માં ₹ 27,176 કરોડ થઇ હતી. 2023-24 દરમિયાન, બજારની લોન પર વ્યાજની ચૂકવણી કુલ વ્યાજની ચૂકવણીના 78.40 ટકા રહી હતી જ્યારે રાષ્ટ્રીય નાની બચત ભંડોળને જારી કરેલી વિશેષ જામીનગીરીઓ પર વ્યાજની ચૂકવણી કુલ વ્યાજની ચૂકવણીના 8.80 ટકા હતી. મહેસૂલી આવકની ટકાવારી રૂપે વ્યાજની ચૂકવણી પરનો ખર્ચ 2022-23 માં 12.71 ટકા હતો તે ઘટીને 2023-24 માં 12.20 ટકા થયો હતો. ઉપરાંત, મહેસૂલી ખર્ચમાં વ્યાજની ચૂકવણીનો હિસ્સો 2022-23 માં 14.12 ટકા હતો તે નજીવો વધીને 2023-24 માં 14.36 ટકા થયો હતો.

## પેન્શનની ચૂકવણી

ગુજરાત રાજ્યમાં 5.13 લાખ પેન્શનરો[8] હતા (ફેબ્રુઆરી 2023). પેન્શન પરનો ખર્ચ 2019-24 દરમિયાન સતત વધ્યો હતો.

રાજ્ય સરકારે ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ કરેલી તેની જાહેરાતોમાં પેન્શનની ચૂકવણીઓ મહેસૂલી આવકના 12.03 ટકા થવાનું અનુમાન કર્યું હતું (ફેબ્રુઆરી 2023). જો કે, વર્ષ દરમિયાન તે 10.94 ટકા જેટલી નીચી રહી હતી. મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે પેન્શનની ચૂકવણીઓ 2023-24 દરમિયાન મહેસૂલી ખર્ચના 12.88 ટકા જેટલી થતી હતી.

## અપરિવર્તનક્ષમ ખર્ચ

સ્થાનિક સંસ્થાઓને વૈધાનિક તબદીલીના અપરિવર્તનક્ષમ ખર્ચના ઘટકે 2019-20 થી 2021-22 ના સમયગાળા દરમિયાન વધારો દર્શાવ્યો હતો પરંતુ 2023-24 દરમિયાન પાછલા વર્ષ કરતાં ₹ 1,338 કરોડ (4.77 ટકા) જેટલો ઘટ્યો હતો. મહેસૂલી આવકની ટકાવારીની રીતે, 2023-24 દરમિયાન પાછલા વર્ષની તુલનાએ અપરિવર્તનક્ષમ ખર્ચ 14.06 ટકાથી ઘટીને 11.99 ટકા થયો હતો. મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે, અપરિવર્તનક્ષમ ખર્ચ પાછલા વર્ષની તુલનાએ 2023-24 દરમિયાન 15.62 ટકાથી ઘટીને 14.11 ટકા થયો હતો.

### 2.4.2.3 રાષ્ટ્રીય પેન્શન યોજના હેઠળ પૂર્ણ ન થયેલી જવાબદારીઓ

રાજ્ય સરકારે 01 એપ્રિલ 2005 ની અસરથી 'નિર્ધારિત અંશદાયી પેન્શન યોજના' (રાષ્ટ્રીય પેન્શન યોજના) દાખલ કરી હતી. યોજનાની માર્ગદર્શિકા મુજબ, કર્મચારી દર મહિને તેના મૂળ પગાર અને મોંઘવારી ભથ્થાના 10 ટકા ફાળો આપે છે જેમાં રાજ્ય સરકાર દ્વારા મેળ ખાતી રકમ જમા કરવામાં આવે છે અને પૂરેપૂરી રકમ નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને (NSDL)/ટ્રસ્ટી બેંક મારફત નિયુક્ત ભંડોળ સંચાલકને તબદીલ કરવામાં આવે છે. આ યોજનામાં રાજ્ય સરકાર દ્વારા 1 નવેમ્બર 2022 ની અસરથી સુધારો કરવામાં આવ્યો હતો, જેમાં, રાજ્ય સરકારે કર્મચારી દ્વારા આપવામાં આવેલા 10, 12 અથવા 14 ટકા ફાળો આપવાના વિકલ્પના આધારે 10, 12 અથવા 14 ટકાનો મેળ ખાતો ફાળો આપ્યો હતો. 01 માર્ચ 2024 થી આમાં એક વધુ સુધારો કરવામાં આવ્યો હતો, જ્યાં કર્મચારી 10 ટકા ફાળો આપે અને રાજ્ય સરકાર 14 ટકાનો ફાળો આપે. રાજ્ય સરકારે યોજનાના ભંડોળના વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય પેન્શન યોજના ટ્રસ્ટ સાથે સમજૂતી કરાર કર્યો હતો (જાન્યુઆરી 2009) અને યોજનાના અમલીકરણ માટે કેન્દ્રીય માળખું અપનાવ્યુ હતું (મે 2009).

કર્મચારીનો ફાળો અને રાજ્યનો હિસ્સો જાહેર હિસાબમાં[9] જમા કરવામાં આવે છે અને ત્યારબાદ નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને તબદીલ કરવામાં આવે છે. વર્ષ 2023-24 દરમિયાન, રાજ્ય સરકારે કર્મચારીઓ પાસેથી રાષ્ટ્રીય પેન્શન યોજનાના ફાળા તરીકે ₹ 1,651.28 કરોડ એકઠા

[8] ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ રાજકોષીય નીતિવિષયક વ્યૂહાત્મક નિવેદન મુજબ 2023-24 (ફેબ્રુઆરી 2023) માટે રાજ્યમાં 5.13 લાખ પેન્શનરો હતાં. આ ગુજરાત સરકાર અને સહાયિત સંસ્થાઓના પેન્શનરો છે અને તેમાં સામાજીક સુરક્ષા પેન્શનરો સામેલ નથી.

[9] મુખ્ય સદર 8342-117 (અન્ય થાપણો-સરકારી કર્મચારીઓ માટે વ્યાખ્યાયિત અંશદાયી પેન્શન યોજના).

કર્યા હતાં અને ₹ 1,639.98 કરોડ યોજનામાં તેના ફાળા તરીકે જમા કર્યા હતાં. રાજ્ય સરકારનું નોકરીદાતાનું યોગદાન ₹ 11.30 કરોડ જેટલું ઓછું હતું જેના પરિણામે મહેસૂલી ખર્ચ એટલા પ્રમાણમાં ઓછો દર્શાવાયો હતો. સરકારે વિદેશ સેવા પરના રાજ્ય સરકારના કર્મચારીઓ પાસેથી કર્મચારીના ફાળા તરીકે ₹ 13.69 કરોડ એકઠા કર્યા હતા. તેમના હાલના નોકરીદાતાઓએ પણ ₹ 13.69 કરોડનો ફાળો આપ્યો હતો. ઉપરાંત, સરકારે પણ વિલંબ/વિલંબિત તબદીલી માટે NSDL ને ચૂકવવાના ₹ 60 લાખ તબદીલ કર્યા હતા. વધુમાં, સરકારે કુટુંબ પેન્શન/વિકલાંગતા પેન્શન માટે પણ ₹ 9 લાખ જમા કર્યા હતા (અવસાન પામેલા કર્મચારીઓના લાભાર્થીઓને ચૂકવવાના). ઉપરોક્ત ₹ 3,319.33 કરોડની સામે, સરકારે અગાઉના વર્ષોના ખોટા વર્ગીકરણના સુધારાના કારણે ₹ 42 લાખનું સમાયોજન કર્યા બાદ ₹ 3,318.91 કરોડ જાહેર હિસાબમાં તબદીલ કર્યા હતા. ઉપરાંત, જાહેર હિસાબમાં જમા કરેલા ₹ 3,318.91 કરોડના ભંડોળની સામે, રાજ્ય સરકારે ₹ 3,308 કરોડ એનએસડીએલને તબદીલ કર્યા હતા, જેથી ₹ 41.63 કરોડના સિલક રહી હતી. આ સિલકમાથી, ₹ 38.42 કરોડ મે 2024 સુધીમાં તબદીલ કરવામાં આવ્યા હતા અને બાકીના સમાધાન હેઠળ હતા.

### 2.4.2.4 સહાયકી પરનો ખર્ચ

2019-24 ના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સહાયકીઓની વિગતો **કોઠા 2.22** માં આપી છે.

**કોઠો 2.22: સહાયકીઓના ખર્ચનું વલણ**

(₹ કરોડમાં)

| પ્રતિબધ્ધ ખર્ચના ઘટકો | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| **સહાયકીઓ** | 18,420 | 22,141 | 22,335 | 25,749 | 28,033 |
| **કુલ મહેસૂલી આવક** | 1,42,844 | 1,28,156 | 1,66,830 | 1,99,408 | 2,22,763 |
| **મહેસૂલી આવકની ટકાવારીની રીતે સહાયકીઓ** | *12.90* | *17.28* | *13.39* | *12.91* | *12.58* |
| **કુલ મહેસૂલી ખર્ચ** | 1,40,899 | 1,50,704 | 1,60,421 | 1,79,543 | 1,89,286 |
| **મહેસૂલી ખર્ચની ટકાવારીની રીતે સહાયકાઓ** | *13.07* | *14.69* | *13.92* | *14.34* | *14.81* |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

સહાયકી પરનો મહેસૂલી ખર્ચ 2022-23 માં ₹ 25,749 કરોડ હતો તે 8.87 ટકા વધીને 2023-24 માં ₹ 28,033 કરોડ થયો હતો. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર; ઉદ્યોગ અને ખાણ; સામાજીક ન્યાય અને સશક્તિકરણ; આદિજાતિ; બંદરો અને પરિવહન અને અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતો એ 2023-24 દરમિયાન સહાયકીના મુખ્ય લાભાર્થી વિભાગો હતાં.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને 2023-24 દરમિયાન ₹ 11,706 કરોડની (સહાયકી પરના કુલ ખર્ચના 42 ટકા) સહાયકી મળી હતી. સહાયકીનો મોટો ભાગ ઇંધણ કિમત અને વિદ્યુત ખરીદ સમાયોજન ખર્ચના (FPPPA) (₹ 6,587 કરોડ); ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગના કૃષિ

ભાવદરમાં વળતર માટે (₹ 1,460 crore); વ્યાજમાં રાહત માટે ખેડૂતોને નાણાકીય સહાય (₹ 1,383 crore); અને ખેડૂતોને હોર્સ પાવર આધારિત ભાવદર (₹ 1,100 કરોડ) માટે હતો.

ઉદ્યોગ અને ખાણ વિભાગમાં, 2023-24 દરમિયાન મળેલી ₹ 5,835 કરોડની (સહાયકી પરના કુલ ખર્ચના 21 ટકા) કુલ સહાયકી પૈકી, ₹ 1,650 કરોડ વસ્ત્ર ઉદ્યોગના વિકાસ માટે હતા, ₹ 1,550 કરોડ મોટા ઉદ્યોગને સહાય તરીકે આપવામાં આવ્યા હતા અને ₹ 1,487 કરોડ ઉદ્યોગને મદદ તરીકે આપવામાં આવ્યા હતા.

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગને 2023-24 દરમિયાન મળેલા ₹ 2,190 કરોડ (સહાયકી પરના કુલ ખર્ચના 8 ટકા) પૈકી ₹ 802 કરોડ ઇંદિરા ગાંધી ઓલ્ડ એજ પેન્શન યોજના ને સહાય તરીકે આપવામાં આવ્યા હતા.

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમને પણ બિનકિફાયતી રૂટોના સંચાલન, વિદ્યાર્થી કન્સેશન વગેરે માટે વળતર તરીકે 2023-24 માં ₹ 1,149 કરોડના સહાયકી આપવામાં આવી હતી.

### 2.4.2.5 રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને નાણાકીય સહાય

રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને પગાર અને ભથ્થા, અન્ય પરચુરણ ખર્ચને પહોંચી વળવા અને મૂડીગત અસ્ક્યામતો ઉભી કરવા માટે સહાયક અનુદાન દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. 2019-24 દરમિયાન સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને આપવામાં આવેલી નાણાકીય સહાયની વિગતો **કોઠા 2.23** માં આપી છે.

**કોઠો 2.23: સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ, બિન-સરકારી સંસ્થાઓ અને અન્યોને નાણાકીય સહાયનું વલણ**

(₹ કરોડમાં)

| સંસ્થાઓને નાણાકીય સહાય | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| પંચાયતી રાજની સંસ્થાઓ | 22,034 | 24,323 | 24,388 | 33,655 | 33,156 |
| શહેરી સ્થાનિક સંસ્થાઓ | 9,345 | 8,719 | 11,652 | 14,640 | 10,412 |
| જાહેર ક્ષેત્રના ઉપક્રમો | 84 | 95 | 119 | 189 | 1,235 |
| સ્વાયત્ત સંસ્થાઓ | 6,259 | 6,211 | 6,532 | 4,477 | 7,411 |
| બિન-સરકારી સંસ્થાઓ | 1,197 | 1,597 | 2,352 | 1,515 | 2,385 |
| અન્ય | 25,343 | 23,692 | 24,765 | 26,277 | 27,582 |
| કુલ | **64,262** | **64,637** | **69,808** | **80,753** | **82,181** |
| પગાર માટે સહાયક અનુદાન | 12,235 | 13,151 | 14,482 | 17,917 | 28,440 |
| મૂડીગત અસ્ક્યામતો ઉભી કરવા માટે સહાયક અનુદાન | 2,707 | 1,208 | 2,078 | 9,400 | 4,675 |

| સંસ્થાઓને નાણાકીય સહાય | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| બિન-પગાર માટે સહાયક અનુદાન | 49,320 | 50,278 | 53,248 | 53,436 | 49,066 |
| અન્ય પ્રકારે આપેલું સહાયક અનુદાન | 0 | 0 | * | * | * |
| **મહેસૂલી ખર્ચ** | **1,40,899** | **1,50,704** | **1,60,421** | **1,79,543** | **1,89,286** |
| **મહેસૂલી ખર્ચની ટકાવારી ની રીતે સહાયક અનુદાન** | 45.61 | 42.89 | 43.52 | 44.98 | 43.42 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

***રાજ્ય સરકાર તરફથી માહિતી મળી નથી.**

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને નાણાકીય સહાય પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સતત વધીને 2019-20 માં ₹ 64,262 કરોડ હતી તે વધીને 2023-24 માં ₹ 82,181 કરોડ થઇ હતી.

રાજ્ય સરકારને ભારત સરકાર તરફથી 2023-24 માં આગળ પંચાયતી રાજ સંસ્થાઓ અને શહેરી સ્થાનિક સંસ્થાઓને પ્રેષણ હેતુ અનુક્રમે[10] ₹ 2,473 કરોડ અને ₹ 1,243.99 કરોડની રકમ નાણાપંચના અનુદાનના રૂપમાં મળી હતી. વધુમાં, પંચાયતી રાજની સંસ્થાઓને ₹ 3,817.56 કરોડ અને શહેરી સ્થાનિક સંસ્થાઓને ₹ 1,241.03 કરોડ અન્ય કેન્દ્રીય સહાય તરીકે મળ્યા હતા. આ સિવાય, 2023-24 દરમિયાન રાજ્ય સરકારે સહાયક અનુદાન તરીકે રાજ્ય ખર્ચ ભંડોળમાંથી ₹ 28,189.59 કરોડની પંચાયતી રાજની સંસ્થાઓને અને ₹ 7,755.97 કરોડની નાણાકીય સહાય શહેરી સ્થાનિક સંસ્થાઓને પુરી પાડી હતી.

2023-24 દરમિયાન પગાર સિવાયના હેતુમાં ઘટાડાને બાદ કરતાં પગાર અને પગાર સિવાયના હેતુ માટે આપવામાં આવતી નાણાકીય સહાયમાં પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સતત વધારો થયો છે. વધુમાં, 2023-24 દરમિયાન પગાર, મૂડીગત અસ્ક્યામતોનું નિર્માણ અને પગાર સિવાયના હેતુ માટે નાણાકીય સહાયનો હિસ્સો સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને કુલ નાણાકીય સહાયના સંદર્ભમાં અનુક્રમે 34.61 ટકા, 5.69 ટકા અને 59.70 ટકા હતો.

2023-24 દરમિયાન, મુખ્ય નાણાકીય સહાય મેળવનાર આ હતા:

- પંચાયત સમિતિઓને પ્રાથમિક શિક્ષણ માટે નિભાવ અનુદાન (₹ 15,636.50 કરોડ)
- જિલ્લા પરિષદોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (₹ 859.31 કરોડ)
- પંચાયત સમિતિઓમાં આંગણવાડી કાર્યકર અને આંગણવાડી સહાયતને વધારાની સુવિધા (₹ 669.17 કરોડ)
- મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના (₹ 566.24 કરોડ)
- પંચાયતી રાજની સંસ્થાઓના બંધનકર્તા અનુદાન-15મુ નાણા પંચ (₹ 558.76 કરોડ)
- રાષ્ટ્રીય ગ્રામ રોજગાર બાંયધરી યોજના (₹ 550.22 કરોડ)
- વિકાસકીય કામ માટે મહાનગરપાલિકાઓને પ્રોત્સાહન અનુદાન (₹ 2,572.65 કરોડ)
- મહાનગરપાલિકાઓને પ્રાથમિક શિક્ષણ માટે નિભાવ અનુદાન (₹ 1,818.14 કરોડ)

10 તેમાં અગાઉના વર્ષોના નાણા પંચના અનુદાનો સંબંધિત શહેરી સ્થાનિક સંસ્થાઓને ₹ 377.49 કરોડ સામેલ છે.

- શહેરી સ્થાનિક સંસ્થાઓને કેન્દ્રીય નાણા પંચ દ્વારા ભલામણ થયેલ વહીવટી ધોરણોની સુધારણા (₹ 1134.29 કરોડ)
- ઓક્ટ્રોઇ નાબૂદી માટે મ્યુનિસિપાલીટીઓને વળતર તરીકે સહાયક અનુદાન (₹ 468.42 કરોડ)
- બિન-સરકારી સંસ્થાઓની કોલેજોમાં વધારાના વિદ્યાર્થીઓ માટે શિક્ષણની સુવિધાઓ (₹ 1,521.60 કરોડ)
- ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓને સહાયક અનુદાન (₹ 601.33 કરોડ)

ઉપરાંત, 'અન્ય' વર્ગ હેઠળ અનુદાન મેળવનાર સંસ્થાઓને છેલ્લા પાંચ વર્ષ (2019-24) દરમિયાન રાજ્ય સરકાર તરફથી નોંધપાત્ર નાણાકીય સહાય (આશરે 35 ટકા) મળી હતી. આમ છતાં, રાજ્ય સરકારના અનુદાન છૂટું કરનાર સંબંધિત વિભાગો પાસે ઉભી કરેલી અસ્ક્યામતોની વિગતોના અભાવ સહિત અનુદાન મેળવનાર સંસ્થાઓની એકસાથે 'અન્ય' વર્ગ હેઠળ નોંધ કરવામાં આવે તે ચિંતાનો વિષય છે. આ સંદર્ભે, **ફકરા 4.4.1 (પ્રકરણ IV) માં** ઑડિટના અવલોકનોનો સંદર્ભ લઇ શકાય.

## 2.4.3 મૂડી ખર્ચ

જમીન, મકાન, મશીનરી, સાધનસામગ્રી જેવી અસ્ક્યામતો સંપાદિત કરવા માટે તેમજ શેરમાં કરેલા રોકાણ પર ખર્ચેલા નાણા પણ મૂડી ખર્ચ છે. એકંદર મૂડી ખર્ચ, પાછલા વર્ષ સામે તેની વૃધ્ધિ અને છેલ્લા પાંચ વર્ષો (2019-24) દરમિયાન રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની સામે તેની ટકાવારી **કોઠા 2.24 માં** દર્શાવ્યા છે.

**કોઠો 2.24: 2019-24 દરમિયાન મૂડી ખર્ચનું વલણ**

| | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| કુલ ખર્ચ (₹ કરોડમાં) | 1,67,861 | 1,78,718 | 1,89,677 | 2,16,508 | 2,47,632 |
| **મૂડી ખર્ચ (₹ કરોડમાં)** | **25,650** | **26,781** | **28,185** | **35,499** | **55,679** |
| પાછલા વર્ષની તુલનાએ મૂડી ખર્ચની વૃધ્ધિ (ટકા) | (-)8.60 | 4.41 | 5.24 | 25.95 | 56.85 |
| મૂડી ખર્ચ/કુલ ખર્ચ (ટકા) | 15.28 | 14.99 | 14.86 | 16.40 | 22.48 |
| મૂડીખર્ચ/GSDP (ટકા) | 1.59 | 1.64 | 1.44 | 1.57 | 2.26 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

મૂડી ખર્ચ 2019-20 માં ₹ 25,650 કરોડ હતો તે વધીને 2023-24 માં ₹ 55,679 કરોડ થયો હતો. 2023-24 માં કરવામાં આવેલા ₹ 55,679 કરોડના મૂડી ખર્ચ પૈકી ₹ 11,146.00 કરોડ (20.02 ટકા) નો ખર્ચ માર્ગો અને પુલો પર, ત્યારબાદ ₹ 9,859.61 કરોડ (17.71 ટકા) શહેરી વિકાસ પર; ₹ 5,463.68 કરોડ (9.81 ટકા) પાણી પુરવઠો અને સ્વચ્છતા પર; ₹ 4,810.75 કરોડ (8.64 ટકા) મધ્યમ સિંચાઇ પર; ₹ 4,325.59 કરોડ (7.77 ટકા) ઊર્જા યોજનાઓ પર; અને ₹ 3,494.62 કરોડ (6.28 ટકા) શિક્ષણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ પર કરવામાં આવ્યો હતો.

પાછલા વર્ષની તુલનાએ 2023-24 દરમિયાન મૂડી ખર્ચમાં ₹ 20,180 કરોડ જેટલા વધારાનું કારણ મુખ્યત્વે શહેરી વિકાસ ₹ 9,258.31 કરોડ જેટલો; માર્ગો અને પુલો ₹ 5,177.29 કરોડ જેટલો; મધ્યમ સિંચાઇ ₹ 2,630.58 કરોડ જેટલો; માર્ગ પરિવહન ₹ 1,604.07 કરોડ જેટલો; ઊર્જા યોજનાઓ ₹ 1,178.87 કરોડ જેટલો; અને મોટી સિંચાઇ ₹ 813.30 કરોડ જેટલો થયો હતો જેમાંથી

પેટ્રોકેમિકલ ઉદ્યોગ પરની મૂડી જોગવાઈમાં ₹ 2,100 કરોડ જેટલો; નવી અને પુનઃપ્રાપ્ય ઉર્જામાં ₹ 401.25 કરોડ જેટલો અને આવાસન ₹ 374.16 કરોડ જેટલો ઘટાડો સરભર થયો હતો.

વર્ષ 2023-24 માં મૂડીગત ખર્ચ માટે અંદાજપત્રીય ફાળવણી 79 ટકા વાસ્તવિક મૂડી ખર્ચ હતો. 2019-24 દરમિયાન અંદાજપત્રીય ફાળવણીની તુલનાએ વાસ્તવિક મૂડી ખર્ચનું વલણ **આલેખ 2.11** માં આપવામાં આવ્યું છે.

**આલેખ 2.11: 2019-24 દરમિયાન અંદાજપત્રીય ફાળવણીની સામે મૂડીગત ખર્ચનું વલણ**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો અને વર્ષ 2023-24 માટેનું ગુજરાત સરકારનું અંદાજપત્રીય પ્રકાશન નં. 1.

## 2.4.3.1 મૂડી ખર્ચમાં મુખ્ય ફેરફારો

**કોઠા 2.25** 2022-23 અને 2023-24 દરમિયાન રાજ્યના મૂડી ખર્ચની બાબતમાં જુદા જુદા હિસાબી સદરો હેઠળના નોંધપાત્ર ફેરફારોના મુખ્ય અંશો રજૂ કરે છે.

**કોઠો 2.25: 2022-23 ની સરખામણીએ 2023-24 દરમિયાન મૂડી ખર્ચ**

**(₹ કરોડમાં)**

| હિસાબનાં મુખ્ય સદરો | 2022-23 | 2023-24 | ફેરફાર | ફેરફાર (ટકા) |
|---|---|---|---|---|
| 4217- શહેરી વિકાસ પર મૂડી જોગવાઈ | 601.30 | 9,859.61 | 9,258.31 | 1,539.72 |
| 5054- માર્ગો અને પુલો પર મૂડી જોગવાઈ | 5,968.71 | 11,146.00 | 5,177.29 | 86.74 |
| 4701- મધ્યમ સિંચાઇ પર મૂડી જોગવાઈ | 2,180.17 | 4,810.75 | 2,630.58 | 120.66 |
| 5055- માર્ગ પરિવહન પર મૂડી જોગવાઈ | 109.76 | 1,713.83 | 1,604.07 | 1,461.43 |
| 4801- ઊર્જા યોજનાઓ પર મૂડી જોગવાઈ | 3,146.72 | 4,325.59 | 1,178.87 | 37.46 |
| 4700- મોટી સિંચાઇ પર મૂડી જોગવાઈ | 1,905.30 | 2,718.60 | 813.30 | 42.69 |
| 5425- અન્ય વૈજ્ઞાનિક અને પર્યાવરણીય સંશોધન પર મૂડી જોગવાઈ | 0.00 | 488.29 | 488.29 | NA |
| 4059- જાહેર બાંધકામ પર મૂડી જોગવાઈ | 286.95 | 730.34 | 443.39 | 154.52 |
| 4211- પરિવાર કલ્યાણ પર મૂડી જોગવાઈ | 42.05 | 329.49 | 287.44 | 683.57 |
| 4202- શિક્ષણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ પર મૂડી જોગવાઈ | 3,266.33 | 3,494.62 | 228.29 | 6.99 |

| હિસાબનાં મુખ્ય સદરો | 2022-23 | 2023-24 | ફેરફાર | ફેરફાર (ટકા) |
|---|---|---|---|---|
| 5051- બંદરો અને દીવાદાંડીઓ પર મૂડી જોગવાઈ | 279.84 | 491.26 | 211.42 | 75.55 |
| 4236- પોષણ પર મૂડી જોગવાઈ | 12.13 | 186.65 | 174.52 | 1,438.75 |
| 4216- આવાસન પર મૂડી જોગવાઈ | 897.80 | 523.64 | (-)374.16 | (-)41.687 |
| 4810- નવી અને પુનઃ પ્રાપ્ય ઊર્જા પર મૂડી જોગવાઈ | 509.25 | 108.00 | (-)401.25 | (-)78.79 |
| 4856- પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગ પર મૂડી જોગવાઈ | 2,100.00 | 0.00 | (-)2,100.00 | (-)100.00 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

### 2.4.3.2 મૂડી ખર્ચની ગુણવત્તા

જો રાજ્ય સરકાર નુકસાન કરતી સરકારી કંપનીઓ જેના ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયું હોય તેમાં મૂડીરોકાણ કરવાનું ચાલુ રાખે તો મૂડીરોકાણ પર વળતર મેળવવાની તકો નહીવત થઇ જાય છે. એજ રીતે, નુકસાન કરતા નિગમો અને અન્ય સંસ્થાઓ જેવી કે ખાંડ મિલો, નાણાકીય નિગમો, વગેરેને આપવામાં આવેલી લોન માંડી વાળવાની અનિવાર્યતા અનુભવે દેખાડી છે. આવી નાણાકીય કામગીરીમાં પારદર્શિતા જાળવવા માટે જરૂરી પગલા લેવાની આવશ્યકતા છે.

આ અનુભાગ ચાલુ વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણ અને અન્ય મૂડી ખર્ચનું વિશ્લેષણ રજૂ કરે છે.

#### કંપનીઓ, નિગમો અને અન્ય સંસ્થાઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણની ગુણવત્તા

રાજ્ય સરકારના વાર્ષિક નાણાકીય હિસાબોનું પત્રક નં. 19, વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, ગ્રામીણ બેંકો, જોઇન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણની વિગતો સમાવે છે. 31 માર્ચ 2024 ની સ્થિતિએ રાજ્ય સરકારે આ કંપનીઓ/નિગમો/સંસ્થાઓમાં ₹ 1,34,754 કરોડનું રોકાણ કર્યું હતું **(કોઠા 2.26)**.

**કોઠો 2.26: મૂડીરોકાણ પર વળતરનું વલણ**

(₹ કરોડમાં)

| મૂડીરોકાણ/વળતરની વિગતો | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| વૈધાનિક નિગમો | 3,752 | 4,221 | 4,638 | 4,751 | 6,462 |
| ગ્રામીણ બેંકો | 14 | 14 | 14 | 14 | 14 |
| સરકારી કંપનીઓ | 95,702 | 1,02,832 | 1,11,360 | 1,19,850 | 1,27,782 |
| મ્યુનિસિપાલીટીઓ, પોર્ટ ટ્રસ્ટો | 00 | 00 | 00 | 00 | 00 |
| સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓ | 418 | 418 | 420 | 420 | 420 |
| અન્ય જોઇન્ટ સ્ટોક કંપનીઓ અને ભાગીદારીઓ | 33 | 33 | 53 | 53 | 76 |
| **વર્ષના અંતે મૂડીરોકાણ** | **99,919** | **1,07,518** | **1,16,485** | **1,25,088** | **1,34,754** |
| વળતર/મેળવેલું ડિવિડન્ડ (₹ કરોડમાં) | 88.99 | 131.04 | 134.25 | 97.43 | 757.17 |
| મૂડીરોકાણ પર વળતર (ટકા) | 0.09 | 0.12 | 0.12 | 0.08 | 0.56 |
| સરકારના ઋણ પર વ્યાજનો[11] સરેરાશ દર (ટકા) | 7.47 | 7.29 | 7.12 | 6.77 | 6.75 |
| સરકારના ઋણ પર વ્યાજના સરેરાશ દર અને વળતરના દર વચ્ચેનો તફાવત (ટકા) | 7.38 | 7.17 | 7.00 | 6.69 | 6.19 |
| સરકારના ઋણનો ખર્ચ અને મૂડીરોકાણ પર વળતર વચ્ચેનો તફાવત[12] | 7,374 | 7,709 | 8,154 | 8,368 | 8,341 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**કોઠા 2.26** દર્શાવે છે કે રાજ્ય સરકારના મૂડીરોકાણમાં 2019-24 દરમિયાન ₹ 34,835 કરોડ જેટલો વધારો થયો હતો. 2023-24 દરમિયાન, રાજ્ય સરકારે અગાઉના વર્ષની તુલનાએ ₹ 9,666 કરોડનું વધારાનુ મૂડીરોકાણ કર્યું હતું જેમાં ₹ 7,932 કરોડનું સરકારી કંપનીઓમાં અને ₹ 1,711 કરોડનું વૈધાનિક નિગમોમાં અને ₹ 23 કરોડનું જોઇન્ટ સ્ટોક કંપનીમાં[13] કરેલું રોકાણ સામેલ હતું. 2023-24 દરમિયાન સરકારી કંપનીઓમાં કરવામાં આવેલા ₹ 7,932 કરોડના રોકાણ પૈકી, ₹ 4,331 કરોડનું (55 ટકા) રોકાણ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડમાં અને ₹ 2,456 કરોડનું (31 ટકા) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડમાં અને ₹ 628 કરોડ (8 ટકા) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડમાં કરવામાં આવ્યું હતું.

[11] સરકારના ઋણ પર વ્યાજનો સરેરાશ દર = {વ્યાજની ચૂકવણી/[(પાછલા વર્ષની કુલ બાકી જવાબદારીઓ + ચાલુ વર્ષની કુલ બાકી જવાબદારીઓ)/2]} × 100.

[12] સરકારના ઋણનો ખર્ચ અને મૂડીરોકાણ પર વળતર વચ્ચેનો તફાવત = (વર્ષના અંતે મૂડીરોકાણ × સરકારના ઋણ પરના વ્યાજના સરેરાશ દર અને વળતરના દર વચ્ચેનો તફાવત) ÷ 100.

[13] કચ્છ રેલવે કંપની લિમિટેડમાં મૂડીરોકાણ.

**કોઠા 2.26** એ પણ દર્શાવે છે કે આ કંપનીઓ/નિગમો/સંસ્થાઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણ પર 2023-24 દરમિયાન સરેરાશ વળતર[14] 0.56 ટકા હતું જ્યારે એ જ સમયગાળામાં સરકારે તેણે લીધેલા ઋણ પર 6.75 ટકા સરેરાશ વ્યાજ ચૂકવ્યુ હતું.

નુકસાન કરતી કંપનીઓમાં વર્ષ દરમિયાન કરવામાં આવેલું મૂડીરોકાણ **કોઠા 2.27** માં આપ્યું છે.

**કોઠો 2.27: નુકસાન કરતી કંપનીઓ/નિગમોમાં કરવામાં આવેલું મૂડીરોકાણ**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | કંપની/નિગમ | વર્ષ દરમિયાન નુકસાન # | વર્ષ સુધી સંચિત નુકસાન # | વર્ષ 2023-24 દરમિયાન કરેલું મૂડીરોકાણ* | 31 માર્ચ 2024 ના રોજ સંચિત મૂડીરોકાણ* |
|---|---|---|---|---|---|
| **કંપનીઓ** | | | | | |
| 1. | સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (SSNNL) | 987.2 (2022-23) | 8,885.48 (2022-23) | 2,455.54 | 72,664.51 |
| 2. | ગુજરાત ફાઇબર ગ્રીડ નેટવર્ક લિમિટેડ (GFGNL) | 0.28 (2022-23) | 52.69 (2022-23) | 102.37 | 102.47 |
| **નિગમો** | | | | | |
| 3. | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) | 223.49 (2020-21) | 4,088.02 (2020-21) | 1,707.82 | 6,253.34 |

સ્રોત: # રાજ્યના જાહેર ક્ષેત્રના એકમો દ્વારા આપવામાં આવેલી માહિતી.

* વર્ષ 2022-23 માટે રાજ્ય સરકાર ના નાણાકીય હિસાબોમાંથી માહિતી.

ઉપરના કોઠામાં કૌંસમાં દર્શાવેલા નાણાકીય વર્ષો નાણાકીય પત્રકોને આખરીરૂપ આપવામાં આવેલા છેલ્લા વર્ષ છે.

2023-24 દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલું ₹ 9,665.93 કરોડનું વધારાનું મૂડીરોકાણ કુલ મૂડી ખર્ચના (₹ 55,679.25 કરોડ) 17.36 ટકા થતું હતું. ₹ 9,665.93 કરોડના આ વધારાના મૂડીરોકાણમાં ₹ 2,455.54 કરોડનું મૂડીરોકાણ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, જે 2015-16 થી ખોટ કરતુ હતું. ગુજરાત સરકારે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) માં ₹ 1,707.82 કરોડ અને ₹ 102.37 કરોડનું ગુજરાત ફાઇબર ગ્રીડ નેટવર્ક લિમિટેડમાં પણ રોકાણ કરેલ હતું જે ખોટમાં છે. SSNNL અને GFGNL ની 2022-23 ના અંતે સંચિત ખોટ અનુક્રમે ₹ 8,885.48 કરોડ અને ₹ 52.69 કરોડ હતી. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનું 2020-21 ના અંતે સંચિત નુકસાન ₹ 4,088.02 કરોડ હતું.

નુકશાન કરતી કંપનીઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણ પર અને કંપનીઓ જેમાં તેમના એકત્રિત નુકશાનના પરિણામે ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયું હોય તેમાંથી વળતરની શક્યતા નહીંવત છે.

[14] તે વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, ગ્રામિણ બેંકો, જોઇન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણ પર મેળવેલું ડિવિડન્ડ છે.

## ચૂકવેલી અને વસૂલ કરેલી લોન અને પેશગીઓનુ પ્રમાણ

સહકારી સોસાયટીઓ, નિગમો અને કંપનીઓમાં મૂડીરોકાણ ઉપરાંત, રાજ્ય સરકારે આ સંસ્થાઓ/સંગઠનો પૈકી ઘણાને લોન અને પેશગીઓ પણ પૂરી પાડી છે.

**કોઠા 2.28**, 2019-20 થી 2023-24 ના પાંચ વર્ષના સમયગાળા માટે 31 માર્ચ 2024 ના રોજ બાકી લોન અને પેશગીઓ સાથે વ્યાજની આવકની સામે વ્યાજની ચૂકવણીનું વલણ રજૂ કરે છે.

**કોઠો 2.28: 2019-24 દરમિયાન ચૂકવેલી અને વસૂલ કરેલી લોનનું પ્રમાણ**

**(₹ કરોડમાં)**

| લોન/વ્યાજની આવક/ઋણના ખર્ચનું પ્રમાણ | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| ખૂલતી સિલક | 9,503 | 10,485 | 12,235* | 13,151 | 14,363 |
| વર્ષ દરમિયાન આપેલી પેશગીની રકમ | 1,312 | 1,233 | 1,071 | 1,466 | 2,667 |
| વર્ષ દરમિયાન વસૂલ કરેલી રકમ | 330 | 155 | 155 | 254 | 1,376 |
| બંધ સિલક | 10,485 | 11,563 | 13,151 | 14,363 | 15,654 |
| જેના માટે શરતો નક્કી કરવામાં આવી નથી એવી લોન | 905 | 632 | 446 | 674 | 1,684 |
| વર્ષ દરમિયાન ચોખ્ખો વધારો | 982 | 1,078 | 916 | 1,212 | 1,291 |
| આપેલી લોન પર વ્યાજની આવક | 62 | 63 | 77 | 45 | 79 |
| બાકી લોન અને પેશગીઓની ટકાવારીની રીતે વ્યાજની આવક | 0.62 | 0.57 | 0.61 | 0.33 | 0.53 |
| વ્યાજની ચૂકવણી | 22,449 | 24,203 | 25,188 | 25,354 | 27,176 |
| સરકારના બાકી ઋણ પર ચૂકવેલા વ્યાજનો સરેરાશ દર (ટકા) | 7.47 | 7.29 | 7.12 | 6.77 | 6.75 |
| ચૂકવેલા વ્યાજનો દર અને મળેલા વ્યાજના દર વચ્ચેનો તફાવત (ટકા) | 6.85 | 6.72 | 6.51 | 6.44 | 6.22 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

*પ્રોફોર્મા સુધારાના કારણે ખૂલતી સિલક પાછલા વર્ષની બંધ સિલકથી જૂદી પડે છે.

કોઠા દર્શાવે છે કે કુલ બાકી લોન અને પેશગીઓ 2022-23 માં ₹ 13,151 કરોડ હતી તે વધીને 2023-24 ના અંતે ₹ 15,654 કરોડ થઇ હતી. વર્ષ દરમિયાન આપવામાં આવેલી કુલ લોન અને પેશગીઓ (₹ 2,667 કરોડ) પૈકી ₹ 2,362 કરોડ સામાજીક સેવાઓ માટે, ₹ 238 કરોડ આર્થિક સેવાઓ માટે આપવામાં આવેલ પેશગીયો હતી અને ₹ 67 કરોડ સરકારી કર્મચારીઓ માટે અને પરચુરણ હેતુઓ માટે આપવામાં આવેલ પેશગીયો હતી. સામાજીક સેવાઓ માટે આપવામાં આવેલી લોનના મોટા ભાગનો ઉપયોગ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત જાતિ અને લઘુમતિઓના કલ્યાણ (₹ 967 કરોડ) અને શહેરી વિકાસ (₹ 543 કરોડ), માટે કરવામાં આવ્યો હતો. આર્થિક સેવાઓ માટે આપવામાં આવેલી લોનનો મોટો ભાગ પરિવહન ક્ષેત્રના (₹ 238 કરોડ) ફાળે ગયો હતો.

લોન અને પેશગીઓની વસૂલાત 2023-24 માં ₹ 1,376 કરોડ હતી. જો કે, વર્ષ દરમિયાન આપવામાં આવેલી લોન અને પેશગીઓ પરની વ્યાજની આવક ₹ 34 કરોડ જેટલી વધી હતી.

ઉપરાંત, વર્ષ દરમિયાન આપવામાં આવેલી લોન (₹ 2,667 કરોડ) પૈકી, ₹ 1,684 કરોડની રકમની લોન વહીવટી વિભાગો અથવા નાણા વિભાગ દ્વારા લોનની પરત ચૂકવણીની શરતો અને ચૂકવવાપાત્ર વ્યાજનો દર નક્કી કર્યા વિના આપવામાં આવી હતી.

ઑડિટે અવલોકન કર્યું હતું કે નબળી નાણાકીય સ્થિતિના કારણે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ વર્ષોથી વસૂલ કરેલો યાત્રી વેરો સરકારી ખાતામાં જમા કરી શકે એમ ન હતું અને તેના કર્મચારીઓને સાતમા પગાર પંચની પાછલી બાકી પણ ચૂકવી શકે એમ ન હતું. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા યાત્રી વેરાનો ઉપયોગ તેના ખર્ચાને પહોંચી વળવા માટે કરવામાં આવતો હતો. વહીવટી વિભાગે (બંદરો અને પરિવહન) નાણા વિભાગની મંજૂરીથી બાકી યાત્રી વેરાને (વર્ષ 2023-24 માટે) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને આપવામાં આવેલી લોન (₹ 237.56 કરોડ) તરીકે ગણ્યો હતો. જો કે, સંબંધિત મંજૂરીના હુકમોમાં પરત ચૂકવણીનું સમયપત્રક અને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા ચૂકવવાપાત્ર વ્યાજ દર નિયત કરવામાં આવ્યા ન હતાં. 31 માર્ચ 2024 ની સ્થિતિએ, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ પાસે લોનની ₹ 3,356 કરોડની બાકી સિલક હતી, જેમાં 2019-24 દરમિયાન આપવામાં આવેલ ₹ 717.28 કરોડનો સમાવેશ થાય છે.

## નિષ્ક્રિય લોન ખાતાઓ

નીચેના મુખ્ય સદરો હેઠળ, જુદી જુદી સંસ્થાઓ/સત્તાધિકારીઓને અગાઉના વર્ષોમાં આપવામાં આવેલી ₹ 833.30 કરોડની રકમની લોનની બાકી સિલકો નિષ્ક્રિય રહી હતી જેમાં ન તો મુદ્દલની પરતચૂકવણી કરવામાં આવી હતી કે ન છેલ્લા 15 વર્ષો (2009-24) માટે કોઇ વ્યાજની ચૂકવણી કરવામાં આવી હતી.

**કોઠો 2.29: નિષ્ક્રિય લાન ખાતાઓ**

(₹ કરોડમાં)

| મુખ્ય સદર | | 2009-24 |
|---|---|---|
| 6075 | પરચૂરણ સામાન્ય સેવાઓ માટે લોન | 11.51 |
| 6202 | શિક્ષણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ માટે લોન | 20.43 |
| 6215 | પાણી પુરવઠો અને સ્વચ્છતા માટે લોન | 323.73 |
| 6404 | ડેરી વિકાસ માટે લોન | 63.00 |
| 6702 | લઘુ સિંચાઇ માટે લોન | 25.79 |
| 6855 | ખાતર ઉદ્યોગ માટે લોન | 12.15 |
| 6859 | દૂરસંચાર અને ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ માટે લોન | 5.90 |
| 6860 | ઉપભોક્તા ઉદ્યોગ માટે લોન | 358.76 |
| 7052 | વહાણ પરિવહન માટે લોન | 9.41 |
| 7452 | પ્રવાસન માટે લોન | 2.62 |
| કુલ બાકી સિલકો | | **833.30** |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

આ બાકી લોનોની યોગ્ય સ્તરે સમીક્ષા કરવી જોઇએ અને જરૂરી સુધારાત્મક પગલાં લેવા જોઇએ.

### અપૂર્ણ યોજનાઓમાં સ્થગિત થયેલી મૂડી

અપૂર્ણ યોજનાઓ/કામોમાં સ્થગિત થયેલું ભંડોળ ખર્ચની ગુણવત્તા પર નકારાત્મક અસર કરે છે અને રાજ્યને ઇચ્છિત લાભોથી લાંબા સમયગાળા માટે વંચિત રાખે છે.

માર્ચ 2024 ના અંતે 204 મૂડી કામો કે જે દરેકનું મૂલ્ય ₹ 10 કરોડ અથવા વધુ હતું અને જેની કામની પૂર્ણતાની તારીખ 31 માર્ચ 2024 અથવા તે પહેલાની હતી અને જેના પર ₹ 16,402.67 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, તે અપૂર્ણ હતાં. અપૂર્ણ યોજનાઓની વર્ષ-વાર અને વિભાગ-વાર વિગતો અનુક્રમે **કોઠા 2.30** અને **કોઠા 2.31** માં આપી છે.

**કોઠો 2.30: 31 માર્ચ 2024 ના રોજ અપૂર્ણ યોજનાઓની વય-વાર રૂપરેખા**

| શરૂ થયાનું વર્ષ | અપૂર્ણ યોજનાઓની સંખ્યા | અંદાજીત ખર્ચ | ખર્ચ (31 માર્ચ 2024 ના રોજ) |
|---|---|---|---|
| | (સંખ્યા) | (₹ કરોડમાં) | |
| 2012-13 | 2 | 212.01 | 414.11 |
| 2013-14 | 7 | 3,185.28 | 3,549.93 |
| 2014-15 | 1 | 505.69 | 562.60 |
| 2015-16 | 0 | 0.00 | 0.00 |
| 2016-17 | 6 | 609.76 | 517.82 |
| 2017-18 | 13 | 2,300.64 | 2,389.26 |
| 2018-19 | 12 | 1,583.46 | 1,607.34 |
| 2019-20 | 22 | 2,590.98 | 2,263.85 |
| 2020-21 | 33 | 3,096.93 | 2,824.24 |
| 2021-22 | 52 | 2,262.46 | 1,255.18 |
| 2022-23 | 51 | 1,396.60 | 930.71 |
| 2023-24 | 5 | 298.76 | 87.63 |
| **કુલ** | **204** | **18,042.57** | **16,402.67** |

**કોઠો 2.31: 31 માર્ચ 2024 ના રોજ અપૂર્ણ યોજનાઓની વિભાગ-વાર રૂપરેખા**

| વિભાગ | અપૂર્ણ યોજનાઓની સંખ્યા | અંદાજીત ખર્ચ | ખર્ચ |
|---|---|---|---|
| | (સંખ્યા) | (₹ કરોડમાં) | |
| માર્ગ અને મકાન | 168 | 7,353.30 | 5,194.10 |
| નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર | 36 | 10,689.27 | 11,208.57 |
| **કુલ** | **204** | **18,042.57** | **16,402.67** |

સ્રોત: વર્ષ 2023-24 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબોનું પરિશિષ્ટ IX.

એવું જોઇ શકાય છે કે પ્રારંભિક અંદાજપત્રીય ખર્ચના સંદર્ભમાં, 31 માર્ચ 2024 ના રોજ, માર્ગ અને મકાન વિભાગે 168 અપૂર્ણ યોજનાઓ પર 70.64 ટકા ખર્ચ કર્યો હતો જ્યારે નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગે 36 અપૂર્ણ યોજનાઓ પર 104.86 ટકા વાપર્યા હતાં.

ઉપરના આંકડામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગ  દ્વારા યોજના અમલીકરણ એકમો મારફત કરાવવામાં આવતા તેમના મૂડી કામો સામેલ નથી. એ જ રીતે, ગૃહ વિભાગ તેમના મૂડી કામો પોલીસ આવાસન નિગમ લિમિટેડ મારફત કરાવે છે એટલા પ્રમાણમાં મૂડી કામોનુ નિરૂપણ નાણાકીય હિસાબોમાં પ્રતિબિંબિત થતુ નથી. વધુમાં, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગને લગતા સિંચાઇના કામો પૈકી કેટલાક સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવે છે.

### 2.4.4 ખર્ચની પ્રાથમિકતાઓ

રાજ્યમાં વધુ સારા સામાજીક અને ભૌતિક માળખાની ઉપલબ્ધતા સામાન્ય રીતે તેના ખર્ચની ગુણવત્તા પ્રતિબિંબિત કરે છે. રાજ્ય સરકાર માટે એ મહત્વનું છે કે માળખાકીય ખર્ચ – જે સામાજીક અને આર્થિક સેવાઓ પરનો ખર્ચ છે તેના પર ધ્યાન વધુ કેન્દ્રિત કરીને વિકાસકીય ખર્ચને યોગ્ય રીતે તર્કસંગત બનાવવો. માળખાકીય ખર્ચ માટે ફાળવણીમાં સુધારો કરવા ઉપરાંત, ખર્ચના ઉપયોગની કાર્યક્ષમતા પણ મૂડી ખર્ચ અને કુલ ખર્ચનો ગુણોત્તર અને શિક્ષણ અને આરોગ્ય પર કરવામાં આવતા મહેસૂલી ખર્ચના પ્રમાણ દ્વારા પ્રતિબિંબિત થાય છે. કુલ ખર્ચની સામે આ ઘટકોનો ગુણોત્તર જેમ ઉંચો તેમ ખર્ચની ગુણવત્તા વધુ સારી ગણાય છે.

**કોઠા 2.32** 2019-20 ને પાયાનું વર્ષ ગણીને, 2023-24 દરમિયાન વિકાસકીય ખર્ચ, સામાજીક અને આર્થિક ક્ષેત્રો પરનો ખર્ચ અને મૂડી ખર્ચની બાબતમાં રાજ્ય સરકારની નાણાકીય પ્રાથમિકતાઓની ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો સાથે સરખામણી કરે છે.

**કોઠો 2.32: 2019-20 અને 2023-24 માં રાજ્યના ખર્ચની પ્રાથમિકતાઓ**

| રાજ્યની રાજકોષીય પ્રાથમિકતા | AE/ GSDP | SSE/ AE | ESE/ AE | DE/ AE | CE/ AE | Education/ AE | Health/ AE |
|---|---|---|---|---|---|---|---|
| **2019-20 માં આની ટકાવારી** | | | | | | | |
| ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો | 15.88 | 37.04 | 29.54 | 66.58 | 12.72 | 15.79 | 5.25 |
| ગુજરાત | 10.38 | 39.47 | 30.55 | 70.02 | 15.28 | 14.73 | 6.13 |
| **2023-24 માં આની ટકાવારી** | | | | | | | |
| ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો | 15.66 | 37.92 | 30.01 | 67.93 | 15.38 | 14.36 | 5.71 |
| ગુજરાત | 10.05 | 41.72 | 30.62 | 72.35 | 22.48 | 14.91 | 6.89 |
| AE: એકંદર ખર્ચ (તે કુલ ખર્ચ છે); DE: વિકાસ ખર્ચ; SSE: સામાજીક ક્ષેત્રનો ખર્ચ; ESE: આર્થિક ક્ષેત્રનો ખર્ચ; CE: મૂડી ખર્ચ | | | | | | | |

સ્રોત: આર્થિક સલાહકાર દ્વારા આપવામાં આવેલી માહિતી અને સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**કોઠા 2.32 નીચેની બાબતો વ્યક્ત કરે છે:**

- ગુજરાતમાં 2019-20 માં 10.38 ટકા અને 2023-24 માં 10.05 ટકા જેટલી રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની સામે કુલ ખર્ચની ટકાવારી ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં નીચી હતી જે રાજ્યના અર્થતંત્રમાં ખાનગી ક્ષેત્રની અધિક ભાગીદારી દર્શાવે છે.
- વિકાસકીય ખર્ચમાં આર્થિક સેવાઓનો ખર્ચ અને સામાજીક સેવાઓનો ખર્ચ સામેલ હોય છે. ગુજરાતમાં કુલ ખર્ચની ટકાવારી રૂપે વિકાસકીય ખર્ચ ઉત્તર-પૂર્વ અને હિમાલય સિવાયના રાજ્યો કરતાં, 2019-20 અને 2023-24 દરમિયાન બન્નેમાં, ઉંચો હતો.
- ગુજરાતમાં કુલ ખર્ચની ટકાવારીની રીતે સામાજીક સેવાઓ, આર્થિક સેવાઓ અને મૂડી ખર્ચ, શિક્ષણ અને આરોગ્ય પરનો ખર્ચ ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં 2019-20 અને 2023-24 બન્ને દરમિયાન ઉંચો હતો. 2019-20 માં શિક્ષણ

સેવાઓ પરનો ખર્ચ ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યોની તુલનાએ ગુજરાતમાં નીચો હતો પરંતુ 2023-24 દરમિયાન ઉંચો હતો.

## 2.4.5 હેતુ સદર મુજબ ખર્ચ

નાણાકીય હિસાબો માત્ર ગૌણ સદરના સ્તર સુધીના વ્યવહારો દર્શાવે છે. આથી, અંદાજપત્રીય ફાળવણીઓ અને હેતુ સદરના સ્તર સુધી કરવામાં આવેલા ખર્ચના પ્રમાણનું વિગતવાર ચિત્રણ **કોઠા 2.33** માં આપ્યુ છે.

**કોઠો 2.33: અંદાજપત્રીય અધિકૃતતા સામે હેતુ સદર મુજબ ખર્ચ**

(₹ કરોડમાં)

| સદર | અંદાજપત્ર | ખર્ચ | ઉપયોગની ટકાવારી |
|---|---|---|---|
| સહાયક અનુદાન | 80,492.04 | 77,505.54 | 96.29 |
| મોટા કામો | 42,204.11 | 30,059.41 | 71.22 |
| સહાયકી | 31,943.71 | 28,032.52 | 87.76 |
| વ્યાજ | 28,655.97 | 27,161.94 | 94.79 |
| પગાર | 27,466.91 | 15,736.20 | 57.29 |
| ઋણની પરત ચૂકવણી | 26,304.47 | 26,136.36 | 99.36 |
| પેન્શનનો ખર્ચ | 17,005.75 | 15,414.56 | 90.64 |
| મૂડીરોકાણ | 13,965.52 | 9,405.12 | 67.35 |
| અન્ય મૂડી ખર્ચ | 13,794.71 | 15,164.95 | 109.93 |
| અન્ય ખર્ચા | 7,251.66 | 6,092.43 | 84.01 |
| મૂડીગત અસ્ક્યામતોના સર્જન માટે સ્થાનિક સંસ્થાઓને અનુદાન | 6,665.87 | 4,675.16 | 70.14 |
| આંતર-હિસાબી તબદીલી અને અન્ય | 1,641.65 | 134.24 | 8.18 |
| શિષ્યવૃત્તિ/સ્ટાઇપેન્ડ | 3,415.92 | 3,278.73 | 95.98 |
| ગૌણ કામો | 3,133.21 | 3,343.06 | 106.70 |
| કચેરી ખર્ચ | 1,826.06 | 1,101.78 | 60.34 |
| લોન અને પેશગીઓ | 1,704.31 | 2,668.38 | 156.57 |
| પુરવઠો અને માલસામાન | 1,561.68 | 1,443.88 | 92.46 |
| અન્ય કરારગત સેવાઓ | 1,417.48 | 1,506.08 | 106.25 |
| મશીનરી અને સાધનો | 957.25 | 536.64 | 56.06 |
| વેતન | 771.69 | 992.75 | 128.65 |
| પંચાયતોને ફાળો | 531.67 | 907.11 | 170.62 |
| ઓવરટાઇમ ભથ્થા | 495.96 | 735.32 | 148.26 |
| રેશનનો ખર્ચ (આહાર ખર્ચ) | 407.88 | 372.93 | 91.43 |
| વ્યાવસાયિક સેવાઓ | 338.87 | 269.04 | 79.39 |
| જાહેરાતો અને પ્રચાર | 255.94 | 248.66 | 97.16 |
| પેટ્રોલ, ઓઇલ અને ઉંજણ | 155.14 | 174.57 | 112.52 |

| સદર | અંદાજપત્ર | ખર્ચ | ઉપયોગની ટકાવારી |
|---|---|---|---|
| મોટર વાહનો | 148.66 | 218.73 | 147.13 |
| ભાડુ, દર અને વેરા | 147.83 | 126.54 | 85.60 |
| ઘરેલુ પ્રવાસ ખર્ચ | 139.29 | 144.29 | 103.59 |
| અન્ય વહીવટી ખર્ચ | 48.03 | 15.10 | 31.44 |
| વસ્ત્રો અને તંબુ | 34.17 | 61.23 | 179.19 |
| પ્રકાશન | 28.39 | 54.74 | 192.81 |
| શસ્ત્રો અને દારૂગોળો | 20.00 | 49.94 | 249.70 |
| કુલ | 3,14,931.80 | 2,73,767.93 | 86.93 |

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

એ જોઇ શકાય છે કે ₹ 3,14,931.80 કરોડની કુલ અંદાજપત્રીય ફાળવણીમાંથી, 2023-24 દરમિયાન જુદા જુદા હેતુ સદરો પરનો ખરેખર ખર્ચ ₹ 2,73,767.93 કરોડ (86.93 ટકા) થયો હતો. ઉપર જણાવેલા 33 હેતુ સદરો પૈકી, 13 સદરો હેઠળ અંદાજપત્રીય ફાળવણીના 100 ટકા અથવા અધિક ખર્ચ કરવામાં આવ્યો હતો. 14 હેતુ સદરો હેઠળ, કરવામાં આવેલો ખર્ચ અંદાજપત્રીય ફાળવણીના 70 ટકા અને 100 ટકા વચ્ચે હતો, જ્યારે બાકીના છ હેતુ સદરોમાં કરવામાં આવેલો ખર્ચ અંદાજપત્રીય ફાળવણીના 70 ટકા કરતાં ઓછો હતો. ટોચના સાત હેતુ સદરોનો વૃક્ષરૂપી નક્શો (ટ્રી-મેપ) **આલેખ 2.12** માં દર્શાવ્યો છે.

**આલેખ 2.12: હેતુ સદર મુજબ ખર્ચ**

**(₹ કરોડમાં)**




સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

## 2.5 આકસ્મિક નિધિ

આકસ્મિક નિધિ એક અગ્રદાયના રૂપમાં હોય છે જેની રચના કાયદા દ્વારા રાજ્યની વિધાનસભા દ્વારા કરવામાં આવે છે, અને અણધાર્યા ખર્ચને પહોંચી વળવા, રાજ્યની વિધાનસભા દ્વારા આવા ખર્ચને અધિકૃતી મળે ત્યાં સુધી પેશગીઓ આપી શકાય એ માટે રાજ્યપાલના હવાલે મુકવામાં આવે છે. નિધિની ભરપાઇ રાજ્યના સંચિત નિધિના સંબંધિત કાર્યલક્ષી મુખ્ય સદર ખાતે ઉધારીને કરવામાં આવે છે. ગુજરાત સરકારના આકસ્મિક નિધિમાં ₹ 200 કરોડનો કોષ છે. 01 એપ્રિલ 2023 ની સ્થિતિએ ₹ 20.26 કરોડની ભરપાઇ થયા વગરની સિલક હતી જેની 2023-24 માં ભરપાઇ કરવામાં આવી હતી. ઉપરાંત, 2023-24 દરમિયાન, ₹ 83.96 કરોડની રકમ અણધાર્યા ખર્ચને પહોંચી વળવા માટે આકસ્મિક નિધિમાંથી ઉપાડવામાં આવી હતી જેની ભરપાઇ એ જ વર્ષમાં કરવામાં આવી હતી.

## 2.6 જાહેર હિસાબ

કેટલાક વ્યવહારો જેમ કે નાની બચત, ભવિષ્ય નિધિ, અનામત ભંડોળ, થાપણો, ઉપલક, ભરણાં, વગેરેની બાબતમાં આવક અને ચૂકવણીઓ જે સંચિત નિધિનો ભાગ બનતા નથી તેને બધારણની કલમ 266 (2) હેઠળ સ્થાપવામાં આવેલ જાહેર હિસાબમાં રાખવામાં આવે છે અને રાજ્ય વિધાનસભા દ્વારા મતપાત્ર હોતા નથી. સરકાર આ બાબતમાં બેંકર તરીકેની ભૂમિકા ભજવે છે. વર્ષ દરમિયાન ચૂકવણીઓ બાદ રહેલી સિલક એ સરકાર પાસે જુદા જુદા હેતુઓ માટે ઉપલબ્ધ ભંડોળ હોય છે.

### 2.6.1 જાહેર હિસાબમાં ચોખ્ખી સિલકો

માર્ચ 2024 ના અંતે રાજ્યના જાહેર હિસાબમાં રહેલી ઘટક મુજબ ચોખ્ખી સિલકો નીચે મુજબ હતી:

**કોઠો 2.34: વર્ષની 31 માર્ચની સ્થિતિએ જાહેર હિસાબમાં ઘટક મુજબ ચોખ્ખી સિલકો**

(₹ કરોડમાં)

| ક્ષેત્ર | પેટા-ક્ષેત્ર | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|---|
| I. નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે | નાના બચત, ભવિષ્ય નિધિ વગેરે. | 10,601.21 | 10,445.80 | 10,179.76 | 9,993.84 | 10,019.83 |
| J. અનામત ભંડોળ | (a) વ્યાજ પાત્ર અનામત ભંડોળ | 1,818.03 | 1,073.02 | 1,527.94 | 2,673.90 | 3,487.90 |
| | (b) વ્યાજ વગરના અનામત ભંડોળ | 15,014.72 | 6,911.30 | 9,216.94 | 12,054.35 | 14,964.84 |
| K. થાપણો અને પેશગીઓ | (a) વ્યાજ પાત્ર થાપણો | 14,073.56 | 14,476.68 | 14,476.34 | 14,127.01 | 13,964.53 |
| | (b) વ્યાજ વગરની થાપણો | 20,525.16 | 22,478.03 | 22,415.43 | 23,177.28 | 32,669.99 |
| | (c) પેશગીઓ | (-)0.71 | (-)0.70 | (-)0.70 | (-)0.70 | (-)0.70 |
| L. ઉચ્ચક અને પ્રકીર્ણ | (a) ઉચ્ચક | (-)303.87 | (-)321.72 | (-)296.69 | (-)295.85 | (-)369.33 |
| | (b) અન્ય હિસાબો[15] | (-)1,561.23 | (-)2,704.49 | (-)267.37 | (-)2,945.47 | (-)4,647.37 |
| | (c) વિદેશની સરકારો સાથેના હિસાબો | (-)0.59 | (-)0.59 | (-)0.59 | (-)0.59 | (-)0.59 |
| | (d) પ્રકીર્ણ | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| M. ભરણાં | (a) મની ઓર્ડર અને અન્ય ભરણાં | 738.56 | 868.58 | 963.11 | 977.53 | 1,329.59 |
| | (b) આંતર-સરકારી સમાયોજન હિસાબ | (-)1.64 | (-)1.94 | (-)1.99 | (-)1.70 | (-)1.62 |
| કુલ | | **60,903.20** | **53,223.97** | **58,212.18** | **59,759.60** | **71,417.07** |

સ્રોત: સંબધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

નોંધ: +ve જમા સિલકો દર્શાવે છે અને –ve ઉધાર સિલકો દર્શાવે છે.

રાજ્યના જાહેર હિસાબમાં ચોખ્ખી સિલકો 2019-20 માં ₹ 60,903.20 કરોડ હતી તે વધીને 2023-24 માં ₹ 71,417.07 કરોડ થઇ હતી. પાછલા વર્ષની તુલનાએ 2023-24 દરમિયાન જાહેર હિસાબમાં ચોખ્ખી સિલકો 19.51 ટકા જેટલી વધી હતી.

## 2.6.2 અનામત ભંડોળો

અનામત ભંડોળોની રચના રાજ્ય સરકારના જાહેર હિસાબો હેઠળ ચોક્કસ અને વ્યાખ્યાયિત હેતુઓ માટે કરવામાં આવે છે. આ ભંડોળો ફાળો અથવા રાજ્યના સંચિત નિધિમાંથી અનુદાનથી નિભાવવામાં આવે છે.

2023-24 દરમિયાન ચોક્કસ હેતુ માટે અંકિત કરેલા 18 અનામત ભંડોળો હતાં જે પૈકી વ્યાજવાળા પાંચ અનામત ભંડોળોમાં ₹ 3,487.90 કરોડની સિલક હતી અને વ્યાજ વગરના 13 ભંડોળોમાં

15 L – ઉચ્ચક અને પરચૂરણ હેઠળ અન્ય હિસાબોમાં રોકડ સિલક મૂડીરોકાણ હિસાબ, કાયમી રોકડ પેશગી અને વિભાગીય સિલકો સામેલ નથી .

₹ 14,964.84 કરોડની સિલક હતી. 31 માર્ચ 2024 ના રોજ આ ભડોળોમાં કુલ એકત્રિત સિલક ₹ 18,452.74 કરોડ હતી જે પૈકી ₹ 13,180.65 કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું.

18 અનામત ભંડોળો પૈકી, ₹ 2.11 કરોડની સિલક ધરાવતા પાંચ અનામત ભંડોળો નિષ્ક્રિય હતાં, જેમાંથી ચાર અનામત ભંડોળ (₹ 2.10 કરોડ) 1999-2000 થી નિષ્ક્રિય હતાં જ્યારે એક અનામત ભંડોળ (₹ 0.01 કરોડ) 2014-15 થી નિષ્ક્રિય હતું.

### 2.6.2.1 સંચિત ડૂબત નિધિ

રાજ્ય સરકારે બાકી જવાબદારીઓની ઋણમુક્તિ માટે 2003-04 માં સંચિત ડૂબત નિધિની રચના કરી હતી. આ ભંડોળના વહીવટ માટે જવાબદાર છે, તે ભારતીય રિઝર્વ બેંકે સંચિત ડૂબત નિધિનો વ્યાપ વધારી નાણાકીય વર્ષ 2007-08 થી સરકારની જવાબદારીઓનો (આંતરિક ઋણ+જાહેર હિસાબની જવાબદારીઓ) સમાવેશ કરવા માટે માર્ગદર્શિકા જારી કરી હતી. વધુમાં, રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવેલી સંચિત ડૂબત નિધિ માટેની નવીનતમ માર્ગદર્શિકા (2017-18) મુજબ, વર્ષ 2018-19 અને ત્યારબાદ ભંડોળનો લઘુત્તમ કોષ રાજ્યની બાકી જવાબદારીઓના પાંચ ટકા હોવો જોઇએ અને ત્યારબાદ રોલીંગના આધારે જાળવી રાખવો. રાજ્યએ બજાર લોનની પરત ચૂકવણી માટે ગાદી પૂરી પાડવા માટે સંચિત ડૂબત નિધિ અને આકસ્મિક જવાબદારીઓ પૂરી કરવા માટે બાંયધરી વિમોચન ભંડોળની સ્થાપના કરીને વધુ સારા નાણાકીય વ્યવસ્થાપન માટે પહેલ કરી છે.

2023-24 દરમિયાન સંચિત ડૂબત નિધિમાં રાજ્ય સરકારે ₹ 2,758.17 કરોડ જેટલો ફાળો આપ્યો હતો. 2023-24 દરમિયાન સંચિત ડૂબત નિધિમાં ફાળો ₹ 6,627.42 કરોડ જેટલો ઓછો[16] હતો કારણ કે ₹ 19,505.80 કરોડના લઘુત્તમ કોષની સામે ભંડોળમાં બંધ સિલક ₹ 12,878.38 કરોડ હતી. રાજ્ય સરકારે 2023-24 દરમિયાન ભંડોળમાં ₹ 758.17 કરોડનું ઉપાર્જિત વ્યાજ જમા કર્યું હતું.

31 માર્ચ 2024 ની રોજ, ₹ 12,878.38 કરોડના કુલ નિધિમાંથી ₹ 12,548.51 કરોડનું ભારતીય રિઝર્વ બેંકમાં રોકાણ કરવામાં આવ્યુ હતું.

### 2.6.2.2 આપદા જોખમ વ્યવસ્થાપન માટેનું ભંડોળ

13 માં નાણા પંચની ભલામણો મુજબ, રાજ્ય સરકાર 2011-12 થી રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળનું (SDRF) સંચાલન કરી રહી છે. તે એક વ્યાજવાળો અનામત ભંડોળ છે. ભારત સરકારની માર્ગદર્શિકાની (સપ્ટેમ્બર 2010) શરતો મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારોએ 75:25ના પ્રમાણમાં ભંડોળમાં ફાળો આપવાનો હતો. 15[મા] નાણા પંચે વર્ષ 2020-21 થી આગળ આપદાના જોખમના વ્યવસ્થાપન માટે રાજ્યોને કરવામાં આવતી કેન્દ્રીય ફાળવણીનુ બે અલગ ભંડોળોમાં વિભાજન કરવાની ભલામણ કરી હતી. 75 ટકાની કેન્દ્રીય ફાળવણી પૈકી, રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળનો

[16] ₹ 6,627.42 કરોડ = ₹ 19,505.80 કરોડ (વર્ષ 2022-23 માટે જાળવવાનો ₹ 3,90,116.09 કરોડની રાજ્યની જવાબદારીઓના 5% લઘુતમ કોષ) [-] ₹ 12,878.38 કરોડ સંચિત ડૂબત નિધિની બંધ સિલક. 2020-21 માં મળેલા ₹ 9,222 કરોડ અને 2021-22માં મળેલા ₹ 13,040 કરોડના માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં એક પછી એક લોનને અહીં બાકી જવાબદારીઓ ગણવામાં આવ્યુ નથી.

(SDRF) હિસ્સો 80 ટકા રહેશે અને રાજ્ય આપદા શમન ભંડોળનો (SDMF) હિસ્સો 20 ટકા રહેશે. બન્ને ભંડોળો માટે અલગ ખાતાનું સંચાલન કરવાનું હતું.

## *રાજ્યનું આપદા પ્રતિભાવ ભંડોળ*

01 એપ્રિલ 2023 ની સ્થિતિએ, રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ પાસે ₹ 1,159.61 કરોડની ખુલતી સિલક હતી. 2023-24 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 1,519.60 કરોડ (₹ 1,140.00 કરોડ કેન્દ્રનો હિસ્સો અને ₹ 379.60 કરોડ રાજ્યનો હિસ્સો) ભંડોળમાં તબદીલ[17] કર્યા હતાં. ₹ 2,679.21 કરોડના કુલ ઉપલબ્ધ ભંડોળમાંથી રાજ્ય સરકારે ₹ 1,051.17 કરોડ વર્ષ દરમિયાન કુદરતી આપદાઓ પર રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાંથી ખર્ચ કર્યો હતો. તેણે ₹ 353 કરોડ તબદીલ પણ કર્યા હતા અને માર્ચ 2024 ના અંતે ₹ 1,275.04 ની સિલક રહી હતી. વધુમાં, રાજ્ય સરકારે કુદરતી આફતોના હિસાબે ₹ 41.85 કરોડનો ખર્ચ રાજ્યના અંદાજપત્રમાંથી પુરો કર્યો હતો. આમ, રાજ્ય સરકારે આ હિસાબે વર્ષ દરમિયાન ₹ 1,093.02 કરોડનો ખર્ચ કર્યો હતો.

વર્ષ દરમિયાન રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાં આવક અને ખર્ચની વિગતો નીચે **આલેખ 2.13** માં આપી છે.

**આલેખ 2.13: રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાં આવક અને ખર્ચની વિગતો**




સ્રોત: વર્ષ 2023-24[18] માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

રાજ્ય આપદા પ્રતિભાવ ભડોળમાંથી મુખ્ય/ગૌણ સદર-મુજબ કરવામાં આવેલા ખર્ચની વિગતો **પરિશિષ્ટ – 2.2** માં કોષ્ટકબધ્ધ કરી છે.

17 ₹ 353 કરોડનો તફાવત SDRF થી SDMF માં ભંડોળની તબદીલીના કારણે છે.

18 SDRF માં તબદીલ કરવામાં આવેલી રકમમાં ₹ 353 કરોડનો તફાવત SDRF થી SDMF માં ભંડોળની તબદીલીના કારણે છે.

### રાજ્ય આપદા શમન ભંડોળ

રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ ઉપરાંત, રાજ્ય સરકાર રાજ્ય આપદા શમન ભંડોળ પણ નિભાવે છે. આ ભંડોળની સ્થાપના ફેબ્રુઆરી 2023 માં કરવામાં આવી હતી. 2023-24 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 185.30 કરોડ (₹ 139.00 કરોડ કેન્દ્રનો હિસ્સો અને ₹ 46.30 કરોડ રાજ્યનો હિસ્સો) રાજ્ય આપદા શમન ભંડોળમાં તબદીલ કર્યા હતા. રાજ્ય સરકારે ₹ 353 કરોડ (₹ 264.80 કરોડ કેન્દ્રનો હિસ્સો અને ₹ 88.2 કરોડ રાજ્યનો હિસ્સો) પણ વર્ષ દરમિયાન રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાંથી રાજ્ય આપદા શમન ભંડોળમાં તબદીલ કર્યા હતા.

ભારત સરકારની માર્ગદર્શિકા અનુસાર, આ બન્ને ભંડોળોમાં રહેલી સિલકોનું રોકાણ[19] કરવું જરૂરી હતું, જે કરવામાં આવ્યુ ન હતું અને આથી, એના પર કોઇ વ્યાજ મળ્યુ ન હતું અને રાજ્ય સરકાર દ્વારા ભંડોળમાં જમા કરવામાં આવ્યુ ન હતું.

## 2.6.2.3 રાજ્ય વળતરકારી વનીકરણ ભંડોળ

ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી સૂચનાઓના અનુપાલનમાં રાજ્ય સરકારોએ વળતરકારી વનીકરણ હાથ ધરવા માટે વપરાશકર્તા એજન્સીઓ તરફથી મળેલી રકમો માટે રાજ્યના જાહેર હિસાબમાં વ્યાજ સહિતના વિભાગ હેઠળ રાજ્ય વળતરકારી વનીકરણ ભંડોળની સ્થાપના કરવાની હોય છે.

2023-24 દરમિયાન, રાજ્ય સરકારને વપરાશકર્તા એજન્સીઓ તરફથી કોઇ રકમ મળી ન હતી (પાછલા વર્ષમાં શૂન્ય). રાષ્ટ્રીય વળતરકારી વનીકરણ ડિપોઝીટ તરફથી સરકારને ₹ 387.04 કરોડની રકમ મળી હતી (પાછલા વર્ષમાં શૂન્ય). સરકારે ભંડોળમાંથી વર્ષ દરમિયાન ₹ 226.76 કરોડનો ખર્ચ કર્યો હતો અને કોઇ રકમનું રોકાણ કર્યું ન હતું. 31 માર્ચ 2024 ના રોજ રાજ્ય વળતરકારી વનીકરણ ભંડોળમાં કુલ સિલક ₹ 1,136.23 કરોડ હતી.

## 2.6.2.4 બાંયધરી વિમોચન ભંડોળ

બારમાં નાણા પંચે સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓમાંથી ઉભી થતી આકસ્મિક જવાબદારીઓને પહોંચી વળવા માટે બાંયધરી વિમોચન ભંડોળની રચના કરવાની ભલામણ કરી હતી. ગુજરાત સરકારે જુદી જુદી સંસ્થાઓ જેવી કે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો, રાજ્યની સહકારી સોસાયટીઓ, વગેરે દ્વારા લેવામાં આવેલી લોન પર તેના દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓ માટે બાંયધરી વિમોચન ભંડોળની રચના કરી છે. ભારતીય રિઝર્વ બેંકની માર્ગદર્શિકા, જે ભંડોળનો વહીવટ કરે છે તેના મુજબ, ભંડોળનો કોષ બાકી બાયંધરીઓના પાંચ ટકાના ઇચ્છનીય સ્તર સુધી ક્રમશઃ વધારવાનો છે.

---

[19] રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાં એકત્રિત રકમનું ભારતીય રિઝર્વ બેંક મારફત કેન્દ્ર સરકારમાં તારીખી બાંયધરીઓ, લિલાઉં તિજારી બિલો અને વ્યાજ આપતી થાપણો અને અનુસૂચિત વાણિજ્યિક બેંકોમાં થાપણ પ્રમાણપત્રોમાં રોકાણ કરવાનું હોય છે.

2023-24 દરમિયાન, ₹ 73.16 કરોડના લઘુતમ આવશ્યક કોષની[20] સામે ભંડોળમાં બંધ સિલક ₹ 892.18 કરોડ હતી. રાજ્ય સરકારે 2023-24 દરમિયાન ₹ 43.13 કરોડનું ઉપાર્જીત વ્યાજ ભંડોળમાં જમા કર્યુ હતું.

31 માર્ચ 2024 ના રોજ, ₹ 892.18 કરોડના કુલ ભંડોળમાંથી, ₹ 628.49 કરોડનું ભારતીય રિઝર્વ બેંકમાં રોકાણ કરવામાં આવ્યુ હતું.

## 2.6.3 થાપણો અને પેશગીઓ

### 2.6.3.1 કેન્દ્રીય માર્ગ અને માળખાકીય ભંડોળ સંબંધિત વ્યવહારોનો હિસાબ

નિર્ધારિત માર્ગ યોજનાઓ પર ખર્ચ કરવા માટે ભારત સરકાર રાજ્ય સરકારોને કેન્દ્રીય માર્ગ અને માળખાકીય ભંડોળ (CRF) હેઠળ વાર્ષિક અનુદાન પૂરું પાડે છે. પ્રવર્તમાન હિસાબી પધ્ધતિ અનુસાર, અનુદાનને પહેલા મુખ્ય સદર "1601 સહાયક અનુદાન" હેઠળ મહેસૂલી આવક તરીકે નોંધવામાં આવે છે અને એટલી જ રકમ મહેસૂલી ખર્ચના મુખ્ય સદર "3054 માર્ગો અને પુલો" માં ઉધારીને જાહેર હિસાબ હેઠળના મુખ્ય સદર "8449-અન્ય થાપણો 103 કેન્દ્રીય માર્ગ ભંડોળમાંથી નાણાકીય સહાય" માં તબદીલ કરવામાં આવે છે. આ પ્રક્રિયા સુનિશ્ચિત કરે છે કે અનુદાનની આવક હિસાબમાં મહેસૂલી પુરાંત અધિક દર્શાવવામાં (અથવા મહેસૂલી ખાધ ઓછી દર્શાવવામાં) પરિણમતી નથી. નિર્ધારિત માર્ગ યોજનાનો ખર્ચ શરૂઆતમાં સંબંધિત મહેસૂલી અથવા મૂડી મુખ્ય સદરે (મુખ્ય સદર 3054/5054) નોંધવામાં આવેલા ખર્ચનું બાદમાં ભંડોળમાં (મુખ્ય સદર 8449-103) અનુરૂપ ઉધાર નોંધ કરીને મુખ્ય સદર 3054/5054 હેઠળ બાદ ઉધાર નોંધ દ્વારા ભંડોળની સિલકમાંથી સમાયોજન કરવામાં આવે છે.

2023-24 દરમિયાન, કેન્દ્રીય માર્ગ ભંડોળ હેઠળ ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને ₹ 73.79 કરોડ મળ્યા હતા જેની નોંધ પ્રવર્તમાન હિસાબી પધ્ધતિને અનુસરીને રાજ્યના હિસાબમાં મુખ્ય સદર-1601 હેઠળ કરવામાં આવી હતી. વર્ષ દરમિયાન નિર્ધારિત માર્ગ કામો પર ₹ 73.79 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેથી 31 માર્ચ 2024 ના રોજ થાપણ સદરે ₹ 27.25 કરોડની (2015-16 ના ₹ 5.96 કરોડ અને 2019-20 ના ₹ 21.29 કરોડ) સિલક રહી હતી.

### 2.6.3.2 લેબર સેસની શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં તબદીલી ન થવી

મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ અધિનિયમ, 1996ની કલમ 3 હેઠળ, બે ટકાથી વધુ નહીં એ દરે, પરંતુ કામે રાખનાર દ્વારા કરવામાં આવેલા બાંધકામના ખર્ચના એક ટકાથી ઓછા નહીં તે દરે, સરકાર વખતોવખત સત્તાવાર રાજપત્ર માં જાહેરનામા દ્વારા નિયત કરે તે દર લાગુ કરીને સેસ વસૂલ કરવામાં આવશે. મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ નિયમો, 1998ના નિયમ 5(3) મુજબ, આ રીતે એકત્ર કરેલી સેસની રકમ મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં (બોર્ડ) તે વસૂલ કર્યાના 30 દિવસની અંદર તબદીલ કરવાની હોય છે.

[20] ₹ 73.16 કરોડ = વર્ષ 2023-24 ના અંતે બાકી બાંયધરી (₹ 1,463.22 કરોડ) ના 5 ટકા.

ઑડિટે અવલોકન કર્યું હતુ કે મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ અધિનિયમ, 1996 ની શરતો મુજબ રાજ્ય સરકારે 2023-24 દરમિયાન ₹ 891.56 કરોડ જેટલી રકમનો સેસ વસૂલ કર્યો હતો પરંતુ માત્ર ₹ 311.12 કરોડ બોર્ડમાં તબદીલ કરવામાં આવ્યા હતા અને ₹ 580.44 કરોડની સિલક રહી હતી જે 31 માર્ચ 2024 સુધી બોર્ડમાં તબદીલ કરવામાં આવ્યા ન હતાં.

2006-07 થી 2023-24 ના સમયગાળા દરમિયાન એકઠી કરેલી અને બોર્ડમાં તબદીલ કરેલી સિલકોની સમીક્ષામાં ધ્યાન પર આવ્યુ હતું કે ₹ 5,679.16 કરોડની રકમ એકત્રિત કરવામાં આવી હતી પરંતુ એ જ સમયગાળા દરમિયાન તબદીલ કરેલી રકમ ₹ 2,855.93 કરોડ હતી અને ₹ 2,823.23 કરોડની સિલક રહી હતી જે 31 માર્ચ 2024 સુધી તબદીલ કરવામાં આવી ન હતી.

### 2.6.3.3 દંડ વ્યક્તિગત લેજર ખાતામાં તબદીલ ન થવું

ગુજરાત સરકારે 01 જુલાઇ 2000 ના ઠરાવથી નિયત કર્યુ હતું કે મોટર વાહન અધિનિયમની કલમ 200(1) હેઠળ દંડ મારફત રાજ્યના શહેરી વિસ્તારમાંથી વર્ષ દરમિયાન થયેલી આવકની નિયત ટકાવારી અંદાજપત્રીય સદર એટલે કે ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિમાં (GSMSN) જમા કરવામાં આવશે. ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિ હેઠળ ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ ટ્રાફિક પ્રબંધનના હેતુઓ માટે કરવાનો હતો.

ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિની સરળ કામગીરી માટે, માર્ચ 2004 ની અસરથી મહાનિયામક અને પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગરના (DG અને IGP) નામે એક વ્યક્તિગત લેજર ખાતુ (PLA) ખોલવામાં આવ્યું હતું. મહાનિયામક અને પોલીસ મહાનિરીક્ષકે જુદા જુદા અમલકર્તા સત્તાવાળાઓ તરફથી ટ્રાફિક વ્યવસ્થાપન માટે વિવિધ દરખાસ્તો એકઠી કરવાની હતી અને ટ્રાફિક વ્યવસ્થાપન સમિતિની મંજૂરી લીધા બાદ વ્યક્તિગત લેજર ખાતામાંથી ખર્ચ કરવાનો હતો. જુલાઇ 2006 માં, ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિના વધુ સારા વહીવટ માટે રાજ્ય સરકારે 100 ટકા દંડ વ્યક્તિગત લેજર ખાતામાં તબદીલ કરવાનું નક્કી કર્યુ હતું.

**કોઠા 2.35** માં આપેલી વિગતો મુજબ, 2012-13 થી 2023-24 ના વર્ષો માટેની અંદાજપત્રીય જોગવાઇઓ અને વિનિયોગ હિસાબોની ચકાસણી, જો કે, જણાવે છે કે ખરેખર વસૂલ કરેલો ટ્રાફિકનો દંડ અને વ્યક્તિગત લેજર ખાતામાં તેની તબદીલીઓ વચ્ચે 13 ટકાનો તફાવત હતો.

**કોઠો 2.35: ટ્રાફીકના દંડની વ્યક્તિગત લેજર ખાતામાં તબદીલીમાં ઘટ**

| વર્ષ | ટ્રાફીકના દંડની આવક (₹ કરોડમાં) | | વ્યક્તિગત લેજર હિસાબ માટે જોગવાઈ (₹ કરોડમાં) | | |
|---|---|---|---|---|---|
| | અંદાજપત્રીય અંદાજો | ખરેખર વસૂલાત | અંદાજપત્રીય અંદાજો | ખરેખર તબદીલી | ખરેખર વસૂલાતની ટકાવારીની રીતે |
| 1 | 2 | 3 | 4 | 5 | 6= (5÷3) × 100 |
| 2012-13 | 45.00 | 52.82 | 20.50 | 17.88 | 33.85 |
| 2013-14 | 62.22 | 48.40 | 20.00 | 20.00 | 41.32 |
| 2014-15 | 56.40 | 75.71 | 25.00 | 25.00 | 33.02 |
| 2015-16 | 72.95 | 73.20 | 35.00 | 35.00 | 47.81 |
| 2016-17 | 85.65 | 84.17 | 40.00 | 25.00 | 29.70 |

| વર્ષ | ટ્રાફીકના દંડની આવક (₹ કરોડમાં) | | વ્યક્તિગત લેજર હિસાબ માટે જોગવાઈ (₹ કરોડમાં) | | |
|---|---|---|---|---|---|
| | અંદાજપત્રીય અંદાજો | ખરેખર વસૂલાત | અંદાજપત્રીય અંદાજો | ખરેખર તબદીલી | ખરેખર વસૂલાતની ટકાવારીની રીતે |
| 1 | 2 | 3 | 4 | 5 | 6= (5÷3) × 100 |
| 2017-18 | 77.35 | 63.06 | 35.00 | 48.57 | 77.02 |
| 2018-19 | 113.78 | 109.62 | 200.00 | 98.00 | 89.40 |
| 2019-20 | 75.60 | 173.33 | 63.06 | 260.00 | 150.00 |
| 2020-21 | 183.84 | 145.97 | 78.62 | 78.62 | 53.86 |
| 2021-22 | 211.42 | 138.15 | 173.32 | 173.32 | 125.46 |
| 2022-23 | 250.00 | 123.27 | 145.95 | 108.00 | 87.61 |
| 2023-24 | 125.00 | 136.20 | 138.14 | 176.08 | 129.28 |
| કુલ | 1,359.21 | 1,223.90 | 974.59 | 1,065.47 | 87.06 |

સ્રોત: સંબંધિત વર્ષોના અંદાજપત્રીય અંદાજો અને વિનિયોગ હિસાબો.

## 2.7 જાહેર જવાબદારીઓનું વ્યવસ્થાપન

જાહેર જવાબદારીઓનું વ્યવસ્થાપન એ આવશ્યક ભંડોળની રકમ ઉભી કરવા માટેની સરકારની જવાબદારીઓના વ્યવસ્થાપન માટેની વ્યુહરચનાની સ્થાપના અને અમલીકરણ, તેના જોખમો અને ખર્ચના હેતુઓ હાંસલ કરવા અને અન્ય કોઇ પણ વાર્ષિક અંદાજપત્રીય જાહેરાતો દ્વારા નિયત કરવામાં આવેલા કોઇ પણ અન્ય સ્વાયત્ત ઋણ વ્યવસ્થાપનના લક્ષ્યો પૂર્ણ કરવા માટેની પ્રક્રિયા છે.

વર્ષ 2019-20 થી 2023-24 માટે રાજ્યની કુલ જવાબદારીઓ તેની રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની સામે ટકાવારી સાથે **આલેખ 2.14** માં દર્શાવી છે.

**આલેખ 2.14: બાકી જાહેર જવાબદારીઓનું વલણ**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

સ્રોત (રાજ્યના અકંદર ઘરેલુ ઉત્પાદનના આંકડા): ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળનું નિવેદન (2023-24 નું અંદાજપત્રીય પ્રકાશન નં. 30).

# ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણાપંચ, વગેરે દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ વિશેષ વ્યવસ્થા હેઠળના ઋણને રાજ્યના દેવા/ઋણ તરીકે ગણવામાં આવશે નહી. તેથી 2020-21 માં મળેલા ₹ 9,222 કરોડ અને 2021-22માં મળેલા ₹ 13,040 કરોડના માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં લીધેલ એક પછી એક લોનને રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનની સામે બાકી જાહેર જવાબદારીઓની ટકાવારી ની ગણતરી માટે ગણવામાં આવ્યુ નથી.

* ₹ 6.22 કરોડના પ્રોફોર્મા સુધારાના કારણે રકમનો પાછલા વર્ષ સાથે મેળ થતો નથી.

## 2.7.1 જવાબદારીની રૂપરેખા: ઘટકો

રાજ્ય સરકારની કુલ જવાબદારીઓ સામાન્ય રીતે રાજ્યનું આંતરિક ઋણ[21], કેન્દ્ર સરકાર તરફથી લોન અને પેશગીઓ અને જાહેર હિસાબની જવાબદારીઓથી રચાયેલું હોય છે. છેલ્લા પાંચ વર્ષ (2019-24) દરમિયાન રાજ્યના ઘટક-વાર જવાબદારીઓના વલણો **કોઠા 2.36** માં રજૂ કર્યા છે.

**કોઠો 2.36: 2019-24 દરમિયાન જવાબદારીનું ઘટક-વાર વલણ**

(₹ કરોડમાં)

| | | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|---|
| કુલ બાકી જવાબદારી | | 3,15,456 | 3,57,892[22] | 3,80,798[22] | 4,12,372[22] | 4,36,907[22] |
| જાહેર ઋણ | આંતરિક ઋણ. | 2,59,662 | 2,90,030 | 2,99,801 | 3,25,267[23] | 3,35,209 |
| | ભારત સરકાર તરફથી લોન | 7,433 | 17,999 | 30,756 | 35,458 | 39,772 |
| જાહેર હિસાબની જવાબદારીઓ | | 48,361 | 49,863 | 50,241 | 51,647 | 61,926 |

21 બજાર લોન, ભારતીય રિઝર્વ બેંક પાસેથી સાધનોપાય પેશગીઓ, રાષ્ટ્રીય નાની બચત ભંડોળને આપેલી વિશેષ જામીનગીરીઓ અને નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન વગેરે.

22 આનો આલેખ 1.6 માં દર્શાવેલ કુલ બાકી જવાબદારીઓ સાથે મેળ થતો નથી કારણ કે અહીંનો આંકડો GST વળતરમાં ઘટાડાના બદલામાં પ્રાપ્ત થયેલી એક પછી એક લોનનો સમાવેશ કરે છે. (2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડ).

23 ગયા વર્ષના અહેવાલના આંકડામાં ફેરફાર પ્રોફોર્મા કરેક્શનને કારણે છે.

| | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| અંદાજપત્ર બહારનું ઋણ[24] | 0 | 0 | 0 | 0 | 0 |
| કુલ બાકી જવાબદારીની વૃધ્ધિનો દર (ટકા) | 10.36 | 13.45 | 6.40 | 8.29 | 5.95 |
| GSDP | 16,17,143 | 16,16,106 | 19,28,683 | 22,30,609 | 24,64,300 |
| જવાબદારી/GSDP (ટકા) | 19.51 | 21.57[25] | 18.59[25] | 17.49[25] | 16.83[25] |
| વ્યાજની ચૂકવણી | 22,449 | 24,203 | 25,188 | 25,354 | 27,176 |
| વ્યાજની ચૂકવણીનું ભારણ (IP/RR) (ટકા) | 15.72 | 18.89 | 15.10 | 12.71 | 12.20 |
| કુલ આવક (જાહેર ઋણ + જાહેર હિસાબની જવાબદારીઓ) | 1,02,300 | 1,23,325 | 1,08,894 | 1,17,751 | 1,18,121 |
| કુલ પરતચૂકવણી (જાહેર ઋણ+જાહેર હિસાબની જવાબદારીઓ) | 72,689 | 80,888 | 85,984 | 86,171 | 93,586 |
| **ચોખ્ખું ઉપલબ્ધ ભંડોળ** | **29,611** | **42,437** | **22,910** | **31,580** | **24,535** |
| **પરત ચૂકવણી/આવક (ટકા)** | **71.05** | **65.59** | **78.96** | **73.18** | **79.23** |

સ્રોત સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**કોઠા 2.36** દર્શાવે છે કે રાજ્ય સરકારની કૂલ બાકી જવાબદારીઓ 2022-23 માં ₹ 4,12,372 કરોડ હતી તે વધીને 2023-24 માં ₹ 4,36,907 કરોડ થઇ હતી. 2023-24 દરમિયાન ₹ 24,535 કરોડનો ચોખ્ખો વધારો મુખ્યત્વે બજાર લોનમાં ₹ 11,948.54 કરોડ જેટલા ચોખ્ખા વધારાના કારણે થયો હતો.

2023-24 દરમિયાન રાજ્ય સરકારની વાસ્તવિક કુલ જવાબદારીઓ, જો કે, માલ અને સેવા કરના વળતરમાં ઘટાડા ના કારણે 2020-21 અને 2021-22 માં ભારત સરકાર તરફથી મળેલી અનુક્રમે ₹ 9,222 કરોડ અને ₹ 13,040 કરોડની એક પછી એક લોન બાદ કર્યા પછી ₹ 4,14,645 કરોડ હતી. રાજ્યના સકલ  ઘરેલુ ઉત્પાદન ની સામે જવાબદારીનો ગુણોત્તર છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સૌથી નીચે 16.83 ટકા રહ્યો હતો.

માર્ચ 2023 અને માર્ચ 2024 ના અંતે રાજ્ય સરકારની બાકી જવાબદારીઓ અથવા રાજકોષીય જવાબદારીઓનું ઘટક મુજબ વિભાજન અનુક્રમે **આલેખ 2.15** અને **આલેખ 2.16** માં દર્શાવ્યા છે.

[24] નાણા વિભાગે જણાવ્યું હતું કે 2019-24 દરમિયાન બજેટ બહાર કોઈ ઉધાર લેવામાં આવ્યું ન હતું.

[25] ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણા પંચ વગેરે દ્વારા નિર્ધારિત કોઈપણ ધોરણો માટે વિશેષ વ્યવસ્થા હેઠળના ઉધારને રાજ્યનું દેવું ગણવામાં આવશે નહીં. તેથી, 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડના જી.એસ.ટી. ના  વળતરમાં ખાધના બદલામાં મળેલી એક પછી એક લોનને રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનસામે કુલ જાહેર દેવાની ટકાવારીની ગણતરી માટે ધ્યાનમાં લેવામાં આવી નથી. 2022-23 દરમિયાન જી.એસ.ટી. ના વળતરમાં ખાધના બદલામાં કોઈ એક પછી એક લોન પ્રાપ્ત થઈ નથી.

**આલેખ 2.15: 31-03-2023 ના રોજ બાકી જવાબદારીઓના ઘટકો (₹ કરોડમાં)**




બાકી જવાબદારીઓ ₹ 4,12,372 કરોડ

**આલેખ 2.16: 31-03-2024 ના રોજ બાકી જવાબદારીઓના ઘટકો (₹ કરોડમાં)**




બાકી જવાબદારીઓ ₹ 4,36,907 કરોડ

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરના આલેખ દર્શાવે છે કે રાજ્ય સરકારનું આંતરિક ઋણ 2022-23 અને 2023-24 દરમિયાન રાજ્ય સરકારની કુલ બાકી જવાબદારીઓના અનુક્રમે 79 ટકા અને 77 ટકા જેટલી હતી. આંતરિક ઋણ પ્રાથમિક રીતે રાજ્યના વિકાસ લોન જારી કરીને મેળવેલું બજારનું ઋણ છે.

નીચેનો **આલેખ 2.17** 2019-24 દરમિયાન રાજ્ય સરકારના આંતરિક ઋણનું (આવક અને ચૂકવણી) વલણ દર્શાવે છે.

**આલેખ 2.17: 2019-24 દરમિયાન લીધેલા આંતરિક ઋણ સામે પરત ચૂકવેલ**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

## રાજકોષીય ખાધના ઘટકો અને તેની નાણાકીય ભાત

**કોઠા 2.37** 2019-24 દરમિયાન રાજકોષીય ખાધ ની નાણાકીય ભાત દર્શાવે છે અને 2023-24 દરમિયાન રાજકોષીય ખાધ નું ધિરાણ જળ પ્રવાહ આલેખ (**આલેખ 2.18**) માં અભિવ્યક્ત થાય છે.

### કોઠો 2.37: રાજકોષીય ખાધના ઘટકો અને તેની નાણાકીય ભાત

(₹ કરોડમાં)

| વિગતો | | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|---|
| રાજકોષીય ખાધ (-)/પુરાંત (+) | | (-)24,581 | (-)40,438 | (-)22,692 | (-)16,846 | (-)23,493 |
| નાણાકીય ખાધ/રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદન (ટકા) | | (-)1.52 | (-)2.50 | (-)1.18 | (-)0.76 | (-)0.95 |
| **રાજકોષીય ખાધ/પુરાંત ના ઘટકો** | | | | | | |
| 1 | મહેસૂલી ખાધ *(-)/*પુરાંત (+) | 1,945 | (-)22,548 | 6,409 | 19,865 | 33,477 |
| 2 | ચોખ્ખો મૂડી ખર્ચ | (-)25,544 | (-)16,813 | (-)28,185 | (-)35,499 | 55,679 |
| 3 | ચોખ્ખી લોન અને પેશગીઓ | (-)982 | (-)1,077 | (-)916 | (-)1,212 | (-)1,291 |
| **રાજકોષીય ખાધની નાણાકીય ભાત** * | | | | | | |
| 1 | બજારમાંથી ઉધાર | 28,600 | 33,280 | 13,554 | 28,300 | 11,948 |
| 2 | NSSF ને જારી કરેલી વિશેષ બાંયધરી | (-)3,629 | (-)3,630 | (-)3,629 | (-)3,629 | (-)3,629 |
| 3 | નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન | 1,816 | 718 | (-)150 | 801 | 1,623 |
| 4 | ભારત સરકાર તરફથી લોન | 3 | 10,566 | 12,757 | 4,702 | 4,314 |
| 5 | નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે | (-)7 | (-)155 | (-)266 | (-)186 | 26 |
| 6 | થાપણો અને પેશગીઓ | 2,467 | 2,356 | (-)63 | 413 | 9,330 |
| 7 | ઉચ્ચક અને પ્રકીર્ણ | (-)1,663 | (-)1,161 | 2,462 | (-)2,677 | (-)1,775 |
| 8 | ભરણાં | 100 | 130 | 94 | 15 | 352 |
| 9 | અનામત ભંડોળ | 1,329 | (-)8,849 | 2,761 | 3,983 | 3,724 |
| 10 | આકસ્મિક નિધિ | 0 | 0 | 0 | (-)20 | 20 |
| **કુલ** | | **29,016** | **33,255** | **27,520** | **31,702** | **25,933** |
| રોકડ સિલકમાં વધારો (-)/ઘટાડો(+) | | (-)4,435 | (+)7,183 | (-)4,828 | (-)14,856 | (-)2,440 |

* તમામ આંકડા વર્ષ દરમિયાન ચૂકવણીની જાવક બાદના છે.
નકારાત્મક (-) આંકડા દર્શાવે છે કે સંબંધિત ઘટક હેઠળ આવક કરતાં જાવક વધારે હતી.

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

### આલેખ 2.18: જળ પ્રવાહ આલેખ દ્વારા રાજકોષીય ખાધ માટે ધિરાણની અભિવ્યક્તિ (₹ કરોડમાં)




સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

વર્ષ દરમિયાન રાજકોષીય ખાધની નાણાકીય ભાત (ચૂકવણી/જાવક બાદની) **કોઠા 2.38** માં દર્શાવી છે.

**કોઠો 2.38: 2023-24 દરમિયાન રાજકોષીય ખાધને ધિરાણના ઘટકોની આવક અને ચૂકવણીઓ**

(₹ કરોડમાં)

| | વિગતો | આવક | ચૂકવણી | ચોખ્ખું મૂલ્ય |
|---|---|---|---|---|
| 1 | બજારનું ઋણ | 30,500 | 18,552 | 11,948 |
| 2 | NSSF ને આપેલી વિશેષ જામીનગીરીઓ | 0 | 3,629 | (-)3,629 |
| 3 | નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન | 4,402 | 2,779 | 1,623 |
| 4 | ભારત સરકાર તરફથી લોન | 5,490 | 1,176 | 4,314 |
| 5 | નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે | 1,979 | 1,953 | 26 |
| 6 | થાપણો અને પેશગીઓ | 70,600 | 61,270 | 9,330 |
| 7 | ઉચ્ચક અને પ્રકીર્ણ | 41,391 | 43,166 | (-)1,775 |
| 8 | ભરણાં | 27,698 | 27,346 | 352 |
| 9 | અનામત ભંડોળ | 5,150 | 1,426 | 3,724 |
| 10 | આકસ્મિક નિધિ | 20 | 0 | 20 |
| **11** | **એકંદર ખાધ** | **1,87,230** | **1,61,297** | **25,933** |
| 12 | રોકડ સિલકમાં વધારો (-)/ઘટાડો (+) | 14,96,872 | 14,99,312 | (-)2,440 |
| **13** | **કુલ રાજકોષીય ખાધ** | **16,84,102** | **16,60,609** | **23,493** |

સ્રોત: વર્ષ 2023-24 માટેના નાણાકીય હિસાબો.

## 2.7.2 ઋણની રૂપરેખા: પક્વતા અને પરત ચૂકવણી

ઋણના પાકવાની અને પરત ચૂકવણીની રૂપરેખા ઋણની પરત ચૂકવણી અથવા ઋણને પાછા આપવા માટે સરકારના પક્ષે પ્રતિબધ્ધતા દર્શાવે છે.

જાહેર ઋણમાં આંતરિક ઋણ, અને ભારત સરકાર પાસેથી મળેલી લોન અને પેશગીઓનો સમાવેશ થાય છે. જેમાં ₹ 3,35,209 કરોડનું આંતરિક ઋણ અને ₹ 39,772 કરોડના મૂલ્યની ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ સામેલ છે એવા ₹ 3,74,981 કરોડના બાકી જાહેર ઋણની વર્ષ 2023-24 માટેના નાણાકીય હિસાબોના પત્રક નં.17 મુજબની પક્વતાની રૂપરેખા **કોઠા 2.39** માં દર્શાવ્યા મુજબ છે.

**કોઠો 2.39: જાહેર ઋણની પક્વતાની રૂપરેખા**

(₹ કરોડમાં)

| પાકવાનું વર્ષ | પક્વતાની રૂપરેખા | રકમ | | | બાકી જાહેર ઋણની પક્વતાની રૂપરેખા (% માં) |
|---|---|---|---|---|---|
| | | આંતરિક ઋણ | ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ | કુલ બાકી જાહેર ઋણ | |
| 2024-25 સુધીમાં | 0-1 વર્ષ | 28,248.54 | 958.99 | 29,207.53 | 7.79 |
| 2025-26 અને 2026-27 વચ્ચે | 2-3 વર્ષ | 73,582.92 | 1,443.72 | 75,026.64 | 20.01 |
| 2027-28 અને 2028-29 વચ્ચે | 4-5 વર્ષ | 80,291.75 | 1,573.77 | 81,865.52 | 21.83 |
| 2029-30 અને 2030-31 વચ્ચે | 6-7 વર્ષ | 84,469.86 | 1,554.50 | 86,024.36 | 22.94 |
| 2031-32 અને 2033-34 વચ્ચે | 8-10 વર્ષ | 62,155.06 | 1,312.15 | 63,467.21 | 16.93 |
| 2034-35 થી આગળ | 10 વર્ષ અને ઉપર | 6,459.71 | 1,649.10 | 8,108.81 | 2.16 |
| અન્ય[26] | | 0.93 | 31,279.35 | 31,280.28 | 8.34 |
| **કુલ** | | **3,35,208.77** | **39,771.58** | **3,74,980.35** | **100** |

સ્રોત: 2023-24 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

31 માર્ચ 2024 ના રોજ જાહેર ઋણના બાકી સ્ટોકની પક્વતાની રૂપરેખા દર્શાવે છે કે કુલ જાહેર ઋણના 89.50 ટકા (₹ 3,35,591.26 કરોડ) હવે પછીના દસ વર્ષોમાં પરત ચુકવણીપાત્ર થશે.

**આલેખ 2.19** જાહેર ઋણની પક્વતાની રૂપરેખા અને **આલેખ 2.20** આગામી વર્ષોમાં બજાર લોનની પરત ચુકવણીનું પત્રક દર્શાવે છે.

**આલેખ 2.19: જાહેર ઋણની પક્વતાની રૂપરેખા**

(₹ કરોડમાં)




સ્રોત: રાજ્ય સરકારના 2023-24 માટેના નાણાકીય હિસાબો.

[26] મહાલેખાકાર (હિસાબ અને હક) પાસે ઉપલબ્ધ નથી.

**આલેખ 2.20: બજાર લોનની પરતચૂકવણીનું પત્રક**




સ્રોત: નાણાકીય હિસાબો અને ગુજરાત સરકારના નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી.

**આલેખ 2.20** દર્શાવે છે કે ₹ 2,90,506 કરોડનું મુદ્દલ અને ₹ 1,14,642 કરોડનું વ્યાજ આવતા 10 વર્ષમાં પરત ચૂકવણી કરવા પાત્ર થશે.

## 2.8 ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ

### 2.8.1 ઋણનું ટકાઉપણું

ઋણ લેનાર, પ્રસ્તુત કિસ્સામાં રાજ્ય, વર્તમાનમાં અને ભવિષ્યમાં તેની પરત ચૂકવણી કરવાની સ્થિતિમાં હોય તો ઋણને ટકાઉ માનવામાં આવે છે એટલે કે ઋણ – રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર અનિયંત્રિત પ્રમાણમાં વધે નહીં. એ મુજબ ઋણના ટકાઉપણાના સૂચકો આવકના ચાલુ અને નિયમિત સ્રોતોમાંથી સમયસર વ્યાજની ચૂકવણી અને ઋણની પરત ચૂકવણીની તેમની ક્ષમતાની તપાસ દ્વારા ઋણ લેનારની શાખ-પાત્રતા અને તરલતાની સ્થિતિની આકારણી કરે છે.

**કોઠા 2.40** અને **આલેખ 2.21**માં 2019-20 થી 2023-24 ના સમયગાળા માટે રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે ઋણ, બાકી ઋણની વૃધ્ધિનો દર, મહેસૂલી આવકના ગુણોત્તર તરીકે વ્યાજની ચૂકવણીઓ અને રાજ્ય સરકાર પાસે ઉપલબ્ધ ચોખ્ખા ઋણના, સંદર્ભમાં મૂલ્યાંકન કરે છે.

### કોઠો 2.40: ઋણના ટકાઉપણાના સૂચકો વલણ

(₹ કરોડમાં)

| ક્રમાંક | ઋણના ટકાઉપણાના દર્શકો | Y1 (2019-20) | Y2 (2020-21) | Y3 (2021-22) | Y4 (2022-23) | Y5 (2023-24) |
|---|---|---|---|---|---|---|
| 1 | એકંદર જવાબદારીઓ અથવા એકંદર ઋણ[27] | 3,15,456 | 3,48,670 | 3,58,536 | 3,90,110 | 4,14,645 |
| 2 | એકંદર ઋણની વૃધ્ધિનો દર (ટકા) | 10.36 | 10.53 | 2.83 | 8.81 | 6.29 |
| 3 | રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદન (નામમાત્ર રીતે)) | 16,17,143 | 16,16,106 | 19,28,683 | 22,30,609 | 24,64,300 |
| 4 | નોમિનલ GSDP વૃધ્ધિ (ટકા) | 8.38 | (-)0.06 | 19.34 | 15.65 | 10.48 |
| 5 | એકંદર ઋણ/GSDP (ટકા) | 19.51 | 21.57 | 18.54 | 17.49 | 16.83 |
| 6 | તમામ પ્રકારના ઉધારીની (જાહેર હિસાબ હેઠળની જવાબદારીઓ સહિત, જો હોય તો) પક્વતા ની રૂપરેખા | 2,67,094.10 | 3,08,029.98 | 3,30,561.71 | 3,60,731.23 | 3,74,980.34 |
| 6a | 0-2 વર્ષ | 42,293.73 | 46,763.85 | 48,547.71 | 55,437.99 | 62,723.58 |
| 6b | 2-5 વર્ષ | 68,436.42 | 78,969.47 | 91,731.48 | 1,05,107.11 | 1,23,376.12 |
| 6c | 5-10 વર્ષ | 1,47,011.34 | 1,67,323.06 | 1,63,223.85 | 1,62,659.57 | 1,49,491.56 |
| 6d | 10 વર્ષથી વધુ | 9,343.26 | 5,465.55 | 4,078.47 | 10,500.58 | 8,108.80 |
| 6e. | વિગતો ઉપલબ્ધ નથી | 9.35 | 9,508.05 | 22,980.20 | 27,025.98 | 31,280.28 |
| 7 | એકંદર ઋણની સામે ઋણની પરત ચૂકવણી (ટકા) | 71.05 | 65.59 | 78.96 | 73.18 | 79.23 |
| 8 | એકંદર ઋણની ટકાવારીની રીતે ઉપલબ્ધ ચોખ્ખું ઋણ | 28.94 | 34.41 | 21.04 | 26.82 | 20.77 |
| 9 | એકંદર ઋણ પર વ્યાજની ચૂકવણી | 22,449 | 24,203 | 25,188 | 25,354 | 27,176 |
| 10 | એકંદર ઋણ પર વ્યાજનો અસરકારક દર (ટકા) | 8.02 | 7.83 | 7.65 | 7.30 | 7.43 |
| 11 | મહેસૂલી આવક (RR) | 1,42,844 | 1,28,156 | 1,66,830 | 1,99,408 | 2,22,763 |
| 12 | મહેસૂલી ખર્ચ (RE) | 1,40,899 | 1,50,704 | 1,60,421 | 1,79,543 | 1,89,286 |

[27] ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણા પંચ વગેરે દ્વારા નિર્ધારિત કોઈપણ ધોરણો માટે વિશેષ વ્યવસ્થા હેઠળના ઉધારને રાજ્યનું દેવું ગણવામાં આવશે નહીં. તેથી, 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડના જી.એસ.ટી. ના વળતરમાં ખાધના બદલામાં મળેલી એક પછી એક લોનને રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનસામે કુલ જાહેર દેવાની ટકાવારીની ગણતરી માટે ધ્યાનમાં લેવામાં આવી નથી.

| ક્રમાંક | ઋણના ટકાઉપણાના દર્શકો | Y1 (2019-20) | Y2 (2020-21) | Y3 (2021-22) | Y4 (2022-23) | Y5 (2023-24) |
|---|---|---|---|---|---|---|
| 13 | મહેસૂલી આવક પર વ્યાજની ચૂકવણી (ટકા) | 15.72 | 18.89 | 15.10 | 12.71 | 12.20 |
| 14 | મહેસૂલી ખર્ચ પર વ્યાજની ચૂકવણી (ટકા) | 15.93 | 16.06 | 15.70 | 14.12 | 14.36 |
| 15 | મહેસૂલી ખાધ/પુરાંત | 1,945.0 | (-)22,548.0 | 6,409.0 | 19,865.0 | 33,477.0 |
| 16 | પ્રાથમિક મહેસૂલી સિલક (PRB) | 24,394 | 1,655 | 31,597 | 45,219 | 60,653 |
| 17 | પ્રાથમિક સિલક (PB) | (-)2,132 | (-)16,235 | 2,496 | 8,508 | 3,683 |
| 18 | પ્રાથમિક સિલક/GSDP (ટકા) | (-)0.13 | (-)1.00 | 0.13 | 0.38 | 0.15 |
| 19 | કુલ ઋણ પર વ્યાજનો દર અને અસરકારક દર વચ્ચેનો તફાવત | 15.30 | (-)0.37 | 0.16 | 1.91 | 10.58 |
| 20 | તરલતાનું વ્યવસ્થાપન (ભારતીય રિઝર્વ બેંક પાસે ઉપલબ્ધ નાણાકીય સુવિધા સાધનોનો ઉપયોગ) (ઘણી વખત) | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| 21 | ઋણનું સ્થિરીકરણ (ક્વોન્ટમ સ્પ્રેડ + પ્રાથમિક સિલક) | (-)1,092 | (-)41,857 | 41,509 | 38,612 | 14,997 |
| 22 | ડોમર માપદંડ | | | | | |
| a | GSDP (અચલ રૂપે) | 12,65,277 | 12,41,118 | 13,65,922 | 14,75,629 | 15,50,085 |
| b | વાસ્તવિક વૃધ્ધિ (અચલ રૂપે) | 6.95 | (-)1.91 | 10.06 | 8.03 | 5.05 |
| c | સી.પી.આઇ. આધારિત ફુગાવો (ટકા) | 3.66 | 5.31 | 5.50 | 6.93 | 5.70 |
| d | વ્યાજનો અસરકારક દર | 8.02 | 7.83 | 7.65 | 7.30 | 7.43 |
| e | વ્યાજનો વાસ્તવિક અસરકારક દર (વ્યાજનો અસરકારક દર-ફુગાવો) | 4.36 | 2.52 | 2.15 | 0.37 | 1.73 |
| f | વૃધ્ધિ વ્યાજ વિભેદક (વાસ્તવિક વૃધ્ધિ-વ્યાજનો વાસ્તવિક અસરકારક દર) | 2.59 | (-)4.43 | 7.90 | 7.66 | 3.32 |

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

**આલેખ 2.21: ઋણના ટકાઉપણાના સૂચકો**




સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

**કોઠા 2.40** અને **આલેખ 2.21** માં દર્શાવેલા વિવિધ ઋણના ટકાઉપણાના સૂચકો વિશ્લેષણમાં નીચે મુજબ જોવામાં આવ્યુ હતું:

- **રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદન, પ્રાથમિક સિલકો અને વૃધ્ધિ વ્યાજના વિભેદક (GID)ની ટકાવારી તરીકે ઋણ:** 2019-2024 દરમિયાન કુલ જવાબદારીઓ-રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનના ગુણોત્તર દ્વારા માપવામાં આવતા રાજ્યના ઋણના બોજની સરેરાશ 18 ટકા થી વધુ હતી. 2019-20 ના છેલ્લા ત્રિમાસિક ગાળામાં આવેલા રોગચાળાને કારણે આર્થિક પ્રવૃત્તિઓમાં વિક્ષેપ પડ્યો હતો, જેની રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પર ઘેરી અસર થઇ હતી. રોગચાળાની ઉંડી અસરને કારણે રાજ્યે અનુભવેલા નાણાકીય તણાવને પગલે, રાજકોષીય ખાધ દ્વારા માપવામાં આવતી રાજ્યની ઉધારની જરૂરિયાતમાં પાછલા વર્ષ કરતાં 2020-21માં 64 ટકાનો જંગી વધારો નોંધાયો હતો, જેના કારણે કુલ જવાબદારીઓ-રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર 2020-21 માં 21.57 ટકાના 5 વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો જે છેલ્લા ત્રણ વર્ષમાં 20 ટકાથી નીચો રહ્યો હતો. રોગચાળા પછીના વર્ષોમાં આર્થિક સુધારો થવાથી રાજ્યનો ઋણનો બોજ ઓછો થવા લાગ્યો હતો, જે 2021-22 માં જોવામાં આવેલી નોંધપાત્ર નજીવી વૃદ્ધિ નીચી બેઝની અસર અને ત્યારબાદના બે વર્ષમાં સતત બે આંકડાની નજીવી વૃદ્ધિને આભારી છે, પ્રાથમિક સિલક અને વૃધ્ધિ વ્યાજના વિભેદક, જેને ઋણ-રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનના ગુણોત્તર માટે આપોઆપ સ્થિરતા પ્રદાન કરનાર તરીકે ઓળખવામાં આવે છે, તે 2021-2024 દરમિયાન અનુકૂળ રહ્યા હતા, તેણે એ જ સમયગાળા દરમિયાન રાજ્યના ઋણ-બોજમાં સતત ઘટાડો કરવામાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો. એકંદર જવાબદારી-રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર જે 2019-20 માં 19.51 ટકાથી વધીને 2020-21 માં 21.57 ટકા થયો હતો તે પાછલા વર્ષ કરતાં 2021-22 માં ઘટીને 18.59 ટકા, 2022-23 માં 17.49 ટકા અને 2023-24 માં 16.83 ટકા થયો હતો.

વર્ષ-વાર વિશ્લેષણ દર્શાવે છે કે પાછલા વર્ષની તુલનાએ 2019-20 માં પ્રાથમિક ખાધમાં સુધારો થયો હોવા છતાં, અનુકૂળ એવો વૃધ્ધિ વ્યાજનો વિભેદક 2019-20 માં પ્રાથમિક ખાધની અસરને ઓછી કરવામાં અસમર્થ રહ્યો હતો, જે 2019-20 માં ઋણ-રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનના ગુણોત્તરમાં એક ટકા કરતાં ઓછા નજીવા વધારામાં પરિણમ્યો હતો. 2020-21 માં, ઋણ-રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનના ગુણોત્તરમાં પાછલા વર્ષ કરતા 2.1 ટકાનો વધારો જોવા મળ્યો. સતત નકારાત્મક પ્રાથમિક સિલક જે વધુ ખરાબ થઇ અને વૃધ્ધિ વ્યાજનો વિભેદક જે પ્રતિકૂળ બન્યો તેણે 2020-21 માં ઋણ-રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનના ગુણોત્તરમાં વધારો થયો તેમાં ફાળો આપ્યો હતો. 2021-2024 દરમિયાન, પ્રાથમિક સિલક અને વૃધ્ધિ વ્યાજ વિભેદક બંને સતત હકારાત્મક ક્ષેત્રમાં રહ્યા, જેના કારણે રાજ્યને રાજકોષીય ગોઠવણ વિના ઋણ-બોજ ઘટાડવામાં મદદ મળી, જે એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે રાજ્ય આ જ સમયગાળા દરમિયાન મહેસૂલી પુરાંત ઉભી કરવામાં સક્ષમ રહ્યું છે. 2019-24 દરમિયાન સરેરાશ વાસ્તવિક વિકાસ દર સરેરાશ ફુગાવાના દર કરતા વધારે હોવાનો અર્થ એ થાય છે કે રાજ્ય ફુગાવા દ્વારા નહીં પણ આર્થિક વિકાસ દ્વારા તેના ઋણ-રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનના ગુણોત્તરને ઘટાડવામાં સક્ષમ હતું.

ડોમર માપદંડ મુજબ, વાસ્તવિક વૃદ્ધિ વાસ્તવિક વ્યાજ દર કરતા વધારે રહી હતી, જેથી રોગચાળાના વર્ષ (2020-21) સિવાય, 2019-24 દરમિયાન વૃધ્ધિ વ્યાજના વિભેદક અનુકૂળ રહેવામાં મદદ મળી, જેણે રાજ્યને ઉધારનો ખર્ચ વસૂલ કરવા માટે સક્ષમ બનાવ્યું.

- **મહેસૂલ પ્રાપ્તિ અને મહેસૂલ ખર્ચના ટકાવારી તરીકે વ્યાજ ચુકવણી**: 2020-21 સિવાયના પાંચ વર્ષમાં મહેસૂલી આવકની ટકાવારી તરીકે એકંદર ઋણ પર વ્યાજની ચુકવણી ઘટી રહી છે. મહેસૂલી ખર્ચની ટકાવારી તરીકે, તે 2020-23 ના સમયગાળા દરમિયાન ઘટી રહી છે અને 2023-24 દરમિયાન થોડો વધારો દર્શાવ્યો હતો છે. એકંદરે, આ ટકાઉ ઋણની ગતિ દર્શાવે છે.

- **ઋણની પરિપક્વતાની રૂપરેખા:** રાજ્યના ઋણની પરિપક્વતાની રૂપરેખા દર્શાવે છે કે 31 માર્ચ 2024 સુધીમાં કુલ ઋણ ના 50.37 ટકા (₹ 1,88,880 કરોડ) પાંચ વર્ષથી વધુ સમય પછી ચૂકવવાપાત્ર છે, જે ઋણની લાંબી મર્યાદા દર્શાવે છે, જેનાથી આગામી ટૂંકા અને મધ્યમ ગાળામાં રોલ-ઓવરનું જોખમ મર્યાદિત થાય છે.

- **તરલતાનું વ્યવસ્થાપન**: 2019-24 દરમિયાન રાજ્ય સરકારે કોઈ પણ રીતે પેશગી અને ઓવર-ડ્રાફ્ટ સુવિધાનો ઉપયોગ કર્યો ન હતો. આ સારી તરલતા અને નાણાકીય વ્યવસ્થાપન દર્શાવે છે.

મધ્યમ ગાળાના રાજકોષીય નીતિ વિષયક નિવેદનમાં નિર્ધારિત લક્ષ્યાંકો ની સામે સિધ્ધિઓની વિગતો **કોઠા 2.41** માં દર્શાવી છે.

**કોઠો 2.41: નિર્ધારિત લક્ષ્યાંકોની સામે સિદ્ધિઓ.**

| રાજકોષીય માપદંડો | | MTFPS માં નિર્ધારિત લક્ષ્યાંકોની સામે સિધ્ધિઓ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
| મહેસૂલી ખાધ (-) / પુરાંત (+) (રૂપિયા કરોડમાં) | લક્ષ્યાંક | 0.17 | 0.04 | 0.06 | 0.05 | 0.35 |
| | સિદ્ધિ | 0.12 | (-)1.40 | 0.33 | 0.89 | 1.36 |
| GSDP ની ટકાવારીની રીતે રાજકોષીય ખાધ (-) | લક્ષ્યાંક | (-)1.84 | (-)1.78 | (-)1.63 | (-)1.64 | (-)1.75 |
| | સિદ્ધિ | (-)1.52 | (-)2.50 | (-)1.18 | (-)0.76 | (-)0.95 |
| GSDP ની સામે કુલ જાહેર ઋણનો ગુણોત્તર (ટકામાં)[28] | લક્ષ્યાંક | 15.69 | 15.72 | 17.40 | 15.88 | 14.88 |
| | સિદ્ધિ | 16.52 | 18.50 | 15.98 | 15.17 | 14.31 |

સ્રોત: સંબંધિત વર્ષો માટે ગુજરાત માટેનું મધ્યમ ગાળાનું રાજકોષીય નીતિવિષયક નિવેદન અને જાહેરાતો.

રાજ્ય સરકાર 2020-21 (એટલે કે કોવિડ મહામારી દરમિયાન) સિવાય 2019-24ના સમયગાળામાં રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે મહેસૂલી ખાધ, રાજકોષીય ખાધ અને જાહેર ઋણના લક્ષ્યાંકોને પૂર્ણ કરવા માટે સક્ષમ હતી.

## 2.8.2 ઉછીના લીધેલા ભંડોળનો ઉપયોગ

ઉછીના લીધેલા ભંડોળનો ઉપયોગ આદર્શ રીતે મૂડીના સર્જન અને વિકાસકીય પ્રવૃત્તિઓ માટે નાણા પુરા પાડવા થવો જોઇએ. ઉછીના લીધેલા ભંડોળનો ચાલુ વપરાશ અને બાકી લોનના વ્યાજની પરત ચુકવણી માટે ઉપયોગ ટકાઉ નથી.

**કોઠો 2.42: ઉછીના લીધેલા ભંડોળનો ઉપયોગ**

(₹ કરોડમાં)

| ક્રમાંક | વર્ષ | | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|---|---|
| 1. | કુલ ઉધાર (જાહેર ઋણની આવક ) | 1 | 43,491 | 58,857 | 46,968[29] | 52,333 | 40,392 |
| 2. | કુલ ઉધાર પર મુદ્દલની પરત ચૂકવણી | 2 | 16,702 | 17,922 | 24,436 | 22,159 | 26,136 |
| 3. | ચોખ્ખો મૂડી ખર્ચ | 3 | 25,544 | 16,813 | 28,185 | 35,499 | 55,679 |
| 4. | ચોખ્ખી લોન અને પેશગીઓ | 4 | 982 | 1,078 | 916 | 1,212 | 1,291 |

[28] ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણા પંચ વગેરે દ્વારા નિર્ધારિત કોઈપણ ધોરણો માટે વિશેષ વ્યવસ્થા હેઠળના ઉધારને રાજ્યનું દેવું ગણવામાં આવશે નહીં. તેથી, 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડના જી.એસ.ટી. ના વળતરમાં ખાધના બદલામાં મળેલી એક પછી એક લોનને રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદન સામે કુલ જાહેર દેવાની ટકાવારીની ગણતરી માટે ધ્યાનમાં લેવામાં આવી નથી. 2022-23 દરમિયાન જી.એસ.ટી. ના વળતરમાં ખાધના બદલામાં કોઈ એક પછી એક લોન પ્રાપ્ત થઈ નથી.

[29] અહીં 'જાહેર ઋણની આવક' ના આંકડાનો કોષ્ટક 2.15 અને કોષ્ટક 2.42 માં આપેલા આંકડાઓ સાથે મેળ ખાતો નથી કારણ કે તેમાં ₹ 1.00 કરોડનો મીંડાવવાના કારણે તફાવત છે.

| ક્રમાંક | વર્ષ | | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|---|---|
| 5. | **મહેસૂલી ખર્ચને પહોંચી વળવા માટે કુલ ઉધારીનો ઉપલબ્ધ હિસ્સો** | 5 = 1-2-3-4 | 263 | 23,044 | (-)6,569 | (-)6,537 | (-)42,714 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

2019-20 દરમિયાન, રાજ્ય સરકાર પાસે મહેસૂલી હિસાબમાં ₹ 263 કરોડનું ઉધાર લીધેલા ભંડોળની પુરાંત અને ₹ 1,945 કરોડની પુરાંત પણ હતી જે સૂચવે છે કે તે ઉધાર લીધેલા ભંડોળનો ઉપયોગ કર્યા વિના જાહેર હિસાબની પુરાંતમાંથી તેનો ચાલુ ખર્ચ પુરો પાડી શકે એમ હતું. આમ છતાં, 2020-21 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 22,548 કરોડની મહેસૂલી ખાધ નોંધાવી હતી જે ₹ 23,044 કરોડના ઉધાર લીધેલા ભંડોળમાંથી ભરપાઇ કરવામાં આવી હતી. ફરીથી, રાજ્ય 2021-22 થી મહેસૂલી પુરાંતવાળુ બન્યું, જેના કારણે રાજ્ય સરકારને મૂડી ખર્ચ માટે વધુ નાણાકીય જગ્યા મળી.

## 2.8.3 બાંયધરીઓની સ્થિતિ – આકસ્મિક જવાબદારીઓ

બાંયધરીઓ રાજ્ય સરકાર દ્વારા જેના માટે બાંયધરીઓ આપવામાં આવી હોય એવા ઉધાર લેનારા કસૂરદારોના કિસ્સાઓમાં રાજ્યના એકત્રિત નિધિ પર બોજારૂપ જવાબદારીઓ છે. નાણાકીય હિસાબોનું પત્રક નં. 20 રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓની વિગતો આપે છે. મહત્તમ રકમ જેના માટે રાજ્ય સરકાર દ્વારા બાંયધરીઓ આપવામાં આવી અને છેલ્લા પાંચ વર્ષ માટે બાકી બાંયધરીઓ **કોઠા 2.43** માં આપવામાં આવી છે.

**કોઠો 2.43: ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓ**

**(₹ કરોડમાં)**

| બાંયધરીઓ | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963 હેઠળ સરકારની બાંયધરીઓ પર ટોચ મર્યાદા | 20,000 | 20,000 | 20,000 | 20,000 | 20,000 |
| બાંયધરીની મહત્તમ રકમ | 11,747 | 11,751 | 10,757 | 9,951 | 9,541 |
| બાંયધરીની બાકી રકમ | 4,462 | 3,656 | 3,089* | 1,473 | 1,463 |
| મહેસૂલી આવકની સામે બાકી રકમની ટકાવારી | 3.12 | 2.85 | 1.85 | 0.74 | 0.66 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

*પાછલા વર્ષથી ફેરફાર પ્રોફોર્મા સુધારાના કારણે હતો.

ગુજરાત રાજ્ય બાયંધરી અધિનિયમ, 1963 બાકી બાયંધરીઓને ₹ 20,000 કરોડની મર્યાદામાં બાંધી રાખવાનું નિયત કરે છે. 2023-24 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 10 કરોડની બાંયધરીઓ મુક્ત કરી હતી. કુલ ₹ 1,463 કરોડની બાકી બાયંધરીઓ પૈકી 24 ટકા (₹ 345 કરોડ) સરદાર ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની બાબતમાં હતી અને 19 ટકા (₹ 273 કરોડ) વડોદરા મહાનગરપાલિકા બાબતમાં અને 15 ટકા (222 કરોડ) ગુજરાત પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા

બોર્ડ બાબતમાં હતી. બાકી બાયંધરીઓ (₹ 1,463 કરોડ) રાજ્ય સરકારની કુલ મહેસૂલી આવકના (₹ 2,22,763 કરોડ) 0.66 ટકા થતી હતી. ₹ 1,463 કરોડની બાકી બાંયધરીઓ ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિયત કરવામાં આવેલી ₹ 20,000 કરોડની મર્યાદાની ઘણી અંદર હતી.

2023-24 દરમિયાન, ₹ 1.80 કરોડના અંદાજપત્રીય અંદાજોની સામે રાજ્ય સ્તરની સંસ્થાઓ પાસેથી માત્ર ₹ 20 જેટલી બાયંધરી ફી રાજ્ય સરકારને મળી હતી. ઉપરાંત, 2023-24 દરમિયાન બાયંધરીઓ વટાવવાના હિસાબે રાજ્ય સરકાર દ્વારા કોઇ રકમ ચૂકવવામા આવી ન હતી.

## 2.8.4 રોકડ સિલકોનું વ્યવસ્થાપન

01 એપ્રિલ 2023 અને 31 માર્ચ 2024 ની સ્થિતિએ ગુજરાત સરકાર પાસે ખૂલતી અને બંધ રોકડ સિલકોની વિગતો **આલેખ 2.22** માં દર્શાવી છે.

**આલેખ 2.22: નાણાકીય વર્ષ 2023-24 ની ખૂલતી અને બંધ રોકડ સિલકો**

(₹ કરોડમાં)




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ભારતીય રિઝર્વ બેંક સાથેના કરાર મુજબ, રાજ્ય સરકારે બેંકમાં ₹ 2.80 કરોડની લઘુત્તમ દૈનિક રોકડ સિલક જાળવવાની હોય છે. થયેલા કરાર મુજબ જો સિલક લઘુત્તમથી કોઇ પણ દિવસે ઓછી થાય તો વખતોવખત સામાન્ય સાધનોપાય પેશગીઓ/વિશેષ સાધનોપાય પેશગીઓ/ઓવરડ્રાફ્ટ લઇને તે ઘટ પૂરી કરવામાં આવે છે. રાજ્ય સરકારને મળવાપાત્ર સામાન્ય સાધનોપાય પેશગીઓ માટેની મર્યાદા 2023-24 માટે ₹ 2,518.00 જેટલી નિયત કરવામાં આવી હતી.

રાજ્ય સરકારે 2023-24 દરમિયાન ભારતીય રિઝર્વ બેંકમાં લઘુત્તમ દૈનિક રોકડ સિલક જાળવી હતી અને કોઇ સાધનોપાય પેશગી/વિશેષ સાધનોપાય પેશગી/ઓવરડ્રાફ્ટ લીધા ન હતાં.

### 2.8.4.1 રોકડ સિલકોનું રોકાણ

રોકડ સિલકો અને 2023-24 દરમિયાન રોકડ સિલકોમાંથી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા રોકાણની વિગતો **કોઠા 2.44** માં દર્શાવી છે.

**કોઠો 2.44: રોકડ સિલકો અને રોકડ સિલકોનું રોકાણ**

(₹ કરોડમાં)

| રોકડ સિલક અને રોકડ સિલકનુ મૂડીરોકાણ | 01-04-2023 ના રોજ ખૂલતી સિલક | 31-03-2024 ના રોજ બંધ સિલક | વધારો (+)/ ઘટાડો (-) |
|---|---|---|---|
| (A) સામાન્ય રોકડ સિલક | | | |
| તિજોરીમાં રોકડ | 0.00 | 0.00 | 0.00 |
| ભારતીય રિઝર્વ બેંકમાં થાપણો | (-)271.89 | 263.95 | 535.84 |
| માર્ગમાં થાપણો– સ્થાનિક | 0.00 | 0.00 | 0.00 |
| રોકડ સિલક રોકાણ હિસાબમાં કરેલું રોકાણ (તિજોરી બિલો) | 25,422.96 | 24,524.60 | (-)898.36 |
| **કુલ (ક)** | **25,151.07** | **24,788.55** | **(-)362.52** |
| (ખ) અન્ય રોકડ સિલકો અને મૂડીરોકાણો | | | |
| વિભાગીય અધિકારીઓ એટલે કે જાહેર બાંધકામ, વન, જિલ્લા કલેક્ટરો વગેરે પાસે રોકડ | 0.83 | 1.85 | 1.02 |
| આકસ્મિક ખર્ચ માટે વિભાગીય અધિકારીઓ પાસે કાયમી પેશગીઓ | 0.30 | 0.30 | 0.00 |
| અંકિત કરેલા ભંડોળોનું મૂડીરોકાણ | 10,379.69 | 13,180.99 | 2,801.30 |
| **કુલ (ખ)** | **10,380.82** | **13,183.14** | **2,802.32** |
| **કુલ રોકડ સિલકો (ક)+ (ખ)** | **35,531.89** | **37,971.69** | **2,439.80** |
| **મેળવેલું વ્યાજ** | 941[30] | 1,785[31] | 844 |

સ્રોત: વર્ષ 2023-24 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

રાજ્ય સરકારની ચાલુ વર્ષના અંતે ₹ 37,971.69 કરોડની રોકડ સિલકે પાછલા વર્ષની તુલનાએ ₹ 2,439.80 કરોડનો (6.87 ટકા) વધારો દર્શાવ્યો હતો. ₹ 37,971.69 કરોડની રોકડ સિલકમાંથી, ₹ 24,524.60 કરોડનું રોકાણ ભારત સરકારના તિજોરી બિલોમાં કરવામાં આવ્યું હતું જેનું વર્ષ દરમિયાન ₹ 983.89 કરોડનું વ્યાજ મળ્યું હતું. વધુમાં, ₹ 13,180.99 કરોડનું રોકાણ અંકિત કરેલા ભંડોળોમાં કરવામાં આવ્યું હતું જેનું ₹ 801.30 કરોડનું વ્યાજ મળ્યુ હતું.

પાંચ વર્ષના સમયગાળા (2019-24) દરમિયાન રાજ્યના રોકડ સિલક રોકાણો નીચે આપ્યા છે.

**કોઠો 2.45: રોકડ સિલક મૂડીરોકાણ હિસાબ (મુખ્ય સદર-8673)**

(₹ કરોડમાં)

| વર્ષ | ખૂલતી સિલક | બંધ સિલક | વધારો (+)/ઘટાડો(-) | મેળવેલું વ્યાજ |
|---|---|---|---|---|
| 2019-20 | 6,895.90 | 10,347.99 | 3,452.09 | 211.33 |
| 2020-21 | 10,347.99 | 10,472.20 | 124.21 | 96.86 |
| 2021-22 | 10,472.20 | 12,828.49 | 2,356.29 | 130.57 |

30 ડૂબત નિધિ પર મેળવેલું વ્યાજ–મૂડીરોકાણની રકમ: ₹ 757 કરોડ; બાંયધરી મુક્તિ ભંડોળ પર મળેલું વ્યાજ–રોકાણ હિસાબ: ₹ 46 કરોડ; અને રોકડ સિલકો પર મળેલું વ્યાજ (તિજોરી બિલો): ₹ 138 કરોડ.

31 ડૂબત નિધિ પર મેળવેલું વ્યાજ–મૂડીરોકાણની રકમ: ₹ 758 કરોડ; બાંયધરી મુક્તિ ભંડોળ પર મળેલું વ્યાજ–રોકાણ હિસાબ: ₹ 43 કરોડ; અને રોકડ સિલકો પર મળેલું વ્યાજ (તિજોરી બિલો): ₹ 984 કરોડ.

| વર્ષ | ખૂલતી સિલક | બંધ સિલક | વધારો (+)/ઘટાડો(-) | મેળવેલું વ્યાજ |
|---|---|---|---|---|
| 2022-23 | 12,828.49 | 25,422.96 | 12,594.47 | 138.07 |
| 2023-24 | 25,422.96 | 24,524.60 | (-)898.36 | 983.89 |

સ્રોત: સંબંધિત વર્ષો માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

2019-24 દરમિયાનના રાજ્ય સરકારના રોકડ સિલક રોકાણના વલણના વિશ્લેષણમાં જોવામાં આવ્યું હતું કે 2023-24 દરમિયાન રોકાણમાં ઘટાડો થયો હતો. ચાલુ વર્ષ દરમિયાન, રોકડ સિલક રોકાણ હિસાબમાં રોકાણ (₹ 24,524.60 કરોડ), રાજ્યના વાર્ષિક અંદાજપત્રીય અંદાજોના (₹ 3,01,021.61 કરોડ) 8.15 ટકા રહ્યું હતું.

**આલેખ 2.23** 2019-24 ના સમયગાળા દરમિયાન રોકડ સિલક રોકાણ હિસાબમાં ઉપલબ્ધ સિલક અને રાજ્ય સરકાર દ્વારા બજારમાંથી લીધેલી લોનની સરખામણી રજૂ કરે છે.

**આલેખ 2.23: બજારમાંથી લીધેલી લોન સામે રોકડ સિલક રોકાણ હિસાબમાં રહેલું રોકાણ**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરના **આલેખ 2.23** માંથી જોઇ શકાય છે એ મુજબ, રાજ્ય સરકારે બજારમાંથી ₹ 30,500 કરોડ ઉભા કર્યા હતા. બીજી બાજુ, રોકડ સિલક રોકડ હિસાબમાં 31 માર્ચ 2024 ના રોજ ઉપલબાધ સિલક ₹ 24,525 કરોડ હતી. વધુમાં એવુ ધ્યાન પર આવ્યુ હતું કે વર્ષ 2023-24 દરમિયાન, બાકી બજારની લોન પર ₹ 21,305.35 કરોડ જેટલું વ્યાજ ચૂકવવામાં આવ્યુ હતું, જ્યારે રોકડ સિલક રોકડ હિસાબમાંથી કરવામાં આવેલા રોકાણ પર ₹ 983.89 કરોડનું વ્યાજ મળ્યુ હતું.

## 2.9 ઉપસંહાર

- 2023-24 દરમિયાન, મહેસૂલી આવક પાછલા વર્ષ કરતાં ₹ 23,355 કરોડ (11.71 ટકા જેટલી વધી હતી. 2023-24 દરમિયાન મહેસૂલી આવકનો નોંધપાત્ર હિસ્સો (70.89 ટકા) રાજ્યના પોતાના સંસાધનોમાંથી આવ્યો હતો, જ્યારે કેન્દ્રીય કરવેરાની તબદીલીઓ અને સહાયક અનુદાન બન્નેનો ફાળો 29.11 ટકા હતો.
- 2023-24 દરમિયાન ખરેખર મૂડી ખર્ચ 2023-24 દરમિયાનના અંદાજપત્રીય અંદાજો (મૂડી ખર્ચ માટે) ના 79 ટકા હતો.
- રાજ્ય સરકારે 2019-20 અને 2023-24 દરમિયાન આરોગ્ય અને શિક્ષણને ઉંચી રાજકોષીય પ્રાથમિકતા આપી હતી, કારણ કે 2019-20 દરમિયાન આ સદરો હેઠળના કુલ ખર્ચની સામે

શિક્ષણ સિવાય રાજ્યના ખર્ચનો ગુણોત્તર ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં ઉંચો હતો.

- રાજ્ય સરકાર મહેસૂલી ખર્ચની ટકાવારીની રીતે તેના પ્રતિબધ્ધ ખર્ચમાં સતત ઘટાડો કરી શકી હતી.

## 2.10 ભલામણો

- રાજ્ય સરકારે બંધારણમાં નિર્ધારિત સમયમર્યાદા મુજબ રાજ્ય નાણાં પંચની રચના કરવી જોઇએ. પંચે કરેલી ભલામણો પર વિચારણા કરવી જોઇએ અને રાજ્ય સરકાર દ્વારા સ્વીકારવામાં આવેલી ભલામણોનો સમયબદ્ધ રીતે અમલ કરવો જોઇએ.
- રાજ્ય સરકારે વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, સહકારી બેંકો અને સોસાયટીઓ તરફથી રોકાણ પર અપૂરતા વળતરના કારણોનું મૂલ્યાંકન કરવુ જોઇએ અને ઉપચારાત્મક પગલાં સૂચવવા જોઇએ.
- રાજ્ય સરકારે તમામ યોજનાઓ ઝડપથી પૂર્ણ કરવા માટે અસરકારક પગલાં લેવા જોઇએ કે જેથી વધારે વિલંબ વિના અપેક્ષિત લાભો લાભાર્થીઓને મળી શકે.

# પ્રકરણ III

## અંદાજપત્રીય વ્યવસ્થાપન

# પ્રકરણ III
# અંદાજપત્રીય વ્યવસ્થાપન

## 3.1 અંદાજપત્રની પ્રક્રિયા

ભારતના બંધારણની કલમ 202 ના પાલનમાં, દરેક નાણાકીય વર્ષ માટે, રાજ્યની અંદાજિત આવક અને ખર્ચનું પત્રક, જેને "વાર્ષિક નાણાકીય નિવેદન (અંદાજપત્ર)" કહેવામાં આવે છે, રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ કરવાનું હોય છે. ખર્ચના અંદાજો ખર્ચની 'બિન-મતપાત્ર (ચાર્જ્ડ)' અને 'મતપાત્ર' બાબતો[1] અલગથી દર્શાવે છે અને મહેસૂલ હિસાબ પરના ખર્ચને અન્ય ખર્ચથી અલગ પાડે છે. રાજ્ય સરકાર દ્વારા કોઇ પણ ખર્ચ કરતાં પહેલાં વિધાનસભાની મંજૂરી આવશ્યક છે.

ગુજરાત નિયમાવલી, 1983 મુજબ, જુદા જુદા વિભાગો પાસેથી અંદાજો મેળવીને વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરવાની જવાબદારી નાણા વિભાગની છે. વિભાગીય આવક અને ખર્ચના અંદાજો વિભાગોના વડાઓની સલાહ પર નિયંત્રણ અધિકારીઓ દ્વારા તૈયાર કરવામાં આવે છે અને નિર્ધારિત તારીખોયે નાણાં વિભાગને સુપરત કરવામાં આવે છે. નાણા વિભાગ અંદાજોનું એકત્રીકરણ કરે છે અને 'અનુદાન માટેની માંગણી' તરીકે ઓળખાતા વિગતવાર અંદાજો તૈયાર કરે છે. રાજ્યના અંદાજપત્રમાં **આલેખ-3.1** માં દર્શાવ્યા મુજબ નીચેના દસ્તાવેજોનો સમાવેશ થાય છે. અંદાજપત્રીય શબ્દસૂચિ **પરિશિષ્ટ – 3.1** માં આપી છે.

**આલેખ – 3.1: રાજ્યના અંદાજપત્રના દસ્તાવેજોની વિગતો**




[1] **બિન-મતપાત્ર ખર્ચ:** ખર્ચના કેટલાક વર્ગો (દા.ત. બંધારણીય અધિકારીઓના પગાર, લોનની પરત ચૂકવણી વગેરે) રાજ્યના સંચિત નિધિ પર લગાવવાના હોય છે અને વિધાનસભા દ્વારા મતને પાત્ર નથી હોતા. **મતપાત્ર ખર્ચ:** અન્ય તમામ ખર્ચ વિધાનસભા દ્વારા મતને પાત્ર હોય છે.

વર્ષ 2023-24 માટેના વિનિયોગ હિસાબો મુજબ, 2023-24 દરમિયાન વિધાનસભા દ્વારા મજૂર કરવામાં આવેલ કુલ રકમો (મૂળ અને પૂરક જોગવાઈઓ બન્ને), કરેલો ખર્ચ અને બચત નીચે **આલેખ-3.2** માં દર્શાવેલ છે.

**આલેખ – 3.2: 2023-24 માટે ગુજરાતના અંદાજપત્ર અને ખર્ચનો સારાંશ**




સ્રોત: 2023-24 ના વિનિયોગ હિસાબો.

₹ 43,154.58 કરોડની ચોખ્ખી બચત 191 અનુદાનો/વિનિયોગો પૈકી 179 માં ₹ 43,348.45 કરોડની બચતના પરિણામે થઇ હતી જે 2023-24 દરમિયાન 191 અનુદાનો/વિનિયોગોમાંથી સાત માં ₹ 193.87 કરોડની અધિક દ્વારા સરભર થઇ હતી. પાંચ અનુદાનો/વિનિયોગોના કેસમાં કોઇ બચત/અધિક થઇ ન હતી.

### 3.1.1 જેન્ડર અંદાજપત્ર (લિંગ આધારિત અંદાજપત્ર)

યુનાઇટેડ નેસન્સના એજન્ડા 2030 ના ટકાઉ વિકાસ લક્ષ્યો (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ - Sustainable Development Goals (SDGs)) ગરીબી હટાવવી, ગ્રહનુ રક્ષણ કરવુ અને તમામ લોકો સુખ અને શાંતિનો આનંદ લે તે સુનિશ્ચિત કરવા માટેની વૈશ્વિક હાકલ છે. 17 (SDGs) માંથી, ધ્યેય 5 નુ લક્ષ્ય, સ્ત્રીઓ અને છોકરીઓ સામેના તમામ પ્રકારના ભેદભાવનો અંત લાવીને જાતીય સમાનતા હાંસલ કરવી અને તમામ સ્ત્રીઓનુ સશક્તિકરણ કરવાનો છે. જાતીય સમાનતા એ માત્ર પાયાનો માનવ અધિકાર નથી પણ ટકાઉ ભવિષ્ય માટે અતિ મહત્વની છે.

રાજ્ય સરકારે જાતીય સમાનતા સહિત 17 (SDGs) ને આવરી લઇને ગુજરાત સસ્ટેનેબલ વિઝન 2030 પહેલેથીજ તૈયાર કર્યું છે. સ્ત્રીઓના સશક્તિકરણ અને જાતીય સમાનતા માટે ઇચ્છિત પરિણામ મેળવવા માટે રાજ્ય સરકાર સ્ત્રીઓ અને છોકરીયોના વિકાસ માટે ઘણી યોજનાઓનો અમલ કરી રહી છે. નાણાકીય વર્ષ 2014-15 થી, રાજ્ય સરકાર સ્ત્રી-લક્ષી નાણાકીય ફાળવણીઓનો સમાવેશ કરતા જેન્ડર અંદાજપત્ર જાહેર કરી રહી છે.

**કોઠા 3.1** છેલ્લા પાંચ વર્ષ (2019-24) દરમિયાન જેન્ડર અંદાજપત્રમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી ફાળવણી દર્શાવે છે, જ્યારે **આલેખ 3.3** એ જ સમયગાળામાં રાજ્યના કુલ અંદાજપત્ર અને રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની સામે જેન્ડર અંદાજપત્રની ટકાવારી દર્શાવે છે.

**કોઠો 3.1: 2019-24 દરમિયાન જેન્ડર અંદાજપત્ર હેઠળ ફાળવણી**

(₹ કરોડમાં)

| | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| જેન્ડર અંદાજપત્ર | 63,341.07 | 78,418.48 | 87,111.11 | 96,937.25 | 1,04,986.71 |
| કુલ અંદાજપત્ર | 2,14,271.22 | 2,28,776.39 | 2,39,389.22 | 2,74,758.01 | 3,19,379.28 |
| GSDP | 16,17,143 | 16,16,106 | 19,28,683 | 22,30,609 | 24,64,300 |

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો.

**આલેખ – 3.3: કુલ અંદાજપત્ર અને રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે જેન્ડર અંદાજપત્ર**




જોઇ શકાય છે એ મુજબ, જેન્ડર અંદાજપત્રમાં ફાળવણી 2019-20 માં ₹ 63,341.07 કરોડ હતી તે 2023-24 માં ₹ 1,04,986.71 કરોડ થઇ હતી. કુલ અંદાજપત્રની ટકાવારી રૂપે જેન્ડર અંદાજપત્રનો હિસ્સો 2019-20 માં 29.56 ટકા થી વધીને 2021-22 માં 36.39 ટકા થયો હતો પરંતુ ઘટીને 2023-24 માં 32.87 ટકા થયો હતો. એ જ રીતે, રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનમાં તેનો હિસ્સો 2019-20 માં 3.92 હતો તે વધીને 2023-24 માં 4.26 થયો હતો.

ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ હેઠળ નું જેન્ડર રીસોર્સ સેન્ટર જેન્ડર અંદાજપત્રીય દસ્તાવેજમાં જુદા જુદા વિભાગો દ્વારા અમલમાં મુકાયેલી યોજનાઓનું સંકલન કરવા માટે જવાબદાર છે. 2023-24 માટેના જેન્ડર અંદાજપત્રીય દસ્તાવેજમાં યોજનાઓને ક અને ખ શ્રેણીઓમાં વર્ગીકૃત કરી છે.

i. શ્રેણી ક – 100 ટકા મહિલા-લક્ષી યોજનાઓ

ii. શ્રેણી ખ – જોગવાઈના 30-99 ટકા મહિલા-લક્ષી ઘટક ધરાવતી યોજનાઓ

2022-23 સુધી, જેન્ડર અંદાજપત્ર શ્રેણી ક અને શ્રેણી ખ યોજનાઓની સામે ચાલુ વર્ષનો સંભવિત ખર્ચ અને પછીના વર્ષનો પ્રસ્તાવિત ખર્ચ દર્શાવતું હતું. 2023-24 થી, શ્રેણી ક અને શ્રેણી ખ યોજનાઓ હેઠળ 2021-22 નો વાસ્તવિક ખર્ચ, 2022-23 ના અંદાજપત્રીય અંદાજો અને સુધારેલા અંદાજો અને 2023-24 ના અંદાજપત્રીય અંદાજો આપવામાં આવી રહ્યા છે. જુદા જુદા વિભાગોના અંદાજપત્રીય અંદાજો સાથે જેન્ડર અંદાજપત્રની વિવિધ યોજનાઓના મેપીંગની વિગતો મહિલા

અને બાળ કલ્યાણ વિભાગ પાસેથી માગવામાં આવી હતી. જો કે, જરૂરી માહિતી ઑડિટને આપવામાં આવી ન હતી, જેના અભાવે, વાસ્તવિક ખર્ચની પુષ્ટિ કરી શકાઇ ન હતી.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગે જેન્ડર અંદાજપત્રમાં દર્શાવેલ દરેક જોગવાઈની સામે ખર્ચ પર દેખરેખ માટે પગલાં લેવા જોઇએ.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગમાં, ઑડિટે છેલ્લા ત્રણ વર્ષ (2021-24) ના જેન્ડર અંદાજપત્રમાં સમાવિષ્ટ શ્રેણી ક અને શ્રેણી ખ યોજનાઓ હેઠળ આવરી લેવાયેલા લાભાર્થીઓની વિગતો માંગી હતી. વિભાગે **કોઠા 3.2** માં દર્શાવ્યા મુજબ શ્રેણી ક અને શ્રેણી ખ માં યોજનાઓ હેઠળ કરવામાં આવેલી અંદાજપત્રીય જોગવાઈ અને કરવામાં આવેલા ખર્ચની વિગતો રજૂ કરી હતી.

**કોઠો 3.2: 2021-24 દરમિયાન વર્ગ ક અને ખ માં બે યોજનાઓ હેઠળ અંદાજપત્રીય જોગવાઈ, કરવામાં આવેલો ખર્ચ અને આવરી લેવાયેલા લાભાર્થીઓ**

**(₹ કરોડમાં)**

| વર્ષ | વર્ગ ક | | | વર્ગ ખ | | |
|---|---|---|---|---|---|---|
| | ફાળવેલું કુલ અનુદાન (યોજના મુજબ) | કરવામાં આવેલો ખરેખર ખર્ચ (યોજના મુજબ) | આવરી લેવાયેલા લાભાર્થીઓની કુલ સંખ્યા | ફાળવેલું કુલ અનુદાન (યોજના મુજબ) | કરવામાં આવેલો ખરેખર ખર્ચ (યોજના મુજબ) | આવરી લેવાયેલા લાભાર્થીઓની કુલ સંખ્યા |
| 2021-22 | 5,112.88 | 5,551.37 | વિગતો ઉપલબ્ધ નથી | 81,998.22 | 71,677.09 | વિગતો ઉપલબ્ધ નથી |
| 2022-23 | 5,690.99 | 5,663.82 | | 79,579.06 | 90,429.61 | |
| 2023-24 | 6,270.11 | 6,985.55 | | 1,04,274.28 | 1,17,396.57 | |

સ્રોત: જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા અને બાળ કલ્યાણ દ્વારા આપવામાં આવેલી માહિતી.

જેન્ડર રિસોર્સ સેન્ટરના નિયામકે જણાવ્યું હતું (સપ્ટેમ્બર 2024) કે હાલમાં વ્યક્તિગત લાભાર્થીઓની વિગતો જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા મેળવવામાં આવતી નથી અને ભવિષ્યમાં આવી માહિતી એકત્રિત કરવા માટે પધ્ધતિઓનું સંકલન કરવા માટે પ્રયાસો કરવામાં આવશે.

એ ઉલ્લેખ કરવો યોગ્ય રહેશે કે ભારત સરકાર દ્વારા જારી કરવામાં આવેલી (ઓક્ટોબર 2015) જેન્ડર અંદાજપત્ર હેન્ડબુક મુજબ યોજનાની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા માટે લાભાર્થીઓની માહિતી એકત્રિત કરવા માટે જરૂરી પધ્ધતિ સ્થાપિત કરવાનું ઇચ્છનીય છે.

### 3.1.2 વર્ષ દરમિયાન કુલ જોગવાઈઓ, ખરેખર ખર્ચ અને બચત નો સારાંશ

2023-24 દરમિયાન કુલ અંદાજપત્રીય જોગવાઈ, ચૂકવણીઓ અને બચત/અધિક તેના મતપાત્ર/બિન-મતપાત્ર બાબતોમાં આગળ વિભાજન સહિતનો સારાંશ નીચે દર્શાવ્યો છે.

**કોઠો 3.3: 2023-24 દરમિયાન અંદાજપત્રીય જોગવાઈ, ચૂકવણીઓ અને બચત/અધિક**

(₹ કરોડમાં)

| પ્રકાર | કુલ અંદાજપત્રીય જોગવાઈ | | ચૂકવણીઓ | | બચત | |
|---|---|---|---|---|---|---|
| | મતપાત્ર | બિન-મતપાત્ર | મતપાત્ર | બિન-મતપાત્ર | મતપાત્ર | બિન-મતપાત્ર |
| મહેસૂલ | 1,90,133.79 | 28,987.70 | 1,63,831.38 | 27,484.84 | 26,302.41 | 1,502.86 |
| મૂડી | 71,735.70 | 100.13 | 56,024.11 | 81.39 | 15,711.59 | 18.74 |
| લોન અને પેશગીઓ | 2,117.48 | 0 | 2,666.61 | 0 | (-)549.13 | 0 |
| જાહેર ઋણ | 0 | 26,304.48 | 0 | 26,136.37 | 0 | 168.11 |
| **કુલ** | **2,63,986.97** | **55,392.31** | **2,22,522.10** | **53,702.60** | **41,464.87** | **1,689.71** |

સ્રોત: 2023-24 ના વિનિયોગ હિસાબો.

## 3.1.3 બિન-મતપાત્ર અને મતપાત્ર ચૂકવણીઓ

છેલ્લા પાંચ વર્ષમાં (2019-24) કુલ ચૂકવણીનું બિન-મતપાત્ર અને મતપાત્ર બાબતોમાં વિભાજન નીચે દર્શાવ્યું છે.

**કોઠો 3.4: 2019-24 દરમિયાન અંદાજપત્રીય ચૂકવણીઓ અને બચત**

(₹ કરોડમાં)

| વર્ષ | ચૂકવણીઓ | | બચત | | | |
|---|---|---|---|---|---|---|
| | મતપાત્ર | બિન-મતપાત્ર | મતપાત્ર | ટકાવારી | બિન-મતપાત્ર | ટકાવારી |
| 2019-20 | 1,48,754.75 | 39,524.20 | 25,852.54 | 17.38 | 139.73 | 0.35 |
| 2020-21 | 1,57,721.70 | 42,494.12 | 28,275.04 | 17.93 | 285.53 | 0.67 |
| 2021-22 | 1,67,376.82 | 49,978.60 | 21,112.71 | 12.61 | 921.09 | 1.84 |
| 2022-23 | 1,92,254.34 | 47,862.98 | 32,508.12 | 16.91 | 2,132.57 | 4.46 |
| 2023-24 | 2,22,522.10 | 53,702.60 | 41,464.87 | 18.63 | 1,689.71 | 3.15 |

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો.

કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, મતપાત્ર અને બિન-મતપાત્ર બન્ને બાબતોમાં અંદાજપત્રીય ચૂકવણીઓ વધતી રહી છે (2022-23 દરમિયાન બિન-મતપાત્ર સિવાય). પાછલા વર્ષ કરતાં 2023-24 માં મતપાત્ર વિભાગ હેઠળ વધારાનું વલણ જોવા મળ્યું છે, જ્યારે બિન-મતપાત્ર વિભાગ માટે ચોખ્ખી બચતમાં પાછલા વર્ષ કરતાં ઘટાડો થયો હતો.

જુદા જુદા અનુદાનો હેઠળ બચત/અધિકના વિગતવાર વિશ્લેષણનો **ફકરા 3.3** માં સમાવેશ કરવામાં આવ્યો હતો.

## 3.1.4 અંદાજપત્રીય લક્ષ્યવેધ

અંદાજપત્રીય લક્ષ્યવેધ એટલે વાસ્તવિક આવક અને ખર્ચ સામે મહેસૂલ અને ખર્ચના અંદાજપત્રીય અનુમાનો વચ્ચેના સંબંધોની તપાસ કરવી. વિશ્વ બેંકનું જાહેર ખર્ચ અને નાણાકીય જવાબદારી (PEFA) એકંદર ખર્ચનું પરિણામ અને ખર્ચની રચનાના પરિણામની દ્રષ્ટિએ અંદાજપત્રની વિશ્વસનિયતાને માપે છે.

### એકંદર અંદાજપત્રનું પરિણામ

કુલ અંદાજપત્રીય ખર્ચ કુલ અંદાજપત્રીય ખર્ચ/ખરેખર ખર્ચ મૂળ મંજૂર થયેલી રકમને કેટલા પ્રમાણમાં પ્રતિબિંબિત કરે છે તે મંજૂર થયેલી કરતાં ઓછી અને મંજૂર રકમ કરતાં વધારે એમ બન્ને રીતે માપે છે.

**કોઠો 3.5: 2023-24 દરમિયાન એકંદર અંદાજપત્રીય પરિણામ**

(₹ કરોડમાં)

| વર્ણન | મૂળ મંજૂર અંદાજપત્ર (BE) | વાસ્તવિક પરિણામ | ખરેખર અને અંદાજપત્રીય અંદાજો વચ્ચે તફાવત* |
|---|---|---|---|
| મહેસૂલ | 2,02,208.29 | 1,91,316.22 | (-)10,892.07 |
| મૂડી | 98,813.32 | 84,908.48 | (-)13,904.84 |
| **કુલ** | **3,01,021.61** | **2,76,224.70** | **(-)24,796.91** |

* મૂળ જોગવાઈ કરતાં ખરેખર મૂલ્યનો વધારો (+) આંકડાથી દર્શાવ્યો છે અને મૂળ જોગવાઈ કરતાં ખરેખર મૂલ્યની ઘટ (-) આંકડાથી દર્શાવી છે.

મહેસૂલ ઘટકમાં, અંદાજપત્રીય અંદાજોની તુલનાએ પરિણામનું વિચલન (-) 5.39 ટકા હતું. આ 78 અનુદાનોમાં 0 થી ±25 ટકા વચ્ચે, 17 અનુદાનોમાં ±25 ટકાથી ±50 ટકાની વચ્ચે, ચાર અનુદાનોમાં ±50 ટકાથી ±100 ટકા વચ્ચે અને બે અનુદાનોમાં 100 ટકા જેટલા અથવા વધારે વિચલનના કારણે હતું.

મૂડી ઘટકમાં, અંદાજપત્રીય અંદાજોની તુલનાએ પરિણામનું વિચલન (-) 14.07 ટકા હતું. આ 24 અનુદાનોમાં 0 થી ±25 ટકા વચ્ચે, 17 અનુદાનોમાં ±25 ટકાથી ±50 ટકાની વચ્ચે, આઠ અનુદાનોમાં ±50 ટકાથી ±100 ટકા વચ્ચે અને 12 અનુદાનોમાં 100 ટકા જેટલા અથવા વધારે વિચલનના કારણે હતું.

### ખર્ચની રચનાનું પરિણામ

ખર્ચની રચનાનું પરિણામ અમલીકરણ દરમિયાન મુખ્ય અંદાજપત્રીય શ્રેણીઓ વચ્ચે પુનઃફાળવણીઓએ ખર્ચની રચનામાં વિસંગતિમાં કેટલા પ્રમાણમાં ફાળો આપ્યો છે તે માપે છે.

**કોઠો 3.6: 2023-24 દરમિયાન ખર્ચની રચનાનું પરિણામ**

(₹ કરોડમાં)

| વર્ણન | મૂળ મંજૂર અંદાજપત્ર (BE) | સુધારેલા અંદાજો (RE) | ખરેખર પરિણામ | અંદાજપત્રીય અંદાજો અને સુધારેલા અંદાજો વચ્ચે તફાવત | ખરેખર મૂલ્યો અને સુધારેલા અંદાજો વચ્ચે તફાવત* |
|---|---|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) | (5) | (6) |
| મહેસૂલ | 2,02,208.29 | 2,01,153.21 | 1,91,316.22 | (-)1,055.08 | (-)9,836.99 |
| મૂડી | 98,813.32 | 87,707.40 | 84,908.48 | (-)11,105.92 | (-)2,798.92 |
| **કુલ** | **3,01,021.61** | **2,88,860.61** | **2,76,224.70** | **(-)12,161.00** | **(-)12,635.91** |

* સુધારેલી જોગવાઈ કરતાં ખરેખર મૂલ્યનો વધારો (+) આંકડાથી દર્શાવ્યો છે અને સુધારેલી જોગવાઈ કરતાં ખરેખર મૂલ્યની ઘટ (-) આંકડાથી દર્શાવી છે.

મહેસૂલ ઘટકમાં, સુધારેલા અંદાજોની તુલનાએ પરિણામનું વિચલન (-) 5.15 ટકા હતું. આ 95 અનુદાનોમાં 0 થી ±25 ટકા વચ્ચે, ચાર અનુદાનોમાં ±25 ટકાથી ±50 ટકાની વચ્ચે, એક અનુદાનમાં ±50 ટકાથી ±100 ટકા વચ્ચે અને એક અનુદાનમાં 100 ટકા જેટલા અથવા વધારે વિચલનના કારણે હતું.

મૂડી ઘટકમાં, અંદાજપત્રીય અંદાજોની તુલનાએ પરિણામનું વિચલન (-) 3.19 ટકા હતું. આ 39 અનુદાનોમાં 0 થી ±25 ટકા વચ્ચે, આઠ અનુદાનોમાં ±25 ટકાથી ±50 ટકાની વચ્ચે, ચાર અનુદાનોમાં ±50 ટકાથી ±100 ટકા વચ્ચે અને છ અનુદાનોમાં 100 ટકા જેટલા અથવા વધારે વિચલનના કારણે હતું. જો કે, મૂડી ઘટકમાં ચાર અનુદાનો (અનુદાન નં. 7, 58, 75 અને 99) ની બાબતમાં સુધારેલા અંદાજના તબક્કે કોઇ જોગવાઈ કરવામાં આવી ન હતી.

## 3.2 વિનિયોગ હિસાબો

વિનિયોગ હિસાબો ભારતના બંધારણ ની કલમ 204 અને 205 હેઠળ પસાર કરવામાં આવેલા વિનિયોગ અધિનિયમને સંલગ્ન અનુસૂચિઓમાં નિર્દિષ્ટ જુદા જુદા હેતુઓ માટે મતપાત્ર અનુદાનો અને બિન-મતપાત્ર વિનિયોગોની તુલનાએ નાણાકીય વર્ષ માટે સરકારના ખર્ચની વિગતો પુરી પાડે છે. વિનિયોગ હિસાબો એકંદર ધોરણે હોય છે. આ હિસાબો મૂળ અંદાજપત્રીય જોગવાઈઓ, પૂરક અનુદાનો, બચતો, પરતસોંપણીઓ અને પુનર્વિનિયોગ સ્પષ્ટરૂપે દર્શાવે છે અને વિનિયોગ હિસાબો દ્વારા અધિકૃત થયા હોય તેની સામે જુદી જુદી નિર્દિષ્ટ સેવાઓ પરના ખરેખર મૂડી અને મહેસૂલી ખર્ચ દર્શાવે છે. વિનિયોગ હિસાબો, આથી, નાણાકીય હિસાબોના પૂરક બને છે.

નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા વિનિયોગનુ ઓડીટ એ સુનિશ્ચિત કરવા માગે છે કે જુદા જુદા અનુદાનોમાંથી ખરેખર કરવામાં આવેલો ખર્ચ વિનિયોગ અધિનિયમ હેઠળ આપવામાં આવેલી અધિકૃતતા મુજબ હતા અને એ પણ કે બંધારણની જોગવાઈઓ હેઠળ કરવામાં આવેલો ખર્ચ એ જ રીતે કરવામાં આવ્યો છે. તે એવી પણ ખાતરી કરે છે કે આ રીતે કરવામાં આવેલો ખર્ચ કાયદો, સંબંધિત નિયમો, નિયમનો અને સૂચનાઓ સાથે સુસંગત છે.

## 3.3 અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાની સંપૂર્ણતા

### 3.3.1 બિનજરૂરી પૂરક જોગવાઈ

પૂરક જોગવાઈ મૂળ અધિકૃત કુલ જોગવાઈમાં વધારા રૂપે હોય છે અને મૂળ જોગવાઈ મેળવવામાં આવે છે એ જ રીતે મેળવવામાં આવે છે.

બંધારણના કલમ 205 મુજબ, વર્ષ માટે વિનિયોગ અધિનિયમ દ્વારા કરવામાં આવેલી જોગવાઈઓ પર પૂરક અથવા વધારાનું અનુદાન ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન કરી શકાય છે પરંતુ ચાલુ નાણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ નહીં. જ્યારે આવો વધારાનો ખર્ચ અનિવાર્ય જણાય અને પુનર્વિનિયોગ દ્વારા વધારાની રકમને આવરી લેવા માટે અનુદાનની અંદર બચતની શક્યતા ન હોય ત્યારે સંબંધિત વિભાગના સચિવ પૂરક અથવા વધારાની અથવા વિનિયોગ માટે નાણા વિભાગને દરખાસ્ત કરે છે.

2023-24 દરમિયાન, સાત અનુદાનો/વિનિયોગોમાં એકંદરે ₹ 2,414.11 કરોડની પૂરક જોગવાઈ (દરેક કેસમાં ₹ 10 કરોડ અથવા વધુ) કરવામાં આવી હતી, જે બિનજરૂરી પુરવાર થઇ હતી. **કોઠા 3.7** માં આપેલી વિગતો મુજબ આ સાત કેસોમાં કરવામાં આવેલો ખર્ચ મૂળ જોગવાઈના સ્તર સુધી પણ પહોંચી શક્યો ન હતો.

**કોઠો 3.7: પૂરક જોગવાઈ (દરેક કેસમાં ₹ 10 કરોડ અથવા વધુ) બિનજરૂરી સાબિત થઇ**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | અનુદાનનું નામ અને નંબર | મૂળ જોગવાઈ | ખરેખર ખર્ચ | મૂળ જોગવાઈમાંથી ખર્ચ | બિનજરૂરી પૂરક જોગવાઈ |
|---|---|---|---|---|---|
| મહેસૂલ -મતપાત્ર | | | | | |
| 1 | 22-નાગરિક પુરવઠો | 1,474.62 | 1,352.66 | 121.96 | 152.24 |
| 2 | 70-સામૂહિક વિકાસ | 4,194.99 | 3,408.72 | 786.27 | 266.07 |
| 3 | 79-કુદરતી આફતના હિસાબે રાહત | 3,007.97 | 2,797.96 | 210.01 | 1,247.63 |
| 4 | 86-માર્ગો અને પુલો | 4,186.21 | 3,868.28 | 317.93 | 444.23 |
| 5 | 93-અનુસૂચિત જનજાતિનું કલ્યાણ | 361.90 | 343.76 | 18.14 | 10.04 |
| મૂડી – મતપાત્ર | | | | | |
| 6 | 40-પરિવાર કલ્યાણ | 354.74 | 329.49 | 25.25 | 267.37 |
| 7 | 84-બિન-રહેણાંક મકાનો | 1,177.65 | 1,168.12 | 9.53 | 26.53 |
| | **કુલ** | **14,758.08** | **13,268.99** | **1,489.09** | **2,414.11** |

સ્રોત: 2023-24 ના વિનિયોગ હિસાબો.

### 3.3.2 ભંડોળનો બિનજરૂરી પુનર્વિનિયોગ

પુનર્વિનિયોગ એ વિનિયોગના એક એકમ જેમાં બચતની ધારણા હોય તેમાંથી અનુદાનની અંદર અન્ય એકમ જેમાં અધિક ભંડોળની જરૂર લાગતી હોય તેમાં ભંડોળની તબદીલી છે. 2023-24 દરમ્યાન, 64 અનુદાન હેઠળ ₹ 11,344.01 કરોડની રકમના પુનર્વિનિયોગના હુકમો કરવામાં આવ્યા હતા. તમામ પુનર્વિનિયોગના હુકમો 31 માર્ચ 2024 ના રોજ જારી કરવામાં આવ્યા હતા.

દસ પેટા સદરોમાં, મૂળ જોગવાઈઓમાંથી ₹ 454.28 કરોડની (દરેક કેસમાં ₹ 10 લાખથી વધુ) બચત થઇ હતી. જો કે, આ 10 પેટા-સદરોમાં ₹ 675.26 કરોડનો પુનર્વિનિયોગ દ્વારા કરવામાં આવેલો વધારો બિનજરૂરી પુરવાર થયો હતો, કારણ કે **પરિશિષ્ટ-3.2** માં આપેલી વિગતો મુજબ ખર્ચ મૂળ અંદાજપત્રની જોગવાઈના સ્તર સુધી પહોંચ્યો ન હતો. બીજી બાજુ, 02 પેટા-સદરોમાં (**પરિશિષ્ટ 3.2** ના ક્રમાંક 11 અને 12), મૂળ જોગવાઈ કરતાં ₹ 1.51 કરોડનો વધારો હતો. આમ છતાં, આ બે પેટા-સદરોમાં પુનર્વિનિયોગ દ્વારા ₹ 0.35 કરોડનો જોગવાઈનો ઘટાડો અનુચિત સાબિત થયો.

આ કેસોમાં પુનર્વિનિયોગનો આશરો લેવામાં આવ્યો તે રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રીય ફાળવણી તેના ઉપયોગ પર અપૂરતું આયોજન અને દેખરેખ દર્શાવે છે.

### 3.3.3 વણવપરાયેલી જોગવાઈઓ અને પરતસોંપણી કરેલા વિનિયોગો અને/અથવા મોટી બચતો/પરતસોંપણી

#### 3.3.3.1 અંદાજપત્રીય જોગવાઈઓના ઓછા ઉપયોગના કારણે નોંધપાત્ર બચત

તમામ અંદાજ તૈયાર કરનાર અધિકારીઓએ ધારણા કરી શકાય એ મુજબની દરેક વસ્તુ અંદાજપત્રમાં પૂરી પાડવાનો પ્રયાસ કરવો જોઈએ અને જરૂરી હોય તેટલું જ પૂરું પાડવું જોઈએ. વહીવટી અને નાણાં વિભાગોએ અંદાજોની છેવટની ચકાસણી કરતી વખતે આ બાબત ધ્યાને લેવી જોઈએ.

અવાસ્તવિક દરખાસ્તો અને નબળી ખર્ચ પર દેખરેખની પદ્ધતિ પર આધારિત અંદાજપત્રીય ફાળવણી કેટલાક સદરોમાં વધુ પડતી બચત તરફ દોરી જાય છે જે અન્ય વિભાગોને તે ભંડોળથી વંચિત રાખે છે જેનો તેઓ ઉપયોગ કરી શકે.

ગુજરાત સરકારના 27 વિભાગો દ્વારા સંચાલિત અનુદાન માટે 108 માંગણીઓ હતી, જે 2023-24 દરમિયાન 191 ગ્રાન્ટ/વિનિયોગોમાં[2] પરિણમી હતી.

[2] અનુદાનઃ મહેસૂલ મતપાત્ર અને મૂડી મતપાત્ર; વિનિયોગઃ મહેસૂલ બિન-મતપાત્ર અને મૂડી બિન-મતપાત્ર.

## પરત સોંપણી બાદ બચત

વર્ષ 2023-24 દરમિયાન અનુદાનો અને વિનિયોગોના વિશ્લેષણે દર્શાવ્યું હતું કે સાત અનુદાનો હેઠળના સાત કેસોમાં, બચત (પરત સોંપણી બાદ) દરેક કેસમાં ₹ 100 કરોડથી વધારે થઇ હતી **(પરિશિષ્ટ – 3.3)**.

## સતત બચતો

વધુમાં એવું જોવામાં આવ્યું હતું કે 2021-22 થી 2023-24 દરમિયાન 21 અનુદાનો હેઠળના 22 કેસોમાં, દરેક કેસમાં સતત ₹ 100 કરોડથી અધિકની બચત થઇ હતી **(પરિશિષ્ટ – 3.4)**. વર્ષ 2023-24 દરમિયાન, આ 22 કેસોમાં ₹ 31,689.47 કરોડની બચત થઇ હતી.

### અંદાજપત્રીય ફાળવણીના ઉપયોગની ટકાવારી

2023-24 દરમિયાન કુલ બચતની સાથે અંદાજપત્રીય ફાળવણીના ઉપયોગની ટકાવારી મુજબ જૂથબધ્ધ અનુદાનો/વિનિયોગોની વિગતો **આલેખ – 3.4** માં દર્શાવી છે.

**આલેખ – 3.4: 2023-24 દરમિયાન કુલ બચતની સાથે અંદાજપત્રીય ફાળવણીના ઉપયોગની ટકાવારી મુજબ જૂથબધ્ધ અનુદાનો/વિનિયોગોની વિગતો**




સ્રોત: 2023-24 ના વિનિયોગ હિસાબો.

ઋણ આંકડા બજેટની જોગવાઈ કરતાં વધુ ખર્ચ દર્શાવે છે.

ઉપરના **આલેખ 3.4** માંથી જોઇ શકાય છે એ મુજબ, 2023-24 દરમિયાન, 151 અનુદાનો/વિનિયોગોએ અંદાજપત્રીય ફાળવણીના 50 ટકા કરતાં ઓછો વપરાશ દર્શાવ્યો હતો, જેણે 191 અનુદાનો/વિનિયોગોમાં પૈકી 179 માં એકંદર ₹ 43,348.45 કરોડની બચતમાં ₹ 30,738.05 કરોડનું યોગદાન આપ્યું હતું

## બચતની પરતસોંપણી ન કરવી

બચતને રાખી મુકવાથી કોઈ ઉદ્દેશ્ય પૂર્ણ થતો નથી, જેની આદર્શ રીતે સમયસર પરતસોંપણી કરી દેવી જોઈએ. આ કારણસર, જે ફાળવણીઓ વણવપરાયેલી રહેવાની શક્યતા હોય તે શક્ય તેટલી વહેલી તકે પરતસોંપણી માટે જણાવવી જોઈએ. જો આમ કરવામાં ન આવે તો, અન્ય ખર્ચ

કરનાર વિભાગો આવા ભંડોળથી વંચિત રહે છે જેનો તેઓ ઉપયોગ કરી શક્યા હોત અને પૂરક અનુદાન ટાળી શકાય એવી માંગણીઓ ઇચ્છનીય છે.

પરતસોંપણીઓ સામાન્ય રીતે માર્ચ મહિનામાં કરવામાં આવે છે, અને કરવામાં આવેલા ખર્ચના આંકડાઓનો કાળજીપૂર્વક અભ્યાસ અને પાછલા મહિનાના ખર્ચની પ્રગતિ પર નજર રાખવાથી નિયંત્રણ અધિકારી તેની અંતિમ જરૂરિયાતો વાજબી ચોકસાઈ સાથે નક્કી કરી શકે છે.

જ્યારે પરતસોંપણી કરવાની આવશ્યકતા દેખાય, ત્યારે નિયંત્રણ અધિકારીઓએ કાળજીપૂર્વક અંદાજ બાંધવો જોઈએ કે તેઓ કેટલી રકમની પરતસોંપણી કરી શકે છે. ઉદ્દેશ્ય એ હોવો જોઈએ કે શક્ય એટલું ખર્ચને અનુદાનની અંદર જ રાખી શકાય તેટલી પરતસોંપણી કરવી જોઇએ.

એવું ધ્યાન પર આવ્યુ હતું કે છ અનુદાનો અને બે વિનિયોગો હેઠળ ₹ 353.71 કરોડ જેટલી રકમની બચતોની પરતસોંપણી કરવામાં આવી જ ન હતી **(પરિશિષ્ટ – 3.5)**.

## 3.3.4 અધિક ખર્ચ અને તેનું નિયમિતકરણ

ભારતના બંધારણની કલમ 204 અનુસાર, રાજ્ય સરકાર દ્વારા આ કલમની જોગવાઈ અનુસાર કાયદા દ્વારા વિનિયોગ કરવામાં આવ્યો હોય એ સિવાય એકત્રિત નિધિમાંથી કોઇ નાણા ઉપાડી શકાય નહીં. વધુમાં, ભારતના બંધારણની કલમ 205 મુજબ, રાજ્ય સરકાર માટે રાજ્ય વિધાનસભા દ્વારા અનુદાનો/વિનિયોગો કરતાં અધિકનું નિયમિતકરણ કરાવવું ફરજિયાત છે. જો કે, આ કલમ હેઠળ ખર્ચના નિયમિતકરણ માટે કોઈ સમય મર્યાદા નિર્ધારિત કરવામાં આવી નથી, છતાં, જાહેર હિસાબ સમિતિ દ્વારા વિનિયોગ હિસાબોની ચર્ચા પૂર્ણ થયા પછી વધારાના ખર્ચનું નિયમિતકરણ કરવામાં આવે છે.

### 3.3.4.1 વર્ષ 2023-24 દરમિયાન અધિક ખર્ચ

વર્ષ માટેની જોગવાઈ કરતાં અધિક ખર્ચ એ વિધાનસભાની મંજૂરીની જરૂર હોય એવું જોગવાઈનું માત્ર ઉલ્લંઘન નથી પરંતુ નબળા આયોજનનું પણ પ્રતિક છે, જેને જે હેતુ માટે અંદાજપત્ર તૈયાર કરવામાં આવ્યું હોય તેના ખર્ચ પર નજર રાખીને નિવારી શકાય છે.

2023-24 દરમિયાન, સાત અનુદાનો/વિનિયોગોમાં ₹ 193.87 કરોડનો અધિક ખર્ચ થયો હતો જેને નિયમિત કરવા માટે રાજ્ય વિધાનસભાની મંજૂરી જરૂરી હતી **(કોઠો 3.8)**.

**કોઠો 3.8: 2023-24 દરમિયાન જોગવાઈ કરતાં અધિક ખર્ચ જેના માટે નિયમિતકરણ જરૂર છે**

**(₹ કરોડમાં)**

| અનુદાન નં. | અનુદાનનું નામ | કુલ અનુદાન | ખરેખર ખર્ચ | વધારાનો ખર્ચ |
|---|---|---|---|---|
| **મહેસૂલ મતપાત્ર** | | | | |
| 71 | ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ | 2,477.51 | 2,532.03 | 54.52 |
| 73 | પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગને લગતો અન્ય ખર્ચ | 1,563.18 | 1,673.65 | 110.47 |
| 85 | રહેણાંક મકાનો | 311.75 | 312.53 | 0.78 |

| અનુદાન નં. | અનુદાનનું નામ | કુલ અનુદાન | ખરેખર ખર્ચ | વધારાનો ખર્ચ |
|---|---|---|---|---|
| 101 | શહેરી આવાસન | 832.94 | 857.21 | 24.27 |
| મહેસૂલ બિન-મતપાત્ર | | | | |
| 86 | માર્ગો અને પુલો | 1.10 | 2.08 | 0.98 |
| મૂડી મતપાત્ર | | | | |
| 10 | શિક્ષણ વિભાગને લગતો અન્ય ખર્ચ | 52.39 | 52.40 | 0.01 |
| મૂડી બિન-મતપાત્ર | | | | |
| 86 | માર્ગો અને પુલો | 38.40 | 41.24 | 2.84 |
| | કુલ | 5,277.27 | 5,471.14 | 193.87 |

સ્રોત: 2023-24 ના વિનિયોગ હિસાબો.

જોગવાઈ કરતાં અધિક ખર્ચ અંદાજપત્રીય અને નાણાકીય નિયંત્રણની પ્રણાલીને નિષ્ફળ બનાવે છે.

## 3.3.4.2 કેટલાક અનુદાનોમાં સતત અધિક ખર્ચ

જાહેર હિસાબ સમિતિની અધિક ખર્ચના કેસો ઓછા કરવા માટે ભલામણ હોવા છતાં એક અનુદાનમાં સતત અધિક ધ્યાન પર આવી હતી. સતત અધિક ખર્ચ દર્શાવે છે કે વિભાગમાં અંદાજપત્રીય નિયંત્રણ બિનઅસરકારક છે અને અંદાજપત્રીય અંદાજો વાસ્તવિક ધોરણે તૈયાર કરવામાં આવ્યા ન હતા. આવા વારંવારના અધિક ખર્ચ રાજ્ય સરકારની ઇચ્છાના ઉલ્લંઘન રૂપ છે. વસ્તુતઃ, વિધાનસભાની આગોતરી મંજૂરી વિના એક રૂપિયાનો પણ ખર્ચ કરી શકાય નહી અને, આથી, આને ગંભીરતાથી લેવુ જોઇએ. સતત અધિક અંદાજપત્ર તૈયાર કરતી વખતે અયોગ્ય અંદાજોના કારણે હોઇ શકે, જે દર્શાવે છે કે વિભાગો દ્વારા અંદાજપત્રીય બિનઅસરકારક છે અને અંદાજપત્રીય અંદાજો વાસ્તવિક ધોરણે તૈયાર કરવામાં આવતા નથી.

ઑડિટે અનુદાન નં. 73 (મહેસૂલ મતપાત્ર) માં 2012-13 થી આગળ સતત અધિક જોયો હતો. છેલ્લા પાંચ વર્ષ (2019-24) દરમિયાન અંદાજપત્ર તૈયાર કરતી વખતે અયોગ્ય અંદાજોના કારણે અધિક ખર્ચની વિગતો **કોઠા 3.9** માં આપી છે.

**કોઠો 3.9: 2019-24 દરમિયાન સતત અધિક ખર્ચ**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | અનુદાન/વિનિયોગનું વર્ણન | | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | અનુદાન નં. 73 – પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગને લગતો અન્ય ખર્ચ (મહેસૂલ મતપાત્ર) | અનુદાન | 790.19 | 856.17 | 882.17 | 1,497.42 | 1,563.18 |
| | | ખર્ચ | 1,347.89 | 1,352.62 | 1,427.43 | 1,559.12 | 1,673.65 |
| | | અધિક | 557.7 | 496.45 | 545.26 | 61.7 | 110.47 |

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો.

2023-24 દરમિયાન, પેટા-સદર 'પંચાયત કર્મચારીઓને વય નિવૃત્તિ અને નિવૃત્તિ ભથ્થા', હેતુ સદર 'પેન્શન ખર્ચ' હેઠળ અધિક ખર્ચ ધ્યાન પર આવ્યો હતો.

નિવૃત્તિ લાભોનો સચોટ અંદાજ કાઢવા માટે, રાજ્ય સરકારે નિવૃત્ત થનારા પંચાયત કર્મચારીઓની આધારમાહિતી (ડેટાબેઝ) નિભાવવાની જરૂર છે.

### 3.3.4.3 અગાઉના નાણાકીય વર્ષોના ખર્ચનું નિયમિતકરણ

અધિક ખર્ચ લાંબા સમય માટે અનિયમિત રહે તો વિધાનસભાના કારોબારી પરના નિયંત્રણને નબળો પાડે છે. 2009-10 થી 2011-12 અને 2014-15 થી 2022-23 ના સમયગાળા દરમિયાન કરવામાં આવેલો ₹ 12,002.54 કરોડનો અધિક ખર્ચ રાજ્ય વિધાનસભા દ્વારા નિયમિત કરવાનો હજી બાકી છે. નિયમિત કરવા જરૂરી છે એવા અગાઉના નાણાકીય વર્ષોના અધિક ખર્ચની વિગતો **પરિશિષ્ટ** 3.6 માં દર્શાવી છે.

અધિક ખર્ચના હાલના તમામ કેસોને નિયમિત કરાવવાની જરૂર છે.

## 3.4 અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાઓની પારદર્શિતા

### 3.4.1 મૂડી ખર્ચનું મહેસૂલી ખર્ચ તરીકે ખોટું વર્ગીકરણ

સામાન્ય નાણાકીય નિયમો, 2017 ના નિયમ 84 માં એવી જોગવાઈ છે કે કાયમી પ્રકારની મૂર્ત સંપત્તિ (સંસ્થામાં ઉપયોગ માટે અને સામાન્ય રીતે વેચાણ માટે નહીં) મેળવવા અથવા હાલની સંપત્તિઓની ઉપયોગિતા વધારવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવેલા નોંધપાત્ર ખર્ચને વ્યાપકપણે મૂડી ખર્ચ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવશે. ત્યારબાદના જાળવણી, સમારકામ પરના ખર્ચ અને કાર્યકારી ખર્ચ, જે અસ્ક્યામતોને ચાલુ હાલતમાં રાખવા માટે જરૂરી હોય, તેમજ સંસ્થાના રોજિંદા સંચાલન માટે થતા અન્ય તમામ ખર્ચ, જેમાં સ્થાપના અને વહીવટી ખર્ચનો સમાવેશ થાય છે, તેને મહેસૂલ ખર્ચ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. મૂડી અને મહેસૂલ ખર્ચ હિસાબોમાં અલગ દર્શાવવામાં આવે છે.

વધુમાં, દર વર્ષે નાણા વિભાગ દ્વારા જારી કરવામાં આવતા અંદાજપત્ર તૈયાર કરવા બાબતના પરિપત્રો સ્પષ્ટપણે જણાવે છે કે હેતુ સદરો 5100-મોટર વાહનો, 5200-મશીનરી અને ઉપકરણો, 5300-મોટા કામો અને 5500-લોન અને પેશગીઓ મૂડી અસ્ક્યામતોના સંપાદન અને અન્ય મૂડી ખર્ચ માટે છે અને જરૂરી જોગવાઈ મૂડી મુખ્ય સદરો હેઠળ કરવાની હોય છે.

2023-24 ના અંદાજપત્રીય દસ્તાવેજો અને 2023-24 દરમિયાન નોંધવામાં આવેલા ખર્ચની ચકાસણીમાં એવું જોવામાં આવ્યુ હતું કે 2.74 કરોડની મૂળ જોગવાઈ અને 3.64 કરોડનો ખર્ચ મૂડી મુખ્ય સદરોના બદલે મહેસૂલી મુખ્ય સદરો હેઠળના હેતુ સદરો 5100, 5200, 5300 અને 5500 હેઠળ કરવામાં આવ્યો હતો. આ ખોટા વર્ગીકરણથી વર્ષ 2023-24 માટેના નાણાકીય હિસાબોના પત્રકો 4, 5, 7, 15, 16 અને 18 ને અસર થઇ હતી, કારણ કે મૂડી ખર્ચ ઓછો દર્શાવવામાં આવ્યો હતો અને એટલા પ્રમાણમાં મહેસૂલી ખર્ચ વધારે દર્શાવવામાં આવ્યો હતો. 2023-24 દરમિયાન, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતો; વન અને પર્યાવરણ; આરોગ્ય અને કુટુંબ કલ્યાણ; પોલીસ; જળ સંસાધન; માર્ગ અને મકાન અને સામાજીક ન્યાય અને સશક્તિકરણ

વિભાગોએ નાણા વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા અંદાજપત્ર બાબતના પરિપત્રોમાં સમાવિષ્ટ સૂચનાઓનું પાલન કર્યું નથી.

## 3.5 અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાની અસરકારકતા

### 3.5.1 અંદાજપત્રીય જોગવાઈઓની સામે ખરેખર મૂલ્યો

કર વહીવટ/અન્ય આવક અને જાહેર ખર્ચનું કાર્યક્ષમ સંચાલન વિવિધ રાજકોષીય સૂચકાંકો હાંસલ કરવા માટે સંતુલન જાળવી રાખે છે. અવાસ્તવિક દરખાસ્તો, નબળી ખર્ચ દેખરેખ પદ્ધતિ, નબળી યોજના અમલીકરણ ક્ષમતાઓ અને નબળા આંતરિક નિયંત્રણો પર આધારિત બજેટ ફાળવણી વિવિધ વિકાસકીય જરૂરિયાતોમાં શ્રેષ્ઠ ન હોય એવી ફાળવણી તરફ દોરી જાય છે. કેટલાક વિભાગોમાં વધુ પડતી બચત અન્ય વિભાગોને વંચિત રાખે છે, જેનો તેઓ ઉપયોગ કરી શક્યા હોત.

2023-24 માં ખર્ચ માટેની કુલ જોગવાઈ ₹ 3,19,379.28 કરોડ હતી. વર્ષ દરમિયાન ખરેખર ખર્ચ ₹ 2,76,224.69 કરોડ હતો. આના પરિણામે 2023-24 માં ₹ 43,154.59 કરોડની બચત થઇ હતી, જેમાંથી, ₹ 40,988.84 કરોડ (94.98 ટકા) પરત આપવામાં આવ્યા હતા. વિગતો **કોઠા 3.10** માં આપી છે.

**કોઠો 3.10: અંદાજપત્રીય જોગવાઈની સામે ખર્ચનો સારાંશ**

(₹ કરોડમાં)

| મતપાત્ર/ બિન-મતપાત્ર | ખર્ચનો પ્રકાર | અંદાજપત્ર (મૂળ) | અંદાજપત્ર (પૂરક) | કુલ અંદાજપત્ર (મૂળ+પૂરક) | ખરેખર ખર્ચ | ચોખ્ખો અધિક/ બચત (-) | અધિક/ બચત (%) |
|---|---|---|---|---|---|---|---|
| મતપાત્ર | મહેસૂલ | 1,73,287.89 | 16,845.90 | 1,90,133.79 | 1,63,831.38 | (-)26,302.41 | (-)13.83 |
| | મૂડી | 70,924.55 | 811.15 | 71,735.70 | 56,024.10 | (-)15,711.60 | (-)21.90 |
| | લોન અને પેશગીઓ | 1,497.17 | 620.31 | 2,117.48 | 2,666.61 | 549.13 | 25.93 |
| | કુલ | **2,45,709.61** | **18,277.36** | **2,63,986.97** | **2,22,522.09** | **(-)41,464.88** | **(-)15.71** |
| બિન-મતપાત્ર | *મહેસૂલ* | *28,920.40* | *67.30* | *28,987.70* | *27,484.84* | *1,502.86* | *(-)5.18* |
| | *મૂડી* | *87.12* | *13.01* | *100.13* | *81.39* | *18.74* | *(-)18.72* |
| | *જાહેર ઋણ* | *26,304.48* | *0.00* | *26,304.48* | *26,136.37* | *168.11* | *(-)0.64* |
| | *લોન અને પેશગીઓ* | *0.00* | *0.00* | *0.00* | *0.00* | *0.00* | *0.00* |
| | કુલ | ***55,312.00*** | ***80.31*** | ***55,392.31*** | ***53,702.60*** | ***1,689.71*** | ***(-)3.05*** |
| એકંદર કુલ | | 3,01,021.61 | 18,357.67 | 3,19,379.28 | 2,76,224.69 | 43,154.59 | (-)13.51 |

સ્રોત: 2023-24 ના વિનિયોગ હિસાબો.

**કોઠો 3.11: 2019-24 દરમિયાન મૂળ અંદાજપત્ર, સુધારેલા અંદાજો અને ખરેખર ખર્ચ**

(₹ કરોડમાં)

| | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| મૂળ અંદાજપત્ર | 2,04,815.00 | 2,17,287.24 | 2,27,028.79 | 2,43,964.72 | 3,01,021.61 |
| પૂરક અંદાજપત્ર | 9,456.22 | 11,489.15 | 12,360.43 | 30,793.29 | 18,357.67 |
| કુલ અંદાજપત્ર (મૂળ +પૂરક) (TB) | 2,14,271.22 | 2,28,776.39 | 2,39,389.22 | 2,74,758.01 | 3,19,379.28 |
| સુધારેલા અંદાજો | 1,95,992.71 | 2,05,026.26 | 2,20,747.57 | 2,55,512.60 | 2,88,860.61 |
| ખરેખર ખર્ચ | 1,88,278.95 | 2,00,215.82 | 2,17,355.42 | 2,40,117.32 | 2,76,224.70 |
| ચોખ્ખી બચત (-) /અધિક (+) | (-) 25,992.27 | (-)28,560.57 | (-)22,033.80 | (-)34,640.69 | (-)43,154.58 |
| મૂળ જોગવાઈની સામે પૂરક જોગવાઈની ટકાવારી | 4.62 | 5.29 | 5.44 | 12.62 | 6.10 |
| એકંદર જોગવાઈની સામે એકંદર બચત/અધિક ની ટકાવારી | 12.13 | 12.48 | 9.20 | 12.61 | 13.51 |
| કુલ અંદાજપત્ર-સુધારેલા અંદાજો | 18,278.51 | 23,750.13 | 18,641.65 | 19,245.41 | 30,518.67 |
| સુધારેલા અંદાજો - ખરેખર ખર્ચ | 7,713.76 | 4,810.44 | 3,392.15 | 15,395.28 | 12,635.91 |
| કુલ અંદાજપત્રના ટકા રૂપે (કુલ અંદાજપત્ર-સુધારેલા અંદાજો) | 8.53 | 10.38 | 7.79 | 7.00 | 9.56 |
| કુલ અંદાજપત્રના ટકા રૂપે (સુધારેલા અંદાજો-ખરેખર ખર્ચ) | 3.60 | 2.10 | 1.42 | 5.60 | 3.96 |

સ્રોત: સંબંધિત વર્ષોના વાર્ષિક નાણાકીય પત્રકો અને વિનિયોગ હિસાબો.

**કોઠા** 3.11 પરથી જોઈ શકાય છે કે, 2022-23 દરમિયાન 12.61 ટકાની સરખામણીએ 2023-24 દરમિયાન કુલ 13.51 ટકા બચત થઈ હતી. વધુમાં, 2023-24 દરમિયાન ₹ 18,357.67 કરોડની પૂરક જોગવાઈ મૂળ જોગવાઈના 6.10 ટકા હતી, જે પાછલા વર્ષમાં 12.62 ટકા હતી.

વિનિયોગ હિસાબોમાં ફેરફારનો સારાંશ **આલેખ 3.5** માં દર્શાવવામાં આવ્યો છે.

**આલેખ 3.5: અંદાજપત્રીય અંદાજો, સુધારેલા અંદાજો અને ખરેખર મૂલ્યો દર્શાવતાં વલણ**




સ્રોત*:* સંબંધિત વર્ષોના વાર્ષિક નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબો.

ઉપરોક્ત આલેખ પરથી જોઈ શકાય છે કે 2019-20 થી 2023-24 સુધીના વર્ષોમાં, સુધારેલો અંદાજ હંમેશા રાજ્યના કુલ બજેટ કરતા ઓછો હતો. 2019-24 ના સમયગાળા દરમિયાન સુધારેલા અંદાજ અને કુલ અંદાજપત્ર વચ્ચેનો તફાવત 10 ટકાથી ઓછો હતો, સિવાય કે 2020-21 ના વર્ષ દરમિયાન જ્યારે તે 10.38 ટકા હતો. વધુમાં, 2019-24 ના સમયગાળા દરમિયાન વાસ્તવિક ખર્ચ હંમેશા સુધારેલા અંદાજ કરતા ઓછો હતો.

## 3.5.2 અંદાજપત્રીય જોગવાઈઓથી વિચલન માટે ખૂટતી/અધૂરી સ્પષ્ટતાઓ

મંજૂર થયેલા અંદાજપત્રની સામે ખર્ચ દર્શાવવા ઉપરાંત, વિનિયોગ હિસાબોમાં અંદાજપત્રીય જોગવાઈઓથી (મૂળ વત્તા પૂરક) નોંધપાત્ર રીતે જુદી પડે છે એવા કેસોમાં સંબંધિત વિભાગો દ્વારા આપવામાં આવેલા સ્પષ્ટીકરણો પણ સામેલ હોય છે. પેટા-સદરના સ્તરે (વિનિયોગનો એકમ) આવા ફેરફારો માટે કેટલી હદની બહાર સંબંધિત વિભાગો દ્વારા સ્પષ્ટીકરણ જરૂરી છે તે રાજ્યની જાહેર હિસાબ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવે છે.

પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) વિભાગના નિયંત્રણ અધિકારીઓને વિનિયોગ હિસાબોનો મુસદ્દો પુરો પાડે છે અને જાહેર હિસાબ સમિતિ દ્વારા નિયત મર્યાદાઓ મુજબ મંજૂર થયેલી અંદાજપત્રીય ફાળવણીઓના સંદર્ભમાં ખર્ચમાં ફેરફાર માટેના કારણો/સ્પષ્ટીકરણોની માંગે છે. ઓક્ટોબર 1994 માં જાહેર હિસાબ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલી મર્યાદાઓ **પરિશિષ્ટ 3.7** માં દર્શાવી છે.

191 અનુદાન/વિનિયોગો પૈકી, 108 અનુદાન/વિનિયોગોની બાબતમાં ફેરફાર માટે કારણો જરૂરી હતા. 2023-24 ના વિનિયોગ હિસાબોનુ ઓડીટ અને અંતર્ગત હિસાબી ડેટાના વિશ્લેષણમાં જોવામાં આવ્યુ હતું કે નિયંત્રણ અધિકારીઓએ ખર્ચ સામે 108 પૈકી 21 ની બાબતમાં અંદાજપત્રીય ફાળવણીઓમાં ફેરફારો માટે સ્પષ્ટીકરણો આપ્યા ન હતા. પેટા-સદરોના સ્તરે 1,079 પેટા-સદરોમાંથી 40 માં સ્પષ્ટીકરણો રજૂ કરવામાં આવ્યા ન હતા.

પેટા-સદરોની કુલ સંખ્યા, ફેરફારો માટે સ્પષ્ટીકરણ જરૂરી હોય એવા પેટા-સદરોની સંખ્યા અને જેમાં સ્પષ્ટીકરણો મળ્યા હતા એવા પેટા-સદરોની સંખ્યા **આલેખ 3.6** માં દર્શાવ્યા છે. આ બાબતમાં સંબંધિત વિગતો **પરિશિષ્ટ 3.8** માં દર્શાવી છે.

**આલેખ 3.6: અંદાજપત્રીય ફાળવણીની સામે સ્પષ્ટીકરણ ન થયેલા ફેરફારોનો સારાંશ**




સ્રોત: 2023-24 ના વિનિયોગ હિસાબો અને મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાત ની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

અંદાજપત્રીય ફાળવણી અને તેના વપરાશ વચ્ચે વધઘટ માટે સ્પષ્ટીકરણનો અભાવ સરકારના નાણાકીય ઉત્તરદાયિત્વની ખાતરી કરવાના ઉપાય તરીકે અંદાજપત્ર પર વિધાનસભાનુ નિયંત્રણ અવરોધે છે.

### 3.5.3 અંદાજપત્રમાં મુખ્ય નીતિગત જાહેરાતો અને તેનું અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે વાસ્તવિક ભંડોળ

સરકાર દ્વારા પ્રજા માટે ઘણા નીતિગત પહેલો હાથ ધરવામાં આવે છે. આ નીતિગત પહેલો વહીવટી મંજૂરી, અંદાજપત્ર વિમોચન કરવું વગેરેના અભાવે માત્ર યોજનાની માર્ગદર્શિકા/કાર્યપધ્ધતિની મંજૂરી બાદ હાથ ધરી શકાય છે.

વર્ષ 2023-24 માટે નાણાકીય હિસાબોના ભાગ-૨ ના **પરિશિષ્ટ XI** માં વર્ષ દરમિયાન લેવામાં આવેલા મુખ્ય નીતિગત નિર્ણયો અથવા બજેટમાં પ્રસ્તાવિત નવી યોજનાઓની વિગતો આપવામાં આવી છે. 2023-24 દરમિયાન, રાજ્ય સરકાર દ્વારા 28 નવી યોજનાઓ/મુખ્ય નીતિગત જાહેરાતો કરવામાં આવી હતી, જેમાંથી 17 યોજનાઓ વર્ષ દરમિયાન અમલમાં મૂકવામાં આવી હતી.

### 3.5.4 ખર્ચનો ઉતાવળ

ગુજરાત અંદાજપત્રીય નિયમાવલી, 1983 મુજબ, ખાસ કરીને નાણાકીય વર્ષના અંતિમ મહિનાઓમાં ખર્ચમાં ઉતાવળ કરવી એ નાણાકીય શિષ્ટાચારનું ઉલ્લંઘન છે.

2023-24 દરમિયાન રાજ્યની તિજોરીમાં માસિક આવકનો પ્રવાહ અને ચુકવણીઓ **આલેખ 3.7** માં દર્શાવ્યા છે.

**આલેખ 3.7: 2023-24 દરમિયાન માસિક આવક અને ખર્ચ**

(₹ કરોડમાં)




*(ખર્ચના આંકડા વસૂલાત બાદના છે)*

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાત દ્વારા આપવામાં આવેલી માહિતી.

**આલેખ 3.7** પરથી જોઈ શકાય છે કે, નાણાકીય વર્ષ 2023-24 દરમિયાન માર્ચ મહિનામાં આવક અને ખર્ચ બન્ને અન્ય મહિનાઓ કરતા વધારે હતા.

મુખ્ય સદરો જેમાં કુલ ખર્ચના 50 ટકા કરતાં અધિક ખર્ચ ફક્ત માર્ચ માં કરવામાં આવ્યો હતો (દરેક કેસમાં ₹ એક કરોડ કરતાં વધારે) તેની વિગતો **કોઠા 3.12** માં આપી છે.

**કોઠો 3.12: માર્ચ 2024 માં ખર્ચનું પ્રમાણ**

(₹ કરોડમાં)

| મુખ્ય સદર | વર્ણન | 1લો ત્રિમાસિક | 2જો ત્રિમાસિક | 3જો ત્રિમાસિક | 4થો ત્રિમાસિક | કુલ ખર્ચ | માર્ચ માં ખર્ચ | કુલ ખર્ચની સામે માર્ચમાં ખર્ચ (%) |
|---|---|---|---|---|---|---|---|---|
| 4425 | સહકાર પર મૂડી જોગવાઈ | 0.00 | 0.00 | 0.00 | 1.45 | 1.45 | 1.45 | 100.00 |
| 5475 | અન્ય સામાન્ય આર્થિક સેવાઓ પર મૂડી જોગવાઈ | 0.00 | 0.00 | 0.00 | 141.02 | 141.02 | 141.02 | 100.00 |
| 6216 | આવાસન માટે લોન | 0.00 | 0.00 | 0.00 | 1.46 | 1.46 | 1.46 | 100.00 |
| 4435 | અન્ય કૃષિ કાર્યક્રમો પર મૂડી જોગવાઈ | 0.00 | 0.00 | 0.91 | 26.80 | 27.71 | 24.82 | 89.57 |
| 4211 | કુટુંબ કલ્યાણ પર મૂડી જોગવાઈ | 17.63 | 10.14 | 14.46 | 287.25 | 329.48 | 279.95 | 84.97 |
| 2435 | અન્ય કૃષિ કાર્યક્રમો 165 (b) ગ્રામ વિકાસ | 1.40 | 1.25 | 1.33 | 22.71 | 26.69 | 21.59 | 80.89 |

| મુખ્ય સદર | વર્ણન | 1લો ત્રિમાસિક | 2જો ત્રિમાસિક | 3જો ત્રિમાસિક | 4થો ત્રિમાસિક | કુલ ખર્ચ | માર્ચ માં ખર્ચ | કુલ ખર્ચની સામે માર્ચમાં ખર્ચ (%) |
|---|---|---|---|---|---|---|---|---|
| 6235 | સમાજ સુરક્ષા અને કલ્યાણ માટે લોન | 0.00 | 1.55 | 0.00 | 4.64 | 6.19 | 4.64 | 74.96 |
| 2075 | પ્રકિર્ણ સામાન્ય સેવાઓ 122 (f) સંરક્ષણ સેવાઓ | 0.03 | 18.12 | 10.46 | 90.41 | 119.02 | 84.86 | 71.30 |
| 7055 | અન્ય પરિવહન સેવાઓ માટે લોન | 46.90 | 0.00 | 0.00 | 190.67 | 237.57 | 164.84 | 69.39 |
| 4070 | અન્ય વહીવટી સેવાઓ પર મૂડી જોગવાઈ | 0.00 | 0.11 | 4.30 | 9.04 | 13.45 | 8.90 | 66.17 |
| 5055 | માર્ગ પરિવહન પર મૂડી જોગવાઈ | 439.79 | 0.00 | 0.00 | 1,274.04 | 1,713.83 | 1,029.03 | 60.04 |
| 4575 | અન્ય ખાસ વિસ્તાર કાર્યક્રમો પર મૂડી જોગવાઈ | 0.00 | 0.00 | 0.02 | 5.05 | 5.07 | 2.98 | 58.78 |
| 4711 | પુર નિયંત્રણ યોજનાઓ પર મૂડી જોગવાઈ 258 (e) ઉર્જાનો મૂડી હિસાબ | 15.79 | 27.83 | 115.84 | 230.47 | 389.93 | 214.92 | 55.12 |
| 2853 | બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગ | 38.14 | 36.46 | 77.32 | 488.33 | 640.25 | 342.92 | 53.56 |
| 3604 | સ્થાનિક સંસ્થાઓ અને પંચાયતી રાજની સંસ્થાઓને વળતર અને સોંપણીઓ | 31.01 | 112.71 | 13.55 | 398.13 | 555.40 | 289.48 | 52.12 |
| | **કુલ** | **590.69** | **208.17** | **238.19** | **3,171.47** | **4,208.52** | **2,612.86** | |

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાતની કચેરી દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી.

આમ, નાણાકીય નિયમનની ભાવનાથી વિપરીત, રાજ્ય સરકાર દ્વારા નાણાકીય વર્ષના અંતે નોંધપાત્ર ખર્ચ કરવામાં આવ્યો હતો.

વધુમાં, માર્ચ 2024 માં 2,213 પેટા-સદરો હેઠળ થયેલા ₹ 49,614.64 કરોડના ખર્ચમાંથી, 170 પેટા-સદરોમાં, માર્ચ 2024 માં 100 ટકા ખર્ચ (₹ 3,195.57 કરોડ) કરવામાં આવ્યો હતો. જેમાં માર્ચ 2024 માં ₹ 10 કરોડ અથવા વધુનો ખર્ચ કરવામાં આવ્યો હતો એવા 35 પેટા-સદરોની (170 પૈકી) વિગતો **પરિશિષ્ટ -3.9** માં આપી છે.

ઉપરાંત, વિભાગો દ્વારા તેમના હસ્તક મૂકવામાં આવેલા અનુદાનના સંદર્ભમાં કરવામાં આવેલા ખર્ચના કિસ્સામાં, એવું જોવા મળ્યું હતું કે 108 ગ્રાન્ટમાંથી નવમાં, **કોઠા 3.13** માં દર્શાવવામાં આવ્યા મુજબ કુલ ખર્ચના 50 ટકાથી વધુ માર્ચ 2024 માં ખર્ચવામાં આવ્યા હતા.

**કોઠો 3.13: માર્ચમાં 50 ટકા કરતાં વધારે ખર્ચ વાળા અનુદાન**
**(ટકાના ઉતરતા ક્રમમાં)**

(₹ કરોડમાં)

| ક્રમાંક | અનુદાન નં. અને વર્ણન | 2023-24 દરમિયાન ફાળવણી | ખર્ચ | | | | કુલ ખર્ચ | માર્ચ માં ખર્ચ | કુલ ખર્ચની ટકાવારી ની રીતે 4થા ત્રિમાસિક માં ખર્ચ | કુલ ખર્ચની ટકાવારી ની રીતે માર્ચમાં ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1st ત્રિમાસિક | 2nd ત્રિમાસિક | 3rd ત્રિમાસિક | 4th ત્રિમાસિક | | | | |
| 1 | 0007 -કૃષિ અને સહકાર વિભાગ ને લગતો અન્ય ખર્ચ | 26.14 | 0.00 | 0.00 | 0.00 | 23.94 | 23.94 | 23.94 | 100.00 | 100.00 |
| 2 | 0041-વન અને પર્યાવરણ વિભાગ ને લગતો અન્ય ખર્ચ | 1.71 | 0.00 | 0.00 | 0.00 | 1.48 | 1.48 | 1.41 | 100.00 | 95.27 |
| 3 | 0014-ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ ને લગતો અન્ય ખર્ચ | 4.57 | 0.11 | 0.22 | 0.27 | 3.92 | 4.52 | 3.71 | 86.73 | 82.08 |
| 4 | 0081-વળતર અને સોંપણી (મહેસૂલ વિભાગ) | 651.64 | 19.19 | 107.94 | 1.88 | 479.79 | 608.80 | 383.73 | 78.81 | 63.03 |
| 5 | 0055-માહિતી અને પ્રસારણ વિભાગને લગતો અન્ય ખર્ચ | 21.10 | 0.00 | 3.52 | 2.00 | 11.89 | 17.41 | 10.87 | 68.29 | 62.44 |
| 6 | 0028-વન અને પર્યાવરણ વિભાગને લગતો અન્ય ખર્ચ | 0.86 | 0.00 | 0.00 | 0.16 | 0.22 | 0.38 | 0.22 | 57.89 | 57.89 |
| 7 | 0072-વળતર અને સોંપણી (પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગ) | 99.81 | 9.46 | 2.32 | 10.23 | 59.60 | 81.61 | 46.93 | 73.03 | 57.51 |
| 8 | 0050-ખાણ અને ખનીજ | 646.58 | 38.14 | 36.46 | 77.35 | 488.51 | 640.46 | 342.96 | 76.27 | 53.55 |
| 9 | 0021-અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોનો વિભાગ | 70.17 | 5.00 | 6.94 | 6.60 | 49.56 | 68.10 | 34.62 | 72.78 | 50.84 |

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાતની કચેરી દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી.

## 3.6 પસંદ કરેલા અનુદાનોની સમીક્ષા

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, 1983 માં જોગવાઈ છે કે અનુદાનનું સંચાલન કરતા સત્તાધિકારી તેના નિયંત્રણ હેઠળના ખર્ચની પ્રગતિ પર નજર રાખવા અને તેને મંજૂર થયેલા અનુદાન અથવા વિનિયોગની અંદર રાખવા માટે જવાબદાર છે. સત્તાધિકારી ની ફરજો અને જવાબદારીઓમાં સમયસર અને ચોકસાઈપૂર્વક અંદાજો તૈયાર કરવા અને સુનિશ્ચિત કરવું કે સોંપવામાં આવેલું

અનુદાન એ હેતુઓ માટે ખર્ચવામાં આવે છે જેના માટે આપવામાં આવ્યું છે અને જરૂર ન હોય તો બચતની પરતસોંપણી કરવામાં આવે.

અધિકારીઓ આ સૂચનાઓનું કેટલે અંશે પાલન કરી રહ્યા છે તેની ખાતરી કરવા માટે, ઓડિટ દ્વારા 2021-22 થી 2023-24 સુધીના ત્રણ વર્ષના સમયગાળા માટે બંદરો અને પરિવહન વિભાગ હેઠળ ગ્રાન્ટ નં. 74 અને 75 અને મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ અનુદાન નં. 105 અને 106 ચલાવતા વહીવટી વિભાગો/નિયંત્રણ અધિકારીઓના રેકોર્ડની ચકાસણી કરવામાં આવી હતી. ઓડિટના તારણોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

## 3.6.1 અનુદાન નં. 74 અને 75 ની સમીક્ષા – બંદરો અને પરિવહન વિભાગ

રાજ્ય સરકારના પરિવહન વિભાગને કાર્યક્ષમ જાહેર પરિવહન વ્યવસ્થા પૂરી પાડવા, વાહનોના પ્રદૂષણ પર નિયંત્રણ, વાહનોની નોંધણી, વિવિધ પરમિટ અને ડ્રાઇવિંગ લાઇસન્સ જારી કરવા, માર્ગ અને મોટર વાહન કર વસૂલવા વગેરેની જવાબદારી સોંપવામાં આવી છે.

બંદરો અને પરિવહન વિભાગના અધિક મુખ્ય સચિવ આ વિભાગના વડા છે. ગુજરાત પરિવહન સેવાઓ, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ, ગુજરાત મેરીટાઇમ બોર્ડ, ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળ અને પરિવહન કમિશનર, આ વિભાગ હેઠળ કાર્યરત નિયંત્રણ/પેટા કચેરીઓ છે.

દર વર્ષે નાણા વિભાગ દ્વારા મંજૂર અંદાજપત્રીય અંદાજો મુજબ બંદરો અને પરિવહન વિભાગને અનુદાન આપવામાં આવે છે. બદલામાં, બંદરો અને પરિવહન વિભાગ તેના હેઠળ કાર્યરત નિયંત્રણ/પેટા કચેરીઓને ભંડોળ છૂટું કરે છે.

### 3.6.1.1 અંદાજપત્રીય જોગવાઈની સામે ખર્ચ

2021-24 દરમિયાન પ્રતિક ચકાસણી કરેલા અનુદાનની મહેસૂલ અને મૂડી સદરો હેઠળ અંદાજપત્રીય ફાળવણી અને કરવામાં આવેલો ખર્ચ નીચે **કોઠા 3.14** માં આપવામાં આવ્યા છે:

**કોઠો 3.14: 2021-22 થી 2023-24 દરમિયાન અનુદાન હેઠળ અંદાજપત્રીય જોગવાઈ અને ખર્ચ**

(₹ કરોડમાં)

| વર્ષ | અદાજપત્રીય જોગવાઈઓ | | | ખર્ચ | અધિક (+)/ | અધિકની ટકાવારી (+)/ |
|---|---|---|---|---|---|---|
| | મૂળ | પૂરક | કુલ | | બચત (-) | બચત (-) |
| **અનુદાન ન. 74** | | | | | | |
| **મહેસૂલ મતપાત્ર** | | | | | | |
| 2021-22 | 727.59 | 70.80 | 798.39 | 765.14 | (-)33.25 | 4.16 |
| 2022-23 | 787.00 | 1,161.31 | 1,948.31 | 1,933.23 | (-)15.08 | 0.77 |
| 2023-24 | 1,422.96 | 130.06 | 1,553.02 | 1,478.73 | (-)74.29 | 4.78 |
| **મહેસૂલ બિન-મતપાત્ર** | | | | | | |
| 2021-22 | 0 | 1.47 | 1.47 | 1.47 | 0 | 0 |
| 2022-23 | 0 | 0.65 | 0.65 | 0.65 | 0.00 | 0.00 |
| 2023-24 | - | - | - | - | - | - |

| વર્ષ | અંદાજપત્રીય જોગવાઈઓ | | | ખર્ચ | અધિક (+)/ | અધિકની ટકાવારી (+)/ |
|---|---|---|---|---|---|---|
| | મૂળ | પૂરક | કુલ | | બચત (-) | બચત (-) |
| **મૂડી મતપાત્ર** | | | | | | |
| 2021-22 | 501.72 | 0 | 501.72 | 391.06 | (-)110.66 | 22.06 |
| 2022-23 | 493.76 | 56.05 | 549.81 | 124.44 | (-)425.37 | 77.37 |
| 2023-24 | 1,632.23 | 0 | 1,632.23 | 1,543.44 | (-)88.79 | 5.44 |
| **મૂડી બિન-મતપાત્ર** | | | | | | |
| 2021-22 | - | - | - | - | - | - |
| 2022-23 | 0 | 156.39 | 156.39 | 0 | (-)156.39 | 100 |
| 2023-24 | - | - | - | - | - | - |
| **અનુદાન નં. 75** | | | | | | |
| **મહેસૂલ મતપાત્ર** | | | | | | |
| 2021-22 | 66.94 | 0 | 66.94 | 22.27 | (-)44.67 | 66.73 |
| 2022-23 | 71.41 | 6.86 | 78.27 | 78.25 | (-)0.02 | 0.03 |
| 2023-24 | 75.59 | 0 | 75.59 | 72.57 | (-)3.02 | 4.00 |
| **મહેસૂલ બિન-મતપાત્ર** | | | | | | |
| 2021-22 | 0 | 4.55 | 4.55 | 4.55 | 0 | 0 |
| 2022-23 | 0 | 2.09 | 2.09 | 2.09 | 0 | 0 |
| 2023-24 | - | - | - | - | - | - |
| **મૂડી મતપાત્ર** | | | | | | |
| 2021-22 | 23.01 | 0 | 23.01 | 0.01 | (-)23.00 | 99.96 |
| 2022-23 | 0.02 | 0 | 0.02 | 0 | (-)0.02 | 100 |
| 2023-24 | 0.04 | 0 | 0.04 | 0 | (-)0.04 | 100 |

સ્રોત: સંબંધિત વર્ષો માટેના વિનિયોગ હિસાબો.

ઉપરોક્ત કોઠા પરથી જોઈ શકાય છે કે અનુદાન નંબર 74 માં, 2021-24 ના સમયગાળા દરમિયાન, મહેસૂલ મતપાત્ર વિભાગમાં બચત 0.77 થી 4.78 ટકાની વચ્ચે હતી જ્યારે મૂડી મતપાત્ર વિભાગમાં બચત 5.44 થી 77.37 ટકાની વચ્ચે રહી હતી. 2022-23 દરમિયાન, મૂડી બિન-મતપાત્ર હેઠળ, પૂરક જોગવાઈ કરવામાં આવી હતી કારણ કે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમે મોટર એક્સીડેન્ટ ક્લેઇમ ટ્રિબ્યુનલના કેસો માટે ભંડોળ ઊભું કરવા માટે મુખ્ય સદર 7055 હેઠળ લોનની માંગણી કરી હતી. જો કે, ઉપરોક્ત ભંડોળની રચના કરવામાં આવી ન હતી જેના પરિણામે 100 ટકા બચત થઇ હતી. અનુદાન નં. 75 માં, મહેસૂલ મતપાત્ર વિભાગ હેઠળ વર્ષ 2021-22 માં બચત વધારે હતી પરંતુ 2022-23 અને 2023-24 માં ઘટી હતી. બીજી બાજુ, મૂડી મતપાત્ર વિભાગમાં બચત 100 ટકા હતી.

### 3.6.1.2 શામળાજી ચેકપોસ્ટ ખાતે જમીન સંબંધિત ખર્ચનું ખોટું વર્ગીકરણ

સરકારી હિસાબી નિયમો, 1990 ના નિયમ 30 મુજબ, ભૌતિક અને કાયમી પ્રકારની નક્કર અસ્ક્યામતો માં વધારો કરવા માટે કરવામાં આવેલા ખર્ચ નું મૂડી ખર્ચ તરીકે વર્ગીકરણ કરવું જોઇએ.

ઓડિટમાં પ્રતિક ચકાસણી દરમિયાન, એવું જોવા મળ્યું હતું કે શામળાજી ખાતે પ્રાદેશિક પરિવહન અધિકારીની ચેકપોસ્ટ માટે સંપાદિત જમીન માટે જમીનમાલિકને ચુકાદા મુજબ ચુકવણી કરવા માટે, અનુદાન નંબર 74 (મહેસૂલી ખર્ચ કરવા માટે) ની મહેસૂલી બિન-મતપાત્ર વિભાગ હેઠળ ₹ 147.18 લાખ (2021-22) અને ₹ 64.60 લાખ (2022-23) નું પૂરક અનુદાન પ્રાપ્ત થયું હતું. ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે આ અગાઉ ઉલ્લેખ કરેલ નિયમ 30 નું ઉલ્લંઘન છે કારણ કે ઉપરોક્ત ખર્ચ જમીનના સંપાદનને લગતો હોવાથી મૂડી ખર્ચના સ્વરૂપમાં હતો.

ખોટા વર્ગીકરણ માટેના કારણો વિભાગ તરફથી મળ્યા ન હતા (જાન્યુઆરી 2025).

### 3.6.1.3 રાજ્ય સરકારના હિસાબોમાં સંચિત જવાબદારી

ગુજરાત મેરીટાઇમ બોર્ડ અધિનિયમ, 1981 મુજબ, રાજ્ય સરકાર વિવિધ ચાર્જ, ફી અને વોટરફ્રન્ટ રોયલ્ટી વસૂલ કરે છે. આ ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા એકત્ર કરવામાં આવે છે અને રાજ્યના એકત્રિત નિધિમાં જમા કરવામાં આવે છે. આના બદલે, રાજ્ય સરકાર ગુજરાત મેરીટાઇમ બોર્ડને રાજ્ય સરકાર દ્વારા ઉઘરાવાયેલા રાજ્ય ચાર્જના પાંચ ટકાના દરે ગણતરી કરાયેલ વહીવટી ખર્ચ ચૂકવે છે. આ ચાર્જ બંદર વ્યવસ્થાપન માટેના અનુદાન નં. 75 માંથી ચૂકવવામાં આવે છે.

વર્ષ 2019-20 થી 2023-24 માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત મેરીટાઇમ બોર્ડને ચૂકવવાપાત્ર વહીવટી ખર્ચની વિગતો નીચે મુજબ છે:

**કોઠો 3.15: 2019-24 દરમિયાન રાજ્ય સરકાર તરફથી ગુજરાત મેરીટાઇમ બોર્ડને ચૂકવવાપાત્ર વહીવટી ખર્ચ**

(₹ કરોડમાં)

| વર્ષ | ગુ.મે.બોર્ડ દ્વારા એકત્રિત કરાયેલ રાજ્યના શુલ્ક | બાકી વહીવટી ખર્ચ (રાજ્યના શુલ્કના 5 ટકા છે) | અંદાજપત્ર મુજબ સરકાર દ્વારા કરવામાં આવેલી જોગવાઈ | ગુજરાત સરકાર દ્વારા ચૂકવવામાં આવેલી રકમ | ગુજરાત સરકાર દ્વારા ગુ.મે.બો. ને ચૂકવવાપાત્ર બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 2019-20 | 1,361.26 | 68.06 | 49.87 | 37.40 | 30.66 |
| 2020-21 | 1,263.75 | 63.19 | 61.29 | 34.21 | 28.88 |
| 2021-22 | 1,308.61 | 65.43 | 61.29 | 20.00 | 45.43 |
| 2022-23 | 1,441.05 | 72.05 | 75.86[3] | 75.86 | 0.00 |
| 2023-24 | 1,477.44 | 73.87 | 72.90 | 69.93 | 3.94 |
| | | | | **કુલ** | **108.91** |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબો.

[3] 2022-23 દરમિયાન મૂળ અંદાજપત્ર: ₹ 69.39 કરોડ અને પૂરક અનુદાન: ₹ 6.47 કરોડ.

ઑડિટના જોવામાં આવ્યુ હતું કે બોર્ડના નાણાકીય પત્રકોમાં, વહીવટી ખર્ચ રાજ્ય સરકાર પાસેથી મળવાપાત્ર તરીકે દર્શાવાયો હતો અને બોર્ડની આવક તરીકે ગણવામાં આવ્યો હતો. આમ છતાં, રાજ્ય સરકારે સંબંધિત વર્ષોમાં ખરેખર ચૂકવવાપાત્ર કરતાં ઓછી રકમની ચૂકવણી કરી હોવાથી, બાકીનો વહીવટી ખર્ચ રાજ્ય સરકારની જવાબદારી બને છે. 2023-24 ના અંતે સંચિત રકમ ₹ 108.91 કરોડ હતી. વિભાગે અંદાજપત્ર ઘડતી વખતે બાકી રહેલી રકમ ધ્યાને લેવી જોઇએ.

વિભાગના જવાબની રાહ જોવાઇ રહી છે. (જાન્યુઆરી 2025).

## 3.6.2 અનુદાન નં. 105 અને 106 ની સમીક્ષા – મહિલા અને બાળ કલ્યાણ વિભાગ

ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગની સ્થાપના (2001) 0 થી 6 વર્ષના બાળકો નું આરોગ્ય અને પોષણનું સ્તર ઉપર લઇ જવું; બાળકોનો શારીરિક, મનોવૈજ્ઞાનિક અને સામાજીક વિકાસ અને કિશોરીઓ, ગર્ભવતી અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓનું પોષણનું સ્તર સુધારવું અને રાજ્યમાં જરૂરિયાતમંદ મહિલાઓ અને બાળકો બાબતમાં અન્ય સંબંધિત પ્રવૃત્તિઓ કરવાના ઉદ્દેશો સાથે કરવામાં આવી હતી.

### 3.6.2.1 સંસ્થાકીય માળખું

મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ વિભાગના વડા છે જેમને સંકલિત બાળ વિકાસ કાર્યક્રમના નિયામકની કચેરી અને મહિલા કલ્યાણના નિયામકની કચેરીની સહાય મળે છે. મહિલા અને બાળ કલ્યાણ વિભાગે એક જાહેર ક્ષેત્રનું ઉપક્રમ[4] અને ત્રણ સોસાયટીઓની[5] સ્થાપના કરી છે.

દર વર્ષે, નાણા વિભાગ દ્વારા મંજૂર થયેલા અંદાજપત્રીય અંદાજો મુજબ મહિલા અને બાળ કલ્યાણ વિભાગને અનુદાન છૂટું કરવામાં આવે છે. વળતામાં, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ ઉપર જણાવેલા નિયામકોની કચેરીઓ, જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને સોસાયટીઓને ભંડોળ છૂટું કરે છે.

### 3.6.2.2 અંદાજપત્રીય જોગવાઈની સામે ખર્ચ

અંદાજપત્રનું આયોજન શક્ય તેટલું વાસ્તવિક ધોરણે કરવું જોઈએ, જેથી નોંધપાત્ર વધારા કે બચત વિના તમામ જરૂરી ઉદ્દેશ્યો માટે ભંડોળ પૂરું પાડી શકાય. અનુદાનના પ્રતિક ઑડિટના સંદર્ભમાં 2021-24 દરમિયાન અદાજપત્રીય ફાળવણી અને ખર્ચ નીચે **કોઠા 3.16** માં આપવામાં આવ્યા છે.

[4] ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ.

[5] (i) ગુજરાત રાજ્ય મહિલા કમિશન; (ii) જેન્ડર રિસોર્સ સેન્ટર; અને (iii) રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડ.

**કોઠો 3.16: 2021-24 દરમિયાન અનુદાન નં. 105 અને 106 હેઠળ અંદાજપત્રીય જોગવાઈ અને ખર્ચ**

(₹ કરોડમાં)

| વર્ષ | અદાજપત્રીય જોગવાઈ | | | ખર્ચ | અધિક (+)/ બચત(-) | ટકાવારી અધિક (+)/ બચત (-) |
|---|---|---|---|---|---|---|
| | મૂળ | પૂરક | કુલ | | | |
| **અનુદાન નં. 105** | | | | | | |
| **મહેસૂલ મતપાત્ર** | | | | | | |
| 2021-22 | 4.82 | 0 | 4.82 | 3.07 | (-)1.75 | (-)36.31 |
| 2022-23 | 4.36 | 0 | 4.36 | 3.87 | (-)0.49 | (-)11.24 |
| 2023-24 | 4.79 | 0 | 4.79 | 4.45 | (-)0.34 | (-)7.10 |
| **અનુદાન નં. 106** | | | | | | |
| **મહેસૂલ બિન-મતપાત્ર** | | | | | | |
| 2021-22 | 2,663.81 | 1,005.43 | 3,669.24 | 3,473.51 | (-)195.73 | (-)5.33 |
| 2022-23 | 3,807.62 | 676.98 | 4,484.60 | 3,662.16 | (-)822.44 | (-)18.34 |
| 2023-24 | 4,292.53 | 1,027.51 | 5,320.04 | 5,212.46 | (-)107.58 | (-)2.02 |
| **મહેસૂલ બિન-મતપાત્ર** | | | | | | |
| 2021-22 | 0.90 | 4.51 | 5.41 | 5.41 | 0.00 | 0.00 |
| 2022-23 | 0.90 | 0.00 | 0.90 | 0.90 | 0.00 | 0.00 |
| 2023-24 | 0.90 | 0.05 | 0.95 | 0.95 | 0.00 | 0.00 |
| **મૂડી મતપાત્ર** | | | | | | |
| 2021-22 | 42.87 | 0 | 42.87 | 22.20 | (-)20.67 | (-)48.22 |
| 2022-23 | 21.90 | 0 | 21.90 | 12.13 | (-)9.77 | (-)44.61 |
| 2023-24 | 182.33 | 14.61 | 196.94 | 186.65 | (-)10.29 | (-)5.22 |

સ્રોત: સંબંધિત વર્ષો માટેના વિનિયોગ હિસાબો.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, અનુદાન નં. 105 માં મહેસૂલ મતપાત્ર ઘટક હેઠળ બચત 2021-22 માં 36.31 ટકા હતી તે ઘટીને 2023-24 માં 7.10 ટકા થઇ છે. અનુદાન નં. 106 ના કેસમાં, મૂડી મતપાત્ર ઘટક હેઠળ બચત 2021-22 માં 48.22 થી ઘટીને 2023-24 માં 5.22 ટકા થઇ હતી.

### 3.6.2.3 અંદાજપત્રમાં નવી બાબતોનો અમલ

ગુજરાત બજેટ મેન્યુઅલ, ૧૯૮૩ ના ફકરા ૭૮ માં જણાવે છે કે દરેક પ્રગતિશીલ વહીવટીતંત્રમાં, સરકારી પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવાની જરૂર હોય છે અને તેથી દર વર્ષે સરકાર સ્થાયી ખર્ચ ઉપરાંત કરવાના નવા ખર્ચનો પ્રસ્તાવ મૂકે છે, જેને નવા ખર્ચ અથવા નવી સેવા પર ખર્ચ તરીકે દર્શાવવામાં આવે છે. આમ, કોઈ સેવાને નવી વસ્તુ તરીકે જાહેર કરતા પહેલા, મુખ્ય માપદંડ ખર્ચનું કદ અને મહત્વ હશે.

ઑડિટના ધ્યાન પર આવ્યુ હતું કે 2021-24 દરમિયાન, અનુદાન નં. 105 અને 106 હેઠળ વહીવટી વિભાગ (મહિલા અને બાળ કલ્યાણ) દ્વારા 61 નવી બાબતોની દરખાસ્ત કરવામાં આવી હતી અને નાણા વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવી હતી. આ પૈકી, **પરિશિષ્ટ** 3.10 માં આપેલી વિગતો મુજબ સાત નવી બાબતોનો ((₹ 134.46 કરોડ) આંશિક અમલ કરવામાં આવ્યો હતો જ્યારે 10 નવી બાબતોનો (₹ 195.91 કરોડ) માર્ચ 2024 સુધી અમલ કરવામાં આવ્યો ન હતો. આયોજન કરવામાં આવેલા જુદા જુદા કામોમાં 2,350 નવા આંગણવાડી કેન્દ્રોનું બાંધકામ, સર્વરની સ્થાપના, લાભાર્થીઓની ચકાસણી, શિક્ષણ કીટની ખરીદી, સોફ્ટવેર વિકસાવવું વગેરે સામેલ હતા. 2021-24 દરમિયાન 2,350 નવા આંગણવાડી કેન્દ્રોના બાંધકામ (2050 ગ્રામ્ય વિસ્તારોમાં અને 300 શહેરી વિસ્તારોમા) જેની નવી બાબતો તરીકે જોગવાઈ કરવામાં આવી હતી તેમાં જોવામાં આવ્યુ હતું કે માત્ર 210 આંગણવાડી કેન્દ્રોનું બાંધકામ કરવામાં આવ્યુ હતું (માર્ચ 2024). વધુમાં એવું જોવામાં આવ્યુ હતું કે 2023-24 થી નવા આંગણાડી કેન્દ્રનો એકમ દીઠ ખર્ચ ₹ 7 લાખ થી વધારીને ₹ 12 લાખ (એટલે કે આંગણવાડી દીઠ ₹ 5 લાખ જેટલો) કરવામાં આવ્યો હતો.આથી, આંગણવાડી કેન્દ્રોના બાંધકામમાં વિલંબના પરિણામે ખર્ચમાં વધારો થશે અને ભાડે લીધેલી જગ્યાના ખર્ચ પણ થશે. નવી આંગણવાડીઓ પૂર્ણ થવામાં વિલંબ માટે વિભાગે કોઇ કારણો આપ્યા ન હતાં.

વિભાગે અંદાજપત્રમાં આયોજન કરેલી તમામ નવી બાબતોનું અમલીકરણ સુનિશ્ચિત કરવાની જરૂર છે જેથી લક્ષિત લાભાર્થીઓને ઇચ્છિત લાભ મળી શકે.

### 3.6.2.4 યોજનાની વણવપરાયેલી સિલકની પરતસોંપણી ન કરવી (અનુદાન નં. 106)

ગુજરાત મહિલા આર્થિક નિકાસ નિગમના વિકાસ કાર્યક્રમો માટે સહાયક અનુદાન છૂટું કરવામાં આવે છે. અનુદાન છૂટું કરવાના હુકમની નિર્દિષ્ટ શરત મુજબ, યોજનાના અમલીકરણ માટે છૂટા કરવામાં આવેલા અનુદાનની વણવપરાયોલી સિલકની અનુદાન નિયંત્રણ અધિકારીને પરતસોંપણી કરવાની હતી.

2021-24 દરમિયાન ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમને અનુદાન નં. 106 હેઠળ ₹ 28.12 કરોડ જેટલું સહાયક અનુદાન આપવામાં આવ્યુ હતું. ઑડિટના ધ્યાન પર આવ્યુ હતું કે ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમે વર્ષ 2020-21 સુધીના સમયગાળા માટે સહાયક અનુદાનને લગતી ₹ 21 કરોડ જેટલી વણવપરાયેલી સિલકની પરતસોંપણી કરી ન હતી (ઓક્ટોબર 2024). ઉપરાંત, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમે 2021-22 બાદના સમયગાળાના વાર્ષિક હિસાબો રજૂ કર્યા ન હતા.

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમના જનરલ મેનેજરે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2021-23 ના હિસાબોના ઓડિટ માટે વૈધાનિક ઓડિટરની નિમણૂક કરવામાં આવી છે અને ઓડિટ ચાલુ છે.

## 3.7 ઉપસંહાર

- 2023-24 દરમિયાન, ₹ 3,19,379.28 કરોડના કુલ અનુદાન અને વિનિયોગોની સામે ₹ 2,76,224.70 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો જેના પરિણામે ₹ 43,154.58 કરોડની એકંદર બચત થઇ હતી. ₹ 43,154.58 કરોડની એકંદર બચત ₹ 43,348.45 કરોડની બચત ₹ 193.87 કરોડના અધિક દ્વારા સરભર થવાના પરિણામે થઇ હતી. વધુમાં, અનુદાન નં. 73 માં, 2012-13 થી પંચાયત કર્મચારીઓના વયનિવૃત્તિ અને નિવૃત્તિ લાભો અને કુટુંબ પેન્શન પર સતત અધિક રહી હતી.
- એકવીસ અનુદાનો હેઠળ 22 કેસોમાં, મુખ્યત્વે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ; નાણા વિભાગ; ગૃહ વિભાગ; ઉદ્યોગ અને ખાણ વિભાગ; શ્રમ અને રોજગાર વિભાગ; નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ; પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગ; માર્ગ અને મકાન વિભાગ; આદિજાતિ વિકાસ વિભાગ; વગેરેને લગતા અનુદાનની બાબતમાં છેલ્લા ત્રણ વર્ષો (2021-24) દરમિયાન દરેક કેસમાં ₹ 100 કરોડથી અધિકની સતત બચત થઇ હતી.

## 3.8 ભલામણો

- રાજ્ય સરકારે વિભાગોની જરૂરિયાતો અને ફાળવેલા સંસાધનોનો ઉપયોગ કરવાની તેમની ક્ષમતાના આધારે વાસ્તવિક ધોરણે અંદાજપત્ર ઘડવું જોઇએ.
- અંદાજપત્રના યોગ્ય અમલીકરણ અને દેખરેખ લાગુ કરવા માટે સરકાર દ્વારા યોગ્ય નિયંત્રણ પદ્ધતિ સ્થાપિત કરવી જોઇએ જેથી અનુદાન/વિનિયોગની અંદર મોટી બચત નિયંત્રિત કરી શકાય અને અપેક્ષિત બચત ઓળખી કાઢીને નિયત સમયમર્યાદામાં પરતસોંપણી કરી શકાય.

# પ્રકરણ IV

## હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલની પધ્ધતિઓ

# પ્રકરણ IV

# હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલની પધ્ધતિઓ

નાણાકીય રજૂઆતની સુદ્રઢ વ્યવસ્થા અને નિયમો તથા કાર્યપધ્ધતિનું અનુપાલન સુશાસનમાં મહત્વનું યોગદાન આપે છે. આ બાબત, સુસંગત, વિશ્વસનીય અને સમયસર નાણાકીય રજૂઆતને સુનિશ્ચિત કરે છે અને એ રીતે મૂળભૂત કારભારી જવાબદારીઓ, વ્યૂહાત્મક આયોજન અને યોગ્ય નિર્ણય લેવામાં રાજ્ય સરકારને સહાય કરે છે. આ પ્રકરણ વિવિધ નાણાકીય નિયમો, પધ્ધતિઓ અને નિદેશો સાથે રાજ્ય સરકારની અનુપાલનની સ્થિતિ અને વિહંગાવલોકન પૂરું પાડે છે.

## 4.1 વ્યાજ સહિતની થાપણો પ્રત્યેની વ્યાજની જવાબદારી અદા ન કરવી

વ્યાજ સહિતની થાપણોની (મુખ્ય સદર 8336 અને 8342) રકમો પર વ્યાજની જોગવાઇ અને ચૂકવણી કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. આમ છતાં, **કોઠા 4.1**માં દર્શાવ્યા મુજબ, 01 એપ્રિલ 2023ના રોજ આ થાપણોમાં સિલકો હતી છતાં, રાજ્ય સરકારે મુખ્ય સદર 2049 (મહેસૂલી ખર્ચ) હેઠળ વ્યાજની ચૂકવણી માટે અંદાજપત્રીય જોગવાઈ કરી ન હતી.

**કોઠો 4.1: વ્યાજ સહિતની થાપણો પ્રત્યેની વ્યાજની જવાબદારી અદા ન કરવી**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | વ્યાજવાળી થાપણનું નામ | 01 એપ્રિલ 2023ના રોજ સિલક | વ્યાજની ગણતરીનો આધાર | જોગવાઇ ન કરેલ વ્યાજની રકમ |
|---|---|---|---|---|
| 1. | વ્યાજ સહિત થાપણ (ફાળાયિત પેન્શન યોજના સિવાય) | 17.50 | 14 દિવસ માટે તિજોરી બિલમાં રોકાણ માટે લાગુ પડતો દર લઇને વ્યાજની ગણતરી કરવામાં આવી એટલે કે 3.35 ટકાના દરે રિવર્સ રેપો રેટ ઓછા 2023-24 માટે એક ટકો | 0.41 |
| 2. | રાજ્ય વળતર વનીકરણ થાપણ | 975.96 | નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ (અંદાજપત્ર વિભાગ) દ્વારા બહાર પડાયેલા તારીખ 29-09-2023 ના પરિપત્ર સં. F. No. 1 (9) મુજબ 3.35 ટકા | 34.86 |
| 3. | રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ | 1,159.61 | 8.5 ટકાના દરે ગણતરી કરવામાં આવી (રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળની માર્ગદર્શિકા મુજબ એટલે કે સરેરાશ સાધનોપાય પેશગીઓથી 2 ટકા વધારે) | 173.91 |
| 4. | રાજ્ય આપત્તિ નિવારણ ભંડોળ | 538.30 | 8.5 ટકાના દરે ગણતરી કરવામાં આવી (રાજ્ય આપત્તિ નિવારણ ભંડોળની માર્ગદર્શિકા મુજબ એટલે કે સરેરાશ સાધનોપાય પેશગીઓથી 2 ટકા વધારે) | 54.94 |
| કુલ | | | | **264.12** |

સ્રોત: 2023-24 માટેના નાણાકીય હિસાબો.

₹ 264.12 કરોડની રકમના વ્યાજની બિન-ચુકવણી/ઓછી ચુકવણી ₹ 264.12 કરોડ જેટલા મહેસૂલી ખર્ચ ઓછો દર્શાવવા તરફ દોરી ગઇ હતી.

## 4.2 રાજ્યની અમલકર્તા સંસ્થાઓને ભંડોળની સીધી તબદીલી

કેન્દ્ર સરકાર સામાજીક અને આર્થિક ક્ષેત્રોમાં જુદી જુદી પરિયોજનાઓ/કાર્યક્રમોના અમલીકરણ માટે રાજ્યની અમલકર્તા સંસ્થાઓને ભંડોળની બારોબાર તબદીલીઓ કરતી આવી રહી હતી. આ ભંડોળો રાજ્યના અંદાજપત્ર/રાજ્યની તિજોરી વ્યવસ્થા મારફત મોકલવામાં ન આવતા હોવાથી, વાર્ષિક નાણાકીય હિસાબોમાં આવા ભંડોળોનો પ્રવાહ દર્શાવાયો નહતો. આમ, એટલા પ્રમાણમાં, રાજ્યની આવક અને ખર્ચ અને તેમાંથી તારવેલા અન્ય રાજકોષીય ચલાંકો/પરિમાણો પણ સંપૂર્ણ ચિત્ર રજૂ કરતા ન હતા.

01 એપ્રિલ 2014 ની અસરથી, ભારત સરકારે કેન્દ્ર પ્રયોજિત યોજનાઓ માટેની તમામ સહાય/વધારાની કેન્દ્રીય સહાય રાજ્ય સરકારને છૂટી કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે, ગુજરાતમાં, 2023-24માં પણ કેન્દ્રીય ભંડોળોની રાજ્યની અમલકર્તા સંસ્થાઓને બારોબાર તબદીલી કરવાનું ચાલુ રહ્યું હતું **(નાણાકીય હિસાબો, ભાગ-II ના પરિશિષ્ટ VI નો સંદર્ભ)**. આવી તબદીલીઓની 2019-20 થી 2023-24 માટેની વર્ષ-વાર વિગતો **કોઠા 4.2** માં દર્શાવી છે.

**કોઠો 4.2: ભારત સરકાર દ્વારા રાજ્યની અમલકર્તા સંસ્થાઓને ભંડોળની થયેલી તબદીલી**

**(₹ કરોડમાં)**

| રાજ્યની અમલકર્તા સંસ્થાઓને સીધી તબદીલી | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| તબદીલ કરેલું ભંડોળ | 11,659.35 | 14,210.99 | 20,496.91 | 26,806.33 | 21,845.38 |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

2023-24 દરમિયાન, ભારત સરકારે ₹ 21,845.38 કરોડ અમલકર્તા સંસ્થાઓને બારોબાર તબદીલ કર્યા હતાં, જે પૈકી ₹ 19,459.21 કરોડ 'રાજ્ય સરકારની અમલકર્તા સંસ્થાઓ' ને અને ₹ 2,386.17 કરોડ 'રાજ્ય સરકારની ન હોય એવી અમલકર્તા સંસ્થાઓ' ને બારોબાર છૂટા કરવામાં આવ્યાં હતાં. આ તબદીલીઓ સંબંધિત પરિયોજનાઓની માર્ગદર્શિકાઓ અનુસાર હતી.

કેન્દ્રીય ભંડોળોની રાજ્ય સરકારની અમલકર્તા સંસ્થાઓને બારોબાર મોટી તબદીલીઓ સંકળાયેલી હતી તે યોજનાઓ હતી; સ્વદેશી યુરીયા માટે ચૂકવણી (₹ 3,316.82 કરોડ), પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ (₹ 3,176.64 કરોડ), મેટ્રો યોજના (₹ 2,892 કરોડ), સ્વદેશી P અને K ખાતરો માટે ચૂકવણી (₹ 2,656.13 crore), જળ જીવન મિશન/રાષ્ટ્રીય ગ્રામ્ય પેય જળ મિશન (₹ 2,237.37 કરોડ), અને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામ્ય રોજગાર બાંયધરી યોજના (₹ 1,025.99 કરોડ).

2023-24 દરમિયાન વિવિધ વિકાસકીય યોજનાઓના અમલીકરણ માટે ભારત સરકાર તરફથી ₹ 19,459.21 કરોડ બારોબાર મેળવનાર રાજ્ય સરકારની અમલકર્તા સંસ્થાઓની વિગતો **આલેખ 4.1** માં દર્શાવી છે.

**આલેખ 4.1: રાજ્યની અમલકર્તા સંસ્થાઓ જેને 2023-24 દરમિયાન ભારત સરકાર તરફથી બારોબાર ભંડોળ મળ્યું હતું**




સ્રોત: વર્ષ 2023-24 માટેની PFMS વિગતો.

## 4.3 સ્થાનિક સંસ્થાઓની થાપણો

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળના 33 જીલ્લા વિકાસ અધિકારીઓ અને 249 પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળના તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા સંચાલિત 282 વ્યક્તિગત લેજર ખાતા (PLA) હતાં. છેલ્લા પાંચ વર્ષ (2019-24) દરમિયાન જિલ્લા પરિષદ ભંડોળ અને પંચાયત સમિતિ ભંડોળ હેઠળના વ્યવહારો **કોઠા 4.3** માં દર્શાવ્યા છે.

**કોઠો 4.3: સ્થાનિક ભંડોળોમાં થાપણો**

(₹ કરોડમાં)

| વર્ષ | | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|---|
| જીલ્લા પરિષદ ભંડોળ (મુખ્ય સદર 8448-109-11) | ખૂલતી સિલક | 8,263.03 | 8,821.48 | 9,646.29 | 8,523.79 | 8,847.84 |
| | આવક | 23,210.91 | 24,110.28 | 23,921.08 | 26,112.92 | 32,875.06 |
| | ખર્ચ | 22,652.46 | 23,285.47 | 25,043.58 | 25,788.87 | 27,750.14 |
| | બંધ સિલક | 8,821.48 | 9,646.29 | 8,523.79 | 8,847.84 | 13,972.76 |
| પંચાયત સમિતિ ભંડોળ (મુખ્ય સદર 8448-109-12) | ખૂલતી સિલક | 4,138.24 | 4,209.52 | 4,153.86 | 5,205.75 | 5,067.84 |
| | આવક | 15,349.79 | 15,767.41 | 17,538.09 | 18,812.77 | 19,676.67 |
| | ખર્ચ | 15,278.51 | 15,823.07 | 16,486.20 | 18,950.68 | 19,200.71 |
| | બંધ સિલક | 4,209.52 | 4,153.86 | 5,205.75 | 5,067.84 | 5,543.80 |
| **વર્ષના અંતે બંધ સિલક** | | **13,031.00** | **13,800.15** | **13,729.54** | **13,915.68** | **19,516.56** |

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી અને સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી.

**કોઠા 4.3**માં જોઇ શકાય છે કે, વ્યક્તિગત લેજર ખાતાઓમાં 01 એપ્રિલ 2023ના રોજ ₹ 13,915.68 કરોડની ખૂલતી સિલક હતી. વર્ષ દરમિયાન ₹ 52,551.73 કરોડની આવક થઇ હતી જ્યારે ચૂકવણીઓ ₹ 46,950.85 કરોડની હતી જેથી માર્ચ 2024 ના અંતે ₹ 19,516.56 કરોડની વણવપરાયેલી સિલક હતી.

## 4.4 વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ

ગુજરાત નાણાકીય નિયમો[1], 1971 ની સાથે સામાન્ય નાણાકીય નિયમો[2], 2017 જોવામાં આવે તો, એવી જોગવાઇ છે કે નિર્દિષ્ટ ઉદ્દેશ માટે આપવામાં આવેલું સહાયક અનુદાન ગર્ભિત શરતોને અધિન હોય છે જેવી કે, (1) જો મંજૂર કરનાર અધિકારીએ સમય-મર્યાદા નક્કી ન કરી હોય તો સહાયક અનુદાનનો નિર્ધારિત હેતુ માટે અને વાજબી સમયની અંદર વપરાશ કરવાનો રહેશે અને (2) સહાયક અનુદાનનો કોઇ પણ હિસ્સો જે આખરે હેતુસર ખર્ચ કરવા માટે જરૂરી ન હોય તો, તેની સરકારને પરત સોંપણી કરવાની રહેશે.

ગુજરાત નાણાકીય નિયમો, 1971 નો નિયમ 162માં જોગવાઇ છે કે સક્ષમ અધિકારી દ્વારા તેની પોતાની નાણાકીય સત્તાની મર્યાદામાં બહાર પાડવામાં આવેલી તમામ નાણાકીય મંજૂરીઓ અને હુકમો એવી પદ્ધતિ જે સામાન્ય અથવા વિશેષ હુકમો દ્વારા નિયત કરવામાં આવેલી હોય તે અનુસાર ઑડિટ અધિકારીને જણાવવાની રહેશે. વધુમાં, ગુજરાત નાણાકીય નિયમો, 1971 ના નિયમો 154 અને 155 નિયત કરે છે કે ચોક્કસ હેતુ માટે આપવામાં આવેલા અનુદાનના વપરાશી પ્રમાણપત્ર વિભાગીય અધિકારીએ અનુદાન મેળવનાર પાસેથી મેળવવા જોઇએ અને ચકાસણી બાદ અન્ય રીતે નિર્દિષ્ટ કરવામાં આવ્યું ન હોય તો જે નાણાકીય વર્ષમાં સહાયક અનુદાન છૂટું કરવામાં આવ્યું હોય તે પૂર્ણ થયાના એક વર્ષની અંદર મહાલેખાકાર (હિસાબ અને હક) ને મોકલવાના રહેશે.

ઑડિટ ચકાસણીમાં જોવામાં આવ્યું હતું કે 2001-02 થી 2022-23ના સમયગાળા દરમિયાન રાજ્ય સરકારના 24 વિભાગોને આપવામાં આવેલ એકંદર ₹ 11,869.17 કરોડના સહાયક અનુદાનની બાબતમાં 4,745 વપરાશી પ્રમાણપત્રો 31 માર્ચ 2024ની સ્થિતિએ રજૂ કરવામાં આવ્યા ન હતાં. વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબની સ્થિતિ અને વય-વાર વિગતો અનુક્રમે **કોઠા 4.4** અને **4.5** માં આપી છે.

**કોઠો 4.4: 31 માર્ચ 2024ના રોજ વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવાની સ્થિતિ**

| નિયત વર્ષ[3] | બાકી વપરાશી પ્રમાણપત્રોની સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|
| 2022-23 સુધી | 2,680 | 3,064.05 |
| 2023-24 | 2,065 | 8,805.12 |
| **કુલ** | **4,745** | **11,869.17** |

સ્રોત: 2023-24 ના નાણાકીય હિસાબો.

[1] નિયમ 154 અને 155

[2] નિયમ 238 (1)

[3] ઉપર ઉલ્લેખ કરેલું વર્ષ "નિયત વર્ષ" ના સંબંધમાં છે એટલે કે ખરેખર ઉપાડના 12 મહિના પછી.

**કોઠો 4.5: વય-વાર રજૂ કરવાના બાકી વપરાશી પ્રમાણપત્રો**

| ક્રમાંક | વિલંબનો સમયગાળો (વર્ષોમાં) | બાકી વપરાશી પ્રમાણપત્રો | |
|---|---|---|---|
| | | સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
| 1. | 0-1 (2022-23) | 2,065 | 8,805.12 |
| 2. | 2-3 (2020-22) | 768 | 1,903.77 |
| 3. | 4-5 (2018-20) | 306 | 345.16 |
| 4. | 6-7 (2016-18) | 71 | 621.47 |
| 5. | 8-9 (2014-16) | 40 | 40.37 |
| 6. | 10 અને ઉપર (2001-14) | 1,495 | 153.28 |
| | કુલ | **4,745** | **11,869.17** |

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

**કોઠો 4.6: 31 માર્ચ 2024ના રોજ બાકી વપરાશી પ્રમાણપત્રોનું વય-વાર વિભાજન**

(₹ કરોડમાં)

| વર્ષ | બાકી વપરાશી પ્રમાણપત્રોની સંખ્યા | રકમ |
|---|---|---|
| 2001-02 | 421 | 37.14 |
| 2002-03 | 673 | 33.52 |
| 2003-04 | 189 | 4.67 |
| 2004-05 | 66 | 3.40 |
| 2005-06 | 35 | 2.20 |
| 2006-07 | 13 | 3.08 |
| 2007-08 | 22 | 27.18 |
| 2008-09 | 6 | 1.22 |
| 2009-10 | 6 | 4.34 |
| 2010-11 | 34 | 12.35 |
| 2011-12 | 6 | 0.27 |
| 2012-13 | 2 | 0.32 |
| 2013-14 | 22 | 23.59 |
| 2014-15 | 25 | 31.41 |
| 2015-16 | 15 | 8.96 |
| 2016-17 | 38 | 384.45 |
| 2017-18 | 33 | 237.02 |
| 2018-19 | 142 | 164.01 |
| 2019-20 | 164 | 181.15 |
| 2020-21 | 205 | 269.14 |

બાકી વપરાશી પ્રમાણપત્રોનું રકમ સાથે વર્ષ-વાર વિભાજન બાજુના **કોઠા 4.6** માં કોષ્ટકબધ્ધ કરેલું છે. કોઠામાં એવું જોવામાં આવે છે કે ₹ 75.33 કરોડની કિંમતના 27 ટકા બાકી વપરાશી પ્રમાણપત્રો વર્ષ 2001-02, 2002-03 અને 2003-04ને લગતા હતાં. ₹ 8,856.53 કરોડની રકમના બાકી વપરાશી પ્રમાણપત્રોના પંચોતેર ટકા ચાર વિભાગો એટલે કે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ (**₹ 3,489.42** કરોડ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર (**₹ 2,160.62** કરોડ), આદિજાતિ વિકાસ (**₹ 1,682.43** કરોડ), અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ (**₹ 1,524.06** કરોડ) ને લગતા હતા.

વપરાશી પ્રમાણપત્રોની ગેરહાજરીમાં એવી કોઈ પણ ખાતરી ન હતી કે જે ઉદ્દેશ્ય માટે આ ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું તે માટે તેનો ઉપયોગ થયો છે. નાણા વિભાગ સાથે ત્રિમાસિક બેઠકો દરમિયાન મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા નિયમિત રૂપે બાકી વપરાશી પ્રમાણપત્રો માટે અનુવર્તી કાર્યવાહી કરવામાં આવે છે. વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં અતિશય વિલંબ

| | | |
|---|---|---|
| 2021-22 | 563 | 1,634.63 |
| 2022-23 | 2,065 | 8,805.12 |
| કુલ | **4,745** | **11,869.17** |

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

માટે રાજ્ય સરકારે જવાબદારી નક્કી કરવી જોઇએ.

2022-23 સુધીમાં ચૂકવેલા સહાયક અનુદાન માટે બાકી વપરાશી પ્રમાણપત્રોનું વિભાગવાર વિભાજન **પરિશિષ્ટ 4.1** માં દર્શાવ્યુ છે જ્યારે 10 મુખ્ય વિભાગોના બાકી વપરાશી પ્રમાણપત્રોની સ્થિતિ **આલેખ 4.2** માં દર્શાવી છે.

**આલેખ 4.2: 31 માર્ચ 2023 સુધીમાં ચુકવેલા સહાયક અનુદાન માટે 10 મુખ્ય વિભાગોમાં બાકી વપરાશી પ્રમાણપત્રો**




સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.
કૌંસમાં આંકડા વપરાશી પ્રમાણપત્રોની સંખ્યા દર્શાવે છે.

## 4.4.1 અનુદાન મેળવનાર સંસ્થાઓની "અન્યો" તરીકે નોંધણી

જો સહાયક અનુદાન રાજ્યના કુલ ખર્ચનો મહત્વનો હિસ્સો બનતું હોય તો, એ જરૂરી છે કે હિસાબોની પારદર્શિતાના હિતમાં ભંડોળ જેને પૂરું પાડવામાં આવે છે તે અનુદાન મેળવનાર સંસ્થાની વિગતો અને પ્રકાર સરકારે પૂરા પાડવા જોઇએ.

ગુજરાતમાં, છેલ્લા પાંચ વર્ષ (2019-24) દરમિયાન સહાયક અનુદાન રાજ્યના કુલ ખર્ચના 35 ટકાની આસપાસ થતા હતાં. રાજ્ય સરકારના છેલ્લા ત્રણ વર્ષ (2021-24) ના નાણાકીય હિસાબો[4] 'અન્યો' હેઠળ વર્ગીકૃત જુદી જુદી સંસ્થાઓને છૂટા કરવામાં આવેલા સહાયક અનુદાનનો સતત વધારો[5] દર્શાવતા હોવા છતાં, રાજ્ય સરકારે આવી સંસ્થાઓને કોઈ સંજ્ઞા (code) આપવાની

[4] નાણાકીય હિસાબોના પત્રક નં. 10 અને પરિશિષ્ટ III

[5] 2019-20માં ₹ 25,343.20 કરોડથી 2023-24માં ₹ 27,581.85 કરોડ

પદ્ધતિ ઘડી ન હતી, જેનાથી બાકી વપરાશી પ્રમાણપત્રોની રજૂઆત પર દેખરેખ રાખી શકાય અને દરેક સંસ્થાઓ પાસેથી બાકી રકમની ચકાસણી થઇ શકે.

નીચેનો **કોઠા 4.7** છેલ્લા પાંચ વર્ષ (2019-24) દરમિયાન રાજ્ય સરકાર દ્વારા 'અન્યો' ને છૂટા કરવામાં આવેલા સહાયક અનુદાનની વિગતો દર્શાવે છે:

**કોઠો 4.7: 2019-24 દરમિયાન "અન્યો" ને છૂટા કરવામાં આવેલા સહાયક અનુદાનની વિગતો**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | વર્ષ | કુલ ખર્ચ | છૂટું કરેલું કુલ સહાયક અનુદાન | કુલ ખર્ચની ટકાવારી તરીકે સહાયક અનુદાન | "અન્યો" ને છૂટું કરેલું સહાયક અનુદાન | કુલ છૂટા કરેલા સહાયક અનુદાનની ટકાવારી તરીકે "અન્યો" ને છૂટું કરેલું સહાયક અનુદાન |
|---|---|---|---|---|---|---|
| 1. | 2019-20 | 1,67,861.24 | 64,262.01 | 38.28 | 25,343.20 | 39.44 |
| 2. | 2020-21 | 1,78,717.47 | 64,637.35 | 36.17 | 23,691.95 | 36.65 |
| 3. | 2021-22 | 1,89,677.35 | 69,807.79 | 36.80 | 24,764.54 | 35.48 |
| 4. | 2022-23 | 2,16,507.90 | 80,753.10 | 37.30 | 26,276.92 | 32.54 |
| 5. | 2023-24 | 2,47,631.56 | 82,180.70 | 33.19 | 27,581.85 | 33.56 |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

**કોઠા 4.7**માં જોઇ શકાય છે કે, 2023-24 માં છૂટા કરાયેલા ₹ 82,180.70 કરોડના કુલ સહાયક અનુદાન પૈકી, ₹ 27,581.85 કરોડ (33 ટકા) 'અન્યો' હેઠળ વર્ગીકૃત કરવામાં આવેલી વિવિધ સંસ્થાઓને છૂટા કરવામાં આવ્યાં હતાં. જેના માટે સહાયક અનુદાન છુટું કરવામાં આવેલું છે તેની વિગતોની ગેરહાજરી, આવા ખાતાની પારદર્શિતાને વિપરીત અસર કરે છે.

## 4.5 ઉચ્ચક આકસ્મિક બિલ

રાજ્ય સરકાર દ્વારા જેના માટે છેવટનું વર્ગીકરણ અને સહાયક ભરતિયું, ઉપાડ વખતે ઉપલબ્ધ ન હોય તો ખર્ચની તેવી બાબતોમાં આકસ્મિક ખર્ચનો ઉપાડ, ઉચ્ચક આકસ્મિક બિલ (AC Bill) પર કરવામાં આવે છે. પ્રારંભમાં પેશગી તરીકે ઉપાડ કર્યા બાદ, તેનો ત્યારબાદનો મેળ ઉચ્ચક આકસ્મિક બિલનાં ઉપાડની તારીખથી ત્રણ[6] મહિનાના નિયત સમયગાળાની અંદર મહાલેખાકાર (હિસાબ અને હક) ને વિગતવાર આકસ્મિક બિલની (DC Bill) રજૂઆત મારફત સુનિશ્ચિત કરવામાં આવે છે.

વર્ષો દરમિયાન, ભંડોળનો ઉચ્ચક આકસ્મિક બિલથી, તેના લાંબા સમય માટે મેળ/પતાવટ (વિગતવાર આકસ્મિક બિલોની રજૂઆત દ્વારા) કર્યા વિના મોટા પાયે કરવામાં આવતો ઉપાડ ચિંતાનો વિષય છે.

[6] ગુજરાત તિજોરી નિયમો, 2000 ના નિયમ 211 મુજબ

31 માર્ચ 2024 ની સ્થિતિએ, ગુજરાત સરકારના 21 વિભાગોએ **કોઠા 4.8** માં આપેલી વિગતો પ્રમાણે 2,981 ઉચ્ચક આકસ્મિક બિલની સામે ₹ 288.68 કરોડ માટે વિગતવાર આકસ્મિક બિલો રજૂ કર્યાં ન હતાં.

**કોઠો 4.8: 31 માર્ચ 2024ની સ્થિતિએ ઉચ્ચક આકસ્મિક બિલોની સામે બાકી વિગતવાર આકસ્મિક બિલોની સ્થિતિ**

**(₹ કરોડમાં)**

| વર્ષ | બાકી ઉચ્ચક આકસ્મિક બિલો | |
|---|---|---|
| | સંખ્યા | રકમ |
| 2022-2023 સુધી | 1,752 | 66.79 |
| 2023-2024 | 1,229 | 221.89 |
| **કુલ** | **2,981** | **288.68** |

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા સંકલિત માહિતી.

એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે 2023-24 માં ₹ 493.87 કરોડ માટે 5,197 ઉચ્ચક આકસ્મિક બિલો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાંથી ₹ 101.44 કરોડ (20.54 ટકા) માટેના 527 ઉચ્ચક આકસ્મિક બિલો (10.14 ટકા) માર્ચ 2024 માં રજૂ કરવામાં આવ્યાં હતાં. વધુમાં, માર્ચ 2024 માં રજૂ કરેલા 527 ઉચ્ચક આકસ્મિક બિલો પૈકી, કોઇ પણ ઉચ્ચક આકસ્મિક બિલ નાણાકીય વર્ષના છેલ્લા દિવસે રજૂ કરવામાં આવ્યું ન હતું.

2023-24 સુધીના બાકી વિગતવાર આકસ્મિક બિલોની વિભાગ-વાર વિગતો અને વર્ષ-વાર વિગતો અનુક્રમે **પરિશિષ્ટ 4.2** અને **પરિશિષ્ટ 4.3** માં દર્શાવી છે. 10 મુખ્ય વિભાગોના બાકી વિગતવાર આકસ્મિક બિલોની સ્થિતિ **આલેખ 4.3** માં આપી છે.

**આલેખ 4.3: 10 મુખ્ય વિભાગોમાં બાકી વિગતવાર આકસ્મિક બિલો**




સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

બાકી વિગતવાર આકસ્મિક બિલોના એકોતેર ટકા, ત્રણ વિભાગો એટલે કે શિક્ષણ (824 બિલો), પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ (685 બિલો) અને ગૃહ (617 બિલો) ને લગતા હતાં.

પેશગીઓનું લાંબા સમય સુધી સમાયોજન ન થાય તો ગેરરીતિનું જોખમ રહે છે. આથી, વિગતવાર આકસ્મિક બિલો રજૂ થાય તે સુનિશ્ચિત કરવા માટે સંબંધિત ઉપાડ અને ચૂકવણી અધિકારીઓ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવે તે જરૂરી છે. ઉપરાંત, વિગતવાર આકસ્મિક બિલો ન મળ્યા હોય એટલે અંશે નાણાકીય હિસાબોમાં દર્શાવેલો ખર્ચ સાચો અથવા છેવટનો માની શકાય નહીં.

## 4.6 વ્યક્તિગત થાપણ ખાતા

એક વ્યક્તિગત થાપણ ખાતું તેના વહીવટકર્તાને ચોક્કસ હેતુ માટે વ્યક્તિગત થાપણ ખાતામાં આવક સીધેસીધી જમા કરવા અથવા ઉપાડ કરવાની સુગમતા માટેના ઉદ્દેશથી ઉભી કરેલી વ્યવસ્થા છે. સરકારના સંબંધિત વિભાગની આગોતરી મંજૂરીથી જ વ્યક્તિગત થાપણ ખાતું શરૂ કરવાની સત્તા આપી શકાય છે. વ્યક્તિગત થાપણ ખાતામાં ભંડોળોની તબદીલીની નોંધ રાજ્યના સંચિત નિધિમાંથી છેવટના ખર્ચ તરીકે સેવાના સંબંધિત મુખ્ય સદર હેઠળ કરવામાં આવે છે.

વર્ષ 2023-24 દરમિયાન, સાત નવા વ્યક્તિગત થાપણ ખાતાઓ ખુલ્યા હતા અને બે નવા વ્યક્તિગત થાપણ ખાતાઓ બંધ થયા હતા. નીચે **કોઠા 4.9** 2019-24 દરમિયાન નાણાકીય વર્ષના છેલ્લા દિવસે વ્યક્તિગત થાપણ ખાતાઓમાં રહેલા ભંડોળોની સ્થિતિ રજૂ કરે છે:

**કોઠો 4.9: 2019-24 દરમિયાન વ્યક્તિગત થાપણ ખાતામાં રાખવામાં આવેલા ભંડોળો**

(₹ કરોડમાં)

| વર્ષ | વર્ષના અંતે વ્યક્તિગત થાપણ ખાતાઓની સંખ્યા | બંધ સિલક |
|---|---|---|
| 2019-20 | 465 | 795.41 |
| 2020-21 | 470 | 1,003.78 |
| 2021-22 | 471 | 989.57 |
| 2022-23 | 471 | 817.82 |
| 2023-24 | 476 | 5,040.49 |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

વ્યક્તિગત થાપણ ખાતાઓ હેઠળની બંધ સિલકો **2020-21** માં ₹ 1,003.78 કરોડ હતી તે ઘટીને 2021-22 માં ₹ 817.82 કરોડ થઇ હતી. જો કે, 2023-24 દરમિયાન, તે વધીને ₹ 5,040.49 કરોડ થઇ હતી. આ વધારો નવા છ વ્યક્તિગત થાપણ હિસાબોમાં વર્ષના અંતે ₹ 3,949.86 કરોડની થાપણોના કારણે હતો. 31 માર્ચ 2024 ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન 21 નિષ્ક્રિય વ્યક્તિગત થાપણ ખાતાઓ હતા, જેની સિલક ₹ 2.14 કરોડ હતી. તમામ 476 વ્યક્તિગત થાપણ ખાતાઓ પૈકી 460 ના વહીવટકર્તાઓએ તેમની સિલકોનું તિજોરી સાથે મેળવણું અને ચકાસણી કરી હતી. 16 વ્યક્તિગત થાપણ ખાતાના વહીવટકર્તાઓએ સિલકોનું તિજોરી સાથે મેળવણું અને ચકાસણી કરી ન હતી (જૂલાઇ 2024).

વ્યક્તિગત થાપણ ખાતાઓમાંથી વણવપરાયેલ સિલકોની રાજ્યના એકીકૃત ભંડોળમાં તબદીલી ન થવાને લીધે જાહેર ભંડોળના દુરુપયોગનું જોખમ રહેલ છે.

## 4.7 ગૌણ સદર 800 નો ઉપયોગ

અન્ય આવક/અન્ય ખર્ચ સંબંધિત સર્વસંગ્રાહક ગૌણ સદર 800 નો ઉપયોગ માત્ર એવા કિસ્સાઓમાં કરવો જોઇએ કે જેમાં હિસાબોમાં મુખ્ય સદર હેઠળ યોગ્ય ગૌણ સદરની જોગવાઇ કરવામાં આવી ન હોય. ગૌણ સદર 800 હેઠળ આવક અને ખર્ચની આડેધડ નોંધણી વ્યવહારોની પારદર્શિતા અને પ્રકાર પર અસર કરે છે.

2023-24 દરમિયાન, રાજ્ય સરકારે 58 મુખ્ય હિસાબી સદરો હેઠળના ગૌણ સદર 800 હેઠળ ₹ 6,492.52 કરોડના ખર્ચની નોંધ કરી હતી, જે ₹ 2,44,964.94 કરોડના કુલ મહેસૂલ અને મૂડી ખર્ચ[7]ના 2.65 ટકા જેટલી થાય છે. 2019-24 દરમિયાન કુલ ખર્ચની ટકાવારી તરીકે ગૌણ સદર 800–'અન્ય ખર્ચ' ના ઉપયોગનું પ્રમાણ **આલેખ 4.4** માં આપ્યું છે.

**આલેખ 4.4: 2019-24 દરમિયાન ગૌણ સદર 800 નો ઉપયોગ– 'અન્ય ખર્ચ'**




સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

આલેખ 4.4 દર્શાવે છે કે કુલ ખર્ચની ટકાવારી રૂપે ગૌણ સદર 800 નો ઉપયોગ - 'અન્ય ખર્ચ' 2019-23 દરમિયાન સતત ઘટ્યો હતો, પરંતુ 2023-24 દરમિયાન નજીવો વધારો થયો હતો.

2023-24 દરમિયાન ચોક્કસ મુખ્ય સદરની અંદર ગૌણ સદર 800 – 'અન્ય ખર્ચ' હેઠળ નોંધવામાં આવેલ ખર્ચના (50 ટકા અથવા અધિક) નોંધપાત્ર પ્રમાણના ઉદાહરણો **કોઠા 4.10** માં આપ્યા છે.

[7] ₹ 2,666.61 કરોડના રકમની લોન અને પેશગીના નિષેધના કારણે અહી ₹ 2,44,964.94 કરોડના આંકડાનો ખર્ચ કોઠો 1.2માં ₹ 2,47,631.56 કરોડના કુલ ખર્ચ સાથે મેળ નહિ પામશે.

**કોઠો 4.10: 2023-24 દરમિયાન ગૌણ સદર 800 – 'અન્ય ખર્ચ' હેઠળ નોંધવામાં આવેલ નોંધપાત્ર ખર્ચના ઉદાહરણો**

(₹ કરોડમાં)

| ક્રમાંક | મુખ્ય સદર | મુખ્ય સદર હેઠળ ખર્ચ | ગૌણ સદર 800 હેઠળ નોંધવામાં આવેલો ખર્ચ | ટકાવારી |
|---|---|---|---|---|
| 1 | 4075-પરચૂરણ સામાન્ય સેવાઓ પર મૂડી જોગવાઇ | 57.39 | 57.39 | 100.00 |
| 2 | 4236-પોષણ પર મૂડી જોગવાઇ | 186.65 | 186.65 | 100.00 |
| 3 | 2075-પરચૂરણ સામાન્ય સેવાઓ | 119.02 | 118.62 | 99.66 |
| 4 | 4851-ગ્રામ્ય અને નાના ઉદ્યોગો પર મૂડી જોગવાઇ | 109.64 | 106.00 | 96.68 |
| 5 | 2852-ઉદ્યોગો | 4,830.74 | 3,781.69 | 78.28 |
| 6 | 4070-અન્ય વહીવટી સેવાઓ પર મૂડી જોગવાઇ | 13.45 | 9.84 | 73.16 |
| 7 | 4408- અન્ન, સંગ્રહ અને વખાર પર મૂડી જોગવાઇ | 19.00 | 13.00 | 68.42 |
| 8 | 3475-અન્ય સામાન્ય આર્થિક સેવાઓ | 121.91 | 74.23 | 60.89 |
| 9 | 4250-અન્ય સામાજીક સેવાઓ પર મૂડી જોગવાઇ | 212.54 | 119.05 | 56.01 |
| 10 | 4875-અન્ય ઉદ્યોગો પર મૂડી જોગવાઇ | 364.32 | 200.00 | 54.90 |

સ્રોત: 2023-24 ના નાણાકીય હિસાબો.

2019-24 દરમિયાન કુલ આવકની ટકાવારી રૂપે ગૌણ સદર 800 –'અન્ય આવક'ના ઉપયોગનું પ્રમાણ **આલેખ 4.5** માં દર્શાવ્યા મુજબ હતું.

**આલેખ 4.5: 2019-24 દરમિયાન ગૌણ સદર 800 - 'અન્ય આવક' નો ઉપયોગ**




સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

આવકના કિસ્સામાં, ગૌણ સદર 800 નો ઉપયોગ 2021-22 માં કુલ આવકના 1.99 ટકાથી 2020-21 દરમિયાન કુલ આવકના 6.49 ટકાની વચ્ચે રહ્યો હતો. 2023-24 દરમિયાન, રાજ્ય સરકારે

55 મુખ્ય સદરોને લગતી ₹ 8,788.13 કરોડની આવકની નોંધ ગૌણ સદર 800 –'અન્ય આવક' હેઠળ વર્ગીકૃત કરી હતી જે ₹ 2,22,762.73 કરોડની કુલ આવકના 3.94 ટકા થતી હતી. 2023-24 દરમિયાન ચોક્કસ મુખ્ય સદર અંતર્ગત ગૌણ સદર 800 – 'અન્ય આવક' હેઠળ નોંધપાત્ર પ્રમાણમાં નોંધવામાં આવેલી આવકના ઉદાહરણો **કોઠા 4.11** માં આપ્યા છે.

**કોઠો: 4.11: 2022-23 દરમિયાન ગૌણ સદર 800 – 'અન્ય આવક' હેઠળ નોંધપાત્ર પ્રમાણમાં નોંધવામાં આવેલી આવક**

(₹ કરોડમાં)

| ક્રમાંક | મુખ્ય સદર | મુખ્ય સદર હેઠળ આવક | ગૌણ સદર 800 હેઠળ નોંધેલી આવક | ટકાવારી |
|---|---|---|---|---|
| 1. | 0575-**અન્ય વિશેષ વિસ્તાર કાર્યક્રમો** | 13.02 | 15.83 | 121.58[8] |
| 2. | 0810-ઊર્જાના બિન-પરંપરાગત સ્ત્રોતો | 1,131.04 | 1,131.04 | 100.00 |
| 3. | 0211-પરિવાર કલ્યાણ | 268.72 | 268.72 | 100.00 |
| 4. | 0801-ઉર્જા | 263.09 | 263.09 | 100.00 |
| 5. | 0875-અન્ય ઉદ્યોગો | 220.00 | 220.00 | 100.00 |
| 6. | 1452-**પ્રવાસન** | 213.06 | 213.06 | 100.00 |
| 7. | 1456-નાગરિક પુરવઠો | 78.72 | 78.72 | 100.00 |
| 8. | 0408-**અન્ન, સંગ્રહ અને વખાર** | 8.52 | 8.52 | 100.00 |
| 9. | 1425-**અન્ય વૈજ્ઞાનિક સંશોધન** | 7.72 | 7.72 | 100.00 |
| 10. | 0404-ડેરી વિકાસ | 0.07 | 0.07 | 100.00 |
| 11. | 0047-અન્ય નાણાકીય સેવાઓ | 0.06 | 0.06 | 100.00 |
| 12. | 0802-પેટ્રોલિયમ | 0.01 | 0.01 | 100.00 |
| 13. | 0215-પાણી પુરવઠો અને સ્વચ્છતા | 494.79 | 493.55 | 99.75 |
| 14. | 0235-સામાજીક સુરક્ષા અને કલ્યાણ | 24.32 | 24.26 | 99.75 |
| 15. | 0515-અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો | 691.71 | 686.43 | 99.24 |
| 16. | 0401-પાક ઉછેર | 283.23 | 279.29 | 98.61 |
| 17. | 1054-માર્ગ અને પુલો | 56.33 | 54.43 | 96.63 |
| 18. | 0217-શહેરી વિકાસ | 730.67 | 693.81 | 94.96 |
| 19. | 0702-નાની સિંચાઈ | 10.44 | 9.8 | 93.87 |
| 20. | 0059-જાહેર બાંધકામ | 84.5 | 73.58 | 87.08 |
| 21. | 0406-વન સંવર્ધન અને વન્ય જીવન | 44.89 | 38.41 | 85.56 |
| 22. | 0070-અન્ય વહીવટી સેવાઓ | 622.18 | 521.05 | 83.75 |
| 23. | 0405-મત્સ્યોદ્યોગ | 15.59 | 11.98 | 76.84 |

8 મુખ્ય સદર 0575ની તમામ આવક ₹ 15.83 કરોડ ગૌણ સદર 800 હેઠળ હતી. આમાંથી, ₹ 2.81 કરોડનું રિફંડ મુખ્ય સદર 0575માં ગૌણ સદર 900 હેઠળ આપવામાં આવ્યું હતું. તેના લીધે, ગૌણ સદર 800 હેઠળની આવક મુખ્ય સદર હેઠળની આવક કરતા વધારે છે.

| ક્રમાંક | મુખ્ય સદર | મુખ્ય સદર હેઠળ આવક | ગૌણ સદર 800 હેઠળ નોંધેલી આવક | ટકાવારી |
|---|---|---|---|---|
| 24. | 0035-ખેતીની જમીન સિવાયની મિલકત પર કરવેરા | 675.87 | 514.63 | 76.14 |
| 25. | 0071- પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો અંગે ફાળો અને વસૂલાત | 56 | 38 | 67.86 |
| 26. | 0049-વ્યાજની આવક | 2,702.67 | 1,515.93 | 56.09 |

સ્રોત: 2023-24 ના નાણાકીય હિસાબો.

જ્યારે યોગ્ય ગૌણ સદર ઉપલબ્ધ હોય ત્યારે ગૌણ સદર 800 ના અયોગ્ય ઉપયોગના ઑડિટમાં ધ્યાન પર આવેલા કેટલાક ઉદાહરણો **પરિશિષ્ટ 4.4** માં આપ્યા છે.

સર્વસંગ્રાહક ગૌણ સદર 800 હેઠળ મોટી રકમોનું વર્ગીકરણ નાણાકીય અહેવાલોમાં પારદર્શિતાને અસર કરે છે.

## 4.8 ઉપલક અને ઋણ, થાપણ અને ભરણાના મુખ્ય સદરો હેઠળ બાકી સિલકો

એક અથવા બીજા કારણસર હિસાબના નિર્ણાયક સદરમાં નોંધી શકાય એમ ન હોય એવા વ્યવહારો દર્શાવવા માટે સરકારના હિસાબોમાં ઉપલક સદર ખોલવામાં આવે છે. આવા હિસાબી સદરોમાં રહેલી રકમોને જ્યારે તેમના સંબંધિત નિર્ણાયક સદરે નોંધવામાં આવે ત્યારે, બાદ ઉધાર અથવા બાદ જમા દ્વારા છેવટે ઉપલક સદરોને દૂર કરવામાં આવે છે. જો ઉપલક સદર હેઠળની રકમો પતાવટ થયા વગર રહે તો આ સદરો હેઠળની સિલકો જમા થયા કરશે જે પરિણામે સરકારની આવક અને ચૂકવણીઓ ઓછી દર્શાવશે.

ભરણાં એવા તમામ વ્યવહારોને આવરી લે છે જે હિસાબોના સમાયોજનના સદરો હોય છે અને આ સદરોમાં ઉધાર અથવા જમા નોંધો છેવટે એ જ અથવા અન્ય હિસાબી વર્તુળની અંદર અનુરૂપ જમા અથવા ઉધાર દ્વારા દૂર કરવામાં આવે છે.

નાણાકીય હિસાબો ઉપલક અને ભરણાંના સદરો હેઠળની ચોખ્ખી સિલકો દર્શાવે છે. આ સદરો હેઠળની બાકી સિલકોની ગણતરી જુદા જુદા સદરો હેઠળની અલગ અલગ બાકી ઉધાર અને જમા સિલકોનુ એકત્રીકરણ કરીને કરવામાં આવે છે. ઉપલક અને ભરણાંના સદરોની બાબતો દૂર કરવાનો આધાર રાજ્યની તિજોરીઓ/બાંધકામ અને વન વિભાગો, વગેરે દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતો પર છે.

ઉપલક અને ભરણાંના મુખ્ય સદરો હેઠળની છેલ્લા ત્રણ વર્ષ માટેની ચોખ્ખી સિલકો **કોઠા 4.12** માં આપી છે.

**કોઠો 4.12: ઉચ્ચક અને ભરણાંના સદરો હેઠળની સિલકો**

(₹ કરોડમાં)

| ગૌણ સદર | 2021-22 | | 2022-23 | | 2023-24 | |
|---|---|---|---|---|---|---|
| | ઉધાર | જમા | ઉધાર | જમા | ઉધાર | જમા |
| **મુખ્ય સદર 8658 – ઉચ્ચક** | | | | | | |
| 101 – પગાર અને હિસાબ કચેરી ઉચ્ચક | 140.81 | 1.06 | 139.37 | (-)0.93 | 136.89 | 0.86 |
| ચોખ્ખી | ઉધાર 139.75 | | ઉધાર 140.30 | | ઉધાર 136.03 | |
| 102 – ઉચ્ચક હિસાબ -મુલ્કી | (-)8.45 | (-)12.41 | (-)9.69 | (-)29.42 | 28.49 | 22.21 |
| ચોખ્ખી | ઉધાર 3.96 | | ઉધાર 19.73 | | ઉધાર 6.28 | |
| 109 – રિઝર્વ બેંક ઉચ્ચક–મુખ્ય કચેરી | 0.32 | (-)0.04 | 0.33 | 0.00 | 0.43 | 0.04 |
| ચોખ્ખી | ઉધાર 0.36 | | ઉધાર 0.33 | | ઉધાર 0.39 | |
| 110 – રિઝર્વ બેંક ઉચ્ચક - મુખ્ય હિસાબી કચેરી | 201.32 | (-)0.02 | 201.34 | 4.39 | 300.92 | (-)4.39 |
| ચોખ્ખી | ઉધાર 201.34 | | ઉધાર 196.95 | | ઉધાર 305.31 | |
| 112 – મૂળ સ્થાને કર કપાત (TDS) ઉચ્ચક | 0.00 | 49.51 | 0.00 | 60.73 | 0.00 | 77.82 |
| ચોખ્ખી | જમા 49.51 | | જમા 60.73 | | જમા 77.82 | |
| 123 – અખિલ ભારતીય સેવાના અધિકારીઓની જૂથ વિમા યોજના | 0.27 | 0.28 | 0.24 | 0.15 | 0.40 | 0.36 |
| ચોખ્ખી | જમા 0.01 | | ઉધાર 0.09 | | ઉધાર 0.04 | |
| **મુખ્ય સદર 8782- ભરણાં** | | | | | | |
| 102 – જાહેર બાંધકામના ભરણાં | 19,677.19 | 20,581.17 | 20,163.07 | 21,106.67 | 25,580.59 | 26,919.27 |
| ચોખ્ખી | જમા 903.98 | | જમા 943.60 | | જમા 1,338.69 | |
| 103 – વન વિભાગના ભરણાં | 1,215.40 | 1,345.30 | 1,384.39 | 1,491.49 | 1,653.02 | 1,719.73 |
| ચોખ્ખી | જમા 129.90 | | જમા 107.10 | | જમા 66.71 | |
| 108 અન્ય ભરણાં | 90.47 | 105.13 | 96.76 | 109.00 | 112.06 | 121.69 |
| ચોખ્ખી | જમા 14.66 | | જમા 12.24 | | જમા 9.63 | |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

## પગાર અને હિસાબ કચેરી ઉચ્ચક

પગાર અને હિસાબ કચેરીઓ અને મહાલેખાકાર (હિસાબ અને હક) ના હિસાબ કિતાબ માંથી ઉભા થતા આંતર-વિભાગીય અને આંતર-સરકારી વ્યવહારોના સમાધાન માટે આ ગૌણ સદરનો ઉપયોગ કરવામાં આવે છે. આ ગૌણ સદર હેઠળના વ્યવહારો એક હિસાબી અધિકારીએ અન્ય

હિસાબી અધિકારી જેના સામે ગૌણ સદર 'પીએઓ ઉપલક'નો ઉપયોગ કરવામાં આવ્યો છે તેના વતી ક્યાં તો કરેલી વસૂલાત અથવા તો ચૂકવણીઓ રજૂ કરે છે. જે હિસાબી અધિકારીના હિસાબમાં પ્રારંભિક વસૂલાત હિસાબમાં નોંધવામાં આવી હોય તેના દ્વારા ચેક બહાર પાડવામાં આવે ત્યારે આ સદરની જમા નોંધનો 'બાદ જમા' દ્વારા નિકાલ કરવામાં આવે છે. 'પીએઓ ઉપલક' હેઠળની ઉધાર નોંધ હિસાબી અધિકારી, જેના વતી ચૂકવણી કરવામાં આવી હતી તેના તરફથી ચેક મળે અને વટાવાય ત્યારે 'બાદ ઉધાર' દ્વારા નિકાલ કરવામાં આવે છે.

આ સદર હેઠળની બાકી ઉધાર સિલકનો અર્થ એવો થાય કે રાજ્ય સરકાર સિવાયની એજન્સીઓ વતી રાજ્ય સરકારની તિજોરી દ્વારા ચૂકવણી કરવામાં આવી હતી અને જેના દાવાની સંબંધિત એજન્સીઓ પાસેથી વસૂલાત કરવાની બાકી છે. તે જ રીતે, બાકી જમા સિલકનો અર્થ એવો થાય કે રાજ્ય સરકાર સિવાયની એજન્સીઓ પાસેથી રાજ્યની તિજોરીમાં ચુકવણીઓ પ્રાપ્ત થઇ ગઇ છે પરંતુ સમાયોજન કરવાનું બાકી છે.

આ સદર હેઠળની ચોખ્ખી ઉધાર સિલક 2022-23 માં ₹ 140.30 કરોડ હતી તે ઘટીને 2023-24 માં ₹ 136.03 કરોડ થઇ હતી.

## *ઉપલક હિસાબ (મુલ્કી)*

આ વચગાળાના ગૌણ સદરનો ઉપયોગ એવા વ્યવહારોના હિસાબીકરણ માટે કરવામાં આવે છે જે કેટલીક માહિતી/દસ્તાવેજો એટલે કે ભરતીયા, ચલણો, વગેરેના અભાવે ખર્ચ અથવા આવકના નિર્ણાયક સદરમાં નોંધી શકાતા નથી. આ ગૌણ સદરને આવકની નોંધ કરવા માટે જમા કરવામાં આવે છે અને કરવામાં આવેલા ખર્ચ માટે ઉધારવામાં આવે છે. જરૂરી માહિતી/દસ્તાવેજો મળે ત્યારે હિસાબોના સંબંધિત મુખ્ય/પેટા-મુખ્ય/ગૌણ સદરોમાં ઉધાર હવાલા અથવા જમા દ્વારા બાદ ઉધાર અથવા બાદ જમા નોંધ રાખી આ ગૌણ સદર દૂર કરવામાં આવે છે.

આ સદર હેઠળની બાકી ઉધાર સિલકનો અર્થ એવો થાય કે ભરતીયા જેવી વિગતોના અભાવે કરવામાં આવેલી ચૂકવણીઓ નિર્ણાયક ખર્ચના સદરે ઉધારી શકાઈ ન હતી. બાકી જમા સિલકનો મતલબ એ થાય કે જે રકમો પ્રાપ્ત થઇ હતી તેને માહિતીના અભાવે આવકના નિર્ણાયક સદરમાં જમા કરી શકાઇ ન હતી. ઉચ્ચક સિલકો દૂર ન થાય તો સરકારના આવક અને ખર્ચ ઓછા દર્શાવાય છે જે રાજકોષીય સૂચકોને અસર કરે છે.

31 માર્ચ 2024ના રોજ આ સદરમાં ચોખ્ખી ઉધાર સિલક ₹ 6.28 કરોડ હતી, જે દર્શાવે છે કે આવકના નિર્ણાયક સદરના વર્ગીકરણ માટે જરૂરી માહિતી ઉપલબ્ધ ન હતી.

## *રિઝર્વ બેંક ઉપલક- કેન્દ્રીય હિસાબ કચેરી*

આ સદરનો ઉપયોગ આંતર-સરકારી વ્યવહારો જેમાં બે સરકારો વચ્ચેની રોકડ સિલકો વચ્ચેની નાણાકીય પતાવટ ભારતીય રિઝર્વ બેંકના કેન્દ્રીય હિસાબ વિભાગને સૂચના આપીને કરવામાં આવે છે.

ભારતીય રિઝર્વ બેંક દ્વારા કરાયેલા નાણાકીય સમાયોજનની જાણ થયા બાદ આવકના નિર્ણાયક હિસાબી સદરે રકમ તબદીલ કરીને આ સદર દૂર કરવામાં આવે છે. મુખ્ય વ્યવહારો જેની આ ઉપલક સદર હેઠળ પતાવટ કરવામાં આવે છે તે ભારત સરકાર તરફથી મળેલું અનુદાન/લોન અને તેમની પરત-ચૂકવણીઓ, જામીનગીરીઓનું વિમોચન અને ભારતીય રિઝર્વ બેંકની જાહેર ઋણ કચેરી દ્વારા તેના પર ચૂકવવામાં આવેલું વ્યાજ, અને સરકારના વિભાગોને માલસામાનના પુરવઠા માટે મહાનિયામક પુરવઠા અને નિકાલ (ડિરેક્ટર જનરલ ઓફ સપ્લાઇઝ એન્ડ ડિસ્પોઝલ્સ) દ્વારા કરવામાં આવેલી ચૂકવણીઓ છે.

31 માર્ચ 2024ના રોજ, આ સદર હેઠળ ઉધાર સિલક ₹ 305.31 કરોડ હતી.

## 4.9 વિભાગીય આંકડાઓનું મેળવણું

ગુજરાત નાણાકીય નિયમો, 1983 નો ફકરો 101 નિયત કરે છે કે નિયંત્રણ અધિકારીઓના હિસાબ-કિતાબમાં નોંધવામાં આવેલા આવક અને ખર્ચનું વર્ષ દરમિયાન દર મહિને મહાલેખાકાર (હિસાબ અને હક) ના હિસાબ-કિતાબમાં જે નોધવામાં આવેલા હોય તેની સાથે મેળવણું કરવું જોઇએ. આ બાબત નિયંત્રણ અધિકારીઓને (ક) ખર્ચ પર અસરકારક નિયંત્રણ રાખવામાં (ખ) તેમની અંદાજપત્રીય ફાળવણીનો અસરકારક રીતે વહીવટ કરવામાં અને (ગ) તેમના હિસાબોની ચોકસાઇ સુનિશ્ચિત કરવા માટે સક્ષમ કરે છે.

2022-23 દરમિયાન મહેસૂલ આવકના 96.59 ટકા અને મહેસૂલ ખર્ચના 92.15 ટકા, મૂડી ખર્ચનું 96.35 ટકા અને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી લોન અને પેશગીઓનું 100 ટકા મેળવણું કરવામાં આવ્યું હતું. 2023-24 દરમિયાન મહેસૂલ આવકના 97.37 ટકા અને મહેસૂલ ખર્ચના 91.54 ટકા, મૂડી ખર્ચનું 96.54 ટકા અને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી લોન અને પેશગીઓનું 100 ટકા મેળવણું હાંસલ કરવામાં આવ્યું હતું.

## 4.10 રોકડ સિલકોનું મેળવણું

31 માર્ચ 2024ના રોજ મહાલેખાકાર (હિસાબ અને હક) ના હિસાબ-કિતાબ મુજબ રાજ્ય સરકારની રોકડ સિલક અને ભારતીય રિઝર્વ બેંક દ્વારા જણાવવામાં આવેલી રોકડ સિલક વચ્ચે ₹ 7.04 કરોડનો (જમા) તફાવત હતો. આ ₹ 7.04 કરોડનો તફાવત, તિજોરીઓ/, ભારતીય રિઝર્વ બેંક/એજન્સી બેંકો વચ્ચે મેળવણું બાકી હોવાના કારણે ઊભો થયો હતો. રોકડ સિલકમાં વિસંગતતાની પતાવટ કરવાની જરૂર છે.

## 4.11 ભારત સરકારના હિસાબી ધોરણોનું અનુપાલન

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા 2002માં સ્થાપવામાં આવેલુ સરકારી હિસાબી ધોરણ સલાહકાર બોર્ડ (GASAB), ઉત્તરદાયિત્વ નક્કી કરવાની પધ્ધતિને વધુ સારી બનાવવા માટે સરકારી હિસાબો અને નાણાકીય અહેવાલો માટેના ધોરણો ઘડે છે. માર્ચ 2023 ની સ્થિતિએ, ચાર ભારતીય સરકારી હિસાબી ધોરણો (IGAS) જાહેર કરવામાં આવ્યાં છે.

આ ધોરણોની વિગતો અને વર્ષ 2023-24 માટેના નાણાકીય પત્રકોમાં ગુજરાત સરકાર દ્વારા આના અનુપાલનનું પ્રમાણ **કોઠા** 4.13 માં આપવામાં આવ્યું છે.

**કોઠો 4.13: ભારતીય સરકારી હિસાબી ધોરણોનું અનુપાલન**

| હિસાબી ધોરણ | ભારત સરકારના હિસાબી ધોરણોનો સાર | રાજ્ય સરકાર દ્વારા અનુપાલન | ઉણપ |
|---|---|---|---|
| ભારત સરકારના હિસાબી ધોરણો – 1<br>*સરકાર દ્વારા આપવામાં આવેલી બાયંધરીઓ–જાહેર કરવાની જરૂરિયાત* | આ ધોરણ સરકાર માટે તેના નાણાકીય હિસાબોમાં વર્ષ દરમિયાન આપવામાં આવેલી બાયંધરીઓની મહત્તમ રકમ સાથે ઉમેરા, કાઢી નાખેલી, અમલ કરેલી, મુક્ત કરેલી અને વર્ષના અંતે બાકી જાહેર કરવાનું જરૂરી બનાવે છે. | **આંશિક અનુપાલન કરવામાં આવ્યુ** | રાજ્ય સરકારે વર્ષ દરમિયાન આપેલી બાંયધરીઓની અધિકતમ રકમ જાહેર કરી હતી પરંતુ મળવાપાત્ર બાંયધરી ફી નું ક્ષેત્ર-વાર વિભાજન રાજ્ય સરકાર દ્વારા પૂરું પાડવામાં આવ્યું ન હતું. વિભાગો દ્વારા બાંયધરીઓનું મેળવણું કરવામાં આવ્યું ન હતું. |
| ભારત સરકારના હિસાબી ધોરણો - 2<br>*સહાયક અનુદાનનું હિસાબીકરણ અને વર્ગીકરણ* | છેવટના ઉપયોગને ધ્યાને લીધા વિના સહાયક અનુદાનનું વર્ગીકરણ અનુદાન આપનારના હિસાબોમાં મહેસૂલી ખર્ચ તરીકે અને અનુદાન મેળવનારના હિસાબોમાં મહેસૂલી આવક તરીકે કરવાનું હોય છે. | **આંશિક અનુપાલન કરવામાં આવ્યુ** | 2023-24 દરમિયાન, ગુજરાત સરકારે મહેસૂલી વિભાગ હેઠળ સાચી રીતે સહાયક અનુદાનની અંદાજપત્રીય જોગવાઈ અને હિસાબી નોંધ કરેલ છે. વસ્તુ રૂપે આપવામાં આવેલા સહાયક અનુદાનની માહિતી સરકાર દ્વારા મહાલેખાકાર (હિસાબ અને હક) ને આપવામાં આવી ન હતી. |
| ભારત સરકારના હિસાબી ધોરણો – 3<br>*સરકાર દ્વારા આપવામાં આવેલી લોન અને પેશગીઓ* | આ ધોરણ સરકાર દ્વારા આપવામાં આવતી લોન અને પેશગીઓની નાણાકીય હિસાબોમાં માન્યતા, માપણી, મૂલ્યાંકન અને રજૂઆતને લગતું છે. જેથી પૂર્ણ, ચોક્કસ અને એકરૂપ હિસાબી પ્રણાલી સુનિશ્ચિત કરી શકાય. | **આંશિક અનુપાલન કરવામાં આવ્યુ** | રાજ્ય સરકારે લોનની સિલકો અને બાકી વસૂલાતો અને કાયમી ધોરણે મંજૂર કરવામાં આવેલી લોનની પુષ્ટિ કરવાની હોય છે. જો કે, સરકારે 31 માર્ચ 2024 ના રોજની વસૂલાતને લગતી માહિતી પૂરી પાડી છે છતાં, મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા સતત અનુસરણ કરતાં રહેવા છતાં બાકી લોનની સિલકો અને 'કાયમી |

| હિસાબી ધોરણ | ભારત સરકારના હિસાબી ધોરણોનો સાર | રાજ્ય સરકાર દ્વારા અનુપાલન | ઉણપ |
|---|---|---|---|
| | | | ધોરણે આપવામાં આવેલી લોન' અંગેની માહિતીની પુષ્ટિ કરી નથી. |
| ભારત સરકારના હિસાબી ધોરણો - 4 *પહેલાના સમયગાળાની ગોઠવણો* | આ ધોરણનો ઉદ્દેશ્ય અગાઉના સમયગાળાની ગોઠવણો, જેમાં એકવાર ધ્યાન પર આવેલી ભૂલો સમાવિષ્ટ છે, તે વર્તમાન સમયગાળા (નાણાકીય વર્ષ) માં હિસાબીકરણના રોકડ આધાર હેઠળ રજૂ અને જાહેર કરવાની રીત નક્કી કરવાનો છે. | **અનુપાલન** | **વર્ષ દરમિયાન અગાઉના સમયગાળાની ગોઠવણો કરવામાં આવી ન હતી.** |

## 4.12 સ્વાયત્ત સંસ્થાઓના હિસાબોની રજૂઆત

રાજ્ય સરકાર દ્વારા વિકાસ, ગૃહનિર્માણ વગેરે ક્ષેત્રોમાં ઘણી સ્વાયત્ત સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. આ સ્વાયત્ત સંસ્થાઓ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 19(2), 19(3) અને 20(1) હેઠળ ઑડિટને પાત્ર છે. રાજ્યમાં આવી 69 સ્વાયત્ત સંસ્થાઓના હિસાબનું ઑડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા કરવામાં આવે છે. 69 સ્વાયત્ત સંસ્થાઓ પૈકી પ્રત્યેકની બાબતમાં અલગ ઑડિટ અહેવાલો રાજ્ય સરકારને રજૂ કરવાના હોય છે જ્યારે 69 સ્વાયત્ત સંસ્થાઓ પૈકી 42 ની બાબતમાં અલગ ઑડિટ અહેવાલો રાજ્ય વિધાનસભામાં મુકવાના હોય છે.

**પરિશિષ્ટ 4.5**માં આપેલી વિગતો મુજબ 69 માંથી માત્ર બે[9] સ્વાયત્ત સંસ્થાઓએ વર્ષ 2023-24 માટેના હિસાબો રજૂ[10] કર્યા હતાં જ્યારે 67 સ્વાયત્ત સંસ્થાઓની બાબતમાં 31 જૂલાઇ 2024ની સ્થિતિએ 266 હિસાબો બાકી હતાં.

67 સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા હિસાબોની રજૂઆતમાં વિલંબનું વિભાજન **કોઠા 4.14** માં દર્શાવ્યુ છે.

[9] (i) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ અને (ii) ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી, ગાંધીનગર.

[10] સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા નાણાકીય વર્ષ પૂર્ણ થયાના ત્રણ મહિનાની અંદર એટલે કે દર વર્ષે 30 જૂન સુધીમાં હિસાબો રજૂ કરવાના હતા.

**કોઠો 4.14: હિસાબોની રજૂઆતમાં વિલંબ**

| ઓડિટ માટે હિસાબોની રજૂઆતમાં વિલંબ | |
|---|---|
| વિલંબનો સમયગાળો (31 જૂલાઇ 2024 ) | સ્વાયત્ત સંસ્થાઓની સંખ્યા |
| 1 વર્ષ સુધી | 17 |
| 2 વર્ષ | 6 |
| 2 વર્ષથી વધુ | 44 |
| કુલ | 67 |

સ્રોત: મહાલેખાકાર (ઓડિટ – I) અને પ્રધાન મહાલેખાકાર (ઓડિટ – II) ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી.

હિસાબો રજૂ કરવામાં અને અલગ ઑડિટ અહેવાલો રાજ્ય વિધાનસભાના મેજ પર મુકવામાં વિલંબ જોખમકારક હતો કારણ કે સરકારનું મૂડીરોકાણ કરવામાં આવેલું છે એવી આ સંસ્થાઓની કામગીરીની ચકાસણીમાં વિલંબ થયો હતો.

## 4.13 લોન અથવા અનુદાનથી નોધપાત્ર ધિરાણ મેળવનાર સંસ્થાઓ અને સત્તાધિકારીઓ દ્વારા હિસાબોની રજૂઆત

31 માર્ચ 2024ના રોજ, 281 સ્વાયત્ત સંસ્થાઓ હતી જેને રાજ્યના એકત્રિત નિધિમાંથી અનુદાન અથવા લોન દ્વારા નોંધપાત્ર ધિરાણ આપવામાં આવ્યુ હતું. તમામ 281 સ્વાયત્ત સંસ્થાઓ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 14 હેઠળ ઓડિટને પાત્ર છે.

2023-24 દરમિયાન 123 સ્વાયત્ત સંસ્થાઓના કુલ 220 હિસાબોનું (અગાઉના વર્ષોના હિસાબો સહિત) ઑડિટ કરવામાં આવ્યું હતું. ચાર[11] સ્વાયત્ત સંસ્થાઓએ 2023-24 માટેના તેમના હિસાબો રજૂ કર્યા હતા. આમ છતાં, 277 સ્વાયત્ત સંસ્થાઓના 814 વાર્ષિક હિસાબો કે જે ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 14 પ્રમાણે 2023-24 સુધી બાકી હતા, 31 જૂલાઇ 2024 ની સ્થિતિએ મહાલેખાકાર (ઑડિટ I) અને પ્રધાન મહાલેખાકાર (ઑડિટ II), ગુજરાતની કચેરીઓને મળ્યા ન હતાં.

277 સ્વાયત્ત સંસ્થાઓ જેમણે હિસાબો રજૂ કર્યા ન હતાં તેની વિગતો **પરિશિષ્ટ 4.6** અને તેમની વય-વાર બાકીની સ્થિતિ **કોઠા 4.15** માં દર્શાવી છે.

[11] (i) ગુજરાત નેશનલ લૉ યુનીવર્સીટી; (ii) સરદાર સ્મારક હોસ્પિટલ, બારડોલી, સુરત; (iii) શ્રી કે.કે. સ્કુલ એન્ડ હોમ ફોર બ્લાઇન્ડ ટ્રસ્ટ, વિદ્યાનગર; (iv) સાવલી ટેકનોલોજી એન્ડ બિઝનેસ ઇન્ક્યુબેટર.

**કોઠો 4.15: સ્વાયત્ત સંસ્થાઓ તરફથી મળવા પાત્ર વાર્ષિક હિસાબોની વય-વાર બાકી**

| ક્રમાંક | બાકી (વર્ષોમાં) | સંસ્થાઓ/સત્તાધિકારીઓની સંખ્યા |
|---|---|---|
| 1. | એક વર્ષ કરતાં ઓછું | 125 |
| 2. | 2-3 | 89 |
| 3. | 4-5 | 30 |
| 4. | 6-10 | 15 |
| 5. | 10 થી વધારે | 18 |
| કુલ | | **277** |

સ્રોત: સ્રોત: મહાલેખાકાર (ઓડિટ – I) અને પ્રધાન મહાલેખાકાર (ઓડિટ – II) ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી.

ઉપરનો **કોઠા 4.15** દર્શાવે છે કે 33 સ્વાયત્ત સંસ્થાઓના હિસાબો પાંચ કરતા અધિક વર્ષોથી બાકી હતાં. વાર્ષિક હિસાબોના અભાવે, આ સંસ્થાઓ/સત્તાધિકારીઓને ચૂકવવામાં આવેલા અનુદાનો અને લોનનું હિસાબીકરણ/વપરાશની ઑડિટ દ્વારા ચકાસણી કરી શકાઇ ન હતી.

સામાન્ય નાણાકીય નિયમો, 2017 ના નિયમ 238(2) ની જોગવાઇઓને ધ્યાનમાં રાખીને, વહીવટી વિભાગોએ આગળના વર્ષોમાં અનુદાન છૂટું કરતાં પહેલાં હિસાબોની રજૂઆતમાં બાકી ની સ્થિતિની સમીક્ષા કરવી જોઇએ. નાણા વિભાગે આવી તબદીલીઓ પર નજર રાખવી જરૂરી છે.

## 4.14 હિસાબોની સમયસરતા અને ગુણવત્તા

33 જીલ્લા તિજોરીઓ, 159 જાહેર બાંધકામ વિભાગો અને 73 વન વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રારંભિક હિસાબો અને ગાંધીનગર અને અમદાવાદ ખાતેની પગાર અને હિસાબ કચેરીઓ દ્વારા સંકલિત હિસાબો અને ભારતીય રિઝર્વ બેંકની સૂચનાઓ પરથી પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા રાજ્ય સરકારના હિસાબો સંકલિત કરવામાં આવે છે. ભરતીયા, તિજોરીઓ તથા અન્ય હિસાબો રજૂ કરતા એકમો દ્વારા પ્રારંભિક અને આનુષંગીક હિસાબો પરથી આ હિસાબો સંકલિત કરવામાં આવે છે અને કોઇ હિસાબો પ્રાપ્ત થવાના બાકી ન હતાં.

## 4.15 દુર્વિનીયોગ, નુકસાન અને ઉચાપત

સામાન્ય નાણાકીય નિયમો, 2017ના નિયમ 33ની જોગવાઇ અનુસાર જાહેર નાણા, મહેસૂલ અથવા આવકના કોઇ પણ નુકસાન અથવા ઘટની જાણ સંબંધિત તાબાના અધિકારી દ્વારા આગળના ઉચ્ચ અધિકારીને તેમજ વૈધાનિક ઑડિટ અધિકારી અને સંબંધિત પ્રધાન હિસાબી અધિકારીને તુરંત જ કરવાની હોય છે.

રાજ્ય સરકારે ₹ 176.87 કરોડ જેટલી સરકારની રકમ સંકળાયેલી હતી એવા દુર્વિનીયોગ, નુકસાન અને ઉચાપત વગેરેના 183 કિસ્સાઓની જાણ કરી હતી (માર્ચ 2024 સુધીમાં) જેના પર અંતિમ પગલા લેવાના બાકી હતાં. ચોરી, દુર્વિનીયોગ/સરકારના માલસામાનનું નુકસાન અને આગ/અકસ્માતના કારણે માર્ચ 2024ના અંતે નુકસાનની વિભાગ-વાર/વર્ગ-વાર વિગતો **પરિશિષ્ટ 4.7** માં આપી છે. આનો સારાંશ **કોઠા 4.16** માં છે.

**કોઠો 4.16: ચોરી, દુર્વિનીયોગ અને આગના કિસ્સા**

| વર્ગ/પ્રકાર | કિસ્સાઓની સંખ્યા | સંકળાયેલી રકમ (₹ કરોડમાં) |
|---|---|---|
| ચોરી | 50 | 0.55 |
| દુર્વિનીયોગ/સરકારી માલસામાનનું નુકસાન | 111 | 174.36 |
| આગ/અકસ્માત ના કિસ્સા | 22 | 1.96 |
| **કુલ** | **183** | **176.87** |

સ્રોત: સંબંધિત વિભાગો દ્વારા આપવામાં આવેલી માહિતી પરથી મહાલેખાકાર (ઑડિટ-I) અને પ્રધાન મહાલેખાકાર (ઑડિટ – II) દ્વારા સંકલિત માહિતી.

પડતર 183 કિસ્સાઓની વય-વાર રૂપરેખાનો સારાંશ **કોઠા** 4.17 માં આપ્યો છે.

**કોઠો 4.17: દુર્વિનીયોગ, નુકસાન અને ઉચાપતના કેસોની વય-વાર રૂપરેખા**

| વર્ષોમાં સમયગાળો | કિસ્સાઓની સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|
| 5 સુધી | 38 | 58.23 |
| 5 – 10 | 31 | 7.94 |
| 10 – 15 | 17 | 1.75 |
| 15 – 20 | 17 | 3.13 |
| 20 – 25 | 12 | 3.64 |
| 25 અને ઉપર | 68 | 102.18 |
| **કુલ** | **183** | **176.87** |

સ્રોત: સંબંધિત વિભાગો દ્વારા આપવામાં આવેલી માહિતી પરથી મહાલેખાકાર (ઑડિટ-I) અને પ્રધાન મહાલેખાકાર (ઑડિટ – II) દ્વારા સંકલિત માહિતી.

183 બાકી કિસ્સાઓ પૈકી, 95 કિસ્સાઓ (52 ટકા) ત્રણ વિભાગને લગતા હતાં એટલે કે વન અને પર્યાવરણ વિભાગ(42 કિસ્સાઓ), નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ(28 કિસ્સાઓ) અને મહેસૂલ વિભાગ(25 કિસ્સાઓ).

183 માંથી 133 કિસ્સાઓમાં પ્રથમદર્શી માહિતી અહેવાલો (FIRs) નોંધાવવામાં આવ્યાં હતાં. બાકીના 50 કિસ્સાઓમાં[12] વિભાગીય કાર્યવાહી પ્રગતિમાં હતી (ઓક્ટોબર 2024).

વિલંબ/બાકી પડતર કિસ્સઓ માટેના કારણો (કિસ્સા મુજબ અને રકમ મુજબ) **કોઠા** 4.18 માં સૂચિબધ્ધ કર્યા છે.

[12] વન અને પર્યાવરણ– 24 કિસ્સા; નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર– 17 કિસ્સા; માર્ગ અને મકાન– 05 કિસ્સા; શિક્ષણ – 01 કિસ્સો; પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ– 01 કિસ્સો, મહેસૂલ-1 કિસ્સો, આરોગ્ય અને પરિવાર કલ્યાણ– 01 કિસ્સો.

**કોઠો 4.18: દુર્વિનીયોગ, નુકસાન અને ઉચાપતની પડતર માટેના કારણો**

| ક્રમાંક | વિલંબ/બાકી પડતર કિસ્સા માટેના કારણો | કિસ્સાની સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|---|
| 1. | વિભાગીય અને ફોજદારી તપાસ બાકી | 24 | 57.99 |
| 2. | વિભાગીય પગલા શરૂ થયા પરંતુ આખરી નિર્ણય બાકી | 28 | 1.96 |
| 3. | ફોજદારી પ્રક્રિયા પૂર્ણ થઇ પરંતુ રકમની વસૂલાત માટે પ્રમાણપત્રનો અમલ કરવાનો બાકી | 5 | 0.66 |
| 4. | વસૂલાત અથવા માંડવાળના હુકમો બાકી | 57 | 105.26 |
| 5. | કાનૂની અદાલતોમાં પડતર | 64 | 10.96 |
| 6. | અન્યો | 5 | 0.04 |
| | **કુલ** | **183** | **176.87** |

સ્રોત: સંબંધિત વિભાગો દ્વારા આપવામાં આવેલી માહિતી પરથી મહાલેખાકાર (ઑડિટ-I) અને પ્રધાન મહાલેખાકાર (ઑડિટ-II) દ્વારા સંકલિત માહિતી.

## 4.16 રાજ્યના નાણાકીય ઑડિટ અહેવાલ પર અનુવર્તી કાર્યવાહી

જો કે, ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલો વર્ષ 2008-09 થી તૈયાર કરવામાં આવી રહ્યા છે અને રાજ્યની વિધાનસભામાં રજૂ કરવામાં આવી રહ્યા છે છતાં જાહેર હિસાબ સમિતિ દ્વારા તે ચર્ચા માટે હાથ પર લેવામાં આવ્યાં નથી.

## 4.17 ઉપસંહાર

- સર્વસંગ્રાહક ગૌણ સદર 800-અન્ય ખર્ચના વિવેકહિન ઉપયોગે નાણાકીય અહેવાલોમાં પારદર્શિતાને અસર કરી છે અને ફાળવણીની પ્રાથમિકતાઓના યોગ્ય પૃથક્કરણ અને ખર્ચની ગુણવત્તાને અસ્પષ્ટ બનાવ્યા છે.

- નિયત સમયમર્યાદાની અંદર ₹ 11,869.17 કરોડની રકમના 4,745 વપરાશી પ્રમાણપત્રો રજૂ ન કરવાની બાબતે નાણાકીય જવાબદારીની પધ્ધતિને નબળી પાડી છે.

- ઉચ્ચક આકસ્મિક બિલોના લાંબા સમયગાળા માટે બિન-સમાધાનમાં દુર્વિનીયોગનું જોખમ રહેલું છે અને આથી વિગતવાર આકસ્મિક બિલો રજૂ થાય તેની ખાતરી કરવા માટે સંબંધિત ઉપાડ અને ચૂકવણી અધિકારીઓ દ્વારા ચાંપતી દેખરેખની જરૂર છે.

- સ્વાયત્ત સંસ્થાઓ અને સત્તાધીકારો દ્વારા હિસાબો રજૂ કરવામાં નોંધપાત્ર વિલંબ થયો હતો, જે સરકારના સ્તરે ખામીયુક્ત આંતરિક નિયંત્રણ અને દેખરેખની પ્રણાલી દર્શાવે છે.

## 4.18 ભલામણો

- વિભાગો વપરાશી પ્રમાણપત્રો અને વિગતવાર આકસ્મિક બિલો રજૂ કરવા બાબતમાં નિયત કરવામાં આવેલા નિયમો અને પ્રણાલીઓનું પાલન કરે તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સખત નિયંત્રણ વ્યવસ્થાની સ્થાપના કરવાની જરૂરિયાત છે.

- રાજ્ય સરકારે સર્વસંગ્રાહક ગૌણ સદર ૪00 હેઠળ હાલમાં દર્શાવેલી તમામ નોંધોની સર્વગ્રાહી સમીક્ષા કરવી જોઇએ અને આવી તમામ આવક અને ખર્ચની નોંધ હિસાબોના યોગ્ય સદર હેઠળ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઇએ.

(બિજિત કુમાર મુખર્જી)
પ્રધાન મહાલેખાકાર (ઓડિટ-II), ગુજરાત

અમદાવાદ
તા: **13 MAY 2025**

પ્રતિ સહી

(કે. સંજય મૂર્તિ)
ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક

નવી દિલ્લી
તા: **15 MAY 2025**

# પરિશિષ્ટો

## પરિશિષ્ટ 1.1
## રાજ્યની રૂપરેખા
### (સંદર્ભ: ફકરો 1.1)

| ક્રમાંક | વિગતો | એકમ | ભારત | ગુજરાત |
|---|---|---|---|---|
| 1. | વિસ્તાર | ચો. કિ.મી. | 32,87,469 | 1,96,244 |
| 2. | વસ્તી (2014) | કરોડમાં | 125.90 | 6.33 |
| | વસ્તીના અનુમાનો (2024) | કરોડમાં | 140.07 | 7.24 |
| 3. | વસ્તીની ગીચતા (2024) | દર ચો. કિ. મીટરે વ્યક્તિઓ | 426 | 369 |
| 4. | શહેરી વસ્તી અને કુલ વસ્તી નો ગુણોત્તર (2011) | ટકા | 31.1 | 42.6 |
| 5. | લિંગ ગુણોત્તર (2011) | 1000 પુરુષ દીઠ સ્ત્રીઓ | 943 | 919 |
| 6. | ગરીબી રેખા નીચેની વસ્તી (2011-12) | ટકા | 21.9 | 16.6 |
| 7. | સાક્ષરતા (2011) | ટકા | 73.0 | 78.0 |
| 8. | બાલમરણ નો દર (2020) | 1000 જીવિત જન્મ દીઠ | 28.0 | 23.0 |
| 9. | જન્મ સમયે અપેક્ષિત આયુ (2016-20) | વર્ષ | 70.0 | 70.5 |
| 10. | વસ્તીની વૃધ્ધિ (2014 to 2024) | ટકા | 11.26 | 14.38 |
| 11. | એકંદર ઘરેલુ ઉત્પાદન અને રાજ્યનું વર્તમાન ભાવોએ એકંદર ઘરેલુ ઉત્પાદન (2023-24) (2011-12 શ્રેણી) | (₹ કરોડમાં) | 2,95,35,667 | 24,64,300 |

સ્રોત:

1. વન મોજણી અહેવાલ 2021 (ક્રમાંક 1)
2. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના રાષ્ટ્રીય વસ્તી પંચ દ્વારા રાજ્યો માટે વસ્તીના અનુમાન (2011-2036) પર ટેકનીકલ ગ્રુપનો અહેવાલ (ક્રમાંક 2, 3 અને 10)
3. સામાજીક-આર્થિક સમીક્ષા, ગુજરાત સરકાર 2023-24 (ક્રમાંક 4 અને 5)
4. આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય; (ક્રમાંક 6)
5. ભારતની વસ્તી ગણતરી 2011 (ક્રમાંક 7)
6. એસ.આર.એસ. બુલેટીન, મે 2022 (ક્રમાંક 8)
7. એસ.આર.એસ. આધારિત જીવન સારણી 2016-20, ભારતના રજીસ્ટ્રાર જનરલ અને વસ્તી ગણતરી કમિશનર (ક્રમાંક 9)
8. રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર કચેરી, આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય અને ગુજરાતનું રાજ્ય એકંદર ઘરેલુ ઉત્પાદન-ગુજરાતનું અંદાજપત્રીય પ્રકાશન નં. 30, ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 (2024-25) (ક્રમાંક 11)

## પરિશિષ્ટ – 2.1
## રાજ્ય સરકારની નાણાકીય પરિસ્થિતિ પરની સમય શ્રેણીવાર વિગતો
(સંદર્ભ: ફકરો 2.2)

(₹ કરોડમાં)

| | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| *ભાગ ક- આવક* | | | | | |
| 1. મહેસૂલી આવક | 1,42,844 | 1,28,156 | 1,66,830 | 1,99,408 | 2,22,763 |
| (A) કર આવક | 99,240 | 90,485 | 1,28,784 | 1,57,843 | 1,73,498 |
| (i) પોતાની કર આવક | 79,008 | 70,266 | 97,678 | 1,24,809 | 1,34,214 |
| રાજ્ય માલ અને સેવા કર (SGST) | 34,107 | 29,459 | 43,487 | 52,154 | 58,010 |
| વેચાણ, વેપાર વગેરે પર કર (મૂલ્યવર્ધિત વેરો(VAT)/વેચાણ વેરો) | 21,072 | 18,800 | 29,044 | 36,984 | 33,127 |
| રાજ્ય આબકારી | 138 | 134 | 155 | 188 | 200 |
| વાહનો પર કર | 3,847 | 2,981 | 3,889 | 5,002 | 5,568 |
| સ્ટેમ્પ અને નોંધણી ફી | 7,701 | 7,390 | 10,433 | 14,207 | 15,334 |
| જમીન મહેસૂલ | 2,359 | 2,134 | 2,782 | 4,480 | 8,558 |
| માલ અને મુસાફરો પર કર | 48 | 104 | 11 | 55 | 242 |
| વીજ શુલ્ક પર કર | 8,774 | 8,319 | 7,013 | 10,593 | 11,514 |
| અન્ય કરવેરા | 962 | 945 | 864 | 1,146 | 1,661 |
| (ii) કેન્દ્રીય કરવેરા અને શુલ્કમાં રાજ્યનો હિસ્સો | 20,232 | 20,219 | 31,106 | 33,034 | 39,284 |
| (B) બિન-કર આવક | 18,104 | 10,493 | 14,018 | 18,434 | 23,708 |
| (C) ભારત સરકાર તરફથી સહાયક અનુદાન | 25,500 | 27,178 | 24,028 | 23,131 | 25,557 |
| 2. પરચૂરણ મૂડી આવક | 106 | 9,968 | 0 | 0 | 0 |
| 3. લોન અને પેશગીઓની વસૂલાત | 330 | 155 | 155 | 254 | 1.376 |
| સામાન્ય સેવાઓ | - | - | - | - | - |
| સામાજીક સેવાઓ | 16 | 17 | 37 | 28 | 205 |
| આર્થિક સેવાઓ | 271 | 83 | 148 | 173 | 1,116 |
| સરકારી કર્મચારીઓને લોન અને પરચૂરણ લોન | 43 | 56 | (-) 30 | 53 | 55 |
| 4. કુલ આવક અને બિન-ઋણ મૂડી આવક (1+2+3) | 1,43,280 | 1,38,280 | 1,66,985 | 1,99,662 | 2,24,139 |
| 5. જાહેર ઋણની આવક | 43,491 | 58,857 | 46,969[1] | 52,333 | 40,392 |
| આંતરિક ઋણ (સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ સિવાય) | 42,694 | 47,508 | 33,293 | 46,463 | 34,902 |

[1] ₹ 1.00 કરોડનો તફાવત મિંડાવવાના કારણે અહીં "જાહેર ઋણની આવક" નો આંકડો કોઠા 2.15 અને કોઠા 2.42માંના આંકડા સાથે મળતો નથી.

| | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ હેઠળના ચોખ્ખા વ્યવહારો | - | - | - | - | - |
| ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ | 797 | 11,349 | 13,676[1] | 5,870 | 5,490 |
| **6. સંચિત નિધિમાં કુલ આવક (4+5)** | **1,86,771** | **1,97,137** | **2,13,954** | **2,51,995** | **2,64,531** |
| **7. આકસ્મિક નિધિની આવક** | **0.25** | **0** | **0** | **0** | **20** |
| **8. જાહેર હિસાબની આવક (એકંદર)** | **1,04,862** | **1,00,214** | **1,18,597** | **1,22,483** | **1,46,818** |
| **9. રાજ્યની કુલ આવક (6+7+8)** | **2,91,633** | **2,97,351** | **3,32,551** | **3,74,478** | **4,11,369** |
| *ભાગ ખ- ખર્ચ/ચૂકવણીઓ* | | | | | |
| **10. મહેસૂલી ખર્ચ** | **1,40,899** | **1,50,704** | **1,60,421** | **1,79,543** | **1,89,286** |
| રાજ્યના ભંડોળનો ખર્ચ | 1,21,874 | 1,30,334 | 1,42,028 | 1,65,455 | 1,74,094 |
| કેન્દ્ર પુરસ્કૃત યોજના/કેન્દ્રીય યોજના સહિત કેન્દ્રીય સહાય | 19,025 | 20,370 | 18,393 | 14,088 | 15,192 |
| સામાન્ય સેવાઓ (વ્યાજની ચૂકવણીઓ સહિત) | 49,172 | 52,074 | 56,423 | 61,269 | 66,705 |
| સામાજીક સેવાઓ | 59,197 | 60,816 | 68,254 | 75,125 | 78,686 |
| આર્થિક સેવાઓ | 32,115 | 37,424 | 35,332 | 42,672 | 43,340 |
| સહાયક અનુદાન અને ફાળો | 415 | 390 | 412 | 477 | 555 |
